Reg. No. B. 1442

શ્રીમાળી ગુભેચ્છક.

सत्यंवद। धर्मंचर स्वाध्यायान्माप्रमदः। उपनिषद्

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्॥ श्री. भ. गीता.

વર્ષ ૪ થું.] જાન્યુઆરી ૧૯૨૩. [અંક ૧.

વિષયાનુક્રમણિકા.

૧	ચતુર્થ જન્મગાંઠ	તંત્રી.	૧
૨	પ્રાસંગિક બોધ અને ચર્ચા	,,	૫
૩	પરિષદનો પડઘો	,,	૧૦
૪	પરિષદનાં સ્મરણો	ઘો. જી. ત્રિવેદી	૧૧
૫	ધ્યારે	ચ. ભં. ઓઝા.	૧૩
૬	ન્ય. તિરો	ના દાદા જેવડા વર રાજા!	૧૪

તન્ત્રી અને પ્રકાશક

ત્र्यंबकलाल शिवशंकर त्रिवेदी, एम. ए.

દોલતખાના, ૪૧૦૨-૦૬—જમદાવાદ.

જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસમાં શંકરલાલ અમૃતલાલે છાપ્યું.

વાઘેશ્વરીની પોળ, રાયપુર—અમદાવાદ.

શ્રીમાળી શુભેચ્છક

શ્રીમાળી બ્રાહ્મણ છાત્રાલય અમદાવાદ

ના લાભાર્થે પ્રગટ થતું

કેળવણી, જ્ઞાતિહિત, ધર્મ આદિ વિષયો ચર્ચતું

માસિક

વાર્ષિક લવાજમ રૂ. દોઢ અગાઉથી—હિન્દુસ્તાન બહાર રૂ. બે.

લેખકો તથા ગ્રાહકોને સૂચના.

૧. ઉત્તમ વિષય, સ્વચ્છ લખાણ, તથા કાગળની એક બાજુપર તેમ કુંડા પરંતુ અર્ધ ગર્ભાંત લેખો લખી મોકલવા લેખકો છે. માત્ર ઉત્તમ અને અતિ ઉપયોગી હોવાનેજ સ્થાન આવશે—લાંબા લેખોને સ્થળના અભાવે સ્થાન નહીં મળવાને

૨. લેખોને માસિકમાં સ્થાન આપવા સંબંધી મુખ્યત્વે તન્ત્રીની છે.

૩. લેખકે પોતાનું નામ છપાવવું હોય તો લેખ નીચે, બિતર તન્ત્રીને માટે પૂરેપૂરાં નામ ઠામ લખવાં.

૪. જે લેખને માસિકમાં સ્થાન ન મળે તેવા લેખો પાછા મેલવા માટે તન્ત્રી બંધાતા નથી.

૫. ઘણીવાર ગ્રાહકો પોતાનું ઠિકાણું બદલાવે છે અને તે ફેરફાર જણાવતા નથી તેથી માસિક ગેરવલ્લે જાય છે, અને પછી માસિક નહીં મળ્યાની ફરિયાદ કરે છે. તેથી દરેક ગ્રાહકે પોતાનું સ્થળ બદલાવતાંની સાથે ઠિકાણાનો ફેરફાર અમોને જણાવવો જેથી ફરિયાદનું કારણ રહે નહીં

શ્રીમાળી શુભેચ્છક.

इच्छन्शुभं यः स्वपरस्य नित्यं कृत्तत्यशुभं कुलदेवी तस्य ।
विचार्य चैवं विहरन्तु सर्वे श्रीमाळी शुभेच्छक इच्छतीत्थम् ॥

(જે મનુષ્ય હમેશાં પોતાનું તેમજ પારકાનું શુભ ઇચ્છે છે તેનું અશુભ શ્રી મહાલક્ષ્મી નાશ કરે છે. આ સૂત્રનો દરેક બંધુ વિચાર રાખી તે પ્રમાણે વર્તો એમ શ્રીમાળી શુભેચ્છક ઇચ્છે છે. રા. મ. અપાચો)

પુ. ૪ થું.] જાન્યુઆરી ૧૯૨૩ [અંક ૧

चतुर्थ जन्मगांठ.

શ્રીમાળી શુભેચ્છક ત્રણ વર્ષ પૂરાં કરી આજે ચતુર્થ વર્ષના ઉંબરે ઊભું રહેલું છે. શ્રીમાળી શુભેચ્છકે પોતાના જીવન દરમ્યાન શું શું તિસેવ્યું બનાવી છે, જ્ઞાતિહિત આગળ વધારવા શા પ્રયત્ન કર્યા છે અને જ્ઞાતિ ઉન્નતિ સાધવામાં તેણે આજસુધીમાં પોતાનો નમ્ર ફાળો કેટલો આપ્યો છે તે સૌ જ્ઞાતિજનોના જાણવામાં તો આવ્યું જ હશે છતાં તેનું ગણિત સિંહાવલોકન કરવું તે અસ્થાને નહિ ગણાય. શ્રીમાળી શુભેચ્છકનો નિઃસ્વાર્થ ઉદ્દેશ ઘણા જ્ઞાતિજનો ભૂલી ગયા હોય તેવું જણાય છે. કોઈ પણ જાતના અંગત સ્વાર્થ ખાતર આ માસિક ચલાવવામાં આવતું નથી પરન્તુ આ માસિકના મુખ પૃષ્ઠ ઉપર પ્રત્યેક માસે જણાવવામાં આવે છે તે પ્રમાણે તેનો ઉદ્દેશ ચતુર્વિધ છે. જ્ઞાતિહિત ચર્ચવાનો, જ્ઞાતિમાં ઐક્યતા વૃદ્ધિ કરવાનો તેમજ ધાર્મિક, નૈતિક આદિ ઉપયોગી વિષયો ચર્ચી જ્ઞાતિહિત વધારવાનો આ માસિકનો ઉદ્દેશ છે. તેમાંથી આર્થિક લાભ પ્રાપ્ત થાય તે અમદાવાદના જ્ઞાતિબાંધવોને અર્પણ કરવો એ તેનો ચોથો ઉદ્દેશ છે. એટલે તેમાં અંગત સ્વાર્થને જરાપણ સ્થાન નથી. તેમાંથી કોઈ અંગત નફો પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ નથી તે સૌ જ્ઞાતિજનો સ્પષ્ટ રીતે જોઈ શકશે.

જ્ઞાતિઉન્નતિ, તથા જ્ઞાતિહિતના મૂળ પાયારૂપ કેળવણીના બાબત આ માસિક પોતાથી બનતું કરી છૂટેલ છે. અને તેનો તે પ્રયાસ નિષ્ફ ગયો નથી તે સ્પષ્ટ છે. જ્ઞાતિમાં અસારે બે બોર્ડિંગો-છાત્રાલયો ચાલે છે તેમાંયે અમદાવાદનું જ્ઞાતિ છાત્રાલય કાંઈક સારા પાયા ઉપર આવ મંડયું છે તે ઘોડેઘણે અંશે શ્રીમાળી શુભેચ્છકના પ્રયાસને આભારી છે નિર્વિવાદ છે. જ્ઞાતિજનો કેળવણીની જરૂરીયાત સમજવામાં અને તેમ હૃદયમાં જ્ઞાતિભાવ અને ઉદારતા કેળવવામાં આ માસિક થોડે ઘણે અં પણ ફત્તેહમંદ નીવડેલ છે. અમદાવાદના છાત્રાલયને ત્રણ ચાર વર્ષમાં રૂ ૫૦૦૦૦ જેટલી મદદ આપવાની ઉદારતા જ્ઞાતિજનોના હૃદયમાં પ્રેરાઈ એ કાંઈ ઓછી સંતોષકારક વાત ન ગણાય. શ્રીમાળી શુભેચ્છકે એ સંસ્થાના વાજીંત્ર તરીકે ગણાવાના આરોપ વેઠીને પણ જ્ઞાતિમાં કેળવણીન વૃદ્ધિ કરવા માટે પ્રયત્ન કર્યો છે.

જ્ઞાતિમાં સામાજીક તથા અન્ય કષ્ટ સુધારાઓ દાખલ કરવા માં પણ આ માસિકે યથાશક્તિ સેવા ઉઠાવી છે. તેવા સુધારાના કેન્દ્રસ્થાનરૂ જ્ઞાતિની પરિષદોનો વીસ વીસ વર્ષ વીતી ગયા પછી પણ પુનરૂદ્ધાર કરવામ પોતાથી બનતો પ્રયાસ કરી છૂટેલ છે. અને પરિણામ જ્ઞાતિજનોના સ્મૃતિમ તાજું જ છે. લીંબડીમાં ભરાએલી પરિષદ અને તેમાં ઝળહળતા નૂત ઉત્સાહ અને જ્ઞાતિભાવ આ વાતનાં સૂચક છે. એ ઉત્સાહ ટકાવી રાખવે અને પુનર્જન્મ પામેલી પરિષદનો સંપૂર્ણ લાભ લેવો તે હવે તમામ જ્ઞાતિ હિતૈષિ જનોનું કામ છે. જે જ્ઞાતિ ઉન્નત્તિ આપણે ચાહીએ છીએ તે સાધ વાનું સાધન પરિષદ છે અને તેને જીવતી રાખી તે દ્વારા યોગ્ય જ્ઞાતિ ઉન્નતિ સાધી લેવી તે હવે જ્ઞાતિજનોનું કામ છે. લીંબડી પરિષદ બનાવવામાં આ માસિકે પોતાથી બનતું કરેલું છે અને તે હિતર તન્ત્રીની ઉન્નત્તિસાધક, સંગીન જવાબદાર સંસ્થા બનાવવા માટે શ્રી હજુ પોતાથી બનતા તમામ પ્રયત્ન કરવા ચૂકશે નહિ એવી ટકાવવા માટે આપીએ છીએ. ઉન્નત્તિનું દ્વાર ખૂલ્યું છે. તેનો પૂરેપૂરો લા જ્ઞાતિજનોના હાથની વાત છે.

અમદાવાદના જ્ઞાતિ છાત્રાલયને જે આર્થિક લાભ આપવાનો શ્રીમાળ શુભેચ્છકનો ઉદ્દેશ છે તે તો તે પાર પાડી શક્યું નથી. ઉલટું તેને ખાડાના ખાડામાં જેટલું ઉંડુ ઉતરી જવું પડ્યું છે કે તેનું ભવિષ્યનું અસ્તિત્વ જોક વર્ષ ઉપરાંત ચાલી શકશે કે કેમ તે પણ અત્યારે તો શંકાસ્પદ છે.

જ્ઞાતિજનો તેની કેટલી કદર કરે છે અને તેને ગ્રાહક થઇ અથવા અન્ય રીતે મદદ કરી કેટલો ઉત્સાહ પ્રેરે છે તેના ઉપરજ તેનું ભવિષ્યનું જીવન અવલંબે છે. છતાં બનતાં સુધી તો જ્ઞાતિજનો તેને નિરાશ નહિં કરે તેવી શ્રદ્ધાએ તેણે ત્રણ વર્ષ ખેંચ્યા છે અને તેવી જ આશાએ હજી તે પોતાનું અસ્તિત્વ લંબાવ્યે જાય છે. એટલે આ સ્થિતિમાં તે છાત્રાલયને આર્થિક લાભ તે શો આપી શકે? છતાં બીજો લાભ તો તેણે છાત્રાલયને ઘણો કરી આપ્યો છે. જ્ઞાતિમાં વિદ્યાપ્રેમ અને ઉદારતાની ભાવનાઓ કેળવી આડકતરો લાભ તો તેણે તે સંસ્થાને કરી આપ્યો છે. વળી બાર માસે તે સંસ્થાને જાહેરાત વગેરેનું લગભગ રૂા. ૨૦૦–૨૫૦ નું ખર્ચ થાય તે પણ આ માસિકે તેને બચાવી આપ્યું છે. જો કે તેમ કરવાથી તેની સ્થિતિ કફોડી થઇ પડી છે અને તેણે ખર્ચમાં ઉતરવા સાથે એક સંસ્થાના વાજંત્ર તરિકેનો દોષ પણ વ્હોરી લીધો છે. છતાં કદરદાન અને સમજુ જ્ઞાતિજનો તો તે એક સંસ્થાનું વાજંત્ર છે કે સમસ્ત જ્ઞાતિના હિત અર્થે પ્રયાસ કરતું પત્ર છે તે સારી રીતે જોઇ અને સમજી શકયા છે.

જ્ઞાતિમાં અનિષ્ટ દાખલાઓ ઉઘાડા પાડી તેમજ ઇષ્ટ દષ્ટાંતો જ્ઞાતિ આગળ ધરી ઉન્નતિ પંથ દર્શાવવામાં કેટલીક કડવી ટીકાઓ, કેટલીક ગેરસમજુતો વગેરેના ભોગ તેને થવું પડ્યું છે. છતાં પોતાના કાર્યની યોગ્યતા સમજી તે પોતાના પ્રયાસથી લેશ પણ ચળ્યું નથી અને થએલો કેટલોક આર્થિક ગેરલાભ પણ તેણે સહન કરી લીધો છે.

આટલા સંક્ષિપ્ત હેવાલથી જ્ઞાતિજનોને શ્રીમાણી શુભેચ્છકની સેવાનો ખ્યાલ આવી શકશે એવી આશા છે.

(સંક્ષિપ્ત સિદ્ધ)

નિઃસ્વાર્થ ઉદ્દેશને જો થોડોઘણો પણ આ માસિકની સેવાનો ખ્યાલ આવી
પણ જ્ઞાતજનો જો થોડીઘણી પણ તેની કદર કરવા માગતા હોય તો તેમની
પરન્તુ ફરજ બજાવવા ચૂકે નહિં. જ્ઞાતિજનોની ફરજ સ્પષ્ટ છે:—
તે પ્રમા

(૧) જેઓ ગ્રાહક થએલા હોય તેઓ ગ્રાહક તરિકે ચાલુ રહીને આ માસિકને નિભાવવામાં મદદ રૂપ થાય તેમજ અન્ય જ્ઞાતિ બન્ધુઓને તેના ગ્રાહક થવા સમજાવે.

(૨) જે જ્ઞાતિબન્ધુઓ તેના ગ્રાહક થયા ન હોય તેઓ આ શાસ્ત્રથી તેના ગ્રાહક થવાની પોતાની ફરજ બજાવવા ચૂકે નહિ.

શ્રીમાળી બ્રાહ્મણ છાત્રાલય–અમદાવાદ.

ચાલુ સત્રમાં દાખલ થએલા વિદ્યાર્થીઓની નામાવલિ.

નં.	નામ.	રહેવાશી.	વેદ.	વય	અભ્યાસ.
૧	ગિરિજાશંકર નથુરામ દવે	જામનગર	યજુ.	૨૦	જુનીઅર બી.એ.
૨	પોપટલાલ મોહનલાલ ત્રિવેદી	રાણપુર	સામ.	૧૭	વિનીત
૩	નર્મદાશંકર ગોપાળજી ત્રિવેદી	રાજુલા	,,	૧૬	,,
૪	રામચન્દ્ર મગનલાલ ઓઝા	બરકાલ	,,	૧૭	મેટ્રીક
૫	જયંતિલાલ જયશંકર ત્રિવેદી	ધોળકા	,,	૧૭	અં.છઠ્ઠું(રા.શાળા)
૬	બાળાશંકર દેવશંકર ભટ્ટ	ભાવનગર	,,	૧૬	,, ,,(સ.શાળા)
૭	હરીલાલ ગૌરિશંકર દવે	મોરબી	યજુ.	૧૭	,, ,,(રા.શાળા)
૮	ખીમજી અમરશંકર દવે	લીંબડી	,,	૧૬	,, ,, ,, ,,
૯	શંકરલાલ મગનલાલ દવે	મેઉ	,,	૧૬	અં.૪થું ,, ,,
૧૦	બાળાશંકર પોપટલાલ દવે	વેજલપર	,,	૧૪	,, ,, ,, ,,
૧૧	જયંતિલાલ મણિશંકર ઓઝા	અંજાર	સામ.	૧૩	,, ,, ,, ,,
૧૨	કાલ્યાલાલ દોલતરામ ત્રિવેદી	ગોધા	,,	૧૫	,, ,,(સ.શાળા)
૧૩	રતિલાલ લક્ષ્મીશંકર ઓઝા	જામનગર	,,	૧૫	,, ,, ,, ,,
૧૪	જયંતિલાલ અંબાશંકર ઓઝા	માંડવી	,,	૧૩	,, ,, ,, ,,
૧૫	વજેશંકર બેચરભાઈ ઓઝા	માંડવી	,,	૧૨	અં.૩જું(રા.શા.)
૧૬	છોટાલાલ પોપટલાલ દવે	વેજલપુર	યજુ.	૧૨	,, ,, ,, ,,
૧૭	તુળજાશંકર ચુનીલાલ ત્રિવેદી	ધીદડા	સામ.	૧૧	,, ,, ,, ,,
૧૮	શંકરલાલ દોલતરામ ત્રિવેદી	ગોધા	,,	૧૧	,, ,,(સ.શા.)
૧૯	લાલશંકર તુળજાશંકર ઓઝા	ધોળ	,,	૧૦	અં.૨જું(રા.શા.)
૨૦	નવલશંકર તુળજાશંકર ઓઝા	,,	,,	૯	ગુજરાતી ,, ,,
૨૧	જયંતિલાલ નાગરદાસ દવે	બોટાદ	યજુ.	૧૭	ફર્સ્ટ ક્લાસ
૨૨	મનસુખરામ નાગરદાસ દવે	,,	,,	૧૮	ટેકનીકલસ્કૂલ.
૨૩	મગનલાલ દલપતરામ ત્રિવેદી				
૨૪	મોહનલાલ અમરશંકર ત્રિવદી				ટેકનીકલ ક્લાસ
૨૫	ગટુલાલ લીલાશંકર ઓઝા				
૨૬	માણેકલાલ મહેશ્વર ત્રિવેદી				ટાઉન પ્લેનીંગ અને સીટી સર્વે.

મંત્રીઓ.—શ્રી. મ. આ. શ્રી. બ્રા. કે. મંડળ.

શ્રીમાળી બ્રાહ્મણ છાત્રાલય–અમદાવાદ.

ગત માસ તથા ચાલુ માસમાં મળેલી નવી મદદ.

૧૫—૦–૦ રા. રા. કેશવલાલ કડવા ઓઝા—આટકોટ, તેમનાં સ્વ. પત્નીના સ્મરણાર્થે પ્રત્યેક વર્ષે.
૨—૦–૦ રતિલાલ મોતિલાલ ત્રિવેદી–પ્રાંગધ્રા–વિદ્યાર્થીઓને ખાદી માટે.
૫—૦–૦ નર્મદાશંકર નારણજી દવે–કળવદ–તરફથી તેમનાં માતુશ્રીના દેહ-તેડા પ્રસંગે.
૧૦—૦–૦ ખોડારામ મોતીરામ જાની, અમદાવાદ.
૨—૦–૦ માસ્તર જુઠાલાલ છબીલભાઇ ત્રિવેદી–માંડલી, સીમંત પ્રસંગે.
૩—૦–૦ દ્વારકાદાસ કડવા ઓઝા–આટકોટ, બેન કાંતાના સમુરતાં પ્રસંગે.
૨–૦–૫૦ ધર્માદા પેટીમાંથી હા. રા. રા. શીવશંકર વનમાળી ઓઝા, મુંબાઇ.
૧૦—૦–૦ શેઠ શોભાભાઇ મૂળચંદભાઇ તરફથી શ્રી ગોળ માટે.
૧—૮–૦ કાલાભાઇ નથુભાઇ પટેલ. ચણોલા. વાર્ષિક લાજના.
૨—૦–૦ રા. રા. દંતધાવન લાવણ્ય, અંગરોગ, મુખારોગ પ્રસંગે.
૫—૪–૦ શ્રીમાન્ ભીખાભાઇ ત્રંબાશંકર ઓઝા–અમદાવાદ ચિ. બચુભાઇની વર્ષગાંઠ નિમિત્તે.
૧૫—૦–૦ શ્રીમાન્ કેશવલાલ પ્રભાશંકર શુક્લ સંમેલન પ્રસંગે ઇનામના.
૩–૧૦–૦ ,, ,, "ભારત ભુવન" ના લવાજમના.

આદીકાથી નૂતન વર્ષની ભેટના.

૫—૦–૦ જાની હરિલાલ હાથીરામ.
૫—૦–૦ દવે પોપટલાલ રામેશ્વર.
૩—૦–૦ કેશવલાલ તુળસી દ્વિવેદી.
૨—૦–૦ દવે લક્ષ્મીશંકર જવાનીશંકર.
૨—૦–૦ દવે ઉમીઆશંકર શિવશંકર.
૨—૦–૦ શેઠ દેવચંદ વશરામ.

૧૦—૦–૦ દવે લાલજી શિવરામ વાનવાળા તરફથી વાર્ષિક રકમ તથા.
૭—૦–૦ મુંબાઇની શ્રી પીસ્તાળીશી તરફથી જનોઇ વખતે હા. રા. રા. ત્રંબકલાલ વિઠ્ઠલજી ત્રીવેદી.
૬—૦–૦ સભાસદોની ફી ખાતે.

રાજા મહારાજાઓ

નવાણ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેફ્ટ વાઇસરોયના લેફ્ટિ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજંટ, સરકારી સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં

બાદશાહી યાકુતી

નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તે ઉપયોગી-ટ તાની નિશાની છે—ગવર્મેન્ટ લેબોરટરીમાં આ રજવાડી દવા એનેલાઇઝ થએલ છે.

બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી બરૂ પુરૂષાતન આપે છે. બરી મર્દાંઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજની જરૂર નથી.

૪૦ ગોળીની ડબ્બી એકના રૂપીઆ દશ.

બાદશાહી ચુનાની લેપ

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે. બરૂ પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આઉંસ એકની ડબ્બીના રૂપીઆ આઠ.

ડાકટર કાલીદાસ મોતીરામ–રાજકોટ–કાઠીયાવાડ.

ગુજરાત આયુર્વેદિક ફાર્મસી.

વૈદ્યક પ્રચાર સાહિત્ય ખાતું.

માસીકો અને પુસ્તકો.

આ ફાર્મસી ઔષધી બનાવતા અને ઉપચાર કરવા ઉપરાંત વિશેષ મહત્વનું એક કાર્ય એ કરે છે કે પોતાના વૈદ્યક સાહિત્ય પ્રચાર ખાતા દ્વારા લોકોમાં તંદુરસ્તીના નિયમો અને આરોગ્ય સંબંધી જ્ઞાનનો ફેલાવો પણ કરે છે. ૨૫ વર્ષથી ગુજરાતી માસિક, વૈદ્યક ગ્રંથો અને નિબંધો દ્વારા આ ખાતાએ આયુર્વેદ સંબંધી સારૂં અજવાળું પાડયું છે.

"વૈદ્યકલ્પતરૂ" માસીક વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦.

વૈદ્યક ગ્રંથો.

ધન્વંતરી—વૈદકના અભ્યાસીઓ માટે બહુ ઉપયોગી ગ્રંથ. આવૃત્તિ ૬ ઠ્ઠી. કી. રૂા. ૬.

સારી સંતતી—સુદ્રઢ, સુંદર અને સદાચારી બાળકો ઉત્પન્ન કરવા એ બાપાપોતાના હાથમાં છે, એ વાત આર્ય વૈદ્યક અને અંગ્રેજી વૈદકનાં પ્રમાણો સાથે સિદ્ધ કરી આપનાર શાસ્ત્ર. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

ધાત્રી શિક્ષા—સુવાવડ સંબંધી શાસ્ત્રીય ગ્રંથ. ગર્ભાવસ્થામાં થતાં દરદોના ઉપાયો તથા પાલવાના નિયમો, પ્રસવ માટે પ્રાથમિક તૈયારીઓ, પ્રસવની ત્રણ અવસ્થાઓનું વર્ણન, કસુવાવડના કારણો અને ઉપાય, સુવાવડીની સારવાર તથા બાળક ઉછેરવાનાં નિયમો એક સુવાવડીને મીડવાઇફ સમજાવે છે. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

રોગી પરિચર્યા—માંદાની માવજત વિષે સંપુર્ણ જ્ઞાન મેળવવાનો ગુજરાતી ભાષામાં પ્રથમ ગ્રંથ. કી. રૂા. ૧।।।

ગરીબોનો વૈદ્ય—દરેક દરદની સામાન્ય સમજણ, ઘરગથ્થુ અને સસ્તા ઉપાયોના સંગ્રહનો ગ્રંથ કી. રૂા. ૨।.

સ્ત્રીઓનો વૈદ્ય—સ્ત્રીઓનાં ખાસ દરદો, તેનાં લક્ષણો, કારણો તથા ઉપાયોનો ગ્રંથ કી. રૂા. ૧।।।.

બાળકોનો વૈદ્ય—બાળકોનાં ખાસ દરદો. તેનાં લક્ષણો, કારણો, તથા ઉપાયોનો ગ્રંથ. કી. રૂા. ૨).

યુવાવસ્થાનો શિક્ષક—યુવાન સ્ત્રીપુરૂષોનાં કર્તવ્ય તથા ફરજનો આદર્શ શિક્ષક. કી. રૂા. ૧।.

મળવાનું ઠેકાણું:-ગુજરાત આયુર્વેદિક ફાર્મસી-અમદાવાદ.

પી. બ્રધર્સ શાહીવાળા.

દરેક જાતની દેશી શાહી જેવી કે રાઈટીંગ, કોપીંગ, કલર રેડપીંગ, માર્કીંગ, સ્ટાયલોગ્રાફીક; તથા શાહીનો પાઉડર, તથા વેચનાર. અમારે ત્યાંથી છુટક તથા જથ્થાબંધ માલ ઓછા વધુ વિગેરે માટે પ્રાઇસલીસ્ટ મગાવો.



ઠેકાણું–કલ્યાણ મોતીની ચાલી, કાંદાવાડી–મુંબાઇ.

વિજળીના દીવા.

૧ નાના ગજવામાં રાખી શકાય છે.
૨ આગનીની બીલકુલ ધારતી નથી.
૩ તેલ દીવેટ કે દીવાસળીની જરૂર પડતીજ નથી.
૪ ફકત ચાંપ દબાવતાંજ ઘણીજ અપકાશ રોશની થાય છે.

કીંમત રૂ. ૨॥, ૩, ૩॥, ૪, ૫, ૬ અને ૮.
પોસ્ટેજ આઠ આના
સ્પેર બેટરી કીંમત રૂ. ૧)
પોસ્ટેજ ૩ આના

દી. જી. શાહરુખ એલેકટ્રીક સ્ટોર્સ,
૬૩ ઓપેરા (જાળપીઠ) બોમ્બે ૪.
ચાંપ ઓપરેસ (પાંચકુવા ચારે રસ્તા) અમદાવાદ
પત્ર વ્યવહાર ૬૩ ઓપેરાને ઠેકાણે કરવો.

શું તમે હૃદયથી જ્ઞાતિ ઉન્નતિ ઇચ્છો છો ?

જો ઇચ્છતા હો તો

શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહક થઇ વાચન ઉપરાંત જ્ઞાતિ વિદ્યાર્થીઓનો શુભ આશિર્વાદ પ્રાપ્ત કરવા ચૂકશો નહિ

વાર્ષિક લવાજમ રૂ. ૧॥ દર વર્ષે ઉપયોગી બેટપણ આપવામાં આવે છે.

ગ્રાહક તરીકે તરત નામ નોંધાવો.

લીંબડી શ્રીમાળી બ્રાહ્મણ પરિપદ્નો રિપોર્ટ.

લીંબડી પરિપદ્નો રિપોર્ટ હવે તૈયાર થઇ ગયો છે. રિપોર્ટનું પુસ્તક દળદાર અને સુશોભીત બન્યું છે. ધાર્યા-કરતાં ફોટો, બ્લૉક, ટાંગળ તથા છપામણીનું ખર્ચ વધુ આવ્યું છે. તેથી તેની કીંમત આઠ આનાને બદલે રૂા. એક રાખવામાં આવી છે. શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહકોને તે ચાર આનાને બદલે છ આનામાં આપવામાં આવશે. શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહકો ન હોય તેવા ગૃહસ્થોની પાસેથી રૂા. એક લેવામાં આવશે. જે ગ્રાહકોએ રિપોર્ટના ચાર આના મોકલી આપ્યો છે તેમને બે આના વધુ મોકલી આપવા વિનંતિ છે. રિપોર્ટ દરેક દરેક ઘરમાં રાખવા લાયક છે. શ્રીમાળી શુભેચ્છકના દરેક ગ્રાહકને તે ખરીદવા આગ્રહપૂર્વક અમારી ભલામણ છે. અન્ય જ્ઞાતિ ગૃહસ્થો પણ તેની એક પ્રત જરૂર પોતાના ઘરમાં રાખવા ચૂકશે નહિ. જ્ઞાતિ માટે અભિમાન ધરાવનાર દરેક જ્ઞાતિ ગૃહસ્થે જ્ઞાતિ ઉન્નતિના આ સાધન અને હેવાલથી વાકેફ રહેવા તેના ગ્રાહક અવશ્ય થવું જોઇએ.

ભેટનું પુસ્તક.

ભેટનું પુસ્તક તૈયાર થઇ ગયું છે. જે ગ્રાહકોનાં લવાજમ મનીઓર્ડરથી આવી ગયાં છે તેમને તે બુકપોસ્ટથી તુરત રવાના કરવામાં આવશે. બીજાઓને તે વી. પી.થી મોકલવામાં આવશે. ભેટનું પુસ્તક બુકપોસ્ટ કે વી.પી. થી મોકલવાની અમોને તકલીફ તેમજ ખર્ચમાં ઉતરવું ન પડે તેટલા માટે નીચે જણાવેલાં સ્થળોએ ભેટનાં પુસ્તક તથા પરિપદ્ના રિપોર્ટ મોકલી આપવામાં આવશે. જેમણે પોતાનું લવાજમ હજુ મોકલી આપ્યું નહીં હોય તેમને લવાજમ વસુલ લઇ ભેટનું પુસ્તક આપવામાં આવશે:—

ભાવનગર—રા. રા. પ્રીતાંબરદાસ ગોવિન્દરામ ત્રિવેદી, રાણીકા.
જામનગર—રા. ગિરિજાશંકર નથુરામ દવે, ખારી કુવાની શેરી.
પાટણ—અંબાશંકર નથુશંકર દવે, બીજડાનો પાડો.
મોરબી—મુગટલાલ કલ્યાણજી દવે, ગ્રીન ચોક પાસે.
મુંબાઇ—૧. ગુજરાત આયુર્વેદિક ફાર્મસી, હાથીબીલ્ડીંગ ટાલબાદેવીરોડ.
૨. કાલિદાસ વસનજી દવે, રાષ્ટ્રીય શાળા, સેન્ડહર્સ્ટ રોડ.
મહુવા—શ્રીમાળી બ્રાહ્મણ યુવક મંડળના સેક્રેટરી.
વડોદરા—કાશિરામ બાલશંકર ઓઝા-પ્રેમી, નાગરાની પોળ.

ઉપર જણાવેલા ગામોના ગૃહસ્થોને જણાવેલા સ્થળોએથી ભેટનાં પુસ્તક તથા પરિપદ્ના રીપોર્ટ લઇ જાવવા વિનંતિ છે. તન્ત્રી.

શ્રીમાળી શુભેચ્છક.

इच्छन्शुभं यः स्वपरस्य नित्यं फूत्तत्यशुभं कुलदेवी तस्य. ।
विचार्य चैवं विहरन्तु सर्वे श्रीमाळी शुभेच्छक इच्छतीत्थम् ॥

(જે મનુષ્ય હમેશાં પોતાનું તેમજ પારકાનું શુભ ઇચ્છે છે તેનું અશુભ શ્રી મહાલક્ષ્મી નાશ કરે છે. આ સૂત્રનો દરેક બંધુ વિચાર રાખી તે પ્રમાણે વર્તો એમ શ્રીમાળી શુભેચ્છક ઇચ્છે છે. રા. મ. સયાચી)

પુ. ૪ થું.] આર્ય ૧૯૨૩ [અંક ૩

હજુ શું આંખ નવ ખૂલે ?

(ગઝલ)

હજુ શું આંખ નવ ખૂલે ? અરે ભાઇ ! ભમ્યો ભૂલે;
વધુ કાં વિષયમાં ફૂલે ? હજુ શું આંખ નવ ખૂલે ?—

સિકંદર જગ છે ગાજ્યા, જમરના કોઇને ભાજ્યા;
છતાં ઝિંઝિયારીથી ફૂલે, હજુ શું આંખ નવ ખૂલે ?—

હુકૂમત સાહ્યબી મારી, ન સાથે આવશે હારી;
છતાંયે મોહમાં ઝૂલે, હજુ શું આંખ નવ ખૂલે ?—

અજાતા નેકીના પ્યારા, કદનમાં દુઃખ થનારા;
નીતિનું સાર ભાખું લે, હજુ શું આંખ નવ ખૂલે ?—

ચંદ્રકાન્ત મંગળજી ઓઝા.

સેવાની ધૂન.

સેવાની ધૂન જાગે,
હૃદય રમણ લાગે. સેવાની.
લોભ, હાનિ, વેરભાવ,
શક્તિથી સમાવું,
ભાવના સમાન ધર્મ,
અન્યને શીખાવું! સેવાની.
મોહ, સ્વાર્થ, આદિ સર્વ
જળથી બચાવું,
સ્નેહ દયા, પ્રાન પાથ
સત્યને જમાવું! સેવાની.
સેવના સુશક્ત મંત્ર,
નિત્ય જાપ જપું;
આત્મનો વિકાસ સાંજ!
એજ ધૂન ધારું! સેવાની.

"અકરન્દ."

एक जीवन यात्रानी पूर्णाहुति.

ઘણાએ દુઃખ્યાં જ્યાં–જગત દુઃખતું જે સ્થળ પરે
દુખી ત્યાં તું એ તે–જીવન, જગને તું સુખી, ખરે!
કવિને વ્હાલું જે–દુઃખી, નીતિને જે મીઠું દીસે
કર્યું તેં વ્હાલું તે, સુખી અને જેતા જન (સ્ત્રી) તણે

રૂડા સંસારીના પથ પરે કૃત્તેહથી ચડી
વિતાડયાં વર્ષોને, રસ અને આનંદની મહીં
ઘણા આદર્શોથી જીવન શોભાવ્યું ઉરથકી
સજળ નયને જેમું તુજ હૃદયને હોય! નિરખી

ગયો દુઃખ દિવસે–અનુભવ તણો તે હૃદયનો
જીવનના જાણીતા, અગત્ય પ્રસંગે નિકટ રહી
ખરે! હાંકી હોડી, અદભૂત ખલાસીના જીવનની
મુગા શાંતાણુને, વિષુ દયાની જેમ હુબની

સંભાળી લીધી રહે હુરી તણી ગંગાજળ મહીં
ઉઠતાં પૂર્ણોને મધુરી જેને દ્રષ્ટિ ન ફરી
હવે બ્હેની રહારા હૃદય, આત્માને બૂલીશના
હજો શાન્તી રહારા અમર આત્માને ફરી ફરી

લાલશંકર મ. ઓઝા

"सनम्! जो व्हाण डूबे छे

સનમ્! જે વ્હાણ ડૂબે છે, તરીને તારશો નહિં કે?
અમારી સાગરે નૌકા–ઉરીને આવશો નહિં કે?

તમારી ઇશ્ક બાજીમાં–અમારી આ દશા બૂરી;
તમારૂં છોડીને સત્વર–મને ઊગારશો નહિં કે?

સનમ્! મેં રાહ છોડી છે, તમારે કાજ હિંમતથી;
નથી જે બેવફાઈ તો–સમજશો અંતરે નહિં કે?

જગતની આંખ જોશો તો મને વસમું પડી જશે;
તમારા પ્રેમનાં પ્રેમાં ઉતરશો આવીને નહિં કે?

શું દીઠું આ સરંજામે? નથી રીઝાતાં આ રાણે
નથી નાલાયકી અમ તો–અમોને જાણશો નહિં કે?

સનમ્! બેહસ્ત આખું છે; તમારા પામમાં નથી તે;
સમજતો વાત સીધી છે; મરીને પામશો નહિં કે?

ગો. નરબેશંકર પ્રાણજીવન દવે.

પ્રાસંગિક નોંધ.

ઉપકાર:—૧૯૨૦ ની સાલમાં અષ્ટાદશ શ્લોકી ગીતા તથા ૧૯૨૧ ની સાલમાં કવિ ભવાનીશંકરનું જીવન ચરિત્ર શ્રીમાન્ રા. રા. છોટાલાલ દલપતરામ કવિ તરફથી શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહકોને ભેટ આપવામાં આવ્યાં હતાં. તેવીજ રીતે ૧૯૨૨ ની સાલ માટે બ્હેન ભાનુમતિ દલપતરામ ત્રિવેદી કૃત જ્યોતિ નામનું વાર્તાનું પુસ્તક પોતાના ખર્ચે છપાવી શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહકોને ૧૯૨૨ ની સાલ માટે ભેટ આપવાની ઉદારતા શ્રીમાન્ છોટાલાલ ભાઇએન્ દર્શાવી શ્રીમાળી શુભેચ્છક પ્રત્યે અને જ્ઞાતિ પ્રત્યેનો પોતાનો ભાવ દર્શાવ્યો છે. તેમની આ અવિછીન્ન ઉદારતા અને અવિરત જ્ઞાતિ પ્રેમ માટે અમો તેમનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનીએ છીએ અને પ્રભુ તેમના હસ્તે વધુ જ્ઞાતિહિતનાં કામો કરાવો તેવું પ્રાર્થીએ છીએ.

યાચના:—શ્રીમાળી શુભેચ્છકની આર્થિક હાલતનું બ્યાન બે ત્રણ માસથી પ્રસિદ્ધ થાય છે, તેથી તેની પુનરાવૃત્તિ કરી અમારા સુજ્ઞ ગ્રાહકોને અમે કંટાળો આપવા ઇચ્છતા નથી. એ આર્થિક સ્થિતિને પહોંચી વળવા માટે અમોએ જાહેર યાચના કરી છે. તેના પરિણામે રા. રા. દોલતરાય રેવાશંકર ત્રિવેદી તરફથી શ્રીમાળી શુભેચ્છકની પાંચ પ્રતો અને રા. રા. મણીલાલ લક્ષ્મીશંકર ઓઝા તરફથી એક પ્રત જ્ઞાતિજનોમાં એક વર્ષ માટે તેમને ખર્ચે મોકલવા માટેની મદદ મળી છે તથા રા. રા. રેવાશંકર ત્રિભુવન ત્રાપજવાળા તરફથી એક ગ્રાહકના લવાજમ જેટલી આર્થિક મદદ આપવામાં આવી છે જે ગતાંકમાં પ્રસિદ્ધ થએલ છે તે મદદ આપનાર ગૃહસ્થોનો અમે અત્રે જાહેર રીતે ઉપકાર માનીએ છીએ.

શ્રીમાળી શુભેચ્છકને આજપર્યંત એકંદર બેાટ રા. ૮૦૦) ની આવેલી છે. તેમાંથી અત્યાર સુધીમાં ઉપર જણાવ્યા પ્રમાણે માત્ર રા. ૧૧) ની આર્થિક સહાય્ય મળી છે. અમારા કદરદાન સુજ્ઞ ગ્રાહકો પ્રત્યે અમારી નમ્ર યાચના છે કે તેઓ અગાઉ વિનંતિ કર્યા મુજબ યથાશક્તિ સહાય્ય મોકલી આપશે અગર તો શ્રીમાળી શુભેચ્છકની અમુક પ્રતો પોતાના ખર્ચે જ્ઞાતિજનોમાં વહેંચાવવા માટે ઇચ્છાનુસાર રકમ મોકલી આપશે. જેમનાથી તટસ્થ ન બની શકે તેવું હોય તે સજ્જનો ઓછામાં ઓછા એક બે નવા

ગ્રાહકો પ્રાપ્ત કરી આપીને પણ શ્રીમાળી ગુજેન્છકને મદદ કરી શકે છે. જ્ઞાતિના શ્રીમાન ગૃહસ્થોને પણ અમારૂ નમ્ર નિવેદન છે કે યથાશક્તિ ઉત્સાહાનુસાર આર્થિક સહાય મોકલાવી તેઓ શ્રીમાળી ગુજેન્છકની કદર કરશે અને જ્ઞાતિ પ્રત્યેનો પોતાનો ભાવ દર્શાવશે.

સને ૧૯૨૨ ની સાલ માટે બેટનું પુસ્તક આપવામાં આવ્યું છે તે લગભગ ૨૭૫) પાનાનું પુસ્તક છે. તેવું પુસ્તક અન્યત્ર લેવા જતાં રૂા. ૨) થી ઓછી કીંમત ન પડે. શ્રીમાળી ગુજેન્છકના ગ્રાહકોને આવું મોટું ભારે કીંમતનું પુસ્તક મળે છે તે પણ તેમનું અહોભાગ્ય છે. લવાજમ માત્ર દોઢ રૂપીઓ છે. તેમાંથી બે રૂપીઆની કીંમતનું પુસ્તક બેટ મળે છે. તેથી તે પુસ્તક ૨૫ ટકા કમીશનથી મળે છે. એટલુંજ નહિ પરંતુ દરેક ગ્રાહકોને માસિક તો તદ્દન અદ્‌ભુત્ત મળે છે તેવી સ્થિતિ છે. આ સ્થિતિમાં શ્રીમાળી ગુજેન્છકના ગ્રાહકોની સંખ્યા તો લગભગ ૨૦૦૦) ની થવી જોઇએ પરન્તુ તેના બદલામાં ગ્રાહક સંખ્યા માત્ર ૭૦૦) ની છે. તે પણ એક શોચની વાત છે અને શ્રીમાળી જ્ઞાતિના હૃદયની સંકુચિતતા દર્શાવે છે. તેથી દરેક ગ્રાહકની સ્પષ્ટ ફરજ છે કે પોતાને માસિકમાંથી મળતો દરેક પ્રકારનો લાભ અન્યને સમજાવી તેમને શ્રીમાળી ગુજેન્છકના ગ્રાહક થવા વિનંતિ કરવી.

બેટનું પુસ્તક:—જૈન આત્મોન્નતિ કૃત ચમત્કારિક નામનું નવલકથાનું પુસ્તક જે શ્રીમાન્ ડોકટરલાલ દલપતરામ કવિ તરફથી શ્રીમાળી ગુજેન્છકના ગ્રાહકોને ૧૯૨૨ની સાલની બેટ તરિકે આપવામાં આવ્યું છે તે આ માસિક બહાર પાડતાં મુદ્રીમાં તૈયાર થઈ ગયું હશે. જે ગ્રાહકોનાં લવાજમ વસુલ થએલાં છે તેમને તે બુક પોસ્ટથી રવાના કરવામાં આવશે. જે ગ્રાહકોનાં લવાજમ મનીઓરારથી અથવા બીજી રીતે આવી ગયાં નથી તેમને તે વી. પી.થી રવાના કરવામાં આવશે. જે ગ્રાહકોને માસિક મળ્યા બાદ ચાર દિવસમાં બેટનું પુસ્તક ન મળે તેમણે તુરત અમોને લખી જણાવવા વિનંતિ છે. બાકીના શ્રીમાળી ગુજેન્છકની આર્થિક સ્થિતિમાં કેટલા ગ્રાહકો વી. પી. નો અસ્વીકાર કરશે એવું અમે ધારતા નથી. છતાં જે ગ્રાહકો માસિકના ગ્રાહક તરીકે બંધ થવા ઇચ્છતા હોય તેમણે બેટ પોસ્ટકાર્ડથી અમોને જણાવવા વિનંતિ છે જેથી શ્રીમાળી ગુજેન્છકને વી. પી. ના નાણા બાર આનાના ખર્ચમાં ઉતરવું ન પડે.

મારવાડ પ્રાંતીય શ્રીમાળી જ્ઞાતિનુ સંમેલનઃ—મારવાડ

પ્રાંતના જ્ઞાતિબન્ધુઓનું એક સમ્મેલન અર્થાત્ પરિષદ ફાલ્ગુન કૃષ્ણ ૧૦, ૧૧, ૧૨ તા. ૧૧, ૧૩, ૧૪ માર્ચ ૧૯૨૩ ના દિવસોએ સોજત મુકામે શ્રી કુલનારાયણાશ્રમ મહાધિશ્વર શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી બ્રહ્માનંદ સરસ્વતી ગાદીધર શ્રી બ્રહ્મનારાયણ મહારાજના પ્રમુખપણા નીચે ભરવાનું નક્કી થએલું છે. સંમ્મેલનનો ઉદ્દેશ અને સંમ્મેલનમાં ચર્ચવાના વિષયોનો ફાચો ખરડો પણ પ્રસિદ્ધ થએલો છે, જે આ માસિકના ગતાંકમાં છપાએલ છે. લીંબડી પરિષદ માટે ઉત્સાહ ફેલાવવા માટે કાર્યવાહકોએ જે પદ્ધતિએ કામ લીધું હતું તેવોજ ઉત્સાહ અમ અને કાર્યદક્ષતા મારવાડ પ્રાન્તીય સંમ્મેલના કાર્યવાહકો પણ દર્શાવી રહ્યાં છે. સદરહુ સંમ્મેલનને સંપૂર્ણ સફળતા અમે ઇચ્છીએ છીએ અને લીંબડી પરિષદ કરતાંએ કાંઈ વધારે સંગીન દૃઢ અસરકારક અને સ્થાયી કાર્ય સંમ્મેલન કરી બતાવે તેવો ઉત્સાહ તમામ મારવાડ નિવાસી જ્ઞાતિબન્ધુઓને સંમ્મેલનમાં સહર્ષ ભાગ લઈ દર્શાવવા અમારી વિનંતિ છે. આ સંમ્મેલન મારવાડ નિવાસી જ્ઞાતિબન્ધુઓનું છે પરન્તુ આ સાથે પ્રસિદ્ધ કરેલી નિમન્ત્રણ પત્રિકામાં જણાવ્યા મુજબ મેવાડ, ગુજરાત, કાઠીઆવાડ, કચ્છના જ્ઞાતિ બન્ધુઓને પણ તેમાં ભાગ લેવા માટે આમન્ત્રણ થએલું છે. ઘણા લાંબા વખત થયાં કોણ જાણે શાઓ કારણથી આપણી જ્ઞાતિના મારવાડી, મેવાડી, કાઠીયાવાડી અને ગુજરાતી એવા ત્રણ સમૂહ પડી ગયા છે. એ સમૂહને એકત્ર થવાનો, પરસ્પર પરિચય કરવાનો અને પુરાણું ઐક્ય પુનઃ પ્રાપ્ત કરવાનો સોજતનું સંમ્મેલન એક અપૂર્વ પ્રસંગ છે અને તેથી તેમાં દરેક ઉત્સાહી મેવાડી તેમજ કાઠીઆવાડી, ગુજરાતી તથા કચ્છી જ્ઞાતિ ગૃહસ્થો અવશ્ય ભાગ લેશે એવી આશા છે. ઉપર જણાવ્યા બધા સમૂહો માટે સમ્મેલનની સ્વાગતકારિણી સભા તરફથી ઉતારા રહેવા જમવા વિગેરેનો પ્રબન્ધ થએલો છે. મારવાડ જંકશન પાસે સોજત રોડ સ્ટેશન છે. સોજત રોડથી સોજત સાત માઇલ એટલે લગ-ભગ પાંચેક ગાઉ દૂર છે અને ત્યાં જવા માટે બેલ ગાડીઓ મળે છે. બેલ ગાડીઓની સગવડતા પણ સન્માનકારિણિ સભા તરફથી થએલ છે.

શ્રીમાળી જ્ઞાતિની ઉત્પત્તિ સ્થાનમાં પરસ્પર પરિચય તથા ઐક્ય સાધવાનો આ અલભ્ય લાભ લેવા ગુજરાતી તથા કાઠીઆવાડી તેમજ માળવી મેવાડી જ્ઞાતિબન્ધુઓ ચૂકશે નહિં એવી અમોને આશા છે.

લીંબડી પરિષદની નિષ્ફળતા ?—લીંબડી પરિષદ માત્ર બલાબલો

રૂપે દરાનો ફેરી (અને તે પણ કેટલાક અગત્યના મુદ્દાઓ પડતાં મૂકી) અને ત્રણ ચાર દિવસ એકત્ર થઈ કાંઇપણ સંગીન ધારા ધોરણો બાંધ્યા વિના વિખરાઇ ગઇ તેવી કેટલાક ઉદ્યમ વિચારવાદી ગૃહસ્થોની માન્યતા છે. પરન્તુ પરિષદે કાયદાઓ બાંધ્યા હોતતો તે કાયદાઓ પ્રમાણે વર્તવાને કેટલાં ગામ તૈયાર છે? અને તે કાયદાઓના ભંગ બદલ શિક્ષા સહન કરવાને કેટલાં ગામ તૈયાર છે? જો યોગાનુ બલે એકાદ ગામ પણ તેવા કાયદાઓ પાળવા માટે તૈયાર હોય તો જરૂર પરિષદે બલામણો નહિ પણ કાયદાઓ ઘડવા જોઇતા હતા. જો પરિષદની બલામણોનોજ કોઇ વ્યક્તિ અથવા તો ગામ કે સભા અમલ કરવા માટે તત્પર હોય તો તે બલામણો કાયદાનું જ રૂપ પકડે. માત્ર નામ ફેર રહે, સ્વરૂપ અથવા તો અર્થ તો એજ થાય. પરિષદની બલામણોને કેટલાઓએ પોતાના ઘેર સારા માઠા પ્રસંગો આવ્યેથી પગ તલે છૂંદી નાખેલી આપણી નજરે જોઇ છે. આ સ્થિતિમાં પરિષદના કાયદાઓ શું કામમાં આવે? તેથી પરિષદે માત્ર બલામણ કરવામાં જ ડહાપણ અને વ્યવહાર કુશળતા દર્શાવેલ છે. જ્ઞાતિની વ્યક્તિઓનાં હૃદયને અપીલ કરવાનોજ એક રસ્તો આપણી પાસે રહેલો છે અને પરિષદે તેજ રસ્તો અહણ કરેલો છે. જ્ઞાતિમાં અવાર નવાર કોઇક કેટલાકોજ પરિષદની બલામણોનો અમલ આપણે જોઇએ છીએ. ધીમે ધીમે એ વૃત્તિ વધતી જશે. જ્ઞાતિની અભણજ વ્યક્તિઓના હૃદયને તેણે અસર કરી છે, જ્ઞાતિના ઘણા ગાંડા ગૃહસ્થો પણ પરિષદની બલામણોનો અમલ કરવા પ્રેરાયા છે, લીંબડી પરિષદના ઉત્સાહજ મારવાડ પ્રાન્તીય સંમેલનને જન્મ આપ્યો છે એ વાત શું બતાવે છે? લીંબડી પરિષદની સફળતા કે નિષ્ફળતા? કોણ કહેશે કે લીંબડી પરિષદ નિષ્ફળ ગઇ છે?

પરિષદના સભાસદો તથા મંડળો—પરિષદના સભાસદો બનાવવા માટે આમેગામ ઉત્સાહી જ્ઞાતિબન્ધુઓને સભાસદ થવાનાં ફોર્મની બુકો તથા પરિષદના બન્ધારણ તથા મોજબાની છાપેલી પ્રતો મોકલવામાં આવેલ છે. પરન્તુ કાર્ય કરનારાઓની સિદ્ધિવનાને અંગે અમારનો જ્ઞાતિબન્ધુની ઉપેક્ષાને લીધે સભાસદો બનાવવાનું કામ સાધિન થયું હોય તેવું અમારા જાણવામાં આવ્યું નથી. મહુવાનો દાખલો બહુ ગૃહસ્થોએ પોતાનાં નામ નોંધાવ્યાનું અમે આગળમાં સારી રીતે જોયા પણનું જાણવામાં આવ્યું છે. પરન્તુ બીજા સ્થળોમાં કોઈ ઉત્સાહ આવ્યુ જણાતો નથી. જો બારબસનો ઉત્સાહ લીંબડી પરિષદ વખતે અપૂર્વ હતો, જો બારબસ બીજી પરિષદને

નિમન્ત્રણ આપવાને તૈયાર થયું હતું ત્યાં તો પરિષદના કાર્ય પરત્વે સ્મશાનવત્ શાન્તિ અને ઉદાસીન વૃત્તિજ નજરે પડે છે. સભાસદો થયા વિના પરિષદો ભરવી મુસ્કેલ છે. અને સ્થાનિક મંડળો ન સ્થપાય ત્યાં સુધી પરિષદના કાર્યને વેગ આપવો મુસ્કેલ છે. સભાસદો તથા સ્થાનિક મંડળોની જરૂરીયાત જ્ઞાતિજનો પૂરેપૂરી સમજ્યા હોય તેવું જણાતું નથી. દરેક ગામમાં પરિષદના સભાસદો બનાવવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે, તે ગૃહસ્થોએ આ જરૂરીઆત ઘણીજ સ્પષ્ટરીતે જ્ઞાતિજનોને સમજાવવાની જરૂર છે. પરિષદની એક જીવતી, સંગીન, દૃઢ અસરકારક સંસ્થા બનાવવા માટે સભાસદો તથા સ્થાનિક મંડળોની ખાસ જરૂર છે. સભાસદો બનાવ્યા વિના પરિષદમાં શ્રદ્ધાવાળા ગૃહસ્થોની સંખ્યા જણાવી અને પરિષદમાં આર્થિક ચેતન રેડવું મુસ્કેલ થઇ પડશે. અને સ્થાનિક મંડળો વિના પરિષદની ભલામણો પરિષદના ઠરાવો સમજાવવાનું અને તેનો અમલ કરવાનું જ્ઞાતિજનોને પ્રેરવાનું કાર્ય મુસ્કેલ થઈ પડશે. તેટલા માટેજ સભાસદો તથા સ્થાનિક મંડળોની ખાસ આવશ્યકતા છે. જે જે ગૃહસ્થોને આ કાર્ય સોંપવામાં આવ્યું છે તેમને ઉત્સાહ પૂર્વક તે કામ હાથ ધરવા અને બનતા પ્રયાસે સભાસદો બનાવવા અને સ્થાનિક મંડળો સ્થાપવા માટે પ્રયત્નશીલ થવા માટે અમારી આગ્રહપૂર્વક નમ્ર વિનંતિ છે.

તન્ત્રી.

વિવાહ અથવા લગ્ન.

(ગતાંકથી ચાલુ).

હવે કન્યાએ નીચેના ત્રણ મન્ત્રો બોલી હોમ કરવો.

अर्यमणं देवं कन्या अग्निमयक्षत ।
सनो अर्यमादेवः प्रेतो मुंचतुमापते स्वाहा ॥

આ કન્યા સૂર્યનારાયણ કે જે અગ્નિ સ્વરૂપ છે તેની પૂજા કરી કહે છે કે આર્યમ દેવ મને કોઇ પણ વખતે પતિનો વિયોગ ન કરાવો.

इयं नार्युपब्रूते लाजाना वपंतिका ।
आयुष्मा नस्तुमेपतिरेधं तां शतयो मम स्वाहा ॥

કન્યા લાજા હોમ કરે છે કે મારા પતિ દીર્ઘાયુષી થાઓ તેમજ મારી જ્ઞાતિની વૃદ્ધિ થાઓ.

ઇમાંલ્લાજાના વપામ્યગ્નૌ સમૃદ્ધિ કરણંતવ ।
મમ તુભ્યં ચ સંવનનં તદગ્નિરનુમન્યતા મિય સ્વાહા ॥

હે પતિ હું આ લાજા કે જે તમારી સમૃદ્ધિનો વધારો કરવાવાળી છે તેનો અગ્નિમાં હોમ કરું છું અને અગ્નિદેવ પણ મારા અને તમારા પરસ્પર વશ કરવાના સામર્થ્યને અનુમોદન કરો. ઉપર પ્રમાણે લાજા હોમ કરી વરરાજા કન્યાનો જમણો હાથ અંગુઠા સહિત પોતાના જમણા હાથથી પકડી નીચે પ્રમાણે બોલે છે.

ગૃભ્ણામિ તે સૌભગત્વાય હસ્તં મયાપત્યા જરદષ્ટિર્યથાસઃ ।
ભગો અર્યમા સવિતા પુરંધિર્મહ્યંત્વા દુર્ગાર્હપત્યાય દેવાઃ ॥

મારી સાથે દીર્ઘાયુષિ થઇ સૌભાગ્યવતી થવા માટે તેમજ ભગ, અર્યમા, અને સવિતા દેવતાઓ ગૃહસ્થાશ્રમની અધિકારી જોઈ તું તેને પત્ની અધિકારિણી થવા માટે આપી છે માટે હું તારો હાથ પકડું છું.

અમોહ મસ્મિ સા ત્વંદૌ સા ત્વ મસ્યમો અહં ।
સામાહ મસ્મિ ઋક્ ત્વં દ્યૌરહં પૃથિવી ત્વં તા મેહિ વિવહા
વહૈ સહરેતો દધાવહૈ પ્રજાં પ્રજનયા વહૈ પુત્રાન્વિંદા વહૈ
બહૂન્ તે સંતુ જરદષ્ટયઃ । સંપ્રિયૌ રોચિષ્ણૂ સુમનસ્યમાનૌ ।
પશ્યેમ શરદઃ શતં જીવેમ શરદઃ શત. મૃણુયામ શરદઃ શતમ્॥

હું લક્ષ્મી જેવાનો તેને તારા જેવી સ્ત્રી પ્રાપ્ત થઈ તેથી તું મારી લક્ષ્મી થા. હું સામવેદ રૂપ છું તું ઋગ્વેદ રૂપ છો; હું સ્વર્ગ તું પૃથ્વી. અર્થાત્ હું અને તું બંને ગૌરવ કીર્તિ માટે તું મારી સાથી આવ. આપણે વિવાહ કરીને વીર્યને ધારણ કરીએ, પ્રજાને ઉત્પન્ન કરીએ, પશુ પુત્રોને પ્રાપ્ત કરીએ. તેઓ દીર્ઘાયુષી થાય અને આપણે સો શરદઋતુ સુખી જોઈએ, સો વર્ષ જીવીએ અને અન્યો અન્ય પ્રીતિયુક્ત તથા કાંતિયુક્ત થઈ સો વર્ષ જુવીએ. કન્યા અગ્નિ કરી ઉભેલા વરરાજા પથ્થર ઉપર કન્યાને ચઢાવી વર નીચેનો મંત્ર બોલે.

આરોહે મમ ત્વમશ્મન્મેવાર્થેસ્થિરા ભવ ।
અભિતિષ્ઠ પૃતન્યતોવવાધસ્વ પૃતનાયત ઇતિ ॥

હે કન્યા તું મારા પથ્થર ઉપર ચઢી જેમ પથ્થર મજબુત છે તેમ તું

સ્થિર થા. અને તારા દુશ્મનો તને જીતવાની ઇચ્છાવાળા હોય તેને હણી રહી કચરી નાંખ તેમજ તેવા પુરૂષો સેના સહિત આવતા હોય તેના કટકો કરી નાંખ. ઉપર પ્રમાણે શીલા ઉપર ચડાવેલી કન્યા પ્રત્યે વર નીચેની ગાથા ગાય છે.

सरस्वति प्रेदमिव सुभगे वा जिनीयती ।
यां त्वा विश्वस्य भूतस्य प्रजायामस्यामृतः ।
यस्यां भूत समभवद्यस्यां विश्वमिदं जगत् ।
तामद्य गाथां गास्यामि या स्त्रीणा मुत्तमं यशः ।

હે સરસ્વતિ, તું પ્રાણીમાત્રની પાસે પ્રીતિપ્રેમ એકદમ જાય છે. એવી તું તેની હું પ્રીતિ ગાઉ છું. અને તારે વિષે પંચ મહાભુતાત્મક જગત્ થયું એવી ગાથા રૂપી સરસ્વતિ કે જે સ્ત્રીઓનો ઉત્તમ યશ છે એવી સરસ્વતીની સ્તુતિ કરી કહે છે કે મુળથી અશુદ્ધ મંત્ર પાઠ કરેલ વિવાહ કર્મનું રક્ષણ કર. એમ બોલી વર કન્યા અગ્નિને પ્રદક્ષિણા કરે.

तुभ्य मग्ने पर्यवहन् सूर्या वहतु ना सह ।
पुनः पतिभ्यो जायान्दाग्ने प्रजया सह ।

હે અગ્નિદેવ, આ કન્યાને પ્રથમ ચંદ્રાદિકે તમારી સાથે પરણાવેલ છે. હમણાંજ તેજ તમારી સ્ત્રીની સાથે હું વિવાહ કરું છું માટે મનુષ્ય રૂપી હું પતિ તેને સંતાન સાથે મને આપો.

હવે વરરાજા કન્યાને ઉત્તર દિશામાં જમણા પગવડે એક એક પગલું ભરાવી નીચેની સાત પ્રતિજ્ઞાઓ કરાવે છે જેને સપ્તપદી કહેવાય છે.

त्वत्तोमेऽखिल सौभाग्यं पुण्यै स्तत्वं विविधैः कृतैः ।
देवैः संपादिती मह्यं वधू राधे पदेऽब्रवीत् ॥

નાના પ્રકારનાં કરેલાં પુણ્યવડે દેવતાઓએ મને તમારી પ્રાપ્તિ કરાવેલ છે માટે તમારાથી મારૂં તમામ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

कुटुंबं पालयिष्यामि यावृद्ध बालकादिकं ।
यथा लब्धेन संतुष्टा भूते कन्या द्वितीयके ॥

નિત્યે હું બાળકોથી માંડી વૃદ્ધ પુરૂષો સુધી આપણા કુટુંબનું પાલન કરીશ અને દૈવયોગથી જે પ્રાપ્ત થશે તે વડે સંતોષમાં રહીશ.

मिष्टान्न व्यंजनादीनि काले संपादये तव ।
आज्ञा संपादिनी नित्ये तृतीये सा प्रवीद्वरम् ॥

દરેક ઋતુમાં મિષ્ટાન્ન તથા શાક ભાજી અથાણાં વીગેરે તમારે માટે હું તૈયાર કરીશ અને હમેશાં તમારી આજ્ઞા પ્રમાણે વર્તીશ.

શુચિઃ શૃંગાર મૂષાઢ્યં-વાક્ મનઃ-કાય કર્મભિઃ ।
ક્રીડિષ્યામિ ત્વયા સાર્દ્ધં તુરીયે સા વદે હરમ્ ॥

હું સુંદર શણગાર એટલે વસ્ત્ર ઘરેણાં વીગેરે ધારણ કરી મન, વાણી, શરીર અને કર્મથી પવિત્ર રહી તમારી સાથે ગૃહસ્થાશ્રમનું સુખ ભોગવીશ.

દુઃખે ધીરા સુખે હૃષ્ટા સુખદુઃખ વિભાગિની ।
નાહં પરતરં ગચ્છે પંચમે સા ત્રયોદ્વરમ્ ॥

જો આપણને દુઃખ પડશે તો હું ધીરજ રાખીશ અને સુખ પ્રાપ્ત થશે તો પ્રસન્ન રહીશ અને તમારા સુખ દુઃખમાં હું ભાગ લઈશ અને તમને છોડી હું બીજે ક્યાંય પણ જઈશ નહિં.

સુખે ન સર્વં કર્માણિ કરિષ્યામિ ગૃહે તવ ।
સેવાં શ્વશુરયો શ્ચાપિ બંધૂનાં સત્કૃતિં તથા ॥
યત્ર ત્વં વા અહં તત્ર નાહં વંચે પ્રિયં ક્વચિત્ ।
નાહં પ્રિયેણ વંચ્યા હિ કન્યા ષષ્ઠે પદેઽત્રયોત્ ॥

હે પ્રિય, તમારા ઘરમાં રહી દરેક ઘરનું કામકાજ પ્રસન્ન મનવડે કરીશ. તેમજ તમારા માતાપિતાની સેવા અને તમારા કુટુંબનો યથાયોગ્ય સત્કાર કરીશ. જ્યાં તમે ત્યાં હું અથવા તમે તથા હું ગમે ત્યાં હોઇએ તોપણ કોઇપણ વખતે હું તમને છેતરીશ નહિં તેમજ નિશ્ચય તમારે પણ મને કોઇ પણ વખતે છેતરવી નહિ.

હોમ યજ્ઞાદિ કાર્યેષુ ભવામિ ચ સદાવશત્ ।
ધર્માર્થ કામ કાર્યેષુ મનોવૃત્તાનુસારિણી ॥
સર્વેત્ર સાક્ષિણ સ્વયંમેવતિ ભૂતોસિ સાંપ્રતમ્ ।
દેહો મયાર્પિતસ્તુભ્યં સત્યંસા ત્રયોદ્વરમ્ ॥

હે પ્રિય, ધર્મ, અર્થ, કામ તેમજ હોમ હવન અને યજ્ઞાદિક દરેક કાર્યમાં હું તમારી મરજીને અનુસરી દરેક પ્રકારે તમને સલામ કરીશ. અહીં બેઠાં બધાંના મનુષ્યો તેમજ અગ્નિદેવ સાક્ષી છે કે આજથી તમે મારા પતી છો અને મેં મારો દેહ તમને અર્પણ કર્યો છે.

ઉપર પ્રમાણે સાત પ્રતિજ્ઞાઓ કન્યાને કેવાની છે તે ઉપરથી સાબીત

થાય છે કે શાસ્ત્રકાર બાળવિવાહનો ત્યાગ કરી યોગ્ય ઉંમરેજ વિવાહ કરવો એમ આપણને સૂચવે છે. માટે કન્યાની ઉમર ઓછામાં ઓછી તેર વર્ષની તો હોવીજ જોઇએ. નહિં તો ઉપરની પ્રતિજ્ઞા કન્યા શી રીતે લઇ શકે ? ત્યારપછી વરરાજા કન્યાના મસ્તક ઉપર નીચેના મંત્રથી અભિષેક કરે

आपः शिवाः शिवतमाः शांताः शांत तमास्ते,
कृण्वं तु भेषजम् ॥

જલ કલ્યાણકારી છે, અત્યંત કલ્યાણકારી છે, સુખને આપવાવાળું છે, અત્યંત સુખને આપવાવાળું છે, તે જલ, ઔષધ, રોગનો નાશ કરી સુખને આપે છે, તેમ તમને સુખરૂપ થાઓ. ત્યાર પછી દિવસનાં લગ્ન હોય તો સૂર્યનારાયણના દર્શન કરવાં. હવે વરરાજાએ કન્યાના હૃદયને નીચેના મંત્રથી આલભન કરવું.

मम व्रते ते हृदयं दधामि ममचित्तमनुचित्तं ते अस्तु ।
मम याघ मेक मनाजुष स्वप्रजापतिष्ट्वा नियुनक्तु मह्यम् ॥

હે કન્યા, મારા નિશ્ચયમાં તારૂં હૃદય અર્પણ કર, તારૂં ચિત્ત મારા હૃદયને અનુકુલ થા, મારાં વચનનું એકમનથી સેવન કર અર્થાત્ મને કલાગરી થા, તેવી રીતે બ્રહ્મા મારા વિષે તને જોડો. ત્યાર પછી વરે કન્યાને અભિમંત્રણ નીચેના મંત્રથી કરવું.

सुमंगली रियं वधु रिमाढं सभेत पश्यत ।
सौभाग्य मस्यैदत्वा याथा स्तं वि परे तन ॥

હે વિવાહ દેવતાઓ, આ વધૂ સુંદર મંગળ યુક્ત છે એમ જોઇને તેને સૌભાગ્ય આપી સ્વસ્થાનમાં જાઓ. ફરીથી પણ પુત્રાદિક મંગલાશીર્વાદ દઇ શુભ કાર્યમાં ફરીથી પધારવા માટે જાઓ. આચાર્યને સારી દક્ષિણા સુવર્ણ વસ્ત્ર અલંકાર વીગેરે આપવાં. વરે નીચેનો મંત્ર ભણી કન્યાને ધ્રુવ દર્શન કરાવવાં.

ध्रुवं त्वा पश्यामि ध्रुवैधि पोष्ये मयि ।
मह्यंत्वादाद्बृहस्पतिर्मयापत्या प्रजावती संजीव शरदः शतम् ॥

હે સ્ત્રી, તું અવિનાશી રહે. તને ધ્રુવના તારાનું દર્શન કરાવું છું તું નિશ્ચલ રહી પોષણ કરવા યોગ્ય થા. બૃહસ્પતિએ તને મને અર્પણ કરી છે એવી તું પુત્રાદિક અને મારા (પતિ) સહિત સો વર્ષ જીવ. તું મારા વિષે નિશ્ચલ રહે એટલા માટે તને ધ્રુવનું દર્શન કરાવું છું એવો. અંતર્ભાવ

છે. ત્રણ રાત્રી સુધી સ્ત્રી પુરૂષે ભેળું સાવિષ્યાન ખાવું, પધારીએ રહ્યું. વા સુધી અથવા બાર રાત્રી, ૭ રાત્રી અથવા ઓછામાં ઓછું ત્રણ રાત્રી તો ખાસ બ્રહ્મચર્ય રાખવું જ. ત્રણ રાત્રીથી પણ હેતુ એવો છે કે ચતુર્થી કર્મ કર્યા પછી જ બ્રહ્મચર્યનો ભાગ કરવો.

હવે ચતુર્થી કર્મ એટલે ચોરીએ ચડે છે તેનો સમય કહે છે.

चतुर्थ्यामपररात्रेभ्यंतरतोग्निमुपसमाधाय ।

વિવાહ તિથીથી આરંભ કરી ચોથી રાત્રીએ રાત્રીના ચોથા પોરમાં ઘરની અંદર અગ્નિ પધરાવી તેમાં હોમ કરવો અને તેમાં રાખેલ જલપાત્રમાંથી જલ લઇ કન્યાના મસ્તક ઉપર નીચેના મંત્રથી વરે અભિષેક કરવો.

या ते पतिघ्नी प्रजाघ्नी पशुघ्नी गृहघ्नी यशोघ्नी निंदिता
तनूस्तीरघ्नी तत एनां करोमि सा जीयेरयं मया सहा सौ ॥

હે કન્યા, આ અભિષેકથી તારા શરીરમાં રહેલ પતિનાશક, પશુનાશક, ગૃહનાશક, અને યશનો નાશ કરવાવાળા જે જે દોષો રહેલા છે તેનો નાશ કરવાવાળી હું છું માટે આ અભિષેકથી મારી સાથે રહી દીર્ઘજીવી થા. ત્યારપછી કંસારનું પ્રાશન નીચેના મંત્રથી વરે કરાવવું.

प्राणैस्ते प्राणान्त्संदधाम्यच्छिभिरक्ष्योनि
मांसैर्मांसानि त्वचा त्वचम् ॥

હે કન્યા, મારા પ્રાણ વડે તારા પ્રાણને, હાડકાં વડે હાડકાંને, માંસથી માંસને અને ચામડીથી ચામડીને જોડી દઉં છું અર્થાત્ આ કંસારી પાકના ભક્ષણ વડે હવે મારી સાથે તારૂં ઐક્ય કરૂં છું. इति शिवम् ॥ લગ્નમાં તો બીજે દીવસે ચોરીએ ચડવાની રૂઢી ચાલે છે તે શાસ્ત્ર વિરૂદ્ધ છે.

દરેક જ્ઞાતિ બંધુઓ પોતાનાં બાળકોને વિવાહ પરેલાં આ રહસ્ય સમજાવી વંચાવી તે પ્રમાણે વર કન્યાને બોલવાના મંત્રો બોલવા પ્રેરણા કરશે તો ભવિષ્યની પ્રજા ઉત્તમ અને આર્ય બનશે અને આપણી જાતિ કલ્યાણ પથ પર સંચરશે. માટે આપણા ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ દરેક જ્ઞાતિબંધુઓના હૃદયમાં સદ્બુદ્ધિને પ્રેરે એવી પ્રાર્થના છે.

શુભ દુર્ગાશંકર દેવશંકર.

श्री

श्री महालक्ष्म्यै नमः

निमन्त्रण पत्रिका.

मारवाड़ प्रान्तीय श्रीमाली ब्राह्मण संमेलन-सोजत

पत्रिका नं. ५.

सिद्धि श्री सर्वोपमा सकल गुणालंकृत ज्ञातिबांधवो–

(ज्ञाति समस्त योग्य).

सेवामे सादर नमस्कार है कि मारवाड़ प्रान्तीय श्रीमालि ब्राह्मण संमेलन मिती चैत्र कृष्णा गुजराती फाल्गुण कृष्णा १०।११।१२ सोम, मंगल, बुधवार, ता. १२।१३।१४ मार्च १९२३ को सोजत में ज्ञाति बांधवों के हितार्थ होगा. ज्ञाति बांधवों का संमेलन आनंद दायक हो. जो जो ज्ञातिबांधव संमेलन में पधारना चाहें वे अपने आनेकी सूचना ता. ६ मार्च तक भेजदें, कमसे कम १० मार्च तक तो अवश्य भेजदें. साथ ही मारवाड़ प्रान्तके प्रतिनिधियों को सूचना ता. ६ मार्च तक सूचना अवश्य दे. यह पहला ही संमेलन है अतः दर्शक या प्रतिनिधि आदि की है सियतसे पधारनेवाले ज्ञातिबांधवों के पास से किसीभी प्रकार की फीस नहीं ली जायगी सब प्रकार का इंतजाम किया जायगा. पूर्व सूचनानुसार ज्ञातीय या ग्राम संबन्धी झगडे टंटे पर विचार नहीं किया जायगा. व्यक्तिगत आक्षेप करने का अधिकार किसी को न होगा. प्रचलित कुरीतियों के सिवाय संदेहजनक बात पर कोई कुछ नहीं कह सकेगा. प्रत्येक बांधवों को शुद्ध हृदय से सत्यता के साथ भाषण

देना चाहिये । संमेलन को पूर्णतया सफल सफल बनाने के लिये विद्वान, वृद्ध, धनी, मानी, नवयुवक, सदाचार विचार संपन्न प्रिय भाषी, उत्साही बांधवोंको अवश्य पधारना चाहिये. जातिकी स्त्रियों के पधारने पर सदाचार संपन्न विदुषी द्वारा शिक्षा का प्रबंध भी अवश्य कराया जायगा. संतोषजनक उपस्थिति होने से बी. बी. सी. आई, रेल्वे के मारवाड़ जंक्शन स्टेशन के पास सोजतरोड स्टेशन है वहीं आने वाले जाति बांधवों का स्वागत करने को स्वयंसेवक उपस्थित रहेंगे. स्टेशनसे ७ मील सोजत बैल गाडियोंद्वारा आने का इंतजाम किया जायगा. श्री दरबार मिडिल स्कूल के बाहिर पंडाल बनी है. यद्यपि यह मारवाड़ प्रान्तीय संमेलन है तथापि मालवा, मेवाड, गुजरात, काठियावाड, कच्छ, आदि के जाति बांधव भी इच्छुक थी है तिथत से अवश्य पधारने की कृपा करें.

आगन्तुक महाशयों का भोजन प्रबंध सोजतनिवासी उत्साही गुरुप स्वयंसेवक मंडल द्वारा करेंगे. सबके सुभीते के माफक अलग २) प्रबंध होगा संमेलन के हितैषी जाति बांधवों की उपस्थिति अवश्य प्रार्थनीय है. राम्

चांदावत कुनालाल, प्रमुख.	शिवशंकर द्विवेदी, मंत्री
व्यास सदाशंकर, उपप्रमुख.	मीठालाल त्रिवेदी,
पुंवर गणपतलाल व्यास,	सहायक मंत्री.
कोषाध्यक्ष.	

ता. २३।१२।२३.

જીવન-પ્રપંચ.



(ઑક્ટોબર ૧૯૨૨થી ચાલુ.)

નોંધઃ—આ પ્રકરણ પછીનું પ્રકરણ પછીનું ફેબ્રુઆરિ ૧૯૨૩માં છપાએલ છે. આ પ્રકરણ ભૂલથી રહી ગએલ તે અત્રેઆપીએ છીએ.

તન્ત્રી.

જીવનરામની વિચાર-માળા પૂર્ણ થઈ. જ્યારથી તેમણે નિર્મળાને જોઈ હતી ત્યારથી તેના મનમાંથી, તે તેજસ્વિ મૂર્તિની છાપ એક પળ પણ ગસી નહિં, અને મોટાભાઇને કોઇપણ પ્રકારે સમજાવી આ બાળ-કન્યા સાથે લગ્ન કરવા નિરધાર્યું. તેઓ જાણી શકયા હતા કે મોટાશંકર લક્ષ્મીની લાલચમાં જરૂર લપટાશે, અને પોતાની ધારણા પાર પાડવામાં બીલકુલ સંશય રહેશે નહિં.

"મોટાશંકર, તમારી નિર્મળા-હવે મોટી થઇ છે. મારે તમારે-હવે સત્વર તેનો વિવાહ કરવો જોઇએ. નિર્મળા ઘણી સુંદર બાલાછે અને ડાહી લાગે છે અને તેને માટે ડાહ્યા વરની આસ જરૂર છે. તમે જો ખ્યાલ કરશો તો સ્હેજે જાણી શકશો કે તેવા વરની શોધ કરવાની કશી જરૂર જ નથી. હું તમારી સર્વ મનોવાંછના પૂર્ણ કરીશ અને તમારી ભવની ધન-ચિંતા દૂર કરીશ." જીવનરામે પોતાનામાં હતી તેટલી અક્કલ અને હુંશીયારીનો ઉપયોગ કરી ધીમે સ્વરે પોતાનો સ્વાર્થી વિચાર જાહેર કર્યો.

"ભાવતું હતું અને વૈદ્યરાજે કહ્યું" એ કહેવતાનુસાર મોટાભાઇની લોભી પ્રકૃતિએ જીવનરામભાઇની વાતને માન્ય રાખી. પોતાના હાકાર ઉત્તરથી પરિણામ શું આવિશે તેનો પણ ખ્યાલ કર્યો નહિં. પોતાની નિર્મળાની અને જીવનરામની વયનો તફાવત તેની નજરે ચડ્યો નહિં. અરેરે! ધન-લોભી અને સ્વાર્થી વૃત્તિવાળા મનુષ્યો પોતાનો સ્વાર્થ સાધવા પોતાની લાડકી કન્યાને છતી આંખે કુવામાં નાંખતાં જરાપણ અચકાતા નથી. પોતાની કન્યા જડ વરને સોંપતાં, નીપજનારા પરિણામની તેઓ લેશ પણ દરકાર કરતા નથી. આવા અનેક દાખલા બની ગયા છે, અને તેનાં પરિણામો અનુભવ્યાં છતાં, તેવા પરિણામની ભીતિ પોતાની અંદર રહેલી અભાવ સ્વાર્થ-બુદ્ધિને આંગે રાખતા નથી.

બોટભાઇને નિર્મળા માટે ઘણી જગ્યાએથી માંગણી આવી હતી, પરંતુ બોટભાઇએ જાણ્યું કે એ જગ્યાએથી ધારેલું ધન મળે તેમ નથી, તેથી તેઓએ તે સર્વ માંગણી ના કબુલ કરી, - અને કોઈ એવી દુઃખી માંગણીની વાટ જોઇ બેઠા હતા. અચાનક પોતાના અતિથિના મુખમાંથી માંગણીના શબ્દો સાંભળી બોટશંકર ઘણા ખુશી થયા, અને પોતાના દ્રવ્ય પિતાની પણ રત્ન લેવાની તેઓને બીલકુલ જરૂર જણાઇ નહિ."

વળી બોટભાઇને લાગ્યું કે જો અત્યારે ચાંલ્લા નહિં થાય, તો કદાચ બીજું ઝડપાઇ જશે, અને વળી જુ રખડીશ. જીવનરામ જેવા રૂપાળા, યુવાન અને લક્ષ્મીવાન મુરતીયાને બીજી કન્યા મળતાં વાર ન લાગે, અને કદાચ તેઓ પોતાની દીકરીને અંગે અન્ય કોઇ સ્થળે સંબંધ કરી નાંખે તો પોતાની ધારણા ફોગટ થાય. આવા વિચારથી તેમણે જીવનરામને કહ્યું, " આજનો દીન અને સમય શુભ છે, અને અત્યારે ચાંલ્લા કરવા મને ઉચિત લાગે છે. જો આપનો વિચાર હોય તો બે ચાર જ્ઞાતિજનોને બોલાવું. આપનો શું વિચાર છે તે....."

" તમારો વિચાર તે મારો વિચાર સમજ્યા કે ? તમે જેમ કહેશો તેમ હું કરવા તૈયાર છું! તમારો શું વિચાર છે ?" જીવનરામે મહાન ઉદારતા અને શ્રીમંતાઇના ભાવથી પૂછ્યું.

" રૂપીયા એક હજાર રોકડા આપના તેમાં રૂપીયા બેહજાર સગપણ વખતે અને બાકીના રૂપીયા લગ્ન વખતે આપના પડશે." બીજું એ કે તમારે મને કોઈ જગ્યાએ નોકરીમાં રાખી દેવો જોઇશે. બોટભાઇએ પોતાની સ્વાર્થી શરતો જાહેર કરી.

" તમે જે કહેશો તે મને કબુલ મંજુર છે. આ વાત આપણા બે વચ્ચેની જાનગી છે, તે ધ્યાનમાં રાખજો કોઈ બીજાને હાનિ ન જાય તેવી પૂર્ણ સાવચેત રહેજો. જો કોઇ જ્ઞાતિજનોના જાણવામાં આવશે તો મને અને તમને બન્નેને તેઓ વગોવવા ચૂકશે નહિં. વળી અત્યારે ચાંલ્લા કરતી વખતે પણ તેમની શી જરૂર છે ? આજુબાજુમાંથી બે પોરોશીને બોલાવો તો કેવા ભાવસા! આપણે કોઈ કોઇના આપની ચોરી છે?" જીવનરામે મર્મોચિત રોગ દેખાડી કહ્યું.

બોટભાઇએ જીવનરામના કહેવા મુજબ, પાડોશમાં આમતેમ ઓટા મારી, કુરસદ અને નવરાશના બેબામાં રમીયથી રહેલા, આખો ચોગતા અને બગાસા ખાતા, નિરાધી પાડોશીઓની રાહ લઈ, મનમાં મલકાતા

મલકાતા દાખલ થયા. પાડોશીઓની વાત કરતા, જાણે કે ફારસ જોવાનું હશે એમ ધારી, એને બદલે બાર બોટભાઈ સાથે આવ્યા.

વાચકને યાદ હશે કે આ સર્વ વાતચીત ભોજન પછી બે થી ત્રણ કલાકમાં થવા પામી છે. બોટભાઇ તથા જીવનરામ જમીને ઉઠયા પછી, નિર્મળા ભોજન કરી વાસણ કુસણ માંજી, અબોટ લીપી, બીજું કેટલુંક ઘરનું કામ પરવારી, અંદરની અંધારી ઓરડીના ખુણામાં બેઠી હતી, અને જ્યારથી આ બન્નેની વાતચીતમાં નિર્મળા નામની શરૂઆત થઇ, ત્યારથી તે સર્વ વાત સાંભળતી હતી. ઘોર તિમિરમાં પણ જેમ એક હીરો ચળકે, તેમ તેનું અંધારામાં ઉજ્વળ મુખ પ્રકાશતુ હતું. તેના બન્ને ચક્ષુઓની નીચે ઝીણા ઝીણા હીરાની હારો લટકતી હોય, તેવો ભાસ થતો હતો. પરન્તુ ખરેખર તેમ ન હતું. તે હીરાની નહિ, પણ હીરાસમ ઉજ્વળ અશ્રુઓની હાર, લટકતી નહિ પણ વહેતી હતી. પોતાના પિતાશ્રી પોતાની બેટની એક અને વહાલી પુત્રીને એક નિશાચરને લીલામ કરતા હતા તે જાણી પુત્રીને પિતા ઉપર અત્યંત તિરસ્કાર છુટ્યો.

" દીકરી ગાય છે, અને જ્યાં દોરે ત્યાં જાય છે," તે કહેવતાનુસાર પિતાશ્રીના કાર્ય સામે વિરૂદ્ધતા દર્શાવવાની નિર્મળાને હિંમત ન હતી. વળી તેને ખાત્રી હતી કે લક્ષ્મીમાં અન્ધ બનેલા પિતાશ્રી પોતાના ગમે તેવા દૃઢ સત્યાગ્રહની સામે થવા ચૂકશે નહિ. સર્વે વસ્તુઓનું ભવિષ્ય દૈવાધિન છે. ઇશ્વરેચ્છા જેમ હશે તેમ થશે. શ્રીહરિની ઇચ્છા વિરૂદ્ધ માનુષીય પ્રયત્ન સદા નિષ્ફળ થાયછે. ભાવિ મિથ્યા કોટી ઉપાયે થતું નથી, અને તેમ કરવા ઇચ્છનારાઓની અન્તે હાર થાય છે તે રાજા પરીક્ષિતના દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે. સર્પ-હંસ અટકાવવાનો તેનો ભગીરથ પ્રયત્ન સર્વથા વૃથા શ્રમ ગણાયો.

આ સર્વ સિદ્ધાંતોને સ્વીકારી કેવળ એક ભાવિ ઉપર આધાર રાખી સમયને પોતાનું કાર્ય કરવા દીધું.

કુરસદીયાઓની માનનીય હાજરી વચ્ચે, મંગળ મુહૂર્તે, બોટભાઇએ જીવનરામના પહોળા અને શ્યામ કપાળમાં દશ જેવડો કંકુનો ચાંલ્લો કર્યો, અને અક્ષત ચોડ્યા. ગોળ ધાણા વહેંચાયા, અને ખુશાલીના પોકાર વચ્ચે નિરધમી પ્રેક્ષકો, કેટલાક ગપાટાના અન્તે વીખાયા. અપૂર્ણ.

(રચેતું) ન. પો. ઓઝા.

શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી ફાળો.

છાત્રાલયના મકાન ફાળાની મહાલક્ષ્મીની છબીવાળી રૂપીઆ એકવાળી ભરાએલી ટીકીટો.

હા. ગંગાશંકર પ્રભાશંકર ઓઝા.

૧ હા. લક્ષ્મીદાસ પુરુષોતમ ફરાદી
૧ હા. કરસનદાસ કાનજી ,,
૧ ત્રં. દયારામ કેવળરામ ,,
૧ દવે ગેચરભાઈ જેઠાભાઇ ,,
૧ સોની દયાળજી રામજી ,,
૧ શાહ નેણશી ચાંપશી ,,
૧ શાહ રાયશી વેલજી ,,
૧ શાહ જેઠા દેવા ,,
૧ શાહ તળશી મેઘજી ,,
૨ ત્ર. ગોપાળજી લવજી ,,
૧ ત્રં. વેલજી પ્રેમજી ,,
૧ ત્ર. કામેશ્વર પ્રેમજી ,,
૧ ,, દયારામ પ્રેમજી ,,
૧ હા. વેલજી દેવચંદ ,,
૧ રાવળ રેવાશંકર દેવરામ ,,
૧ હા. રવજી દામજી ,,
૧ ત્ર. નીકમજી વેલજી ,,
૨ ,, વજેશંકર માધવજી ,,
૨ ,, સુનીલાલ કુંવરજી હા. કેશવલાલ ,,
૧ ,, મયાશંકર મૂળજી ખીદડા
૧ ઓઝા ઉમીયાશંકર કાલાભાઇ. નાગલપુર
૧ દવે નારણજી નથુભાઇ અંજાર
૧ દવે ગૌરિશંકર રૂગનાથજી ,,
૧ દવે કલ્યાણજી જેઠા અંજાર
૧ વૈદ્ય આશારામ દુર્લભરામ ,,
૧ દવે મકનજી ધનજી ,,
૧ દવે કુંવરજી પ્રાગજી હા. લક્ષ્મીશંકર ,,
૧ દવે કરણશંકર ભગવાનજી ,,
૧ દવે ઇશ્વરલાલ ભગવાનજી ,,
૧ દવે રેવાશંકર શિવજી બચાઉ
૧ દવે નારણજી ભાણજી અંજાર
૨ ઓઝા વજેશંકર કલ્યાણજી ,,
૧ વૈદ્ય દામજી લાધા ,,
૧ સારાષ્ટ્રી મણિશંકર જટાશંકર ,,
૧ ઓઝા પ્રભાશંકર આણંદરામ ,,
૧ વ્યાસ રૂગનાથ શિવજી ,,
૧ ઇશ્વરલાલ વજેનાથ ઓઝા માંડવી
૧ ત્ર. જુઠાલાલ છબીલદાસ ,,
૧ ઓઝા હેમતરામ મયાશંકર ,,
૧ ત્ર. આત્મારામ રણછોડજી ,,
૧ ,, ભાઈશંકર પિતાંબર ,,
૧ ,, શામજી આણંદજી ,,
૧ છાયા કલ્યાણરામ હરિદાસ ,,
૧ ત્ર. મયાશંકર મુળજી ખીદડા.
૧ ,, કલ્યાણજી પરમાણંદ માંડવી.
૧ ,, મણિશંકર કાનજી ,,
૧ ઓઝા રૂગનાથ કેશવજી ,,
૧ ત્ર. પ્રાગજીવન પરોત્તમ ,,

૧ શેઠ ત્રીકમદાસ લીલાધર હા. હે
. મતરામ મયાશંકર ઓઝા માંડવી
૧ ડૉ. મહેરવાનજી ધનજી ફરંજીયા,,
૧ શેઠ જેણુશી ખીમજી ,,
૧ સોની હાલા ભાણજી ,,
૧ શેઠ હાથીભાઇ રવજીભાઈ ,,
૧ રાઘવજી ભગવાનજી ,,
૧ સોની નારણજી હેમરાજ ,,
૧ ઓઝા શંકરલાલ વિશ્વનાથ ,,
૧ શેઠ પુરૂષોત્તમ અમરશી ,,
૧ શેઠ ગોકળદાસ વલ્લભદાસ ,,
૧ ઓઝા પ્રાણશંકર નરભેશંકર ,,
૧ સોની નારણજી ભવાનજી ,,
૧ શેઠ પરસોત્તમ ગોવિન્દજી ,,
૧ ઓઝા હીરજી હરિશંકર ,,
૧ ઓઝા મયાશંકર હીરજી ,,
૧ ગં. સ્વ. અચરતબ્હેન ભોળાનાથ,,
૧ ઓઝા જયાશંકર હેમતરામ ,,
હા. ગંગાશંકર પ્રભાશંકર ઓઝા
૧ સેવક ત્રીકમજી રણછોડદાસ માંડવી
૧ વાંઝા પુરૂષોત્તમ ભાવજી ,,
૧ ઓઝા શિવશંકર મયાશંકર ,,
૧ ત્ર. મગનલાલ જટાશંકર ,,
૧ હરિલાલ બેચર માસ્તર ,,
૧ ત્ર. ઉમીયાશંકર બેચર ,,
૧ ત્ર. દેવશંકર જીવરામ હા ગંગ-
ળજી દેવશંકર. ,,
૧ ત્ર. જેશંકર પરમાણંદ ,,
૧ ,, રતિલાલ નાથાભાઇ ,,
૧ ઓઝા દુર્ગાશંકર રેવાશંકર ,,
૧ ,, રૂગનાથ લક્ષ્મીશંકર ,,
૧ શેઠ લીલાધર મોરારજી ,,
૧ હા. જોશી નાનજી ,,
૫ શેઠ વિસનજી કલ્યાણજી માંડવી
૧ ધનાભાઇ ભાટીયા ,,
૧ ત્ર. ફુલશંકર જીવરામ ,,
૧ ,, વસંતરાય ફુલશંકર ,,
૧ ,, હરસુખરાય ફુલશંકર ,,
૧ હા. ગોમજી કુંવરજી ,,
૧ ત્રિવેદી દુર્લભજી ગૌરિશંકર તળાજા
૧ ત્ર. મૂળજી ગંગારામ ,,
૧ ,, અમૃતલાલ મયાશંકર ,,
૧ ,, મોહનલાલ મણિશંકર ,,
૧ ,, ગિરિજાશંકર પિતાંબર ,,
૧ ,, નારણ ઓધા ,,
૧ ,, વનમાળી નારણજી ,,
૧ ,, નાગજી નથુરામ ,,
૨ ,, શીવલાલ નારણજી ,,
૧ વ્યાસ ગોપટલાલ કરસનજી મહુવા
૧ જેશંકર વંજેરામ ,,
૧ ઓઝા પ્રાણશંકર ગોર્ધન ,,
૧ ત્ર. રેવાશંકર ધનેશ્વર ,,
૧ ,, લાલજી પરસોત્તમ સાવરકુંડલા
૧ ઓઝા શંકરલાલ વિશ્વ ,,
૧ ,, જટાશંકર જેશંકર ચાણોદર
૧ ,, લક્ષ્મીશંકર ભીમાભાઈ કુંડલા
૨ દવે પ્રાણજીવન ખીમજી ચુડા
૧ ત્રિ. મોહનલાલ લક્ષ્મીશંકર રાણપુર
૧ ઓઝા દેવશંકર પિતાંબર ભાવનગર
૧ ત્ર. વજેશંકર ધનેશ્વર ,,
૧ ઓઝા મહાશંકર ગણેશ ,,
૧ ઓઝા જગન્નાથ કાશિરામ ,,
૧ ,, પ્રભાશંકર નારણજી ભાવનગર
૧ ત્ર. છગનલાલ જુઠાભાઇ ,,
૧ ,, ભાઇશંકર વજેશંકર ,,
૧ ,, પિતાંબરદાસ ગોવિન્દરામ ,,

૧૧) રા. રા. જ્યાંતલાલ મગનલાલ ઓઝા–મુંબાઇ–તેમનાં સ્વ. પત્નીનાં પુણ્યાર્થે.
૫) રા. રા. નાથાલાલ ગૌરીશંકર ત્રિવેદી–ખરકાલ–છાત્રાલયની મુલાકાત પ્રસંગે.
૫) રા. રા. ગટુલાલ લીલાશંકર ઓઝા.
૫૦) સ્વ. બાઇ રેવા સ્મારક અર્ધી ભાગીના–હા. લક્ષ્મીશંકર મણી ત્રિવેદી–બડીઆદ.
૫૦) રા. રા. માણેકલાલ દયાશંકર ઓઝા–મુંબાઇ
૨) રા. રા. ભાઇશંકર ઓધડલાલ ઓઝા–મુંબાઇ–તેમનાં સ્વ. માતુશ્રીનાં પુણ્યાર્થે.
૩) રા. રા. શામજી વિશ્વનાથ ઓઝા–રામોદ–તેમના ચી. ચુનીલાલની જન્મગાંઠની ખુશાલીમાં.
૭) રા. રા. વનમાળી કાશિરામ ઓઝા–બીલખા–તેમની પુત્રી લીલાવતીના લગ્ન પ્રસંગે બેટ જાન માંડવા તરફથી.
૧૦) રા. રા. વનમાળી કાશિરામ ઓઝા–બીલખા–તેમનાં પુત્ર શિવશંકરનાં પત્ની શિવલક્ષ્મી ગુજરી જતાં તેમનાં પુણ્યાર્થે.
૩) મોહનલાલ પ્રાણજીવનત્રિવેદી–રાણપુર–ચી. પોપટલાલના લગ્નની ખુશાલીમાં ભોજન માટે (મોહનથારપુરીનું ભોજન)
૧૯) ચીમનલાલ મોહનલાલ ત્રિવેદી–સાબરમતી–તેમના પુત્રીના લગ્નની ખુશાલીમાં બરફીપુરમાના ભોજનના.
૪) મોહનલાલ પ્રાણજીવન ત્રિવેદી–રાણપુર–વિધવા ફંડ ખાતે
૧૦) મગનલાલ અંબારામ દવે–ગોઉ–પ્રત્યેક વર્ષ પ્રમાણેના.
૧૫) કુલશંકર માવજી વકીલ–વંથલી. સોરઠ–એન અજવાળી તથા શાન્તાગૌરીના લગ્ન પ્રસંગે.
૧૦) ત્રવાડી મયાશંકર સવાઇલાલ–શિહોર–લગ્ન પ્રસંગે.
૫) ત્રવાડી કેશવલાલ ગવરીશંકર–સરધાર–ચી. જયશંકરના લગ્ન પ્રસંગે
૧૯।। મગનલાલ જગનાથ ઓઝા–મુંબાઇ–તેમના પત્નીની સંવત્સરી નિમિત્તે બાદીઆપુરીના ભોજનના.

કુલ. ૨૯૩।।

ઉપર મણ ૧।। અમદાવાદના એક ગૃહસ્થ તરફથી

जातीय समाचार.

બીલખા:—વનમાળી કાશીરામ ઓઝા સાળોદરવાળાના પુત્ર શિવશંકર વનમાળી ઓઝા જેઓ હાલ મુંબાઈ રહેછે તેમનાં પત્ની શિવલક્ષ્મી ગઇ વદ ૯ ને શુક્રવારના રોજ દેવલોક પામ્યાં છે.

રાહીશાળા:—અત્રેના ફોજદાર અમૃતલાલ છગનલાલ ત્રિવેદીની બદલી કોળીયાક મુકામે થઇ છે. તેમની વિદાયગીરીના માનમાં મહાજન તરફથી સભા ભરવામાં આવી હતી અને તેમની સેવાની કદરમાં માનપત્ર તથા ભેટ આપવામાં આવ્યાં હતાં.

મારુણજ:—લગ્ન:-જયંતિલાલ મગનલાલ ત્રિવેદીનાં, દેવાશંકર ગંગાશંકર ત્રિવેદીની પુત્રી વેરે. વરરાજા શુદ્ધ બીદીના પોષાકમાં હતા.

શુકલતીર્થ:—૧. શીમાળી બાળકોએ "અરુણોદય" નામનું હસ્તલિખિત માસિક કાઢવું શરૂ કર્યું છે. શરૂઆત ફલદાયી નીવડીછે-નીવડશે. ૨. સ્વરાજ્ય શાળાના શિક્ષક ભાઇ કાશિયંકરે જુદા જુદા સ્થળોમાં ફરી જુનાં શાળાપયોગી પુસ્તકો ઉઘરાવી શીમાળી બાળકોને વિનામૂલ્યે આપવા એક પુસ્તકાલય સ્થાપ્યું છે. પુસ્તક સંખ્યા લગભગ ૩૫૦ થવા પામી છે. વાંચનાર આનું અનુકરણ કરશે એમ આશા છે.

અમદાવાદ:—ભાઇ કાલિદાસ વસનજી દવે, મણિપુરનું "અધ્યાપન મન્દિર" બંધ થવાથી, મુંબાઈ "રાષ્ટ્રીય શાળા"ના આચાર્ય તરિકે નીમાયાછે.

સુરત:— ભાઈ પ્રેમીલાલ મૂળજીભાઈ ઓઝા, જેઓ ઓધવજી મોરારજી ઓઝાના પુત્ર હતા અને મોરબી નાટક કંપનીવાળા સ્વ. મૂળજી આશારામ ઓઝાના દત્તક પુત્ર અને વારસ હતા તેઓ ગુજરી ગયા છે. તેમના શોકજનક અવસાનથી સ્વ. મૂળજીભાઇના કુટુંબમાં અને કંપનીના આસપીપત્રોમાં બારે બબ્બર થઇ પડી છે.

મહુવા:— નવાડી હરિરામ વિઠ્ઠલ જેઓએ બી. બ. આ. બી. આ. કે. કોળામાં રા. ૨૦૧) ભર્યા હતા તેઓ દેવલોક પામ્યા છે.

ઉમરાળા:—ભાઇ નવનિતરાય પોપટલાલ ઓઝાનાં પત્ની દેવલોક પામ્યાંછે.

રાજા મહારાજાઓ

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેફ્ટ વૉઇસરોયના લેફ્ટ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજંટ, સરકારી સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાક્ટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં

બાદશાહી યાકુતી

નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તે ઉપયોગી-૮ તાની નિશાની છે—ગવર્મેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનેલાઇઝ થએલ છે.

બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી બહુ પુરૂષાતન આપે છે. ખરી મર્દાઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજની જરૂર નથી.

૪૦ ગોળીની ડબ્બી એકના રૂપીઆ દશ.

બાદશાહી ચુનાની લેપ

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે. બહુ પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આઉંસ એકની ડબ્બીના રૂપીઆ આઠ.

ડાક્ટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

ગુજરાત આયુર્વેદિક ફાર્મસી.

વૈદ્યક પ્રચાર સાહિત્ય ખાતું.

માસીકો અને પુસ્તકો.

આ ફાર્મસી ઔષધો બનાવતા અને ઉપચાર કરવા ઉપરાંત વિશેષ મહત્વનું એક કાર્ય એ કરે છે કે પોતાનાં વૈદ્યક સાહિત્ય પ્રચાર ખાતા દ્વારા લોકોમાં તંદુરસ્તીના નિયમો અને આરોગ્ય સંબંધી જ્ઞાનનો ફેલાવો પણ કરે છે. ૨૫ વર્ષથી ગુજરાતી માસિક, વૈદ્યક ગ્રંથો અને નિબંધો દ્વારા આ ખાતાએ આયુર્વેદ સંબંધી સારૂ અજવાળું પાડયું છે.

"વૈદ્યકલ્પતરૂ" માસીક વાર્ષિક લવાજમ રૂા. ૩–૦–૦.

વૈદ્યક ગ્રંથો.

ઘરવૈદું—વૈદકના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી ગ્રંથ. આવૃત્તિ ૬ ઠ્ઠી. કી. રૂા. ૬.

સારી સંતતી—સુદ્રઢ, સુંદર અને સદાચારી બાળકો ઉત્પન્ન કરવા એ બાપાપોના હાથમાં છે, એ વાત આર્ય વૈદ્યક અને અંગ્રેજી વૈદ્યકનાં પ્રમાણો સાથે સિદ્ધ કરી આપનાર શાસ્ત્ર. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

ધાત્રી શિક્ષા—સુવાવડ સંબંધી શાસ્ત્રીય ગ્રંથ. ગર્ભસ્થાનમાં થતાં દરદોના ઉપાયો તથા પ્રસવના નિયમો, પ્રસવ માટે પ્રાથમિક તૈયારીઓ, પ્રસવની ત્રણ અવસ્થાઓનું વર્ણન, પ્રસુતાવસ્થાના કારણો અને ઉપાય, સુવાવડીની સારવાર તથા બાળક ઉછેરવાનો નિયમો એક સુવાવડીને માંડવાંચવું સમજાવે છે. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

રોગી પરિચર્યા—માંદાની આવજત વિષે સંપુર્ણ જ્ઞાન મેળવવાનો ગુજરાતી ભાષામાં પ્રથમ ગ્રંથ. કી. રૂા. ૧॥।

બારીકોનો વૈદ્ય—દરેક દરદની સામાન્ય સમજણ, ઘરગથ્થુ અને સસ્તા ઉપાયોના સંગ્રહનો ગ્રંથ કી. રૂા. ૨.

સ્ત્રીઓનો વૈદ્ય—સ્ત્રીઓનાં ખાસ દરદો, તેનાં લક્ષણો, કારણો તથા ઉપાયોનો ગ્રંથ કી. રૂા. ૧॥।

બાળકોનો વૈદ્ય—બાળકોનાં ખાસ દરદો. તેનાં લક્ષણો, કારણો, તથા ઉપાયોનો ગ્રંથ. કી. રૂા. ૨).

યુવાવસ્થાનો શિક્ષક—યુવાન સ્ત્રીપુરૂષોનાં કર્તવ્ય તથા ફરજનો આદર્શ શિક્ષક. કી. રૂા. ૧.

મળવાનું ઠેકાણું:–ગુજરાત આયુર્વેદિક ફાર્મસી–અમદાવાદ.

પી. પ્રભુદર્સ શાહીવાળા.

દરેક જાતની દેશી શાહી જેવી કે રાઇટીંગ, કાપીંગ, રબ્બર સ્ટેમ્પીંગ, માર્કીંગ, સ્યાપસોમારીક; તથા શાહીનો પાઉડર, ગુંદર વગેરે બનાવનાર તથા વેચનાર. અમારે ત્યાંથી છુટક તથા જથ્થાબંધ માલ મળશે. વધુ વિગત માટે પ્રાઇસલીસ્ટ મંગાવો.

ઠેકાણું–દલ્લાભુ મોતીની ચાલી, કાંદાવાડી–મુંબાઇ ૪.

વિજળીના દીવા.

૧ નાના મજબુતમાં રાખી શકાય છે.
૨ અગ્નીની બીલકુલ ધાસ્તી નથી.
૩ તલ દીવેટ કે દીવાસળીની જરૂર પડતીજ નથી.
૪ ફકત ચાંપ દબાવતાંજ ઘણીજ ભપકાદાર રોશની થાય છે.

કીંમત ૧. ૨ા. ૩, ૩ા, ૪, ૫, ૬ અને ૮.
પોસ્ટેજ આઠ આના સ્પેર બેટરી કીંમત રૂા. ૧).
પોસ્ટેજ ૪ આના

ટી. જી. શાહ એલેક્ટ્રીક સ્ટોર્સ.
૬૩ ઓફીસ (ગોળપીઠ) બોમ્બે ૪.
બ્રાંચ ઓફીસ(પાનકુવા ચાર રસ્તા)અમદાવાદ
પત્ર વ્યવહાર ૬૩ ઓફીસને ચિરનામે કરવો.

શું તમે હૃદયથી જ્ઞાતિ ઉન્નતિ ઇચ્છો છો !

જો ઇચ્છતા હો તો શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહક થઇ વાંચન-ઉપરાંત જ્ઞાતિ વિદ્યાર્થીઓનો શુભ ખ્યાલ-વાંદ પ્રાપ્ત કરવા ચૂકશો નહિ વાર્ષિક લવાજમ રૂા. ૧॥ ૬૨ વર્ષ ઉપયોગી ભેટ પણ આપવામાં આવે છે.

ગ્રાહક તરીકે તરત નામ નોંધાવો.

Reg. No. B. 1442

श्रीमाळी शुभेच्छक.

सत्यंवद। धर्मंचर स्वाध्यायान्मापमदः। उपनिषद्

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्॥ श्री. भ. गीता.

वर्ष ४ थुं.] एप्रील १९२३. [अंक ४.

विषयानुक्रमणिका.

१	तात्पर्य श्रुं अनंत भक्ति।	मं. भं. ओझा.	१७१
२	लोक व्यापी दिव्यत्व वरेली शाखानो तन्नी.		११८
३	पत्रिका नं. १	वि. गि.	८२
४	ईश्वरार्पणे अस्तु।	भ. रमा. त्रिवेदी	८३
५	ईश्वर प्रपंच।	न. वे. जोशी.	८८
६	अंधश्रद्धा।	ह. न. व्यासी.	९२
७	प्रार्थनामां शोध	नंदी.	९५
८	आरोग्य प्रान्तीय मी. आ. संमेलन		९७
९	नवि। समाचार.		१०१
१०	श्री. भ. आ. मी. आ. ट्रे. फी.		१०४

तन्त्री अने प्रकाशक

व्यंकलाल शिवशंकर त्रिवेदी, एम. ए.

सोळसद्याना, ४२०३-०६—अमदावाद.

ज्ञानमन्दिर प्रिन्टींग प्रेसमां दोसाभाइ अमथुभाइ आपुं-
पाणेशरीनी पोळे, रायपुर—अमदावाद.

રાજા મહારાજાઓ

નવાબ સાહેબો, નાગદારે સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેફ્ટ વૉઇસરોયના લેફ્ટિ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજંટ, સરકારી સીવીલીયન ઓફીસરો, યુરોપીયને સીવીલ સરેન્ટનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાક્ટરો તથા દેશી અને યુરોપીયન અગ્રગણ્ય દારો અને ગૃહસ્થોમાં

બાદશાહી યાકુતી

નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તે ઉપયોગીપણાની નિશાની છે—ગવર્મેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનેલાઇઝ થએલ છે.

બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી બરૂ પુરૂષાતન આપે છે. બરી મર્દાઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજની જરૂર નથી.

૪૦ ગોળીની ડબ્બી એકના રૂપીઆ દશ.

બાદશાહી ચુનાની લેપ

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે. બરૂ પુરૂષાતન લાવવા માટે આ લેપ ફાયદામંદ બલિજ છે. આઉસ એકની ડબ્બીના રૂપીઆ આઠ.

ડાક્ટર કાલીદાસ મોતીરામ–રાજકોટ–કાઠીયાવાડ.

શ્રીમાળી શુભેચ્છક.

इच्छन्शुभं यः स्वपरस्य नित्यं कृन्तत्यशुभं कुलदेवी तस्य. ।
विचार्य चैवं विहरन्तु सर्वे श्रीमाळी शुभेच्छक इच्छतीत्यम् ॥

(જે મનુષ્ય હમેશાં પોતાનું તેમજ પારકાનું શુભ ઇચ્છે છે તેનું અશુભ શ્રી મહાલક્ષ્મી નાશ કરે છે. આ સૂત્રનો દરેક બંધુ વિચાર રાખી તે માણે વર્તો એમ શ્રીમાળી શુભેચ્છક ઇચ્છે છે. રા. મ. અપાયો)

વો. ૪ થું.] એપ્રીલ ૧૯૨૩ [અંક ૪

તાત્પર્ય શું જીવન મહિં ?

(ગઝલ)

૧

ગણી સ્વપ્ન સ્નેહી સ્વજનને
સદ્‌ભાવ રોવા નવ મળ્યો;
વિસ્તાર કાજ ન વિલસ્યાં,
પ્રેમાશ્રુ પરિમલ પાયર્યા,—

૨

નર શુદ્ધ ધીર ઝઝૂમતાં,
સંકટ ઝીલ્યાં ચોંપથી;
દિપ્યાંશી વિસ્તર કાજને,
નિજ જાતની આણી નપી.—

૩

રીઝવવા પ્રિય પાત્રને,
તત્પર હૃદય રહ્યા નહિં;
ચીનુભાઈ કે ટેવાનના,
તાત્પર્ય શું જીવન મહિં?—
સંક્ષાન્ત અજાણ્યો.

एक अपूर्व हिम्मतभरेली शरुआत.

પરિષદની સફળતાનું સબળ દૃષ્ટાંત.

જાન ચાર દિવસ અને વરોઠીનાં બદલામાં અમદાવાદના જ્ઞાતિ છાત્રાલયને ભેટ.

આટકોટની અંદર ફાગણ વદ ૬ ના રોજ શ્રીમાન્ રા. રાં. દ્વારકાદાસ કડવા ઓઝા તથા કેશવલાલ કડવા ઓઝાને ત્યાં ત્રણ કન્યાઓનાં લગ્ન હતાં. તે બન્ને ગૃહસ્થો લીંબડી મુકામે ભરાએલી જ્ઞાતિ પરિષદમાં હાજર હતા. અને પરિષદે કરેલી ભલામણોએ તેમના હૃદય ઉપર સચોટ અસર કરી હતી. તેઓ જમાનાની જરૂરીયાતો સારી રીતે સમજી શકે છે; તેથી તેમણે પોતાને ત્યાં પ્રસંગ આવતાં એક ઘણુંજ હિમ્મત ભરેલું પગલું લીધું છે. જાન ચાર દિવસ રાખવાનો રીવાજ સામવેદી જ્ઞાતિબંધુઓમાં હવે ઘણો પ્રચલિત થતો જાય છે. પરન્તુ વરોઠી નહિં કરાવવાની. અને તેના બદલામાં જ્ઞાતિની કેળવણીની સંસ્થાઓને મદદ આપવાના રીત હજુ સૂધી જ્ઞાતિમાં દાખલ થવા પામી નથી. વ્યવસાયના આ જમાનામાં આઠ આઠ દિવસ સૂધી જાન રાખવાનું ઘણું મુસ્કેલ થઇ પડયું છે અને તેનો અનુભવ સૌ કોઇને થાય છે. જેટલો માંડવા વાળાને ત્રાસ પડે છે તેટલોજ ત્રાસ જાનવાળાઓને પણ પડે છે. ધંધો નોકરી છોડી આઠ આઠ દિવસ સૂધી લગ્ન પ્રસંગોમાં પડયું રહેવું આ જમાનામાં કોઇને પાલવી શકતું નથી. હજુ એવો જમાનો પણ આવશે કે જ્યારે ચાર દિવસ લગ્ન પ્રસંગે ગાળવા તે પણ મુસ્કેલ થઈ પડશે. એવો પણ જમાનો જરૂર કુંક સમયમાં આવી લાગશે કે પરણવા આવનાર વરજ સાફસુફ કહી દેશે કે મ્હારાથી ચાર દિવસ પણ રોકાઈ શકાશે નહિં. જમાનાનો વ્યવસાય એટલો વધતો જાય છે કે એ વખત આવતાં વાર નહિં લાગે. તેથી જમાનાની જરૂરીઆતો જોઇ જાન રાખવાના રિવાજમાં અનુકૂળ સુધારો વધારો કરવાની હવે ખાસ જરૂર રહે છે. કેટલાક જ્ઞાતિ ગૃહસ્થોએ આ જરૂરીયાત જોઈ હતી અને

તેથી રાજકોટમાં રા. રા. કલ્યાણજી ચત્રભુજ ઓઝા તથા તેમના કેટલાક સ્નેહી મિત્રોએ ચાર દિવસ જનત રાખવાનો નિશ્ચય કર્યો હતો. તેમને ત્યાં પ્રસંગો આવતાં તે રિવાજની શરૂઆત કરવામાં આવી હતી અને તે ઉપરથી ચાર દિવસ જનત રાખવાના બીજા અનેક પ્રસંગો બની ચૂક્યા છે. વધુ દિવસની હેરાનગતીથી સૌ કોઇ હવે કંટાળી ગયું છે અને તેથી ચાર દિવસ જનત રાખવાનો રિવાજ તુરતમાંજ સર્વ સ્થળે માન્ય થઇ જવાનો સંભવ છે.

બીજો પ્રશ્ન હવે વરોડીનો છે. વરોડી એ સૌ જ્ઞાતિ ગૃહસ્થોને સમનો આનંદ આપવા માટે વર વાળાઓ પાસેથી લેવાતો કર છે. આ કર આપવાને સૌ શક્તિવાન હોય તેવું માનવાનું કારણ નથી. ઘણાંઓને સમ પ્રસંગે દેવું કરવું પડે છે. જ્ઞાતિ વરોડીરૂપી કર તેની પાસેથી લઇ તેને વધારે દેવાદાર બનાવે છે. તેથી જ્ઞાતિ વ્યક્તિઓના બચાવનું–રક્ષણનું સાધન બનવાને બદલે તેનું ભક્ષક કરનાર બને છે અર્થાત્ જ્ઞાતિ જ્ઞાતિ મટી વ્યક્તિની હિતશત્રુ બને છે. આવા બનાવો ન બને તેટલા માટે પરિષદે સમ તથા મરણ પ્રસંગના શાસ્ત્ર વિધિની જરૂર સિવાયના બીજા વરાઓ મરજીયાત કરવા માટે ભલામણ કરેલી છે.

વરોડીને મરજીયાત કરવા માટે સાધન સંપન્ન માણસોએ પહેલ વહેલો દાખલો બેસાડવો જોઇએ અને તે બંધ કરી સારી રકમ જ્ઞાતિ કેળવણી અર્થે વાપરી પોતાની કીર્તિ વધારવી જોઇએ. જે ગૃહસ્થોને ખર્ચનો બોજો જણાતો હોય તે વરોડી બંધ કરી યથાશક્તિ રકમ બેટ આપે; સાધન સંપન્ન માણસો સારી રકમ બેટ કરી સુયશ પ્રાપ્ત કરે. વરોડીમાં બીજો હેતુ ઘણા જોજનનો હોય છે. જ્ઞાતિના છાત્રાલયોમાં જ્ઞાતિનાજ વિદ્યાર્થીઓ રહે છે. તેને બેટ આપવાથી ઘણા જોજનનો હેતુ પણ પાર પડી રહે છે. સાધન સંપન્ન માણસો વરોડી કરે અને તે ઉપરાંત બેટ પણ આપી રહે, પરન્તુ વરોડી મરજીયાત કરવાનો રિવાજ પ્રચલિત કરવાને માટે સાધન સંપન્ન જ્ઞાતિજનોએજ સરસ વરોડી કરી સુકીર્તિ પ્રાપ્ત કરવા કરતાં દાખલો બેસાડવા માટે અને વરોડી મરજીયાત કરવાના રિવાજને ધીમે ધીમે વધુ પ્રચલિત કરવા માટે વરોડી બંધ કરી વધુ સારી રકમ બેટ તરિકે અર્પણ કરી સુયશ મેળવવાને તત્પર થવું જોઇએ. વર પક્ષવાળાઓ પાસેથી જેવી રીતે વરોડી મરજીયાત થવી જોઇએ તેવી રીતે કન્યાપક્ષવાળા તરફથી આંતરેતર,

ગૌરવ કે બીજો કર ભરજ્યાત થયો જોઇએ, જેથી બને પક્ષને એક સરખી આર્થિક રાહત મળે.

આટકોટમાં વર પક્ષ તેમજ કન્યા પક્ષ એ ઉભય પક્ષવાળાઓ ઉત્સાહી અને સમજુ ગૃહસ્થો હતા. કન્યા પક્ષવાળા શ્રીમાન્ દ્વારકાદાસ કડવા તથા કેશવલાલ કડવા બોઝા આઠ દિવસ જાન રાખવાને માટે સારી રીતે સમર્થ છે. છતાં તેમણે જ્ઞાતિની અંદર દાખલો બેસાડવા માટે ઉત્તમ પ્રકારની હિમ્મત અને ઉત્સાહ દર્શાવી જાન ચાર દિવસ રાખી હતી અને વરવાળાઓને વરોઠી નહીં કરવા સૂચવ્યું હતું. જાનવાળાઓ પણ તેટલાજ સમજુ જ્ઞાતિમાં સુધારો કરવા માટે તેટલાજ ઉત્સાહવાળા અને એક અપૂર્વ પગલું ભરવાની તેટલીજ હિમ્મતવાળા ગૃહસ્થો હતા. એક જાન સરધારવાળા રવિશંકર લાલજી ત્રવાડીના ઘરની, બીજી જાન અંજારવાળા રેવાશંકર નારણજી બોઝાના ઘરની અને ત્રીજી જાન મોરબીવાળા ઇશ્વરલાલ ચત્રભુજ બોઝાના ઘરની હતી. ત્રણે ગૃહસ્થો ધારે તો સારામાં સારી વરોઠી કરી શકે તેવી સ્થિતિના છે. છતાં તેમણે શ્રીમાન્ દ્વારકાદાસભાઇ તથા કેશવલાલભાઇની હિમ્મત અને ઉત્સાહને પોષ્યાં હતાં અને તેમની સૂચનાને માન આપી તેમજ જ્ઞાતિની અંદર એક અનુકરણીય દાખલો બેસાડવા માટે વરોઠી નહીં કરવાનું કબૂલ રાખ્યું હતું. શ્રીમાન્ ઇશ્વરલાલ ચત્રભુજ બોઝાએ રૂા. ૧૦૧) અમદાવાદ જ્ઞાતિ છાત્રાલયને રોકડા ભેટ આપ્યા હતા. સરધારવાળા શ્રી. રવિશંકર લાલજી ત્રવાડીએ રૂા. ૧૦૧) નોંધાવ્યા હતા અને તે પૈકી રૂા. ૫૧) તે વખતે રોકડા આપ્યા હતા અને સ્વ. રેવાશંકર નારણજીના વતી શ્રીમાન્ અમૃતલાલ લાલજી બોઝાએ રૂા. ૧૦૧) નોંધાવ્યા હતા. તે ઉપરાંત દરેક પક્ષે રૂા. ૧૦) જામનગર શ્રીમાળી વિદ્યા પ્રસારક મંડળને ભેટ આપ્યા હતા. રા. દ્વારકાદાસ કડવા બોઝાએ પણ રૂા. ૨૫) બન્ને બાજુના વતી અમદાવાદ છાત્રાલયને ભેટ આપ્યા હતા અને રૂા. ૨૫ રાજકોટ બોર્ડીંગને ભેટ આપ્યા હતા.

આટકોટ જેવા નાના ગામમાં વરોઠીનું ખર્ચ બહુ બહુ તો ૫૦ થી ૬૦ રૂપીઆ થાય તેમ છતાં જ્ઞાતિની અંદર ઉત્સાહ પ્રેરવા માટે તેમજ જ્ઞાતિમાં સચોટ દાખલો બેસાડવા માટે દરેક જાનવાળા ગૃહસ્થે રૂા. ૧૦૧) નોંધાવ્યા હતા.

વરોઠી ભરજ્યાત કરવી તે બાબત ઘણા જ્ઞાતિ ગૃહસ્થો તરફેણમાં છે.

પત્રિકા નં. (૧).

જ્ઞાતિનાં ફંડો અને જ્ઞાતિની મિલ્કત.

આપણી જ્ઞાતિનું બળ અને જ્ઞાતિનું જ્ઞાતિ તરીકેનું ગૌરવ વધારવા માટે પ્રથમ આવશ્યકતા જ્ઞાતિના ફંડો, અને જ્ઞાતિની મિલ્કતનો સંચય અને વૃદ્ધિનો પ્રશ્ન ઘણો મહત્વનો છે. અત્યારે પ્રત્યેક સ્થળ જ્યાં જ્યાં આપણી જ્ઞાતિ નાના અથવા મોટા જથ્થામાં વસે છે ત્યાં જ્ઞાતિની મિલ્કત અને મુડી મહાન્ કલેશનું કારણ છે. દરેક સ્થળે સારા નરસા પ્રસંગે કાંઇને કાંઈ રકમ આ ફંડોમાં જમા થાય છે અને તેનો વહિવટ જ્ઞાતિના એકાદ અગ્રગણ્ય માણસ પાસે હોવાનું ધોરણ પ્રચલિત છે. અત્યારે સૌ કોઈ જોઈ શકે છે કે આ અગ્રગણ્ય ગૃહસ્થને હાં તો આ રીતના જ્ઞાતિના ફંડની વ્યવસ્થા કરવા પૂરતી ફુરસદ નથી, અથવા તે જે વ્યવસ્થા કરે તેમાં જ્ઞાતિ સમુદાયને પુરેપુરો ભરૂસો નથી, અથવા તો આ યુગમાં કોઈ એક ગૃહસ્થ ગમે તેવો મોભાદાર, પ્રામાણિક, અને શક્તિવાન્ હોય તો પણ જ્ઞાતિઓ આવાં ફંડો, અને આવી મિલ્કતની વ્યવસ્થા એક ગૃહસ્થથી થાય તે જોવા રાજી નથી. ગમે તે કારણ હો, પણ એ બધાં કારણોથી આટલી વાત તો પ્રસિદ્ધ છે કે જ્ઞાતિ ફંડો અને જ્ઞાતિ મિલ્કતો અત્યારે બધણીયાતી સ્થિતિમાં પડયાં છે. પરિણામ એ આવ્યાં છે કે કોઈ ઠેકાણે આ ફંડો અને મિલ્કત જ્યાં ત્યાંના સત્તાધિકારીઓના હાથમાં છે અને જ્ઞાતિનું સ્વામિત્વ આ કારણથી લગભગ જ્ઞાતિજનો અને જ્ઞાતિ સમુદાયના હસ્તમાંથી ગયું છે. લીંબડીમાં જ્ઞાતિની મિલ્કત અને જ્ઞાતિના ફંડની આ દશા છે. ત્યાં અત્યારે જ્ઞાતિના અંગભૂતો ઘણા વર્ષથી એકમત થતા નથી તેથી લીંબડી દૂરના હસ્તક આ મિલ્કતો અને ફંડોનો વહિવટ થાય છે.

પોરબંદરમાં અને પાટણમાં આ ફંડો યજમાન શેઠીયાઓને હસ્તક ગયાં છે એમ મારી સાથે વાત કરતાં તે તે ગામના ગૃહસ્થોએ પ્રસંગવશાત કહ્યું છે.

બીજાં સ્થળોમાં જ્ઞાતિના એક અંગભૂત હસ્તક આવી વ્યવસ્થાઓ છે હતી. અને તેનું પરિણામ એ થયું છે કે મૂળ પુરૂષ જેને વ્યવસ્થા

સોંપવામાં આવી તે ગુજરી ગયા બાદ તે વ્યવસ્થા વારસામાં તેના કુટુંબમાં ઉતરી છે. અને એક વખત આવી વ્યવસ્થા કરવાનો હક વારસામાં આવી રહેછે તેમ માન્યતા સબળ થઈ એટલે પછી ક્લેશનાં બીજનો પાયો રોપાય છે અથવા જ્યાં રોપાયો નથી ત્યાં જ્ઞાતિના ઇરો અને જ્ઞાતિની મિલ્કત માટે એક જાતની બેપરવાઈ અને ઉપેક્ષા જ્ઞાતિજનોમાં આવીછે. જ્ઞાતિજનો આ બેપરવાઇ એવા હેતુથી ધરાવે છે કે "એ રકમ અથવા એ રકમનો કાંઇ ભાગ જ્યાં મને અને મારા છોકરાંને મળવાનો છે કે તેના વહિવટ માટે હું અમુક સમર્થ વ્યક્તિ સાથે નાહક ક્લેશ કરું?" જ્યારે ટ્રસ્ટના ભોક્તા (Beneficiaries) માં આમ ઉપેક્ષા વૃત્તિ આવે છે ત્યારે ટ્રસ્ટીઓ (વહીવટ કરનારા) કુદરતી રીતે સ્વેચ્છાચારી થાય તે પણ સ્વાભાવિક તેવુંજ છે. જ્યાં એક વખત અંકુશ દૂર થયો, એટલે કુદરતી રીતે નિરંકુશતા આવીને ઉભી રહેછે. સરકારમાં સરકારનું એકાઉન્ટન્ટ જનરલનું ખાતું, બીજા બધા ખાતાના ખર્ચ ઉપર મહાન્ અંકુશ ધરાવે છે. બીજી જાહેર સંસ્થામાં સ્વતંત્ર તપાસણી (Audit) એ વ્યવસ્થાનો પહેલો પાયો છે. તમામ સમાજ રોગ, અને તમામ સમાજ વિકાસોનો મૂળ પાયો તેની આર્થિક સ્થિતિ છે. આપણું શ્રીમાળી ગુજેચ્છક આજ આટલાં વર્ષોની જીવતોડ મહેનતથી ભાગ્યે દસ બાર હજાર રૂપીઆ ભેગા કરી શક્યું છે, ત્યારે પ્રથક્ પ્રથક્ જ્ઞાતિ સમુદાયોમાં અત્યારે પ્રથક્ પ્રથક્ સ્થળે મોટી રકમો વ્યવસ્થા થયા સિવાયની પડીછે. ઘણે સ્થળે આ વ્યવસ્થાઓ બાબતમાં, જ્ઞાતિસમુદાય ગમે તો પોતાનો અવાજ ઉંચો કરવા અસમર્થ હોય અથવા જ્ઞાતિસમુદાય ઉપેક્ષા વૃત્તિ ધરાવતો હોય તે બે કારણો અને તે બે કારણો મધ્યેના એક અથવા બીજા કારણથી, ઘણો અસંતોષ પ્રવર્તે છે અને તેથી મારી પ્રત્યેક સ્થળની જ્ઞાતિના બોર્ડ એક અંગભૂતોને તથા સમગ્ર જ્ઞાતિ મંડળને વિનંતિ છે કે

(૧) તમે બીજી કોન્ફરન્સમાં પધારો તે પહેલાં તમારા સ્થળની જ્ઞાતિની સભાઓ બોલાવો.

(૨) તે સભામાં તમારા ગામની જ્ઞાતિની મિલ્કત અને ફંડની શી શી વ્યવસ્થા છે તેથી વાકેફ થાઓ.

(૩) જ્યાં આ ફંડનો હિસાબ લેતાં કે વ્યવસ્થા સંભાળતાં તકરાર થવાનો પ્રસંગો આવે ત્યાં ખાસોશ પકડો.

(૪) આ વ્યવસ્થા બાબત તપાસ કરતાં ખાસોશ પકડવાની સાથે જ્ઞાતિનો સામાન્ય અભિપ્રાય પ્રથમ મેળવો કે આ વ્યવસ્થા બાબતનો આગ્રહો

ઇતીહાસ જે તે વખતના વહીવટ કરનાર બતાવવા વિરોધ બતાવે તો તેમને સમજાવીને લેવાશે કે કેમ.

(૫) ગઇ ગુજરી આગલી વાત ન યાદ લાવતાં માત્ર અત્યારે દરેક કંડની જેવી સ્થિતિ અને દરેક મિલ્કતની સ્થિતિ હોય તે સંભાળવા તમે જ્ઞાતિ મધ્યેથી નાની નાની જ્ઞાતિ કમીટીઓ ઉત્સાહી કામ કરનારા જ્ઞાતિજનોની નીમો.

(૬) તેમની મીટીંગો વખતો વખત શરૂઆતમાં બોલાવો અને તે કમિટીઓ દ્વારા હાલની સ્થિતિથી વાકેફ થાઓ.

(૭) મિલ્કત, દાગીના, રોકડ, જ્યાં જ્યાં પડયા હોય તે આ કમીટીના વહીવટમાં આણો.

(૮) રોકડ રકમ વગર વ્યાજુ અને વહિવટ સિવાયની પડી રહેલી હોય તેને બન્ધનમાં આણી વ્યાજે મુકો. અને વહીવટ કરવા માટે પ્રતિ-વર્ષને આગરે બદલાઈ શકે તેવા ટ્રસ્ટીઓ નીમો. સ્થાવર મિલ્કતો ને રીપેર કરવાની જરૂર હોય ત્યાં જોઇતાં રીપેરો ઘોડે અર્થે, પ્રામા-ણિકપણે જ્ઞાતિના હોંશીલા વોલન્ટીઅર હસ્તક કરાવો.

(૯) આ નવી વ્યવસ્થા માટે

(અ) પ્રત્યેક વર્ષે એક વખત મળી શકે તે પ્રમાણેના જ્ઞાતિસમુદાયરૂપી આખા મંડળની એક સભા નિર્માણ કરો.

(બ) પ્રત્યેક વર્ષમાં બે વખત મળી શકે તેવા કાર્યવાહક મંડળ (મેનેજીંગ કમીટીઓ) મેળવી જે જે કામ ૭ માસમાં થયું હોય તેની નોંધ લેવા દફતર ઉપર બધી વાત લાવવા ગોઠવણ કરો.

(ક) પ્રત્યેક વર્ષમાં બાર વખત પ્રત્યેક માસે મળી શકે તેવી વહીવટ કરનારી નાની નાની કમીટીઓ (મકાન રીપેરના, વ્યાજે લેવા દેવાની રકમના વહીવટની, જ્ઞાતિના કામ વાસણ લાંગ્યા તૂટયા તેના સમારની અને બીજાં ચાલતાં કામ રસ્તે પાડવાની કમીટીઓ) નિર્માણ કરો.

(ડ) જ્ઞાતિ કામને પ્રમાણિકપણે સંભાળી જે તે વખતે તે કામ કરી ઉપર બતાવેલી ભિન્ન ભિન્ન કમીટીઓ પાસે વખતસર રજુ કરી શકે તેવા માનદ (Honorary) સેક્રેટરીઓ નીમો અને તે સેક્રેટરીઓના યથાર્થ કામોને બરાબર રીતે ટેકો મળે છે કે કેમ તે જુઓ.

કુટુંબમાં દરેક જાતિ વહીવટને પાયા ઉપર લાવવામાં પડેલાં કાર્યકર્તા પુરૂષ એક અથવા બે માનપ્રદ સેક્રેટરી હોદ્દાને માટે હોવા જોઇએ. તેઓ સ્વભાવે શાન્ત અને ઠંડાઈ સાથે વાત કરતાં બરાબર ન પડે તે પ્રમાણેના વર્તનવાળા જાતિબન્ધુઓ હોવા જોઇએ. પછી તે સેક્રેટરીના હાથને પ્રતિ માસે માર્ગદર્શક મંડળો (એડવીસરી કમિટીઓ) આગળ લાવી તેટલું કામ તપાસી લઇ બીજા કામને આગળ ધકેલવા ગોઠવણ થવી જોઇએ.

વસ્તુતઃ કાર્યનો સર્વ બોજો પ્રથમતઃ સેક્રેટરી ઉપર અને પછી માસિક કમીટીઓ ઉપર પડવો જોઇએ. છમાસિક કાર્યવાહક મંડળ (Manging Committee) એ આ તમામ કામ તપાસી લેનારૂં મંડળ અને સૂચના આપનારૂં મંડળ હોવું જોઇએ. સેક્રેટરીઓ, એક અથવા બે માત્ર રાખવા, ત્યારે કાર્યવાહી માસિક કમીટીઓ ચાર પાંચ મેમ્બરોની બનેલી હોવી જોઇએ અને છમાસિક મંડળીઓ (મેનેજીંગ કમીટીઓ) જે જે સ્થળની જેટલી વસ્તી તેના પ્રમાણમાં ૬૦ મેમ્બરોથી માંડી ૨૫ મેમ્બરથી વધારે નહિં એવી હોવી જોઇએ.

છેવટ જાતિ સમુદાયની સામાન્ય સભા વર્ષની આખરે એકવાર મળી તમામ કામને નિહાળી લઈ, ઠંડાઈ ખર્ચ માટે બહાલી આપી, નવી કમીટીઓ નવા સેક્રેટરીઓ નીમી છુટી પડે એ રીતે ગોઠવણ હોવી જોઇએ.

મતલબમાં જાતિ સંસ્થારૂપી આપણા સ્વરાજ્યના બોજારૂપો છે તેમાં નવચેતનનો સંચાર કરવો એટલું પ્રથમ કામ પ્રત્યેક સ્થળે પ્રત્યેક જાતિ સમુદાયને કરવા મારી પ્રાર્થના છે.

આ પત્રિકા સામાન્ય વિચારો ઉપર અને સામાન્ય માર્ગ ઉપર નવો રસ્તો બતાવવા અર્થે લખાએલી છે તેથી પ્રત્યેક સ્થળમાં કામ કરતાં કાંઈ જરૂરચા માટે સૂચનાની ઇચ્છા રહેશે તો આપનો આ સેવક દરેક વખતે તમને માર્ગ બતાવવા અને જ્યાં મુંઝવણ આવશે ત્યાં મદદ કરવા ઉભો રહેશે.

આવા નવજીવનવાળા મંડળો અસ્તિત્વમાં આવશે એટલે જાતિ વ્યવહારના તમામ કાર્યો અને સુધારા માટે આજ મંડળો આપણા સમુદાયના મજબૂત પાયા બનશે.

સેવક,

વિઠ્ઠલદાસ ગીરધરદાસ કેરે

ના પ્રણામ.

कर्मयोगिने चरणे !

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्म कर्म समाधिना ॥

એ અનેરી બ્રહ્મ ભાવનાને સદા પોષતા, **परोपकाराय सतां विभूतयः** । એ ઇશ્વરી સિદ્ધાન્તને સર્વદા અનુસરતા, તે અમ્હારા કુળનું, અમ્હારી જ્ઞાતિનું, અમ્હારા ગામનું ઉજ્વળું છત્ર હતા.

તેમની કર્તવ્ય ભાવના કદી ન વિસરાય તેવી છે, તેમની પરોપકાર વૃત્તિ સર્વદા અમ્મરજ રહેશે. અનેકાનેક જ્ઞાતિજનોનો તિરસ્કાર વ્હોરી લઇ, સર્વ જોખમ પોતાને શિર લઇ, પોતાનેજ પૈસે જ્ઞાતિ માટે, એક જગ્યા ખરીદી, નિરાશાવાદમાં ડૂબેલા સર્વ જ્ઞાતિબન્ધુઓ પ્રત્યક્ષ જુએ તેમ પોતાનું દ્રવ્ય જ્ઞાતિને ધીરી તે જગ્યા પર ભવ્ય મકાનો બંધાવનાર તે યોગિનો આત્મત્યાગ કયો ગાડી જનયો હર્ષથી નહી વધાવે ? હજુયે તે પ્રસંગો મ્હને યાદ આવે છે; પીઠ પર પત્થરો ઉપાડી તે ઉપર ચુનાના વાટા કરી તેઓ મકાનની ભિતડીઓ ચણતા. સુતારની સામે બેસી રંદો ફેરવતા, અને ભુખ તૃષાની દરકાર કર્યા વિના ત્યાં સદા હાજરના હાજર રહેતા. તેમને ક્ષુધા હતી ફક્ત જ્ઞાતિનું ભલું કરવાની: તેમને તૃષા હતી ફક્ત પોતાનાને ઉચ્ચ પદે જોવાની.

તેમની ટેક અચળ અને અડગ હતી. હમ્મેશાં શંકરને જળનો લોટો ચ્હડાવ્યા પછીજ તેઓ પાણી પીતા. જ્ઞાતિમાં કોઇને ત્યાં ન્યાતવરો હોય, તેનું કામ કરવા જતાં તેઓ સાંજરે સ્નાન કરવાની ફુરસદ મેળવી શકતા. રવિવારના સાતથી સાંજના સાત સુધી નાહ્યા ધોયા વિના મ્હે તેમને જ્ઞાતિનું કામ કરતાં જોયા છે, અને રાત્રે દસ વાગ્યે તેઓ ઘણી વખત ભોજન પામ્યા છે.

મરણ પથારીયે પડયા પડયા પણ તેઓએ તેમની ટેકને વિસરી ન હતી. ગત મહાશિવરાત્રીને દિવસે શરીરમાં સખ્ત તાવ હોવાં છતાંયે, લાકડીને ટેકે તેઓ ગામની બજારમાં કોઈ બ્રાહ્મણને શોધતા ફરતા હતા. શા માટે ? પોતાની ટેક પૂર્ણ કરવા માટે. તે બ્રાહ્મણ મહાદેવને જળનો લોટો

ન્હવરાવીને આવ્યો, પછીજ તેમણે દુધપાન કર્યું હતું. મહાદેવ જળાર્પણ કરવા માટે તેમણે ઘણી વખત ગાડુ બે ગાડાની મજલ પણ કરી હતી.

પોતાની સર્વે ભિક્ષત ધર્મ સ્થાનોમાં અર્પણ કરીને તે દાનવીર શ્રી કૃષ્ણ ચંદ્રની

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासियत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

એ મહામૂલી આજ્ઞા અક્ષરશઃ ઉઠાવી છે, અને ગૃહસ્થાશ્રમી હોવાં છતાંયે યોગનો દિવ્ય અંચળો ધારણ કર્યો છે.

સત્યોતેર વર્ષની વયે, અવનિમાં નિજ સત્કર્મના સંસ્મરણો ગુંજવતો તે અમર આત્મા ફાલ્ગુન શુદી પડીની રાત્રીએ કૈલાસ પ્રતિ સિધાવ્યો. ત્રણ દિવસથી મેઘાડમ્બર સર્વત્ર છવાઇ રહ્યો હતો, તે યે તેમના કર્મ પ્રભાવથી, તેમની શુદ્ધ સત્ય ભાવનાથી છીન્ન ભીન્ન થઈ ગયો અને ચન્દ્ર જ્યોત્સ્નામાં, નિજ સુવાસના, નિજ દિવ્ય કર્મ ભાવના, નિજ દાન વીરતાના પાડો જગતને બતાવતો, તે આત્મા મળી ગયો. જગતમાં તેમના સુકૃત્યોજ તેમની પ્રતિકૃતિ રૂપ તે જ્ઞાતનું ભવ્ય મકાનજ જ્યોતિ પુંજ શાં પ્રકાશી રહ્યાં છે.

મહારા તે કૂલયોગિ, મહારા તે દાદાને મહારા હૃદયની ઉર્મીઓ અર્પણ કરી, તેમના મહારા પ્રતિના અનન્ય સ્નેહનું કંઈક ઋણ અદા કરું છું!

અધુમાવતી
કર્મયોગિની કર્મવાટિકા
ફાલ્ગુન શુકલ અષ્ટમી.

ભગનલાલ શ્યામજી ત્રિવેદી.

સ્વર્ગસ્થ હરિરામ વિઠ્ઠલ ત્રવાડીને તેમના પૌત્રની સ્મરણાંજલિ.

આ પ્રમાણે ભોટભાઇ કેટલાક સિદ્ધાંતો અને દાખલાને હિસાબે એવા વિચાર પર આવ્યા કે પોતાના પિતાશ્રી તદ્દન મૂર્ખ અને બુદ્ધિહીન છે, અને પોતે જે કંઇ અક્કલ હુશિયારીથી કર્યું છે તે વ્યાજબી છે.

નિર્મળાના વિવાહના સમાચાર સાંભળી દામાશંકરની બધી-બેશુદ્ધ સ્થિતિ થઇ હતી. ઉકળાટમાં તેણે ભોટશંકરને પ્રશ્નો પૂછ્યાં પરંતુ તેનો તેમને ખ્યાલ હતો નહિ. આખરે કેટલીક મિનિટ વિત્યા બાદ તેઓ પૂર્ણ સાવચેત થયા તેમણે ભોટભાઇને જીવનરામની પ્રપંચ જાળનો ખ્યાલ આપ્યો અને અથથી તે ઇતિ સુધી જીવનરામનો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. પરંતુ તેમની કંઇપણ વાત ભોટભાઇના ગળે ઉતરી લાગી નહિ, ત્યારે તેઓએ તેને નીચે પ્રમાણે સમજાવવાની શરૂઆત કરી:—

"ભાઈ તું મોટો થયો પણ તારામાં બુદ્ધિની પુરેપુરી ખામી છે. વળી તેં જોઇએ તેટલી કેળવણી લીધી નથી. તને વાંચનનો બીલકુલ શોખ નથી તે હું સારી રીતે સમજું છું, આપણી જ્ઞાતિના માસિકો જો તું વાંચતો હોત તો તું સહેજે ખ્યાલ કરી શકત કે જીવનરામ જેવા વૃદ્ધ પુરૂષ સાથે નિર્મળાના વિવાહ કરવામાં તે કેવી ભૂલ કરી છે. બેટા એતો કન્યા વિક્રય કહેવાય, આ વિષય માસિકોમાં લાંબી મુદતથી ચર્ચાય છે, અને જે કોઈ કન્યા-વિક્રય કરે તેને સખ્ત દંડ કરવાનો ઠરાવ કેટલાક સુશિક્ષિત જ્ઞાતિ બન્ધુઓ આપણી આવતી પરિષદમાં રજુ કરનાર છે. આ ઠરાવ પસાર થાય તો મારા ધારવા પ્રમાણે કન્યા-વિક્રય જડ મૂળથી નાબુદ થાય તે નિઃશંક છે. તારા હાથથી પણ કન્યા-વિક્રયજ થયો છે. તેં તારા હાથે નિર્મળાને વેચી છે. ભાઈ! હજુ તું કન્યા-વિક્રયમાં કેટલું પાપ સમાયું છે તે નથી જાણતો. તું પુરૂષની પરિક્ષા કરી શકતો નથી. ભાઈ કહ્યું છે કે:—

કતાયાં

यथा चतुर्भिः कनकं परिक्ष्यते
निर्घषणच्छेदन ताप ताडनैः ॥
तथा चतुर्भिः पुरुषः परिक्ष्यते
श्रुतेन शीलेन गुणेन कर्मणा ॥

વિશેષ શું કહું ભાઇ! બુદ્ધિમાનને ઉપદેશનો એક ઉચિત શબ્દ બસ છે. પરંતુ મૂર્ખને જ્ઞાનની પોથી સંભળાવો તો પણ તે બેશ આગળ ભાગ-વત સમ છે.

કન્યા એ પરાયું ધન છે, અને જેની માલેકીનું હોય તેને તે ગમે તેમને સુપ્રત કરવું જોઇએ. પુત્રી એ દાન-લક્ષ્મી ગણાય છે. દાન અર્પવા તેનો ઉપયોગ થઇ શકે છે. આપણે લગેવા દાન દેને કરીએ છીએ ? દાન પાત્રને દેવાય, દાન યોગ્ય રહેણે હોય. અપાત્રને દાન આપવાથી પાપને અનુમોદન અપાય છે, પાખંડ-વૃત્તિ પોષાય છે, અને આપનું લગેવ અપાયેલું દાન ઉલટી સર્વની બાદક આપણને કરે છે, આપણનેજ શાપ આપે છે. કિં બહુના ! બાઈ શેતાનના સુખમાંજ માબાપનું પરમ સુખ સમાયું છે, અને તેના દુઃખથી જરૂર તેઓને દુઃખ થાય છે. કન્યા-વિક્રય એ વિપત્જ એવો છે કે તેના પર જેટલું લખવું હોય તેટલું લખાય, અને મોટું પુસ્તક પણ રચાય. સર્વનો સાર માત્ર એટલોજ છે કે સ્વ કન્યાના વિક્રયથી મનુષ્ય અનેક દોષો અને પાતકનો અધિકારી બની સર્વની ધિક્કારની દૃષ્ટિથી નિહાળાય છે, અને અન્તકાળે મહાન્ કષ્ટ પામે છે."

દયાશંકર શાન્ત થયા. બોટસંકરે મૌન્ય રાખી જે કહ્યું તે સાંભળ્યું. આથી પોતાના ઉપદેશની તેને કંઇક અસર થશે એવું દયાશંકરને જણાયું પરંતુ સાયંકાળે જ્યારે બોટભાઈ કંઇ નજીવા કામ પ્રસંગે બજાર ગયા ત્યાં ઓમિતો તેમને જીવનરામભાઇનો ભેટો થઇ ગયો. જીવનરામે બોટભાઇના અજ્ઞાનરૂપી પડીઆળને પુરેપુરી ગાળી દીધી અને કંઇ ના રહ્યું મહામુશ્કેલ કર્યા કે રળીને મરી પરે (બોટભાઇ કરી જાય).

જીવનરામના મેળાપથી બોટભાઇ વધારે મક્કમ બન્યા અને દિવસો, લાગ જેવી રીતે ઉકેલી ચિઠ્ઠીઓ કરી રહી, તેનાજ વિચારમાં નિમગ્ન કરવા લાગ્યા. દયાશંકરની પ્રકૃતિ દીનબંધિહિન બનાવી જાય છે તે તેઓ સારી રીતે જાણતા હતા. એક દહાડો દયાશંકર કયા પ્રસંગની પત્રિકા પરવારી બેઠ આવ્યા બાદ તેમને છાતીમાં પુષ્કળ દુઃખાવો થવાથી મુંઝવણ કરવા લાગી. તેમણે તુરતજ બોટશંકરને તથા નિર્ધનને પોતાની પાસે બોલાવી પાસા પોથી કરી અને તેમની આજ્ઞામાં ઉપદેશ આપ્યો કર્યા. અને કેટલાક સમયની શાન્તિના અન્તે દયાશંકરના અવિનાશી આત્માએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. જિતેંદ્રોનું હૃદય તેના વૃદ્ધ પિતાના અવસાનથી ભરાઈ આવ્યું, અને અદ્રશ્ય રહન કર્યું.

(સમાપ્ત.)

મંથનકાળ.

વર્તમાનકાળ એ પ્રગતિકાળ છે. કલિયુગ નથી, પણ કર્મયુગ છે. આ મંથનકાળમાં સારી આલમ સ્વતંત્રતાનો સંદેશ સૂણી રહી છે. ઇજીપ્તમાં શું કે ફોરીયામાં શું! તુર્કસ્તાન, મોરોક્કો, આયર્લેંડ, અને આપણો ભારતવર્ષ સર્વમાં સ્વતંત્રતાનાં બ્યુગલો ફુંકાય છે. દરેક પ્રજા ગુલામીની બેડીઓ તોડી નાંખવાનો પરિશ્રમ ઉઠાવી રહી છે. તમે કહેશો, આપણાપર કઈ ગુલામીછે? સલ્તનતની ગુલામીને જવા દો. શું તમે રૂઢીની ગુલામીમાં સપડાયા નથી? તમે અસ્વીકાર્ય બાબતો શાસ્ત્રસિદ્ધ બતાવવાની ખોટીરીતે ભારે શ્રમ વહોરી રહ્યા છો. બ્રાહ્મણ ધર્મના ત્રિકાલાબાધિત નીતિ નિયમોને તમે તમારા પગ તળે ધુંદી નાંખ્યા છે. બ્રાહ્મણધર્મના ચાર આશ્રમો સાંગોપાંગ વ્યતિત કરનાર કોઇપણ ભાઇ તમારી દૃષ્ટિએ ચઢવા પામ્યો છે? બાલકોને બ્રહ્મચર્યની અપાતી દિક્ષા તમે કેવળ ફારસરૂપ બનાવી દીધી છે. બ્રહ્મચારીને વસ્ત્રાલંકાર અને બીજાં કિંમતી આભૂષણોની શી જરૂર? બ્રહ્મચારીને અપાતાં ઉપદેશાત્મક નીતિ સૂત્રો સંસ્કૃત ભાષામાં છન્દો બદ્ધ થયેલ હોવાથી તેનું ભાષાંતર સંસ્કૃતજ્ઞો વિના કોણજ કરી શકે? બાલકોને અજ્ઞાનતામાં એટલા બધા રાખવામાં આવે છે, કે તેઓ બ્રહ્મચારી મટી મિથ્યાચારીજ બને છે.

આજના વિદ્યાર્થીઓને માબાપોએ વિદ્યાર્થીઓને બદલે દ્રવ્યાર્થી બનાવ્યાં છે.

તમારૂં પ્રાચિનત્વ કયું? તમારૂં દુનિયામાં ક્યાં સ્થાન છે? તમારાં કેવા અને સાહિત્યો કયે સ્થાને હતા, અને છે? એ બધું સમજવવા માટે દેવદૂત ગાંધી ભારતવર્ષમાં આવ્યો છે, તેની તમને ખબર છે ના?

તેની આત્મશુદ્ધિની હિલચાલ તરફ સારી આલમનું ધ્યાન ખેંચાયું છે. હિંદુ ધર્મમાંની વિશિષ્ટતા જેટલા પ્રમાણમાં નિર્મિત છે, કુદરતના કાનુનો જેટલા પ્રમાણમાં મળવા જોઇએ; તે સર્વ તેણે પોતાના જીવનમાં ઉતારૂં બતાવ્યાં છે. તેણે પોતાનું જીવન દેશહાજમાં નીચોવી નાંખ્યું છે.

જેઓને જાતિની દાઝ હોય, જેણે જાતિ માટે પોતાનાં બલિદાન ધરી નાંખ્યું છે. જાતિ-સેવાના કાર્યમાં જેના જાન તંતુઓ નબળા પડી ગયાં છે, એવા પ્રત્યેકે પછી તે તરણ હોય, બાળક હોય વા વૃદ્ધ હોય, દરેકે આ મંથન કાળમાં કાંઇ ને કાંઇ કરી બતાવવાનું જ રહ્યું.

આપણા પટેલીઆઓ, એ આપણા માર્ગદર્શક ગણાય. તેમનો અનુભવ, તેમનું દીર્ઘદર્શીત્વ, જ્યારે ત્યારે આપણને કામજ લાગવાનું. વિષમ સંયોગોમાં તેઓએજ આપણને સુમાર્ગ બતાવ્યા છે, બતાવશે. પરંતુ એટલું તો જિલગીરી સાથે જણાવવાનું રહ્યુંજ, કે તેઓ માત્ર ભુતકાળ તરફજ નિહાળે છે. વર્ત્તમાનનું સંમિશ્રણ કરવાની તેમની કાળજી અને વ્યવસ્થાજ નથી. થોડા વર્ષો પહેલાં કેળવણી સુંદર સ્વરૂપમાં નહિ હોવાથી તેઓ બહુધા તેનો લાભ ઉઠાવી શકેલા નહિ. એટલે તેઓ તમને પૂછે છેઃ—

" અમે તમને કયે માર્ગે કેવી રીતે દોરી,લઈએ ? દુનીયામાં શું ચાલી રહેલુંછે, તેની અમને ખબરજ નથી ! અમે તો ચીલે ચીલે ચાલીશું. તમારા જુવાનોના કાર્યમાં અમે નડતર કરીશું નહિ. પણ સમજ્યા, અમે શાસ્ત્રને બાજુ રહેવા દઇશું નહિ."

વાત ખરી છે. શાસ્ત્ર એટલે જીવનના સિદ્ધાંતો. શાસ્ત્ર એટલે ધર્મરૂપી વાક્ય. શાસ્ત્ર એટલે પ્રતિજ્ઞા પત્ર. શાસ્ત્ર એટલે મર્યાદા. શાસ્ત્ર એટલે તત્વજ્ઞાન. આ અને આવા બીજા અનેકાર્થ નીકળી શકે. પરંતુ શાસ્ત્રમાં રહેલું તત્વજ્ઞાન તમે અમલમાં મૂકશો તો તમને કોઈ કદી રોકશે નહિ. ભગવાન કૃષ્ણે ગીતામાં ઉપદેશાત્મક ઘણું કહેલું છે. આપણામાંના ઘણા ભાઇઓ દેવમંદિરોમા ગીતા અધ્યયન કરેછે. ઘણાઓ રૂદ્રાભિષેક કરે છે. અને સારા આસ્તિકો વેદાધ્યયનમાં જ પોતાનો અમૂલ્ય કાળ આપે છે. આ બધું ઠીક છે, પરંતુ ગીતા વાંચી કોઇએ ક્રોધ છોડયો ? ગીતા વાંચી કોઇએ સત્ય બોલવા પ્રતિજ્ઞા કરી ? ગીતા વાંચી કોઇએ સ્વાર્થ માટે ગરિબોને ચુંગળાવી મારવાનો ધંધો તજ્યો ? પ્રત્યુત્તર નકારમાંજ મળવા સંભવ છે. ત્યારે મિથ્યાભિમાન રાખે શું પાલવે ? શાસ્ત્રમાંના ઋષિમુનીપ્રણિત વેદ-વેદાંગનાં ઉત્તમ રહસ્યો જ્યાંસુધી નથી પળાયાં, ત્યાં સુધી તમારો અભ્યુદય કયાંથી થઈ શકે ? પટેલીઆઓ આ પ્રમાણે શાસ્ત્રને સ્વાધિન નથી, પણ રૂઢીને સ્વાધિન છે. એમ હવે કહ્યા વિના ચાલે તેમ નથી જ.

ધોબી હજામત કરવા બેસે તો માથું કાપે, અમણ દવા આપવા જાય તો રોગીને મારીજ નાખે. જેનો જે સ્વભાવ હોય તેજ તે કામ કરી શકે. દેશની પ્રગતિ-દેશનું નાવ કઇ દિશામાં કેમ રીતે જાય છે, એ જોવે નજરે નિહાળ્યું નથી, તેનાથી તે બની શકેજ કેમ ?

ત્યારે આ કામ કોનું છે?

જવાબ. સમજશક્તિવાળાનું, અનુભવીનું, માર્ગદર્શકનું, જ્ઞાતિહિતૈષીઓનું. તેઓએ જ્ઞાતિના પ્રત્યેક સ્થળોમાં મંડળો સ્થાપી દેવાં જોઇએ. આ બધું જવાબદારી ધારણ કર્યા વિના બનવું દેવળ અસંભવિતજ છે. જ્ઞાતિમાંથી પાંચ દશ કર્મવીરો એવા નીકળવા જોઇએ કે જેઓ શક્તિવિસ અથાગ પરિશ્રમ કરી અભ્યુદયના સીધા અને સાદા માર્ગ પર સર્વને દોરે.

આર્થિક સંગઠન વિના ઘણાં કાર્યો લગભગ પાંગળી દશામાં રહી જાય છે. દ્રવ્યપ્રાપ્તિ માટેના સુમાર્ગો (અમલમાં મૂકી શકાય એવા) શોધેજ છૂટકો. લીંપડી પરિપટે કરેલું મહાન કાર્ય ઝાંખળતુંજ રહેવાનું. જ્ઞાતિમાં ચાલતાં છાત્રાલયો અને જ્ઞાતિહિત માટે પ્રગટ થતાં અભ્યુદય, શુભેચ્છક જેવા ફિંમતી માસિકો જ્યાં સુધી ફાલ્યાં ફુલ્યાં નહિ બનાવી શકાય, ત્યાં સુધી આપણો પ્રયાસ કુદકે અને ભૂસકે આગળ નથીજ વધવાનો. જ્ઞાતિવરાની વાત કરવા હું બેઠો નથી. હવે તેમાં મારું ગાડું લક્ષ પણ નથી. બીજા પ્રયત્નો થશે તો એનો એની મેળેજ સુધારાપર આવશે.

જ્ઞાતિ એ સંયમ કરવાનું સાધન છે. જ્ઞાતિ સંસ્થામાં સ્વરાજ્યનું બીજ છે. જુદી જુદી જ્ઞાતિઓ લશ્કરની ટુકડીઓ જેવી છે. જ્ઞાતિ એટલે મંડળ. જ્ઞાતિ એટલે ઐકયતા. જ્ઞાતિ એટલે સુધારાનું તત્વ. જેમાં સુધારણા નથી, તે જ્ઞાતિ નથી. તેનો મૃત્યુઘંટ જ્યારે ત્યારે વાગવાનોજ.

જયંતિલાલ ન. ધ્યાની.

જાહેરાત.

મુંબાઇના અંદર કોઇપણ વખતે કામકાજ માટે આવનાર જ્ઞાતિના મ્હેમાનોને માટે બણ દિવસ સુધી મફત રહેવા જમવા માટેની સગવડ તથા મુંબાઇમાં પરિક્ષાઓ આપવા જનાર જ્ઞાતિ વિદ્યાર્થીઓને પણ મફત રહેવા જમવા માટેની સગવડ શાનબાગના શ્રી. લાલજી શિવરામ તરફથી તેમના લક્ષ્મીનારાયણ હિંદુ લોજ (ભૂલેશ્વર, પહેલા બોઇવાડા)માં કરવામાં આવી છે. આ સગવડનો લાભ લેવા ઇચ્છતા જ્ઞાતિ ગૃહસ્થો તથા જ્ઞાતિ વિદ્યાર્થીઓએ ઉપર જણાવેલા શિરનામે અગાઉથીજ જણાવવું.

પ્રાસંગિક નોંધ.

શ્રીમાળી શુભેચ્છકની બાદને પહોંચી વળવા માટે આર્થિક મદદની માગણી કરવામાં આવી હતી જેના પરિણામે ગતાંકમાં જણાવ્યા પ્રમાણે રૂા. ૧૧ ની આર્થિક સહાય મળી હતી. તે ઉપરાંત નીચે પ્રમાણે બીજી વધુ મદદ મળી છે જે બાતે મદદ આપનાર ગૃહસ્થોનો અત્રે અમે બદલ રીતે ઉપકાર માનીએ છીએ.

રૂા ૧૦૦ શ્રીમાન્ રા. રા. ચિમનલાલ દલપતરામ કવિ, અમદાવાદ.
૧)ક્ર ચુનીલાલ શામજી ઓઝા, કંપાલા.
૧૫ શ્રી. રામશંકર મણિશંકર બચાવી, કલકત્તા, જ્ઞાતિની કોઈ વિધવા બાઈને શ્રીમાળી શુભેચ્છક મફત મોકલવા માટે.

કુલ ૧૧૩–૧૦–૦ આજ સુધી.

શ્રીમાળી શુભેચ્છકને કુલ રૂા. ૮૦૦ ની બાદ આવેલી છે તે પૈકી ઉપર પ્રમાણે આજસુધી રૂા. ૧૧૩ ની મદદ મળી છે. હજી રૂા. ૬૮૭ ની ખોટ બાકી રહી. શ્રીમાન્ ચિમનલાલ દલપતરામ કવિએ શ્રીમાળી શુભેચ્છકની બાદ પેટે રૂા. ૧૦૦ ની મોટી રકમની સહાય આપી આ પત્રની સેવાની ઉત્તમ કદર કરી છે. જ્ઞાતિના અન્ય સાધન સંપન્ન ગૃહસ્થો પણ તેવીજ રીતે ઉદાર સહાય આપી આ માસિકની સેવાની કદર કરશે એવી અમોને આશા છે. –તન્ત્રી.

અનાથ વિધવા બહેનોને.

જ્ઞાતિની અસહાય વિધવા બહેનોને ૧૦ રૂપીઆ કલકત્તાવાળા દવે નરભેરામ માધવજી તરફથી આપવાના છે. જે બહેનોને ચરખા જોઈતા હોય તેમણે પોતાના પુરા સરનામા સહિત નીચેના સરનામે અરજ લખી જણાવવું.

દોલતખાના ૪૧૦૩–૬
અમદાવાદ. } અવસ્થાપક:—શ્રીમાળી શુભેચ્છક કાર્યાલય.

मारवाड़ प्रान्तीय श्रीमाली ब्राह्मण संमेलन.

मारवाड प्रान्तीय श्री. श्रा. सम्मेलन ता. १२, १३, १४ मार्चना रोज गोजत मुकामे भरवामां आव्युं हतुं. ता. ११ मीने दिवसे प्रमुखश्रीने सरधसना आदारमां तेमना निवासाश्रमभांथी श्री सूरेश्वरजीमां तेमना उतारानां स्थानमां लइ जवामां आव्या हता. ता. १२ मी ओ बारे वाग्ये स्वागतमंडळ तथा स्वयंसेवकमंडळ, स्थानिक दर्शको, २०० प्रतिनिधिओ अन्य स्थानिक दर्शको ७०० तथा प्रतिष्ठित दर्शको १०० वगेरेथी सभामंडप भराइ गयो हतो. कुल ५०० ज्ञाति गृहस्थोनी सभामंडपमां हाजरी हती. शरुआतमां वेदमन्त्र मंगळाचरण थया बाद स्वागत सभाना प्रमुखनुं भाषण, प्रमुखनी चुंटणी तथा प्रमुखश्रीनुं भाषण थयां हतां तथा विषय निर्वाचन माटे प्रबंध थयो हतो. रातना ९ वाग्ये हरावो नक्की करवा माटे ११ गृहस्थोनी एक सभा आखी रात विचार चलाववा बेठी हती. ता. १३ मीना रोज बार वाग्ये फरी सम्मेलननुं कार्य शरु थयुं हतुं. त्रण वाग्या सुधी प्रस्तावो उपर विवेचन थयां हतां अने डेटलाक हरावो पसार थया बाद पांच वाग्ये जेहक बंध थइ हती. रात्रे ९ वाग्ये विषयो उपर विचार करवा फरीथी जेहक मळी हती. रातना १ वागता सुधीमां घोडा वधु हरावो नक्की करवामां आव्या हता. ता. १४ मी ओ बपोरे बार वाग्ये स्तुती गायन थया बाद सारा सारा विद्वानोनां भाषणो थयां हतां अने चार वागतां सुधीमां बाकीना हरावो पसार करवामां आव्या हता. जोधपुर निवासी आवरथी चुनीलालजी तथा धन्डोरवाळा पंडित गोपीनाथजी ओझाओ विद्यालय माटे द्रव्य एकत्र करवा माटे प्रयास कर्यो हतो. बाद सांजे ७ वाग्ये सम्मेलन विसर्जन थयुं हतुं.

नीचे प्रमाणे हरावो पसार थया हता.

हराव १ लो—आ सम्मेलन श्री मारवाड महाराजाधिराज श्री उमेदसिंहजी साहेब बहादुरे पोतें राज्यसत्ता धारण करवा माटे भग्न हृदयथी हर्ष प्रगट करे छे अने शुद्ध हृदयथी अभिनन्दन आपे छे अने तेओ सदा सुखी रहे तथा दीर्घायुः थाय तेवी ईश्वर प्रत्ये प्रार्थना करे छे, अने विशेषमां एवी प्रार्थना पण करे छे के श्रीमाळी ज्ञातिना विद्वान पुरुषोने

રાજ્યમાં ઉંચા હોદ્દા આપી શ્રીમાળી જ્ઞાતિને મારવાડ રાજ્યની સેવા કરવાનો લાભ આપે.

ઠરાવ ૨ જો—આ સમ્મેલન એવી અભ્યર્થના કરે છે કે જ્ઞાતિમાં ઉન્નતિને માટે શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિમાં પરસ્પર પ્રેમ વધારવાનો પ્રયત્ન કરવામાં આવે તે આવશ્યક છે.

ઠરાવ ૩ જો—આ સમ્મેલન શ્રીમાળી બાન્ધવોને એવી વિનંતી કરે છે કે જ્ઞાતિમાં જ્યાં જ્યાં તડ હોય તે તોડવાને માટે પૂરેપૂરો પ્રયત્ન કરવામાં આવે અને રથાયી ફંડ સ્થાપિત થયા બાદ ચાર ગૃહસ્થો જેવા નિયુક્ત કરવામાં આવે કે જે આ ઠરાવને વ્યવહારૂ બનાવવા માટે પ્રયાસ કરે.

ઠરાવ ૪ થો—આ સમ્મેલન એવી અભ્યર્થના કરે છે કે જે જે ગામમાં પ્રારંભીક પાઠશાળાઓ ન હોય તે ગામોમાં પાઠશાળાઓ સ્થાપિત કરવામાં આવે અને તેમાં વ્યાવહારિક તેમજ ધાર્મિક શિક્ષણ દેવામાં આવે અને યોગ્ય ફાળો એકત્ર થયા બાદ બોર્ડીંગ ખોલવામાં આવે અને ફાળો એકત્ર કરવા માટે સમ્મેલન તરફથી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

ઠરાવ ૫ મો—આ સમ્મેલન એવો ઠરાવ કરે છે કે વિવાહ તથા મરણોત્તર પ્રસંગે રૂઢિગતી કે બોલગતીમાં અત્યુમિખિત અયોગ્ય આવતા પદાર્થો દેવામાં કે લાવવામાં ન આવે જેથી તેવો વ્યવહાર કરવામાં આવે તેમ થઈ જાય અને જે અજ્ઞાન સ્ત્રીઓ કોઈ કોઈ વખત બાહરથી અયોગ્ય વાતો શીખવા માટે લાવે છે તે બંધ કરવામાં આવે.

ઠરાવ ૬ ઠો—આ સભા એવો ઠરાવ કરે છે કે જ્ઞાતિની અંદર સ્ત્રી કેળવણીનો પ્રચાર કરવા માટે મોટા મોટા શહેરોમાં જ્યાં જ્યાં જેટલા પ્રમાણમાં જ્ઞાતિની કન્યાશાળાઓ રથાપવામાં આવે.

ઠરાવ ૭ મો—સમયના પ્રવાહને લીધે જ્ઞાતિમાં કેળવણી સંબંધી ઘણા બધા ફેરફાર થઈ ગયા છે તેવો જ્ઞાતિમાં પ્રચાર કરવાની આવશ્યકતા બધાને જણાઈ આવે છે કે પોતાના બાળકોને કેવો કેળવવા કરવામાં આવે.

ઠરાવ ૮ મો—બારણ માસમાં બધવા વિવાહ બાબત પ્રસંગોએ જો

પુરૂષ અશ્લીલ ભાષા વાપરે છે અને સ્ત્રીઓ ઢોલપર નાચે છે અને વિવાહ પ્રસંગોએ વેશ્યાઓ નચાવવાનો અને આતશબાજી કરવાનો રિવાજ છે. તેથી જ્ઞાતિમાં પ્રચલિત ખરાબ રિવાજોનો આ સભા સર્વથા નિષેધ કરે છે.

ઠરાવ ૯ મો—કન્યાની ઉમ્મર કરતાં વરની ઉમ્મર ઓછામાં ઓછી પાંચ વરસ વધારે હોય તે સારૂં છે તેવો આ સભાનો અભિપ્રાય છે અને કન્યાના વિવાહ દશ વર્ષથી બ્હેલા અને વરના વિવાહ ૧૫ વર્ષથી પહેલા કરવા નહિં તેથી આ સભા ભલામણ કરે છે.

ઠરાવ ૧૦ મો—૪૫ વર્ષથી ઉપરની ઉમ્મરે પુરૂષે લગ્ન કરવાં તે યોગ્ય નથી તેથી તેવા લગ્નનો આ સભા નિષેધ કરે છે.

નોંધ—અપવાદ જેની પાછળ પુત્ર ન હોય અને નિર્વંશ જતો હોય તેના માટે છે. બાકી દ્રઢ વિવાહ નિષેધ રૂપ છે.

ઠરાવ ૧૧ મો—આ સમ્મેલન એવી ભલામણ કરે છે કે શ્રીમાળી બ્રાહ્મણ સમ્મેલનને રથાઇરૂપ દેવા માટે કોઈ યોજના કરવામાં આવે.

ઠરાવ ૧૨ મો—આ સમ્મેલનમાં વિદ્યાલય સ્થાપન કરવાનો, તાં બંધ કરવા માટે કમિટિ નીમી કરવાનો એવા ૨–૩ ઠરાવ પાસ થયા છે. તેમાં દ્રવ્યની જરૂર છે. તે આ સભામાં હાજર થયેલા ગૃહસ્થોમાંથી સંતોષકારક પ્રમાણમાં થઈ શકે તે વિષે સંજોગો જોતાં ઓછી આશા છે. તેથી તેમાં વધારો કરવા માટે જૂદે જૂદે ગામ ફરી વિનંતિ કરી ફાળો એકત્ર કરવાની ખાસ જરૂર છે. વળી આ કામ માટે બે સ્વાર્થ ત્યાગી, પરોપકારી, ઉત્સાહી જ્ઞાતિબંધુઓ પસંદ કરવામાં આવે.

ઠરાવ ૧૩ મો—આ સમ્મેલન એવો ઠરાવ કરે છે, કે હાલમાં સ્થાપ યોજના નહિ થવાથી સ્વાગત કારિણી સભાના હોદ્દેદારો આગળ કામ ચલાવે.

ઠરાવ ૧૪ મો—આ સમ્મેલન એવો ઠરાવ કરે છે કે આ સમ્મેલનમાં થએલા ઠરાવોનો પ્રચાર કરવા માટે એક હિન્દી માસિક પત્ર કાઢવાની ઘણી જરૂર છે તેથી હિન્દી માસિક પત્ર કાઢવામાં આવે.

જાતીય સમાચાર.

સરધાર:—રા. રા. ઉમીયાશંકર નથુભાઇ ઓઝા કવિને ત્યાં પુત્રીના લગ્ન થયાં હતાં. જાન ચાર દિવસ રાખવામાં આવી હતી.

રા. રા. રવિશંકર લાલજી ત્રવાડીના પુત્ર કેવળરામના લગ્ન આટકોટ મુકામે દામોદરદાસ કરવા ઓઝાની પુત્રી વેરે થયાં હતા. વરોળી નહિં કરતાં અમદાવાદ છાત્રાલયને રૂા. ૧૦૧) આપવામાં આવ્યા હતા.

અંજાર:—ગીરજાશંકર રેવાશંકર ઓઝાના લગ્ન આટકોટ મુકામે દામોદરદાસ ઓઝાની પુત્રી વેરે. વરોળીના બદલામાં રા. રા. અમૃતલાલ લાલજી ઓઝા તરફથી રૂા. ૧૦૧) અમદાવાદ છાત્રાલયને આપવામાં આવ્યા હતા.

ઓઝા લાલજી રેવાશંકરની બહેન અને રા. મણિશંકર રેવાશંકરની પુત્રીનાં લગ્ન રા. ચકુભાઈ વલ્લભજીના પુત્ર કાંતિલાલ વેરે થયાં હતાં. જાન ચાર દિવસ રાખવામાં આવી હતી.

મોરબી:—રા. રા. કેશવલાલ ચતુર્ભુજ ઓઝાના પુત્ર ચી. બાબુનાં લગ્ન આટકોટ મુકામે કેશવલાલ કરવા ઓઝાની પુત્રી વેરે થયાં હતાં. વરોળીના બદલામાં રૂા. ૧૦૧) રોકડા અમદાવાદ છાત્રાલયને ભેટ આપવામાં આવ્યા હતા.

બીલખા:—રા. રા. વનમાળી કાશીરામ ઓઝાની પુત્રી લીલાવંતીના લગ્ન પ્રસંગે રા. રા. વિઠ્ઠલદાસ ગિરિજાશંકર ત્રિવેદીની સૂચના અને આગ્રહથી જાન ચાર દિવસ રાખવામાં આવી હતી.

ભાવનગર:—ધોળકાવાળા સ્વ. મૂળશંકર ગંગાભાઇ ત્રિવેદીના પુત્ર ચંદ્રકાન્તનાં લગ્ન ભાવનગરમાં થયાં હતાં તે પ્રસંગે રૂા. ૫૦૦) ભાવનગરના વિદ્યાર્થીઓને મદદ માટે જાહેર કરવામા આવ્યા હતા. તથા કુલિનોની રીત પ્રમાણે વરોળી કરવા ઉપરાંત લાણું કરવામાં આવ્યું હતું.

નોંધ:—રા. રા. ભાનુશંકરભાઇ તથા જયશંકરભાઇ બન્ને જ્ઞાનાની જરૂરીયાત સમજનારા છે તેથી તેમણે વરોળી ભરછમાન કરવા માટે આ લગ્ન પ્રસંગે પરિષદના કરવને માન આપી વરોળી બંધ કરી, તેમજ જાન ચાર દિવસ રાખવા માટે આગ્રહ કર્યો જ્ઞાનિના કેળવણી વિભાગ અને

પણ ઉદાર રકમ અર્પણ કરી જ્ઞાતિમાં એક ઉત્તમ દાખલો બેસાડવા પ્રયત્ન કર્યો હોત તો તે અધિક સારૂં ગણાત એમ અમારૂં માનવું છે.—તન્ત્રી.

સ્વ. મૂળશંકર જેઠાભાઈ ત્રિવેદીના જ્યેષ્ઠ પુત્ર શંકરપ્રસાદનાં પત્ની એકદમ બીમાર થઈ જવાથી દેવલોક પામ્યાં છે.

આટકોટ:—રા. રા. દ્વારકાદાસ કડવા ઓઝાની પુત્રીઓનાં લગ્ન તથા રા. રા. કેશવલાલ કડવા ઓઝાની પુત્રીનાં લગ્ન ફાગણ વદ ૬ નાં રોજ થયાં હતાં. **જાન ચાર દિવસ રાખવામાં આવી હતી.** ઉપરાંત વરોહીઓ કરાવવામાં આવી ન હતી. તે ઉપરાંત અમદાવાદ છાત્રાલયને અને રા. ૨૫) રાજકોટ બોર્ડિંગને રૂા. ૨૫) ભેટ આપવામાં આવ્યા હતા.

ભોરણી—સામવેદી ચત્રભુજ રેવાશંકરની બ્હેન (સવેલી કન્યા) નાં લગ્ન અંજારવાળા પ્રાગજી મૂળશંકર દવે દૂધવાળા (હાલ મુંબાઇ) તેમની સાથે થયાં છે.

છગનલાલ કલ્યાણજી દવેએ પોતાની દીકરી ચંચલનું સગપણ જામનગરના રહીશ વેદીઆ મણિશંકર લાલજીના દીકરા જગન્નાથ વેરે સં. ૧૯૬૮ માં સામ સામું એટલે રા. છગનલાલના ભાઈ મુગટલાલને વેદીઆ મણિશંકરે કન્યા ઘણી મુદત પહેલાં આપેલ, પરન્તુ હવે છગનલાલે જગન્નાથ વેરેનું સગપણ તોડી પીરમગામ મુકામે ચુડાના દવે સુંદરજી ગેલાભાઇના દીકરા પ્રાણશંકર વેરે કરેલ છે.

સભાસદોને.

શ્રી મ. આ. શ્રી. બ્રા. કે. મંડળના સંવત ૧૯૭૮ માં થયેલા પહેલા તથા બીજા વર્ગના સભાસદોને તેમની સંવત ૧૯૭૯ ની સાલની ફી વેળાસર મોકલી આપવા વિનંતિ છે.

દોલતખાના ૪૧૦૩–૬
અમદાવાદ. } મન્ત્રીઓ, શ્રી મ. આ. શ્રી. બ્રા. કે. મંડળ

સોજતમાં નવ યુવાનોની સભા.

તા. ૧૫મીના રોજ શ્રીમાળી બ્રાહ્મણ યુવકોની એક સભા મળી હતી જેમાં નીચે જણાવેલા ઠરાવો પસાર થયા હતા.

ઠરાવ ૧ લો—મારવાડ પ્રાન્તીય સમ્મેલનની છેલ્લી બેઠકમાં પરસ્પર પ્રેમની વૃદ્ધિ કરવાનો ઠરાવ પસાર થયો છે. અને કેટલાક ગૃહસ્થોએ સૌની સમક્ષ ગુજરાતી કાઠીયાવાડી આદિ જ્ઞાતિબન્ધુઓની સાથે ભોજન વ્યવહાર રાખવાનો હક્ક સાથે સ્વીકાર કર્યો હતો તેનો કાંઈ પ્રતિરોધ થયો નહોતો. તેથી ગુજરાત કાઠીઆવાડમાં જ્યાં આગામી પરિષદ્ હોય ત્યાં જવાનો ઘણોજ પ્રયત્ન કરવો.

ઠરાવ ૨ જો—નીચે જણાવેલા કુરિવાજો અને કુપ્રથાઓની બાબતમાં વિશેષ રૂપે કાંઇ નિશ્ચય થયો નથી. એ કારણને લીધે તેના નિવારણ અર્થે આ વખતે અસહયોગ કરવાની શરૂઆત કરવી. (ક) ટોલપર નાચવાની બાબતો (ખ) અશ્લીલ શબ્દયુક્ત ગીત ગાવાં અથવા ગાળો દેવી તેમાં ભાગ ન લેવો. (ગ) વિવાહ પ્રસંગે ૪ સીરામણ થાય છે તે કરવાની બાબતમાં (ઘ) ખુલ્લે ખુલ્લો કન્યાવિક્રય હોય તેવી બાબતમાં.

ઠરાવ ૩ જો—સમ્મેલને કરેલા ઠરાવ નં. ૯ તથા ૧૦ નું પૂરેપૂરું પાલન થાય નહિં તો અસહયોગ કરવો.

ઠરાવ ૪ થો—સ્ત્રી કેળવણીની બાબતમાં પૂરેપૂરો પ્રયત્ન કરવો તે પ્રત્યેક સભાસદનું કર્તવ્ય છે.

ઠરાવ ૫ મો—જ્ઞાતિના પંચ મારફત કોઇ વ્યક્તિ ઉપર અનુચિત આક્ષેપ કરવામાં આવે તો તેની મદદે ઉભા રહેવું તે દરેક સભાસદનું મહાન કર્તવ્ય છે.

નોંધ—જે ગૃહસ્થો ઉપર જણાવેલા ઠરાવો પાળવા સમર્થ હોય અગર તો તે વિષે વધુ માહિતિ મેળવવા ઇચ્છતા હોય તેમણે (૧) ગોપીનાથજી ઓઝા, ઘંટાઘરની પાસે ગોપેશ્વર મન્દિર કુન્દોર સીટી અથવા (૨) માંગીલાલજી શર્મા, બી. એ., એલ. એલ. બી., હાઇકોર્ટ વકીલ, જુના તોપખાના, કુન્દોર સીટી એ સિરનામે પૂછાવવું.

શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહકોને.

શ્રીમાળી શુભેચ્છકનો ૧૯૨૨ ની સાલનો બેટ જ્યોતિ જે ગ્રાહકોનાં લવાજમ અગાઉથી મળેલાં નહિ, તેમને વી. પી. થી અને જેમનાં લવાજમ વસુલાં થએલ. તેમને બુકપોસ્ટથી રવાના કરવામાં આવેલ છે. જે ગ્રાહકોને બેટનાં પુસ્તક મળ્યાં ન હોય તેમણે અમોને તુરત જણાવવું. મુંબાઈ, વડોદરા ઘોળકા, મોરબી, જામનગર, ભાવનગર, મહુવા, તથા વડોદરાનાં ગ્રાહકોને વી. પી. મોકલવામાં આવ્યાં નથી. જેથી તે સ્થળોના ગૃહસ્થોને વિનંતિ જે શ્રીમાળી શુભેચ્છકના માર્ચના અંકમાં જણાવેલાં સ્થળોએ જઈ બેટનું પુસ્તક લઇ આવવું. સદરહુ સ્થળોના જે ગ્રાહકોએ લવાજમ ભર્યું ન હોય તેમને લવાજમ ભરી બેટનું પુસ્તક લઈ જવા વિનંતિ છે. જે ગૃહસ્થોને વી. પી. રવાના કરવામાં આવ્યાં છે તેમણે તે સ્વીકાર્યા હશે એવી અમે આશા રાખીએ છીએ. જેમણે હજી તે સ્વીકાર્યા ન હોય તેમને તે તુરત સ્વીકારી લેવા વિનંતિ છે. ઉપર જણાવેલાં સ્થળોના ગ્રાહકોને લીંબડી પરિષદના રિપોર્ટની પ્રતો પણ તે સ્થળોએથી મળશે. તા. ૨૫મી એપ્રીલ સુધીમાં ઉપર જણાવેલા સ્થળોના જે ગૃહસ્થો લવાજમ ભરી જણાવેલા સ્થળોએથી બેટનું પુસ્તક લઈ ગયા નહિં હોય તેમનું લવાજમ વસુલ લેવા માટે ત્યારબાદ વી. પી. કરવામાં આવશે તેથી તે સ્થળોના જે ગ્રાહકો ગ્રાહક રહેવા ખુશી નહોય તેમણે તે તારીખ દરમ્યાન અમોને લખી જણાવવું જેથી વી. પી. ખર્ચ અમારે કરવું ન પડે.

તન્ત્રી.

લીંબડી પરિષદનો રિપોર્ટ.

લીંબડી પરિષદનો રિપોર્ટ તૈયાર થઈ ગયો છે. જે ગ્રાહકોએ, તેની કીંમત મોકલી આપી હતી તેમને તે રવાના કરવામાં આવેલ છે. તેથી જેમને તે ન મળ્યો હોય તેમણે તુરત મંગાવી લેવો. રીપોર્ટની કીંમત શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહકો માટે મૂળ ચાર આના રાખવામાં આવી હતી તેમાં વધારો કરી ગતમાસના અંકમાં તેની કીમત છ આના રાખ્યાનું જણાવવામાં

આવ્યું છે. પરન્તુ તેટલી કીંમત પણ રિપોર્ટના ખર્ચને પહોંચી વળવા માટે પૂરતી નથી. તમામ હિસાબ કરતાં રિપોર્ટની એક પ્રતની કીંમત લગભગ સાત આના પડે છે. તેથી **શ્રીમાળી શુક્લેન્છકના ગ્રાહકોને તે આઠ આનાની કીંમતે મળશે. ગ્રાહક સિવાયનાને તે એક રૂપીએ મળશે.** મુંબઇ, ભાવનગર, જામનગર, મોરબી, પાટણ, વડોદરા, મહુવા વગેરે સ્થળોએ ભેટના પુસ્તકની સાથે રિપોર્ટની પ્રતો પણ મોકલવામાં આવી છે. તેથી તે સ્થળોના ગ્રાહકો તેમજ અન્ય જ્ઞાતિ બન્ધુઓને તે ગતાંકમાં જણાવેલા સ્થળોએથી મળી શકશે. અન્ય સ્થળના ગ્રાહકો તેમજ જ્ઞાતિ ગૃહસ્થોને તે રિપોર્ટ **શ્રીમાળી શુક્લેન્છક કાર્યાલયમાંથી** મળશે. રિપોર્ટ દરેક ઘરમાં રાખવા લાયક છે તેથી શ્રીમાળી શુક્લેન્છકના તમામ ગ્રાહક ઓછામાં ઓછી એક પ્રત ખરીદશે એવી આશા છે. પોતાના મિત્રોને પણ તે ભેટ કરી શકાય તેમ છે. ગ્રાહકોને ૮ આનામાં માત્ર એકજ પ્રત મળી શકશે. એકથી વધારે પ્રત જે ગ્રાહકોને જોઈતી હશે તેમને દરેક વધારાની પ્રતે એક રૂપીઓ કીંમત આપવી પડશે. દરેક ગ્રાહક તેની એક પ્રત તો જરૂર મંગાવી લેશે તેવી વિનંતિ છે.

વ્ય. શ્રી. શુ. કાર્યાલય.

જાહેરાત.

અમદાવાદ જ્ઞાતિ છાત્રાલય તથા શ્રીમાળી શુક્લેન્છકના લાભાર્થે એક સીનેમાનો ખેલ મુંબાઈની અંદર લગભગ ચૈત્રવદ અમાસના દિવસનો ભજવેલ છે. તેની ટીકીટો "કાલબાદેવી ભાંગવાડી હાથીખીકડીંગ, ગુજરાત આયુર્વેદીક ફાર્મસી" તથા "સેન્ડહર્સ્ટ રોડ રાષ્ટ્રીય શાળામાં કાલિદાસ વસનજી દવે" પાસેથી મળી શકશે. મુંબાઈના જ્ઞાતિ ગૃહસ્થો પોતે જતે તે ટીકીટો લેવા ઉપરાંત પોતાના લાગવગ વાળા ગૃહસ્થોમાં તે ટીકીટો ખપાવવા પ્રયત્ન કરશે અને એ રીતે છાત્રાલય તથા શ્રી. શુ. ને આર્થિક સારી મદદ મેળવી આપવામાં મદદરૂપ થશે એવી અમારી ખાસ વિનંતી છે.

તન્ત્રી.

શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી ફંડ.

મકાન ફાળાની રૂપીઆ એકવાળી ટીકીટો.

હા. રા. નવનિધરાય પોપટલાલ ઓઝા, મુંબાઇ.

૧ પરશોત્તમદાસ મણજી, કપડવંજ
૧ હીરાલાલ પરમાણંદદાસ, પેરવડી
૧ હીંમતલાલ એન્ડ કું. મુંબાઈ
૧ સૌ. કંચનગૌરી હીરાલાલ દામનગર
૧ કેશવલાલ જાદવજી ખેતા મુંબાઈ
૧ નાગરદાસ રામજી ,,
૧ જયંતીલાલ બચુભાઈ ,,
૧ સૌ. દેવકુંવર નાગરદાસ ,,
૧ સ્વ. જેકુંવરબાઈ ભગવાનદાસ સરૈયા મુંબાઇ
૧ વૃજલાલ માધવજી ખત્રી મુંબાઇ
૧ કુલચંદ વલભદાસ ,,
૧ વલભદાસ જીવરાજ શાહ ,,
૧ એક સદ્‌ગૃહસ્થ ,,

૧ જીવરાજ કલ્યાણજી પરવડી
૧ પરભુદાસ જીવરાજ ,,
૧ વૃજલાલ નથુભાઇ મુંબાઇ
૫ શેઠ વિઠલદાસ ભાણજી
૧ રતીલાલ જેઠાલાલ ઉભરાળા
૧ એક સદ્‌ગૃહસ્થ મુંબાઇ
૧ ભટ્ટ ઉમીઆશંકર ભગનલાલ ભાવનગર
૧ ચિમનલાલ ભગનલાલ શાહ મુંબા ૬
૨૫ ભટ્ટ ઉમીઆશંકર ગંગારામ ઓઝા.

મુંબાઇ —
,, ૫૦
,, ૩૧૧ અગાઉ જાહેર કરેલા.
,, ——
૩૬૧ કુલ

અન્ય જ્ઞાતિ બન્ધુઓને પણ ટીકીટ બુક મંગાવી જ્ઞાતિના તેમજ અન્ય જ્ઞાતિના ગૃહસ્થો પાસે ટીકીટો ભરાવવા માટે આગ્રહપૂર્વક વિનંતિ છે.

મન્ત્રીઓ.
શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી મંડળ-અમદાવાદ.

જાહેર ખબર.

શ્રીમાલી સ્વયં સેવક મંડલ, સૂરત का द्वितीय वार्षिकोत्सव मिति वैशाख कृष्ण १०, ता. १० ४-२२ को संस्कृत पाठशाला भुवनमें होगा. समस्त जाति हितचिन्तक सज्जनोंसे प्रार्थनाकी जाती है कि इस शुभ समयपर पधारकर अवश्य लाभ उठावें.

ગુજરાત આયુર્વેદિક ફાર્મસી.

વૈદ્યક પ્રચાર સાહિત્ય ખાતું.

માસીકો અને પુસ્તકો.

આ ફાર્મસી ઔષધો બનાવતા અને ઉપચાર કરવા ઉપરાંત વિશેષ મહત્વનું એક કાર્ય એ કરે છે કે પોતાના વૈદ્યક સાહિત્ય પ્રચાર ખાતા દ્વારા લોકોમાં તંદુરસ્તીના નિયમો અને આરોગ્ય સંબંધી જ્ઞાનનો ફેલાવા પણ કરે છે. ૨૫ વર્ષથી ગુજરાતી માસિક, વૈદ્યક ગ્રંથો અને નિબંધો દ્વારા આ ખાતાએ આયુર્વેદ સંબંધી સારૂં અજવાળું પાડયું છે.

"વૈદ્યકલ્પતરૂ" માસીક વાર્ષીક લવાજમ રૂા. ૩-૦-૦.

વૈદ્યક ગ્રંથો.

ધન્વંતરિ—વૈદકના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી ગ્રંથ. આવૃત્તિ ૬ ઠ્ઠી. કી. રૂા. ૬.

સારી સંતતી—સુદૃઢ, સુંદર અને સદાચારી બાળકો ઉત્પન્ન કરવા એ માબાપોના હાથમાં છે, એ વાત આર્ય વૈદ્યક અને અંગ્રેજી વૈદ્યકનાં પ્રમાણો સાથે સિદ્ધ કરી આપનાર શાસ્ત્ર. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

ધાત્રી શિક્ષા—સુવાવડ સંબંધી શાસ્ત્રીય ગ્રંથ. ગર્ભાવસ્થાનમાં થતાં દરદોના ઉપાયો તથા પાલવાના નિયમો, પ્રસવ માટે પ્રાથમિક તૈયારીઓ, પ્રસવની ત્રણ અવસ્થાઓનું વર્ણન, કસુવાવડના કારણો અને ઉપાય, સુવાવડીની સારવાર તથા બાળક ઉછેરવાના નિયમો એક સુવાવડીને ભીડવાદ્વારા સમજાવે છે. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

દાગી પરિચર્યા—બાંદાની આવજત વિષે સંપુર્ણ જ્ઞાન મેળવવાનો ગુજરાતી ભાષામાં પ્રથમ ગ્રંથ. કી. રૂા. ૧।।।

ગરીબોનો વૈદ્ય—દરેક દરદની સામાન્ય સમજણ, ઘરગથ્થુ અને સસ્તા ઉપાયોના સંગ્રહનો ગ્રંથ કી. રૂા. ૨.

સ્ત્રીઓનો વૈદ્ય—સ્ત્રીઓનાં ખાસ દરદો, તેનાં લક્ષણો, કારણો તથા ઉપાયોનો ગ્રંથ કી. રૂા. ૧।।.

બાળકોનો વૈદ્ય—બાળકોનાં ખાસ દરદો. તેનાં લક્ષણો, કારણો, તથા ઉપાયોનો ગ્રંથ. કી. રૂા. ૨).

સુવાવસ્થાનો શિક્ષક—જુવાન સ્ત્રીપુરૂષોનાં કર્તવ્ય તથા ફરજનો આદર્શ શિક્ષક. કી. રૂા. ૧.

મળવાનું ઠેકાણું:-ગુજરાત આયુર્વેદિક ફાર્મસી—અમદાવાદ.

પી. બ્રધર્સ ચાણીવાળા.

રેડ ન્યાતની દેશી ચાણી કેતાં કે ચાર્કટીંગ, કાપીઝમ, રબ્બર રોલ્સ્પ્રિંગ્સ વિગેરે સ્ટામમેાઆરીક: તથા ચાણીનેા પાઉડર, ગુંદર વગેરે બનાવનારા તા તે ચિનાર. અમારે ત્યાંથી છુટક તથા જથાબંધ માલ મળશે. વધુ વિગત માં ગુ૦ ૧૪સર્કીસ્ટ મગાવેા.

ઠેકાણું–કલ્યાણ મેાતીની ચાલી, કાંદાવાડી–મુંબાઇ ૪.



વિજળીના દીવા.

૧ નાના ગજવામાં રાખી શકાય છે.
૨ અગ્નીની બીલકુલ બાસ્તી નથી.
૩ તેલ દીવેટ કે દીવાસળીની જરૂર પાતીજ નથી.
૪ ફકત ચાવિ ફેરવવાજ જરૂરીજ અપકાદાર રેાશની થાય છે.

કીંમત ૩. ૨॥. ૩, ૩॥, ૪, ૫, ૬ અને ૮.
પેારટેજ બાર આના સ્પેર બેટરી કીંમત રૂ. ૧).
પેારટેજ ૩ આના

ટી. જી. શાહેજ હર્ડવેરવીક સ્ટેારર્સ.
૬૩ ઝેવેરી (ઝાઝપીઠ) બેામ્બે ૪.
બાંચ ઝેવેરી(પાંચકુવા ત્રણ રસ્તા)અમદાવાદ
પત્ર વ્યવહાર ૬૩ ઝેવેરીને દિલ્હાસે કરવેા.

શું તમે હૃદયથી જ્ઞાતિ ઉન્નતિ ઇચ્છેા છેા ?

જો ઇચ્છતા હેા તેા શ્રીમાળી ગુજરાતના માહક વર્ગ વાંચન ઉપયેાગી જ્ઞાતિ વિદ્યાર્થીઓનેા શુભ ચાહિવાંદ માગી કરવા ચૂકશેા નહિ વાર્ષિક લવાજમ રૂ. ૧॥. ૬૨ પૃષ્ઠ, ઉપયેાગી ભેટ પુસ્તક આપવામાં આવે છે.

માહક તરીકે વરત નામ નેાંધાવેા.

Reg. No. B.

श्रीमाळी शुभेच्छक.

सत्यमेव। धर्मेधर स्वाध्यायान्मा प्रमदः। उपनिषद्

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्॥ श्री. भ. गीता

वर्ष ४ थुं.] सं १९२३. [अंक ७.

विषयानुक्रमणिका.

१ पशुपक्षीनां पामर जिंदगी.	ए. के. ओझा.	१९१
२ अन्यविषय पंथे हरवाना आवश्यक उपायो प्रत्येक नागरिके लेवाना छे.	बी. डी. त्रिवेदी.	१९४
३ गा गाणीने.	भ. रमा. त्रिवेदी.	२१२
४ प्रासंगिक नोंध.	तन्त्री.	११७
५ शेनम् गा ने ईगो अमनो.	न. के. दवे.	२१६
६ अवन-पवन.	न. पि. ओझा.	११७
७ ज्ञानिन समाचार.		१२०

तन्त्री अने प्रकाशक
व्यंकटलाल शिवशंकर त्रिवेदी, एम. ए.
दोलतखाना, ४१०३-०६—अमदावाद.

ज्ञानमन्दिर प्रिन्टींग प्रेसमां छापेलुं. स्वामीएजे आप्युं.
वाणियरीनी पोल, रायपुर—अमदावाद.

સ્થાનિક સમાચાર.

અગાઉ શ્રીમાળી બ્રાહ્મણ યુવક મંડળ તરફથી દર વર્ષે સ્થાનિક જ્ઞાતિ વિદ્યાર્થીઓને મેળાવડો ભરી પુસ્તકો ઇનામમાં આપવામાં આવતાં હતાં. તે પ્રથા બે વર્ષ થયાં બંધ હતી. શ્રી. મ. બ્રા. શ્રી. બ્રા. કે. મંડળ તરફથી ગુજરાતી શાળાઓમાં ભણતાં સ્થાનિક વિદ્યાર્થીઓને ઇનામો આપવાનો મેળાવડો બિમાન્ દામોદરદાસ ભાઇશંકર ઓઝાના પ્રમુખપણા નીચે પુનઃ ભરવામાં આવ્યો હતો અને રા. રા. ગોરધનલાલ લલ્લુભાઈ દવે તરફથી ત્રણ્મિ પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ તથા કન્યાઓને પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં હતાં તેમજ રા. રા. ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી તરફથી રાષ્ટ્રીય પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં હતાં તથા વિદ્યાર્થીઓને પતાસાં વહેંચવામાં આવ્યાં હતાં.

લેખકો તથા ગ્રાહકોને સૂચના.

૧. ઉત્તમ ભાષામાં, સ્વચ્છ લખાણ તથા કાગળની એક બાજુપર, જેમ બને તેમ ટુંકા પરંતુ અર્થ ગર્ભીત લેખો લખી મોકલવા લેખકોને વિનતિ છે. માત્ર ઉત્તમ અને અતિ ઉપયોગી કાવ્યોનેજ સ્થાન આપવામાં આવશે–સાંબા લેખોને સ્થળના અભાવે સ્થાન નહીં મળવાનો ભય છે.

૨. લેખોને માસિકમાં સ્થાન આપવા સંબંધી મુખત્યારી તન્ત્રીની છે.

૩. લેખકે પોતાનું નામ છપાવવું હોય તો લેખ નીચે, નહિતર તે જણવા માટે પૂરેપૂરાં નામ ઠામ લખવાં.

૪. જે લેખને માસિકમાં સ્થાન ન મળે તેવા લેખો પાછા મોકલવા જે તન્ત્રી બંધાતા નથી.

૫. ઘણીવાર ગ્રાહકો પોતાનું ઠિકાનું બદલાવે છે અને તે ફેરફાર જણાવતા નથી તેથી માસિક ગેરવલ્લે જાય છે, અને પછી માસિક નહીં મળ્યાની ફરિયાદ કરે છે. તેથી દરેક ગ્રાહકે પોતાનું સ્થળ બદલાવતાંની સાથે ઠિકાનાનો ફેરફાર અગાઉ જણાવવો જેથી ફરિયાદનું કારણ રહે નહીં.

વેવાઈ બન્ને કહી શકે કે ભાઈ, આ બેાન્ને તમે ગણુશેા નહિ. તમે ગરીબ માણસ કંકુને છાંટે કન્યા દેતા હેા તેા, અમે જ્ઞાતિ રાજી છીએ કે તમે તમારાં સગાં બે દીવસ જમી-ખાઈને સંતેાષ માનશેા. અને વેવાઈ કહે કે અમે માત્ર વર અને બે 'કુળવાતી', 'મેાડાતી' અને બીજા એક બે માણસ મળી પાંચ છ માણસજ આવશું અને તમારે ત્યાં વરઘેાડીઆં પરણી ઉતરે એટલે અમે ચાલ્યા જઈશું. સારી સ્થિતિનેા માણસ હેાયતેા પેાતાને ઉતારે પેાતાનું રસેાડું કરે અને વેવાઈને બંડવે વેવાઈનું સાઈ દેખાડવા ખાતર જ પાંચ માણસેાને ત્રણ દિવસ "કુળેવા, લગ્ન, ચેારી અને વરઘેાડીઆં વળાવવાને દિવસે" મેાકલશે. મતલબમાં આ પક્ષ ગૌણ છે. અને તે ગૌણ પક્ષ હેાવાથી તેનેા ઉપાય પણ સામાન્ય છે. જરા નાતની અંદરનેા પ્રતિષ્ઠિત ને આગળ નીકળતેા એક માણસ ગરીબ માણસનેા વાંસેા થાબડે અને વરવાળા, દીકરીના બાંડવે પેાતાની મેાટાઇ ન મહાલતાં પેાતાને ઘેર પેાતાની મેાટાઈ રાખે, અને પેાતાનાં સગાં વહાલાંને પેાતાને ત્યાં દીકરીનાં લગ્ન હેાય ત્યારે બેાલાવવાનું ધેારણ રાખે એટલે આ કારણ જે વિકટના કારણેા પૈકીનું એક મનાય છે તે સ્વતઃ દૂર થાય છે.

હવે પ્રથમ વિભાગ એ ખરેખરેા અગત્યનેા પ્રશ્ન છે. સામાન્ય સ્થિતિનેા માણસ હેાય, અને તેને એક દીકરેા અને એક દીકરી હેાય તેવા પ્રસંગમાં પણ જ્યાં કંકુને છાંટે કન્યા આપતાં છતાં અથવા આપવાની ઇચ્છા છતાં દીકરાને માટે શંકાશીલ રહે છે ત્યાં શી રીતે આ શંકા દૂર કરવી તેજ મહાન પ્રશ્ન છે. જ્ઞાતિના ડહાપણની અને કાર્યદક્ષતાની જરૂર આ આંટી ઉકેલવામાં જ છે. આ આંટી ઉકેલવી તે પણ મુશ્કેલ નથી. આ આંટી ઉકેલના માટે વેપારી થેાડી મુડી છતાં પેાતાની "આંટ", આબરૂ (credit) ઉપર રળી ખાય તેમ "આંટ" ઉત્પન્ન કરવાજ જ્ઞાતિના ડાહ્યાપણની જરૂર છે. પરિષદના પ્રમુખ તરિકેના ભાષણમાં "ધેાળકા વિભાગ"ની વ્યાખ્યામાં આવતા બ્રાહ્મણેા આ "આંટ" ઉપરજ પેાતાનેા વહેવાર ચલાવે છે એમ મેં કહ્યું છે. તે વર્ગમાં જે કચરેા છે અને જે વર્ગ બેશરમ છે તે વર્ગની બાજુએ રાખતાં આખેા મેાટેા વર્ગ એમ માન્યતા ધરાવે છે કે "હું મારા કુળને પૈસા લઈ ડાઘ બેસવા નહીં દઉં તેા મારા દીકરા બાજે પાંચ દશ તેાએ પણ મને કંકુ કન્યા મળશે કારણ કે હું જ્ઞાતિના પગની 'રજ' છું. હું ધનવાન કે ગૃહસ્થ નથી પણ હું ગરીબ માણસ છું. તેા પણ મારે દીકરીનેા 'ચેાખેા' ભરવા દઈશ નહિ. આવી માન્યતા ઉપર

મુસ્તકિમ રહી આ જ્ઞાતિના ખરા ટેકીલા બ્રાહ્મણો પોતાને સાત દીકરીઓ હોય તો તે સાતે દીકરીઓને "નાડા વીંટી" કન્યાદાનમાં આપે છે અને ફરીઆવર વખતે વેવાઇને ઉપર મેં કહ્યું તેમ "હાથ જોડીને" ઉભા રહે છે અને કહે છે કે ભાઇ "આપ્યું લીધું" ન કરશો પણ મારા સગા થયા છો માટે હવે મારી લાજ વધારશો.

હવે આ "ઘોળકા વિભાગ" વાળા બ્રાહ્મણોના રીત રિવાજને ઘોળકામાં બંધાયા અને તે રૂા. ૧૦૧) પહાના લેવા; રૂા. ૫) અંગુઠો ઝલામણના, રૂા. ૫) માંડવાના અને રૂા. ૨) જાડ વાસવાના ગણી રૂા. ૧૧૩) લેવાનો રિવાજ શરૂ થયો હતો. ઓઢણું રૂા. ૨૫) પચીશનું મૂરતવંતું કન્યા ચુંદડી ઓઢવા આવે ત્યારે ઓઢાડવું એ પ્રમાણે રીતની શરૂઆત થઈ હતી.

કાળક્રમે ચુંદડી અથવા ઓઢણું મૂરતવંતું ઘોડી અથવા ઝાઝી કીમતનું રહ્યું અને ભાણાયો રૂા. ૧૩૭-૩૮ ના આંકડા ઉપર આવ્યા અને વળી ઓઢણું રૂા. ૫૦) ની કીમતનું બોલાવા લાગ્યું ત્યાં આંકડો રૂા. ૧૬૨-૬૩ નો થઇ ગયો. રૂા. ૧) તો પાછો આપવાનો છે એટલે આંકડો, રૂા. ૧૧૨, ૧૩૭, રૂા. ૧૬૨ નો કહેવાય છે.

જમાના પ્રમાણે દીકરીના શણગારની બાબતોને ઈચ્છા થઇ અને જ્યાં પોતાની દીકરીને પોતાને ઘેરથી પૂરતો શણગાર કરવા સ્થિતિ ન હોય ત્યાં ઘરેણું રૂા. ૧૦૦ અથવા ૧૫૦ નું થયું. આ ઘોળકા વિભાગ, જેમાંથી મેં ઉપર કહ્યું તેમ બેશરમ કચરો બાદ કરીએ તો હજી શાણાટેક રાખી આ રૂા. ૧૧૨; રૂા. ૧૩૭, રૂા. ૧૬૨) અને કન્યા માટે રૂા. ૧૦૦-૧૫૦ નાં ઘરેણાં આગળ અટકીને અડગ રીતે આવીને ઉભો રહ્યો છે.

કોઇ પ્રશ્ન કરશે કે આ રૂા. ૧૧૨, ૧૩૭, ૧૬૨ એ વિક્રય નહિ? તો તેનો જવાબ એ છે કે "હા, વિક્રય જ છે." પણ કોઈ જનસમાજને કલ્યાણકારી રીતે જીવનવાળો અને ચાલક બનાવવો હોય તો ઉચું આદર્શ (High Ideal) સંપૂર્ણ પવિત્રતા (complete purity)નું રાખવું. પણ વ્યવહાર સામાન્ય ધોરણ રીતે એવો રાખવો કે તે સર્વ વ્યક્તિઓને પરવડી શકે. ઘોળકામાં આ ધોરણ દાખલ થયું ત્યારે શાસ્ત્રમાં દૈવ, બ્રાહ્મ, આર્ષ, પ્રાજાપત્ય એ વિવાહ સ્વરૂપના ઉંચા સ્વરૂપ શાસ્ત્ર અન્વય હતા. તે મધ્યેનું આ પ્રાજાપત્ય સ્વરૂપ સ્વીકારાયું લાગે છે. બીજા ચાર નીચ સ્વરૂપ ગાંધર્વ, આસુર, પિશાચ અને રાક્ષસ પડતાં મૂકવામાં આવ્યા છે.

(૧) દૈવ સ્વરૂપમાં કન્યાને સારી રીતે અલંકારો પહેરાવી સારા ગુણી બ્રાહ્મણને આપવાનો વિધિ છે. (૨) બ્રાહ્મ વિવાહ પણ આવાજ પણ જરા ઉતરતા સ્વરૂપના લગ્ન છે, (૩) આર્ષ વિવાહમાં બાપજી ઉપર કહ્યું તેમ ગરીબ બ્રાહ્મણ, ગરીબ ભણેલા બ્રાહ્મણને દર્ભના છવીટીઓ વીંટીને આપે છે. (૪) પ્રાજાપત્યમાં બે ગોધાનું મૂલ્ય લઈ કન્યા આપે છે બે ગોધાના મૂલ્ય તરિકે ધોળકા વિભાગે રૂા. ૧૦૧) મુકરર કર્યા લાગે છે.

ધોળકા વિભાગે આ પ્રમાણે જે બંધારણ બાંધ્યું તે આજસુધી અપવાદરૂપ કાળા મેંદાઓ જે દરેક સમાજમાં દરેક કાળમાં હોય છે તે બાદ કરતાં ધોળકા વિભાગે પાળ્યું છે. જોગુ આ ધોળકા વિભાગમાં કોઇ બોટાદ ભાણુસોએ પોતાની ટેકને છોડી પોતાના કુળને કલંક લગાડયું છે તેમ સામા એવા પણ કુટુંબ છે કે જે પોતાના દીકરાઓને પરણાવતી વખતે ઉપર બતાવ્યા રૂા. ૧૧૨, ૧૩૭, ૧૬૨ ભરવામાં જરાએ "નાનપ" સમજતા નથી અને છતાં પોતાની દીકરીઓને ત્રણ ત્રણ પેઢી થયાં, ચાર ચાર પેઢી થયાં આપી દૈવ વિવાહનાં વિધિ બતાવી તેમ સારી રીતે અલંકારીને આપે છે.

વળી આ વિભાગનો ગરીબ બ્રાહ્મણ આ બે ગોધાના મૂલ્યની રકમ સ્વીકારતાં છતાં અભિમાનથી એમ કહે છે કે પોતાની પુત્રીનો (દોહિત્ર) થાય અને તેના લગ્ન થાય ત્યારે પહેલું પોતે ભરવા સમર્થ થાય. એટલે એ રીતે આ સ્વગૌરવ માટે અભિમાન ધરાવતો બ્રાહ્મણ આ રકમને પણ "થાપણ" ગણે છે.

હવે આ પ્રમાણેનો વ્યવહાર થતો છે. તે વ્યવહાર "વ્યાવહારિક" હોવાથી આજ ૨૫૦-૩૦૦વર્ષ થયાં ચાલ્યો છે અને આ જરથાના વિભાગને વિકટની નીચી દોટિઓ લઈ જતાં બચાવી શક્યો છે. આ જરથાન ભાણુસોમાં જ્યાં એક પેઢીમાં "અખજ" જાવાના દાખલા બને છે ત્યાં જરા સારી સ્થિતિ પ્રાપ્ત થતાં બીજી પેઢીમાં "સારૂં જોણું" જોઇ સદ્‌વર્તન પુનઃ સ્થાપન કરવાના દાખલા ઘણા મોટા જરથામાં બન્યા છે. મતલબમાં આ ધોરણે વેપારી રહે છે તેમ "આંટ" સ્થાપન કરી છે અને તેથી "આંટ" ના કરણથી આ જરથાના ભાણુસોને દીકરીઓ કે દીકરા ઓછા વધતા પ્રમાણમાં હોય તો તેમને ધોકા લાવવાનું કારણ રહેતું નથી.

હવે આ "વ્યવહાર" હું જાતિ પારસી મુકું છું અને પૂછું છું કે આવો

વ્યવહાર એકસરખા ધોરણનો અમુક જથ્થો કરે તો વ્યવહાર "વિષય"ને નાણુંદ તરતજ કરી શકશે. પ્રાથમિક રીતે સૂચના તરિકે પરિપદના ભાણમાં મેં કહ્યું છે કે ગોંડલવાડ એટલે ભાવનગર-મહુવા બગસરા-અમરેલી-ઓટાદથી વર્તુળમાં આવતા પ્રદેશમા આ એકસરખો વિવાદ થાય, અને ઝાલાવાડ જેનો વ્યવહાર ગોંડલવાડ સાથે છે તે આ વ્યવહારમાં બધે એટલે દીકરા, દીકરીઓ માટે પૂરતું વિશાળ ક્ષેત્ર થવાની સાથે વિષય માટેનો અવકાશ બંધ થાય. આ એક આવો પ્રદેશ આ ધોરણ એટલે ગારા મત પ્રમાણે ઘોળકા વિભાગવાળું ધોરણ સ્વીકારે એટલે ઘોળકા વિભાગ; અને આ ગોંડલવાડ-ઝાલાવાડ વિભાગ સ્વતઃ વિષય વિનાના થઇ ગયા. વિષય વિનાનો પ્રદેશ થયો એટલે સમાન સ્થિતિના કુટુંબોમાં વ્યવહાર કરવામાં મુંઝવણ નહિ નહિ અને ઘોળકા વિભાગના ધોરણની 'આંટ' આવક (ગ્રાન્ટ-ઇન) જ્યાં આવી આપનારી કુખ, ત્યાં કુંડીઓ આવક ઉપર જેમ સ્વીકારાય તેમ આ દીકરા, દીકરીના સગપણો "જેમ સિક્કાને વટાવ્યા ચાલે છે" તેમ છૂટથી થવાનાં અને ગરીબ પૈસાવાળાનું કોઇનું "અટકું" રહેવાનું નહિ અને જેમ તરતી કોલોમાં પણ ઘોડી કુંડીવાળા ખાધેલોના દીકરા દીકરી પરણે છે તેમ સમાન સમાન અસ્તિઓ આપણે ત્યાં પણ વહેવાર કરવાની અને ધોરણ એક સરખું હોવાથી, અને જથ્થાઓમાં લગભગ જુદા જુદા નાતોના સરખી સંખ્યાવાળા કુટુંબો દાખલ કરેલ હોવાથી વહેવાર બહોજ સરળ અને સહેલો થશે.

આ બાબતમાં પ્રત્યેક સ્થળની નાતિઓ કેવે શું શું વ્યવહારિક પગલાં લે છે અને પોતે પોતાના સ્થાનની સ્થિતિનું નક્કી કરી સમગ્ર મોટા ગોંડલવાડ, ઝાલાવાડના સમુદાયનો પ્રશ્ન કોન્ફરન્સ પાસે રજુ કરે તો, પ્રશ્ન કોન્ફરન્સની બેઠકે જ ચુકી જશે. પ્રત્યેક જોગે પોતપોતાનો અભિપ્રાય આ ધોરણ માટે એક કરી, પોતાના "વત્ત "ના" સામા સામેને આ ધોરણમાં સાથેજ થવા કોન્ફરન્સ પાસે લાવે, અને પોતાની બહુમતિ કેના આવે એટલે આ પ્રશ્ન વ્યાવહારિક પગલાંમા ઉપર ઉતરત ચડી જશે.

ધોરણધારા ગીરજાશંકર ત્રિવેદીના

કોન્ફરન્સ તા. ૨-૪-૨૩ પ્રણામ.

માબાપોને.

(મહુવામાં એક વખત એક કન્યાને તેને સાસરેથી કંઈપણ વાંક વિના કઢાડી મૂકવામાં આવી. કોઈ સમજુતી સમાધાનીથી તે કન્યાને પાછી તેડાવી. ફરી પાછું તેની તેજ વાત જ્ઞાતિ ગૃહસ્થો સમીપ મૂકવામાં આવી. તે વાદવિવાદમાં જ્ઞાતિના એક પટેલે નીચેના ઉદ્‌ગારો કઢાડયા હતા.)

યાદ રાખજો કે તમારી પુત્ર-વધુ તે તમારા ગૃહની લક્ષ્મી છે, તમારી પુત્રી કરતાંયે તે મોંઘી છે. એક કુટુમ્બમાંથી પોતાના સર્વ સમ્બન્ધીઓને ત્યજી બીજા કુટુમ્બમાં નવા સમ્બન્ધ બાંધવા આવતી એક અજ્ઞાન બિનઅનુભવી-સરળહૃદયા-નિર્દોષ બાલિકાને તે પરિવર્તન કેટલું વિષમ લાગતું હશે ? પોતાનું નિર્દોષ બાલપણું, પોતાનું સ્વતંત્રપણું, સર્વ ત્યજી તે તમારા કુટુમ્બમાં આવે છે. આશા-નિરાશામાં ઝોલાં ખાતી તે નવા જીવનમાં પ્રવેશ કરે છે. તે બાલિકા પ્રત્યે જરી પણ ભીન્ન ભાવ રાખવો, તેના કુણા જીગરને દુભાવવું, તેના સમ્બન્ધીઓના વિયોગથી થતાં અસહ્ય દુઃખમાં ઉમેરો કરવો, એ તમારા નાશની નિશાનીઓ છે. તેના બળતા અંતરની છૂપી હાય તમારા કુળનું નિકંદન કાઢશે, તેના આંસુઓમાં તમારા સર્વ વૈભવ તણાઈ જશે.

માટે જો તમે તમારૂં શ્રેય ઇચ્છતા હો, તો કદાપિ ભૂલ્યે ચૂક્યે યે તમારા ઘરમાં આવી વસેલી તમારી પુત્રવધુને દુભાવતા નહી. તે તેના માબાપને ત્યજી તમારી પાસે આવી છે. તમે તેના માબાપ બની રહેજો. તેને તમારી પુત્રી કરતાંયે વધારે વ્હાલથી પાળજો. અને નિજ કુટુમ્બના વિયોગથી થતું દુઃખ તે કયમ વિસરી જાય, તે પ્રતિજ્ઞ હમ્મેશાં પ્રયત્ન આદરજો. તમારી તે ગૃહલક્ષ્મી છે, તમારી તે કુલમર્યાદા છે, તમારી તે વંશોદ્ધારક વેલી છે. એના સંતોષમાંજ તમારૂં શ્રેય છે એ નિશ્ચય માનજો.

તા. ૯-૩-૨૨.

સંપાદક,

મગનલાલ શ્યામજી ત્રિવેદી.

प्रासंगिक नोंध.

અમદાવાદ છાત્રાલય તથા શ્રીમાળી શુભેચ્છકના લાભાર્થે સીનેમાઃ-

દાન આપવાના કે મદદ કરવાના અનેક રસ્તા છે, પરભાર્યું આપવાથી કે કોઇને આપવાને પ્રેરવાથી મદદ કરવાનો ઉદ્દેશ પાર પડે છે, મુંબઇમાં વસતા રા. રા. ભાઈ દલપતરામ ભગવાનજી ત્રિવેદીએ અમદાવાદના આપણા જ્ઞાતિછાત્રાલયના મકાન ફાળામાં તથા "શ્રીમાળી શુભેચ્છક" ની બાદની પૂરતી અર્થે સીનેમાનો એક ખેલ અપાવવા શ્રીમાન્ મોહનલાલ ગોપાળજી દવેને ભલામણ કરી હતી; જે પરથી શ્રી. મોહનલાલ ભાઈ કે જેઓ ઉદિચ્ય બોર્ડિંગના એક મુખ્ય કાર્યવાહક છે તેમણે બ્રાહ્મણ જાતિ તરફના પોતાના સ્વાભાવિક અભિમાનથી પ્રેરાઇને પોતાની લાગવગથી ઈમ્પીરીઅલ સીનેમા કું.ના માલિક વહોરા ગૃહસ્થ પાસેથી "સતી અંજની" નામનો ધાર્મિક ખેલ ગયા અમાસના રોજ અપાવવાની મોહનણ કરી આપી હતી. અમદાવાદ છાત્રાલયના મકાન ફાળામાં મદદરૂપે તથા શ્રીમાળી શુભેચ્છકને આવેલી બાદની પૂરતી અર્થે મુંબાઈની અંદર ઇમ્પીરીઅલ સીનેમા કું. તરફથી એક ખેલ ચૈત્ર વદ અમાસના રોજ સાડા ત્રણ વાગ્યે આપવામાં આવ્યો હતો. શ્રીમાન્ મોહનલાલ ગોપાળજી દવેની શુભેચ્છાના પરિણામે આ ખેલનો લાભ મળ્યો હતો તેથી અત્રે અમે પ્રથમ તેમનો ઉપકાર માનીએ છીએ. તે ઉપરાંત સીનેમાના ઉદાર માલેકે કાંઈપણ અર્થ લીધા વિના ખેલ આપવા માટે તેમનો પણ ઉપકાર માનીએ છીએ. જે જે ગૃહસ્થોએ ટીકીટો ખપાવવા પ્રયાસ કરેલો તેમનો પણ સામાન્ય રીતે અમે અત્રે ઉપકાર માનીએ છીએ. ખેલની કુલ ઉત્પન્ન રૂા. ૩૪૫-૨-૦ થઇ છે. હજી લગભગ રૂા. ૫૦)ની ઉઘરાણી બાકી છે. તેથી કુલ ઉત્પન્ન લગભગ રૂા. ૪૦૦) સુધી પહોંચશે. તેમાંથી લગભગ રૂા. ૨૦૦) અમદાવાદના જ્ઞાતિ છાત્રાલયના મકાન ફાળામાં જશે અને બાકીના લગભગ રૂા. ૨૦૦) શ્રીમાળી શુભેચ્છકની બાદ બાતે મદદ તરિકે જશે.

શ્રીમાળી શુભેચ્છકની બાદઃ—શ્રીમાળી શુભેચ્છકને રૂા. ૮૦૦)ની બાદ આવેલી છે. તે પેટે રૂા. ૧૧૩)ની મદદ મળ્યાનું ગતાંકમાં અમે જણાવી ગયા છીએ. તે ઉપરાંત રૂા. ૧૭૨-૯-૦ મુંબાઇમાંથી મળેલા સીનેમાના ખેલની આવકના અર્ધ ભાગે જમા થયા છે. અને હજી પણ લગભગ બીજા

રૂા. ૨૫) આવશે એટલે શ્રીમાળી શુભેચ્છકની કુલ આદ રૂા. ૮૦૦)ની તેમાંથી લગભગ રૂા. ૩૧૦)ની આવક આ રીતે થઇ છે. હજુ રૂા. ૪૯૦)ની આદ ઉભી રહેલીછે. જ્ઞાતિના કદરદાન શ્રીમંત ગૃહસ્થોને યથાશક્તિ પોતાની સહાય્ય મોકલવા માટે અમે વિનંતિ કરી ચૂક્યા છીએ. તેથી તેઓ યથાશક્તિ આર્થિક સહાય્ય મોકલવા ચૂકશે નહિં એવી અમોને શ્રદ્ધા છે. ઉપરાંત જે ગૃહસ્થો શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહક થયા ન હોય તેમજ જે ગ્રાહકો બંધ થયા હોય તેઓ ફરીથી ગ્રાહક થશે એવી અમોને આશા છે. શ્રીમાળી શુભેચ્છકના કદરદાન ગ્રાહકોને અમારી આગ્રહપૂર્વક એટલીજ વિનતિ છે કે તેઓ પોતાથી બનતી યથાશક્તિ આર્થિક સહાય્ય મોકલી આપશે અગર તો થોડાં નવાં ગ્રાહકો મેળવી આપવા પ્રયત્ન કરશે.

લીંબડી પરિષદનો હેવાલ:—લીંબડી પરિષદનો હેવાલ તેના મન્ત્રીઓ તરફથી બહાર પડી ચૂક્યો છે. રિપોર્ટ ઘણો સુંદર, આકર્ષક અને સંપૂર્ણ છે. પરિષદની ઉપસ્થિતિ, તેને રસોહમંદ કરવા માટે થએલા પ્રયાસો, લીંબડીમાં ભરાએલો ભવ્ય મેળાવડો, પરિષદમાં થએલી ચર્ચાઓ, ઠરાવો તથા ભાષણો લગભગ સંપૂર્ણ રીતે રિપોર્ટમાં આપવામાં આવ્યા છે. પરિષદમાં હાજર રહેનાર ગૃહસ્થોની નામાવલિ, સ્ત્રી પ્રેક્ષકોની નામાવલિ, સ્વયંસેવકોની નામાવલિ વગેરે નામાવલિઓ, પરિષદની યોજના અને બંધારણ, સ્વાગત મંડળના પ્રમુખ તથા પ્રમુખશ્રીનાં સંપૂર્ણ ભાષણો, શ્રીમાન્ છગનભાઇને આપવામાં આવેલ માનપત્ર, પરિષદમાં ગવાએલાં સ્વાગત ગીતો તથા અન્ય ગીતો વગેરે વસ્તુઓનો રિપોર્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પરિષદમાં હાજર રહેલા ગૃહસ્થોનો એક ફોટો, કાર્યવાહકો તથા સ્વયંસેવકોનો એક ફોટો, સ્વાગત મંડળના પ્રમુખ તથા પ્રમુખશ્રીના ફોટા એમ ચાર ફોટાઓ પણ આપવામાં આવ્યા છે. છપાઈ ટાઇટલ તથા કાગળ પણ સુંદર છે. રિપોર્ટની કીંમત માત્ર રૂા. ૧) રાખવામાં આવેલો છે તે તદ્દન વ્યાજબી છે. શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહકોને માટે રિપોર્ટની કીંમત આઠ આના રાખવામાં આવી છે. એકંદરે મન્ત્રીઓએ ઘણીજ તસ્દી લઇ રિપોર્ટ તૈયાર કરેલો છે. તેમાં આપેલી વસ્તુ, તે તૈયાર કરવામાં પડેલો શ્રમ અને તે છપાવવાના ખર્ચના પ્રમાણમાં તેની કીંમત કાંઈ હિસાબમાંજ નથી. દરેક દરેક જ્ઞાતિ ગૃહસ્થે તે રિપોર્ટની એક પ્રત પોતાના ઘરમાં રાખવા ચૂકવું નહિ, એવી અમારી ખાસ ભલામણ છે.

શ્રીમાળી શુભેચ્છકના તમામ ગ્રાહકોએ રિપોર્ટની ઓછામાં ઓછી એક પ્રત તો અવશ્ય લેવીજ જોઇએ. જે ગૃહસ્થો લાંબી પરિપદ્‌માં હાજર હોય તેમણે તો જરૂર એક પ્રત રાખવી જોઇએ. જોએલી અને અનુભવેલી વસ્તુનું મનન કરવામાં રિપોર્ટ ઘણો લાભકારક નીવડશે.

આપણી શરમઃ—એક તરફ જ્યારે જ્ઞાતિની પરિપદ્‌ ભરાય છે, જ્ઞાતિ ઉન્નતિનાં કાંઇક ચિન્હો જણાય છે, જ્ઞાતિની ઉચ્ચ સ્થિતિને માટે કાંઇક આશા રાખી શકાય છે તેવા સમયે બીજી તરફ કોઇપણ વખતે ન બન્યાં હોય તેવાં અને તેથી વધુ સંખ્યામાં કન્યા વિક્રય તથા સવેલી કન્યાઓનાં લગ્ન થયાં છે. જામનગર જેની પાસેથી ઉત્સાહની કાંઇક વધુ આશા રાખી શકાય ત્યાં તો ગત અને ચાલુ વર્ષમાં જાણ્યાજાણ્યા સવેલી કન્યાઓનાં લગ્ન થયાં છે. વધારે શોચની વાત તો એ છે કે જ્ઞાતિના ઉત્સાહી પટેલો, જ્ઞાતિના ઉત્સાહી ગૃહસ્થો જેમના હસ્તે કાંઇક જ્ઞાતિ ઉન્નતિના કાર્યોની આશા રાખી શકાય તેવાઓના હસ્તે આ કન્યાઓનાં સાટાં અને સવેલી કન્યાઓનાં લગ્નો થએલાં છે. જ્ઞાતિ ઉન્નતિના પહેલા પગથીએ આ કાંઇ ઓછી શરમની વાત આપણા માટે ન ગણાય. આપણે આશા રાખીએ કે આપણી શરમની જ્વાળાનો આ છેલ્લોજ ઝબકારો હોય.

સ્વર્ગસ્થ વૈદ્યરાજ જટાશંકર લીલાધરનું સ્મારકઃ—સ્વર્ગસ્થ વૈદ્યરાજનું સ્મારક રાખવાની ગોઠવણ શ્રી. ભ. આ. શ્રી. ધા. કે. મંડળ તરફથી દાદેક વર્ષ થયાં કરવામાં આવી છે. તેમા સ્વર્ગસ્થના પુત્રોએ રૂા. ૨૫૦૦) ભર્યા છે. ઉપરાંત તેના સગાં સ્નેહીઓએ પણ યથાશક્તિ રકમો નોંધાવી છે. પરંતુ હજુ તેમનાં ઘણાં સગાંસ્નેહીઓ છે કે જેઓએ સ્વર્ગસ્થ પ્રત્યેની પોતાની ફરજ બજાવી નથી. સ્વર્ગસ્થનું કુટુમ્બ અને તેમનો સ્નેહી વર્ગ ઘણો વિશાળ છે. તેમના દરેક કુટુમ્બી અને સ્નેહીજન તેમના પ્રત્યેનો પોતાનો ભાવ તેમના સ્મારકમાં યથાશક્તિ રકમ નોંધાવી અવશ્ય દર્શાવવા ચૂકશે નહિં એવી અમારી વિનંતિ છે.

તન્ત્રી.

"સનમ્ ના છોડશો અમને—"

સનમ્! ના છોડશો અમને–અમારી ભરતી વસમી છે;
તમારી બેકદરદાની થકી–અમ દીલ ઝખમી છે.
તમે કુરબાનના કાતિલ, મહેતમાં ચારી ફેંકી છે;
તમારા ચશ્મમાંના નમ–ખુમારી ચીજ બ્હેકી છે.
ભલે બનતા અમે પાગલ, તમે ના આવશો આગળ;
અમારી બાનદાનીમાં તમારે–પાય તો લાગેલ.
સનમ્! ના રોકશો આંસુ; તમે હરરોઝના પાગલ;
અમારાં ચશ્મ ખુલ્લાં છે; તમે આવો અહીં આગળ.
મળીશું જનમાં ધાલી; દળીશું દુઃખડાં સરવે;
ગળીશું પ્રેમ–રસ પાને; તરીશું સ્હેજ આલમને.
બજે પામલ ઝમકારી, સનમ તાને ચડી ગઈ છે;
મગર અફસોસ! અમ બંધાણો–અધૂરાં મૂકતી ગઈ છે.

ન. પ્રા. દવે.

---

* રૂપીઆવાળી ટીકીટ બૂકો!

જે જે જ્ઞાતિ ગૃહસ્થોને શ્રી મ. આ. સી. બ્રા. કે. કાળાની મકાન કાળાની. શ્રી મહાલક્ષ્મીની છબીવાળી રૂા. ૩૦૬ની ટીકીટ બૂકો મોકલવામાં આવી છે તેમણે તે ભરાવી લેશે. ભરાવવી બાકી હોય તેમણે તુરત ભરાવી લેવા તથા બીજી બૂકો ભરાવી શકાય તેમ હોય તો તે મંગાવી લેવા તેવા તમામ જ્ઞાતિ ગૃહસ્થોને વિનંતિ છે. અન્ય જ્ઞાતિ ગૃહસ્થો પણ તેવી રીતે મકાન કાળાની ટીકીટો ભરાવવામાં સહાયભૂત થઇ જ્ઞાતિનું સરસ્વતી મન્દિર ઉભું કરવામાં મદદગાર થશે. મકાન માટે રૂા. ૨૫૦૦૦ જોઇએ છે તે જ્ઞાતિના તમામ ઉત્સાહી ગૃહસ્થોની મદદ વિના બનવું મુશ્કેલ છે. તેથી જ્ઞાતિના ઉત્સાહી ગૃહસ્થોને અમારી આગ્રહપૂર્વક વિનંતિ છે કે તેઓ ટીકીટો ભરાવવા યથાશક્તિ જરૂર પ્રયાસ કરશે.

દોલતખાના ૪૧૦૩–૬. અમદાવાદ. } મન્ત્રીઓ–શ્રી મ. આ. સી. બ્રા. કે. મંડળ.

જીવન-પ્રપંચ.

(લેખકઃ—નવનિધરાય પોપટલાલ ઓઝા).

ગતાંકથી ચાલુ-રચેલું.

સમય જેમ વીતતો ગયો તેમ વૃદ્ધ પિતાશ્રીનું સ્મરણ ઝાંખુ થયું, પરંતુ નિર્મળાને તો તે નિત્ય હૃદયે રહ્યું. હવે જીવનરામના કાર્યક્ષેત્રમાંથી સર્વ નડતર દૂર થઇ. તેના પ્રપંચના પ્રભાવ અને વિશાળતા વધ્યાં.

હજી તો રૂદી મુજબના ડોસાના દહાડાને ચાર પાંચ દિવસ થયાં નથી, ત્યાં તો જીવનરામ બોટભાઇને લગ્ન માટે ઉતાવળ કરવાનું કહેવા લાગ્યા.

"તમારી વાત સાંભળીને મને બહુજ લાગી આવેછે. હજી તો મારા પિતાશ્રીના મરણને વીસ દિવસ પુરા થયા નથી, ત્યાં તો તમે આ પ્રમાણે લગ્ન કરવાનું કહો છો, તે ખરેખર અઘટિત અને નિન્દાપાત્ર વિચાર છે. જ્ઞાતિજનો જાણે તો મારી નિન્દા કરે, અને મારે અમરપુરમાં રહેવું ભારે પડી જાય. યોગ્ય સમયે હું લગ્ન કરીશ તેમાં સંશય જેવું કંઇ નથી," બોટશંકરે ખુલાસો કર્યો.

"ખરેખર બોટશંકર, તમે બહુ કરકસર માણસ લાગો છો. સ્વકાર્ય સિદ્ધિમાં શું આપણે મુઠ્ઠી જેટલા જ્ઞાતિબન્ધુથી ડરી જવું! કદાચ તેઓ તમારી નિન્દા કરે, તો તેમાં તમારૂં શું જવાનું હતું. વળી આપણી પાસે અન્ય માર્ગો ક્યાં ઓછાછે. જુઓ! સાંભળો, ઓંઢ! આપણેછે'ને અહીંથી ટ્રોશ બીજા ગામમાં જઇએ, અને ત્યાં સપાટામાં લગ્ન ક્રિયા ઉકેલી દુમ પછી બસ.....તમારૂં કામ કરેહ, તમારી ને અમારી ભવની ભીડો ભાંગશે ને લાડી ઘેર આવશે." જીવનરામે કપટ અને પ્રપંચથી મિશ્ર થયેલી વાચાનો ઉપયોગ કર્યો અને બોટભાઇને હાજી હા કરવાની ફરજ પડી.

બોટશંકરે કેટલાક દિવસો વીતવા દીધા. એક દિવસ તેણે નિર્મળાને કહ્યું, "બેન! મારે માટે નોકરીનો બંદોબસ્ત જીવનરામભાઇએ પાટનગરમાં કર્યો છે, અને ત્યાં જઈ વેળાસર નોકરીમાં દાખલ થઇ જવું એ ઉચિતછે. જીવનરામે પણ આપણી સાથે આવી યોગ્ય સગવડ કરી આપવા વચન આપ્યું છે."

બીજે દિવસે સવારમાં, ભોટશંકર સરસામાન બાંધી સ્ટેશનપર રવાના થયા, અને પ્રથમથીજ કરેલી યોજના મુજબ જીવનરામ પણ પાટનગરની ત્રણ ટીકીટ લઇ, તેઓને મળ્યા. ત્યાં એક જુનું ગૃહ ધિંગે ભોટશંકરે રહેવાણ રાખ્યું.

વાંચકની અત્રે જણાવવાની જરૂર પડેછે કે પાટનગરમાં ભોટભાઈ માટે નોકરી છે, તે એક પ્રપંચજ હતો, અને તે પ્રપંચના કર્તા આપણા પ્રપંચ-પ્રેમી જીવનરામજ હતા. લગ્ન જલદી કરી લાડી ઘરમાં લાવવી તે તેનો ઉદ્દેશ હતો, અને તીવ્ર પ્રપંચ શસ્ત્ર વિના પોતે ફાવશે નહિ તેની તેઓને ખાત્રી હતી. ભોટશંકર આખો દિવસ ઘર બહારજ રહેતા, અને જાણે પોતે નોકરી કરે છે તેવોજ ડોળ રાખતા.

ઓચિંતા એક સવારમાં નિર્મળાને કાને કંઇ અવાજ સંભળાયો. તે અવાજ ઢોલ ત્રાંસા અને શરણાઇનો છે, તેમ તેને માલુમ પડ્યું. તેણે ધાર્યું કે ગામમાં કોઇના લગ્ન હશે, જેથી ઢોલ વાગતાં હશે. તે બીચારીને બીજી પ્રપંચ બાજીની શી ખબર હોય! અવાજ ધીમે ધીમે નજીક આવવા લાગ્યો; અને છેવટે પોતાના ઘરના દરવાજાની સામેજ આવી તેઓ ઉભા. આ સર્વ શું છે, એ હજી તો નિર્મળા વિચાર કરે છે ત્યાં કેટલાક સ્ત્રી પુરૂષો દરવાજામાં દાખલ થયાં, સ્ત્રીઓ નિર્મળાનું નામ લઈ, વિવાહમાં ગવાતાં મંગળ ગીતો ગાતી હતી.

નિર્મળા ચમકી. તે વિચારમાં પડી. ઘડીભર તેને પોતાના દેહનું પણ ભાન ન રહ્યું, આ સર્વ શું? આની શું મતલબ? શો અર્થ? તે તેનાથી તુરત કંઇ ન સંભળાયું. એટલામા ભોટશંકર દાખલ થયા. તેણે મહેમાનોનું સ્વાગત કર્યું. બારેક જણ પ્રતાપમાં ઘસેંચાયાં. પાનસોપારીના મુખવાસ કરાવી, સર્વેને શાન્તિથી વળાવ્યાં. પછી તેઓ અર્ધ દિગ્મૂઢ બની ગયેલી નિર્મળા પાસે જઇ કહેવા લાગ્યા. "બેટા, તારા લગ્નનું આવતી કાલનું શુભ મુહૂર્ત છે. આજે બહુ મુહૂર્ત હતું તે આપણે નિર્વિઘ્ને છોડેલું છે. બરેબર ઇશ્વર આપણને સહાય છે. તેની કૃપા વિના લેશ માત્ર પણ કાર્ય મનુષ્યથી કદિ થઇ શકતું નથી. તારા લગ્ન જીવનરામ સાથે વેળાસર થાય, તેવી મહાન કૃપાળુ પરમેશ્વરની ઇચ્છા જણાય છે અને તેની ઇચ્છા પુરણ કરવું તે પ્રત્યેક મનુષ્યની ફરજ છે. માટે બેન ઉઠ! તૈયાર થા આ તારા માટે હું દાગીના લાવ્યો છું, તે સ્નેહથી પહેરી વિભૂષિત થા. વળી આ સુંદર વસ્ત્રો પણ

સાથેજ લાવ્યો હતું. લે બેન! તે તું પ્રેમથી અંગે ધર. પિતાશ્રીની ઇચ્છાને આધિન થવું, તે સંતાનનું મુખ્ય ધ્યેય હોવું જોઇએ. હું તને કરગરીને કહું છું તેનો તું-અમલ કર. અત્રે ઢીલ કરવી ઉચિત નથી." ભોટસંકરે શાન્તી સામે ક્રોધથી મિશ્ર થયેલી ભાષાથી ધમકીરૂપે નિર્મળાને જણાવ્યું.

ભોટસંકરનું અકસ્માત આગમન. ધમકી અને જોયેલા નાટકથી બીચારી નિર્મળા બહાવરી બની ગઇ. તેનાથી એક શબ્દ પણ આ સમયે ઉચ્ચરત બોલી શકાયો નહિ. તે બરાબર સમજી કે આ સર્વ તેના પિતાશ્રીનો તથા ઇશ્વરલાલનો પ્રપંચ છે. પંતુ આટલાથી તે ડરે તેમ ન હતી, અને આખરના અસરકારક શબ્દોથી દોભાન્ય પિતાશ્રીને સમજાવવાનો પ્રયત્ન અફળ થશે તેમ જાણ્યા છતાં તેણે કર્યો.

" પિતાશ્રી લોભ એ મહા પાપનું મૂળ છે, અને તેનાથી નીપજતા અનર્થનાં ફળ લોભી મનુષ્યને જરૂર ચાખવાં પડે છે. દુનિયામાં લોભની એક દોષ (vice) તરીકે તુલના થઇ છે, અને તેથીજ પ્રત્યેક જ્ઞાની પુરૂષે તેનાથી દુર રહેવું જોઇએ. કહ્યું છે કે લોભની પણ સીમા હોવી જોઇએ. લોભવશ થઈ અનેક નરનારીઓએ શાથાં પાતક કર્યાં છે, તેનો ખ્યાલમાત્ર એક સાધુ પુરૂષને સખ્ત આઘાત કરે છે. લોભી પુરૂષ ભલે પછી તે એક નામાંકિત વકીલ હોય અગર તો વેપારી હોય અગર તો ધનવાન હોય તથાપિ પોતાની અંદર રહેલી ભયંકર લોભાવૃત્તિના કારણે કેવા કેવા પાપ કરે છે તેનું સાધારણ દૃષ્ટાંત પણ એક સંત પુરૂષનું હૃદય ચોરી જાણે છે. લોભાધીન પુરૂષ હંમેશાં નિર્ધન અને સાધારણ સ્થિતિવાળો હોય તેવું હોતુંજ નથી. અતિ ઉચ્ચ પદ ભોગવનો પૂર્ણ કેળવાએલ, મહાસભાઓમાં અસામાન્ય માન પામતો પુરૂષ પણ ઘણી વખત લોભાસક્ત હોય છે, અને તેમ હોઇ હૃદયનો પાપી, ભીરૂ અને દુષ્ટ હોય છે. આવા અનેક પુરૂષો વિષે આપણે વાંચ્યું છે અને જાતુ નજરે પણ જોઇએ છીએ. પિતાજી હું સત્ય કહું છું કે તેવા પુરૂષોમાં તમારૂં નામ પણ પરમેશ્વર ચોક્કસ નોંધશે. તે દુષ્કૃત્યોને અહીં નહિ તો પરલોકમાં પણ પોતાના દુષ્કર્મો માટે જવાબ આપવો પડશે. અને પરિણામો ભોગવવાં પડશે. જાણો છો છતાં ભૂલી જાઓ છો, પિતાજી! કે ઈશ્વર સત્યનો જોડી છે. લલાટે લખ્યું મિથ્યા

થનાર નથી. લક્ષ્મી ચલિત છે આજ છે ત્યાં કાલે નહી હોય, તો પછી. એવા નિર્જીવ લોભમાં તમે કયા પડો છો ? સન્માર્ગને તમારૂં પેટ ન ભરાતું હોય તો ફોડી નાખો, પરંતુ આવા પાપી કૃત્યોથી તો જરૂર દૂર નાસો. જીવનરામ જેવા મ્લેચ્છ સાથે મારાં લગ્ન કરતાં પહેલાં મને અફીણ ઘુંટીને આપો, તો હું ઘણી ખુશીથી તે અમૃત ગણી પી જઇશ. પિતાજી, શા માટે દયા ખાઓ છો ? શું જુઓ છો ? ને તમારો વિચાર મને પરણાવી રીબાવી રીબાવી મારવાનો હોય તો શા માટે આજેજ નિકાલ નથી કરતા ? ને તમને દયા આવતી હોય તો લાવો આપો અને પીવા દો મને વિષનો પ્યાલો. પ્રભુ તમારૂં ભલું કરે. પણ યાદ રાખજો પિતાશ્રી કે આ તમારી પુત્રી રીબાઇ રીબાઇને મરશે અને તેનું કાળુ કલંક તમારા નામને ચોંટશે. જો કંઈક લજ્જા હોય તો ચેતો. હું તમારા સ્વાર્થની વાતો કરૂં છું. મારા હિતમાં તમારૂં અને તમારા હિતમાં મારૂં હિત સમાયું છે. વધુ શું કહું ! માત્ર ભાવિપર આધાર ગણી ગાયને જેમ દોરે તેમ, દોરાઉં છું !"

નિર્મળાએ બોલવું બંધ કર્યું. આ તેના મોઢાના શબ્દો નહિ પણ હૃદયની દાઝની જ્વાલા હતી. પણ અજ્ઞાન છતાં મહેશ્વરીની કુદરતી બક્ષિસથી વાચા ખુલ્લી થઇ. તે મોહિની સ્વરૂપીણીનું સ્વરૂપ પ્રગટયું, અને બોટભાઇને એમજ લાગ્યું કે કોઇ દૈવી અંશ તેના શરીરમાં દાખલ થયો છે અને તેનાજ પ્રભાવ અને પ્રેરણાથી નિર્મળાએ આ ખુલાસો કર્યો છે. આ શબ્દો નિર્મળાના નહિ, પરંતુ દેવી નિર્મળાનાજ હોય, એમ તેને લાગ્યું, અને તુરતજ ત્યાંથી ચાલી નિકળ્યાં.

નિર્મળાના હૃદયભેદી વાકયોના શ્રવણાન્તે પણ બોટભાઇના નિર્દય હૃદયમાં લેશમાત્ર પણ દયા ન આવી કિંતુ તેઓ વિશેષ મક્કમ બન્યા. "વાત માત્ર એક રાત્રિની જ છે. સવારમાં તો હસ્ત મેળાપ થઇ જશે અને આ બોટશંકરનો બેડોપાર"—બોટશંકર મનમાં બબડયા.

અન્ય દીવસે પૂર્વથીજ યોજીત કર્યા મુજબ શુભ મુહૂર્તે જીવનરામ વરરાજાનો વરઘોડો ચડયો. અને નગરજન અને નારીઓના ટોળેટોળાં તે જોવાને અહીં તહીં દેખાયાં. બાકીજ આ નગર પ્રેક્ષકોના મુખમાંથી અરરર !!! હાઈ! હાઇ ! સિવાયના અન્ય શબ્દો તો નીકળ્યા હશે "આતો કંઈ કે કાકા એ શબ્દો તો સૌ કોઇ બબડયા હશે. બાળકો તો

તેનો દેખાવ જોઈ ગભરાટથી રડતાં કારણ કે "આ બાવો પકડી જશે" તેવી ભીતિ તેમને લાગી. ઢોલ ત્રાંસા અને શરણાઇ જે કે વાગતાં હતાં, છતાં કુતરાઓના ભસવાનો અવાજ એટલો તો મોટો હતો કે આ ઘોંઘાટી જેનની ત્યાં કશી અગત્યજ ન હોય તેનું અનુમાન તુરત એક કરકસરીયો-જીવ (economist) કરી શકતો. વરરાજાની આગળ પુરુષો અને પાછળ સ્ત્રીઓ મંગળ ગીતો ગાતી માલુમ પડતી હતી. આ સઘળા નરનારીઓ જીવનરામે કયાંથી જમાવ્યાં તે એક પ્રપંચી-પુરૂષ પણ કદાચજ સમજી શકશે. ગમે તેમ હોય, પરંતુ જીવનરામની પ્રપંચ-શક્તિનો પ્રભાવ અને પ્રાણલ્યનું માપ ભાગ્યેજ કોઇ કરી શકે તેમ હતું.

અપૂર્ણ.

સ્વ. શિવશંકર ભગવાનજી નિવેદી સ્મારક શિષ્યવૃત્તિઓ.

જુનથી ઓકટોબર માસની મુદત માટે ઉપરોક્ત શિષ્યવૃત્તિઓ કાઠીઆવાડની શાળાઓ તથા કોલેજોમા ભણતા વિદ્યાર્થીઓને આપવાની છે. જે વિદ્યાર્થીઓને તે સ્કોલરશીપ લેવા ઇચ્છા હોય તેમણે પોતાની આર્થિક સ્થિતિ, ચાલચલગત, અભ્યાસ વગેરેનાં શાળાના મુખ્ય શિક્ષક, પ્રીન્સીપાલ અગર તો કોઇ સંભાવિત જ્ઞાતિ ગૃહસ્થના પ્રમાણપત્ર સહિત તા. ૧૫ મી જુન સુધીમાં નીચેના સિરનામાએ અરજી કરવી.

દોલતખાના ૪૧૦૩-૬
અમદાવાદ.

મન્ત્રીઓ શ્રી. મ. આ. શ્રી. બ્રા. કે. મંડળ.

સ્વ. મણીકુંવર સ્મારક આણી માફી.

અમદાવાદ જ્ઞાનાલયમાં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓ પૈકી કોઇ લાયક વિદ્યાર્થીને "સ્વ. મણીકુંવર સ્મારક" આણી માફી આપવાની છે. જે વિદ્યાર્થી આ માફીનો લાભ લેવા ઇચ્છતા હોય તેમણે પોતાની આર્થિક સ્થિતિ, અભ્યાસ, ચાલચલગત વગેરેનાં મોકલ્સ પ્રમાણપત્રો સહિત સવિસ્તર અરજી નીચેના સિરનામે તા. ૧ લી જુન પહેલાં કરવી.

મન્ત્રીઓ-શ્રી. મ. આ. શ્રી. બ્રા. કે. મંડળ.

શ્રીમાળી બ્રાહ્મણ છાત્રાલય–અમદાવાદ.

રૂા. માર્ચ એપ્રીલમાં મળેલી નવી મદદ.

૨ શ્રી. રૂગનાથ મંગળજી ઓઝા, જામરોદપુર.

૫ શ્રી. પ્રાણજીવન ગદાશંકર ત્રિવેદી (આદરીકા) સં. ૧૯૭૯ ના પ્રથમ વર્ગના સભાસદના.

૨ શ્રી. અંબાશંકર ભીમજી ઓઝા, આટકોટ. ચી, પ્રભાશંકરના લગ્ન પ્રસંગે ભેટ.

૧૦૧ શ્રી. ઈશ્વરલાલ ચત્રભુજ ઓઝા, મોરબી ચી. બાબુના લગ્ન પ્રસંગે ભેટ.

૨ શ્રી. ભાઇશંકર અંબારામ ત્રવાડી ગઢાળી ચી. નંદલાલના લગ્ન પ્રસંગે ભેટ

૫૧ શ્રી. રવીશંકર લાલજી ત્રવાડી, સરધાર, ચી. કેવળરામના લગ્ન પ્રસંગે રૂા. ૧૦૧ પૈકી.

૫૧ સ્વ. શાન્તાલક્ષ્મી તે રા. નથનિધરાય પો. ઓઝાના પત્નીના પુણ્યાર્થે.

૧૦ શ્રી. શિવલાલ રેવાશંકર ઓઝા પ્રાંગધ્રા તેમના લગ્ન પ્રસંગે.

૯ શ્રી. મગનલાલ ત્રીજોવન દવે, ચુડા.

૫૦ શ્રી. શેઠ જીભ્ભતલાલ જીગલદાસ તેમનાં સ્વ. પત્ની કમળાલક્ષ્મીના પુણ્યાર્થે ભોજન માટે.

૩ શ્રી. પ્રભાશંકર મણજી ત્રિવેદી, ભાવનગર, સં. ૧૯૭૯ના બીજા વર્ગના સભાસદની ફીના.

૨૦ શામજી હરિરામ ત્રિવેદી, હા.-ગૌરિશંકર શામજી ત્રિવેદી, જામનગર. ડેસ્ક બનાવવા માટે.

૧ ગૌરિશંકર શામજી ત્રિવેદી, જામનગર.

૫૬૫ા ખેતર ખેડવા આપેલું તેની ઉપજના.

૨૫ શ્રી. દોલતરાય રેવાશંકર ત્રિવેદી, કલકત્તા મ. ગાંધીની કારાવાસની પુણ્યતિથિ નિમિત્તે.

૧૫ શ્રી રવિશંકર વિષ્ણુરામ ઓઝા, સંખેડા તેમના પુત્ર કમળાશંકરના યજ્ઞોપવિત પ્રસંગે મદદ કરેલ તે પ્રસંગે.

૧૦ શ્રી. પ્રભાશંકર આણંદરામ ઓઝા અંજાર તેમના સ્વ. ભત્રીજા લક્ષ્મીશંકર ઈશ્વરલાલની સંવત્સરી નિમિત્તે ભોજન માટે.

૩ શ્રી જટાશંકર હનુજી ત્રવાડી લીંબડી, સં. ૧૯૭૯ના ત્રીજા વર્ગના સભાસદની ફીના.

૧૦૧ સ્વ. રેવાશંકર નારણજી ઓઝા, અંજાર હા. અમૃતલાલ લાલજી ઓઝા રા. ગીરજાશંકર રેવાશંકર ઓઝાના લગ્ન પ્રસંગે.

૫ શ્રી. બાલશંકર ઓધડલાલ ઓઝા મુંબાઈ તેમના સ્વ. માતુશ્રીના પુણ્યાર્થે.

૧૨૫ શ્રી. પ્રાગજી મૂળશંકર દવે, મુંબાઇ, ભોજનના.

૧૩૨૫~ મકાન ફાળા ખાતે મુંબાઇની રસીદોની આવકના.

૧ દુર્લભજી ત્રિભુવન ત્રિવેદી સોદા, તેમની સ્વ. પુત્રી જ્યાલક્ષ્મીના પુણ્યાર્થે.

૧૦ શ્રી. જગન્નાથ ધોળાભાઈ ઓઝા, અમદાવાદ, તેમના પુત્રના યજ્ઞોપવિત પ્રસંગે.

૫ શ્રી. મૂળશંકર મુલાશંકર ઓઝા, સરધાર, તેમના ચી. અમૃતલાલના લગ્ન પ્રસંગે ભેટ.

૧૯ ૐ હરીલાલ તથા અમૃતલાલ જની જંગમાર, ભોજન માટે.

કુલ ૭૦૦ તે ઉપરાંત ઓફ રટન છાત્રાલયની ધર્મશાળા માટે મૌક્તિકશંકર શામજી ત્રીવેદી જામનગરવાળા તરફથી.

શ્રીમાળી બ્રાહ્મણ છાત્રાલય—અમદાવાદ.

ઉનાળાની રજાઓને લીધે ઉપરોક્ત છાત્રાલય તા. ૫ મી મે થી તા. ૧૬ મી જુન સુધી બંધ રહેશે. તા. ૧૭ મી જુનથી છાત્રાલયનું નવું સત્ર શરૂ થશે. આ સત્ર નહાનું હોવાથી તેની ફી સત્રની રૂા. ૪૦) રાખવામાં આવી છે. જે વિદ્યાર્થીઓને છાત્રાલયમાં દાખલ થવાનું હોય તેમણે દાખલ થવાની અરજીનાં છાપેલાં ફોર્મ્સ નીચેના સિરનામેથી મંગાવી તા. ૧ લી જુન પહેલાં મોકલી આપવાં.

મેઘાણીનો ખાંચો ૪૧૦૬-૯ અમદાવાદ. } મંત્રીઓ-શ્રી. શ્રી. બ્રા. કે. મંડળ.

જાતીય સમાચાર.

માણાવદર:—શ્રીમાન્ મૂલશંકર લીલાધર ત્રિવેદીનાં પૌત્રી તથા અહીંના દિવાન સાહેબ રા. ત્રીભોવનદાસ મૂળશંકર ત્રિવેદીનાં પુત્રી જ્યાગૌરીનાં લગ્ન વૈશાખ શુદ ૪ ના રોજ જામનગરવાળા ઓઝા મૂળશંકર મયાશંકરના પુત્ર અમૃતલાલની સાથે થયાં હતાં. પરિણદના ઠરાવને માન આપી જાન ચાર દિવસ રાખવામાં આવી હતી. શ્રીમાન્ મૂળશંકર લીલાધર ત્રિવેદી તરફથી સ્વર્ગસ્થ વૈદરાજ જટાશંકર લીલાધરના સ્મારક ખાતે રૂા. ૨૫૦) નોંધાવવામાં આવ્યા હતા. રા. મૂળશંકર મયાશંકર ઓઝા તરફથી લગ્ન પ્રસંગે અમદાવાદ છાત્રાલયને રૂ. ૫૦ ભેટ આપવામાં આવ્યા હતા.

મહુવા:-શ્રીમાળી બ્રાહ્મણ મિત્ર-મંડળનો સ્નેહ સમ્મેલન મહોત્સવ. શ્રી. છોટાલાલ દલપતરામ કવિના પ્રમુખપણા નીચે જ્ઞાતિ બાળકોને ઈનામ વહેંચવાનો એક મેળાવડો અંગ્રેજી નિશાળમાં ભરવામાં આવ્યો હતો. તે વખતે વિદ્યાર્થીઓને પુસ્તકો અને મીઠાઈ વહેંચવામાં આવ્યા હતા. ગત શરદ પુર્ણિમાની રાત્રિએ ભજવેલા સ્નેહ સમ્મેલનમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને તેજ વખતે જર્મન સીલ્વરના રકાબી પ્યાલા આપવામાં આવ્યા હતા. તે પ્રસંગે મંડળને શ્રીમાન્ કવિ તરફથી રૂા. ૫) તથા સ્વ. હરીરામ વીઠલ ત્રવાડી તરફથી દર વરસે રૂા. ૧૦૦) નું વ્યાજ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું. પ્રાસંગીક વિવેચન તથા સ્વ. હરીરામ વીઠલ ત્રવાડીના મૃત્યુમાટે દિલગીરી દર્શાવનારો ઠરાવ પસાર કર્યાપછી સભા વિસર્જન થઇ હતી.

અમદાવાદ:-શ્રીમાળી બ્રાહ્મણ છાત્રાલય તરફથી **મગનલાલ શ્યામજી ત્રિવેદીના** પ્રમુખપણા નીચે 'કલરવ' નામનું એક હસ્તલિખિત માસિક વૈશાખ માસથી શરૂ કરવામાં આવ્યુંછે. વિદ્યાર્થીઓની બુદ્ધિ વિકાસ પામે, હૈયામાં સારા સંસ્કારો-સારી ભાવનાઓ-ઉદ્ભવે એવો માસિકનો સરળ ઉદ્દેશ છે. માસિકના તંત્રી જ્ઞાતિના દરેક ઉત્સાહી ભાઇ-બ્હેનને લેખો મોકલવા નિમંત્રણ કરે છે. આષાઢ માસ પહેલા 'સ્વદેશ ભક્તિ'પર એક ઉત્તમ નિબંધ માટે, તથા એક ગમે તે વિષય પર લખેલા ઉત્તમ કાવ્ય કે લેખ માટે એક ગૃહસ્થ તરફથી ઉપયોગી પુસ્તક ઇનામ તરીકે આપવાની શુભેચ્છા દર્શાવવામાં આવીછે. આશાછે કે જ્ઞાતિના ભાઇ બ્હેનો આ તકનો લાભ લેવા નહી ચુકે.

તંત્રી 'કલરવ'.

શ્રી મ. આ. શ્રી. બા. કે. ફાળો.

મકાન ફાળાની રૂપીઆ એકવાળી ટીપનો.

હા. વનમાળી કાશીરામ ઓઝા-બીલખા.

૧	ઓધવજી વાધજી	બીલખા.	
૧	ભગિશંકર મોતીરામ બદ્દ,	બીલખા	
૧	બેન હસ્તુર જેશંકર	બીલખા.	
૧	રામજી હીરા	,,	
૧	હા. સુંદરજી વાલજી	,,	
૧	ઝા. નંદલાલ ભાવજી	,,	
૧	શેઠ વલ્લભદાસ દાળા	,,	
૧	ઝા.જગજીવનદાસ શંકરદાસ	,,	
૧	ઝા. બાબુ શાન્તિલાલ	,,	
૧	સોમજી વેલજી	,,	
૧	નરભેરામ ઓધવજી	,,	
૧	હા. નારણજી આણંદજી	,,	
૧	ઝા. જેચંદ નાગજી	,,	
૧	ગોવિંદજી સુંદરજી કોન્દાર	,,	
૧	ત્રીભોવનદાસ નારણજી વકીલ	,,	
૧	સોભાભાઈ શીવલાલ	બીલખા.	
૧	સોની લાલજી દામોદર	,,	
૧	કેશવલાલ રામચંદ	,,	
૧	શેઠ કેશવજી ત્રીભુ	,,	
૧	વલભજી દામજી	,,	
૧	ધારશી અમરશી લાખાણી	,,	
૧	શેઠ લાધા વાલજી	,,	
૧	વસનજી શામજી	,,	
૧	હા. હરખચંદ જીવરાજ	,,	
	કુલ	૨૪	
	૩૬૧ ઓપીલના અંક મુંબી બાદ કરેલા.		
		૩૮૫	

અન્ય જ્ઞાતિ ગૃહસ્થો પણ તેવીજ રીતે ટીપીટ બુક મંગાવી જ્ઞાતિના તેમજ અન્ય જ્ઞાતિના ગૃહસ્થો પાસે ટીપનો-ભરાવવા પ્રયત્ન કરશે એવી અમારી ખાસ વિનંતિ છે.

મન્ત્રીઓ-શ્રી મ. આ. શ્રી. બા કે. મંડળ. અમદાવાદ.

શ્રી. શુ. નો આવતો અંક.

જુન માસની અંદર તન્ત્રીને બહાર ગામ જવાનું હોવાથી શ્રીમાળી ગૃહસ્થનો જુન માસનો અંક વખતસર તૈયાર થવાનો સંભવ નથી. તેથી જુન તથા જુલાઇના સંયુક્ત અંક જુન માસની આખરે બહાર પડશે.

તન્ત્રી.

જાહેરાત.

મુંબાઇની અંદર કોઈ ચર્ણતે કામકાજ માટે આવનાર બહેનોને માટે ત્રણ દિવસ સુધી મફત રહેવા જમવા માટેની સગવડ તથા મુંબાઇમાં પરિક્ષાઓ આપવા જનાર જ્ઞાતિ વિદ્યાર્થીઓને પણ મફત રહેવા જમવા માટેની સગવડ થાનવાળા શ્રી. લાલજી શિવરાગ હવે તરફથી તેમના લક્ષ્મી-નારાયણ હિંદુ લૉજ (બ્રૂસેસ્ટ્રેટ, પહેલા ભોઇવાડા) માં કરવામાં આવી છે. આ સગવડનો લાભ લેવા ઇચ્છતા જ્ઞાતિ ગૃહસ્થો તથા જ્ઞાતિ વિદ્યાર્થીઓએ ઉપર જણાવેલા શિરનામે અગાઉથી લખી જણાવવું.

અનાથ વિધવા બહેનોને.

જ્ઞાતિની અસહાય્ય વિધવા બહેનોને ૧૦ રેંટીઓ દલકત્તાવાળા હવે નરભેરામ માધવજી તરફથી આપવાના છે. જે બહેનોને ચરખા જોઇતા હોય તેમણે પોતાનાં પૂરાં શિરનામાં સહિત નીચેના શિરનામે તુરત લખી જણાવવું.

દોલતખાના ૪૧૦૩-૬. અમદાવાદ. } વ્યવસ્થાપક-શ્રીગાળી શુભેચ્છક કાર્યાલય.

સભાસદોને.

શ્રી. મ. આ. શ્રી. શ્રા. કે. મંડળના લગભગ બધા પહેલા તથા બીજા વર્ગના સભાસદોની સંવત ૧૯૭૯ ની સાલની ફી હજુ સુધી જમા થએલ નથી. તેથી જે જે જ્ઞાતિ ગૃહસ્થો સભાસદો થયા છે તેમને તેમની સંવત ૧૯૭૯ ની સાલની ફી રૂા. ૫) અથવા રૂા. ૩) વર્ગ પ્રમાણેની તુરત મોકલી આપવા વિનંતિ છે.

દોલતખાના ૪૧૦૩-૬. અમદાવાદ. } મન્ત્રીઓ-શ્રી મ. આ. શ્રી. શ્રા. કે. મંડળ.

છપાય છે! છપાય છે!

ઉત્તરગીતા.

વેદાંતના રહસ્યથી ભરપૂર જ્ઞાનમય ગ્રંથ હોઇ મુમુક્ષુઓને મનન કરવા યોગ્ય છે. ગુજરાતી અર્થ અને ટિકા સહિત.

અગાઉથી ગ્રાહક થઈ નામ નોંધાવો. કીમત માત્ર આઠ આના.

લખોઃ— કવિ પ્રેમી-જમખાનાની પોળ—વડોદરા.

શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી મંડળ-અમદાવાદ.

ઉપરોક્ત મંડળ સરકારમાં સને ૧૯૬૦ ના ૨૧મા એક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવવામાં આવ્યું છે. જે બદલ નીચે પ્રમાણે સર્ટીફીકેટ ગયું છે:-

સર્ટીફીકેટ ઓફ રજીસ્ટ્રેશન.

આથી હું પ્રમાણપત્ર આપું છું કે શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી મંડળ આજરોજ સને ૧૯૬૦ ના સોસાયટીઝ રજીસ્ટ્રેશન એક્ટની રૂએ રજીસ્ટર કરવામાં આવ્યુ છે.

મ્હારી સહીથી મુંબઇ મુકામે આજરોજ ૧૯૨૩ ના એપ્રીલની પાંચમી તારીખે આપવામાં આવ્યું.

મુંબાઇ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝનો સીક્કો.

સહી—

રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ

મુંબાઇ.

કાશીમાં જ્ઞાતિ વિદ્યાર્થીઓ માટે સગવડ

ગુજરાત કચ્છ કાઠીઆવાડમાથી શ્રી કાશિમાં રહી વેદાધ્યયન કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને ખાવા પીવા તથા રહેવાની સગવડ કરવામા આવીછે. સગવડનો લાભ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નીચેના શિરનામે અરજ કરવી.

વી. પી. ઓઝા.

ઓન. સેક્રેટરી-શ્રીમાળી બ્રાહ્મણ વેદ પાઠશાળા.

હાલેરી બજાર-શ્રી કાશી (બનારસ સીટી).

જોઇએ છે એક રસોઇઓ.

એક શ્રીમાળી બ્રાહ્મણ રસોઇઓ વીસ પચ્ચીસ માણસની રસોઇ કરી શકે જેવો પ્રમાણિક તથા ચાલાક, પગાર લાયકાત પ્રમાણે. નુત્ત લખો.

રોપતખાના ૮૧૦૩-૬ અમદાવાદ. } એ. ૯/૦ શ્રીમાળી શુભેચ્છક કાર્યાલય.

રાજા મહારાજાઓ

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશ-સ જજો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેફ્ટ વૉઇસરોયના લેફ્ટ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજંટ, સરકારી સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં

બાદશાહી યાકુતી

નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તે ઉપયોગી-ટ તાની નિશાની છે—ગવર્મેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનેલાઇઝ થએલ છે.

બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી બરૂ પુરૂષાતન આપે છે. ખરી મર્દાઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજની જરૂર નથી.

૪૦ ગોળીની ડબ્બી એકના રૂપીઆ દશ.

બાદશાહી ચુનાની લેપ

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે. બરૂ પુરૂષાતન લાવવા માટે આ લેપ કેતેટલંદ ઇલાજ છે. આઉંસ એકની કીંમત રૂપીઆ આઠ.

ડાકટર કાલીદાસ મોતીરામ-રાજકોટ-કાઠીયાવાડ.

ગુજરાત આયુર્વેદિક ફાર્મસી.

વૈદ્યક પ્રચાર સાહિત્ય ખાતું.

માસીકો અને પુસ્તકો.

આ ફાર્મસી ઔષધો બનાવતા અને ઉપચાર કરવા ઉપરાંત વિશેષ મહત્વનું એક કાર્ય એ કરે છે કે પોતાના વૈદ્યક સાહિત્ય પ્રચાર ખાતા દ્વારા લોકોમાં તંદુરસ્તીના નિયમો અને આરોગ્ય સંબંધી જ્ઞાનનો ફેલાવો પણ કરે છે. ૨૫ વર્ષથી ગુજરાતી માસિક, વૈદ્યક ગ્રંથો અને નિબંધો દ્વારા આ ખાતાએ આયુર્વેદ સંબંધી સારૂં અજવાળું પાડયું છે.

"વૈદ્યકલ્પતરૂ" માસીક વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦.

વૈદ્યક ગ્રંથો.

ઘરવૈદું—વૈદકના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી ગ્રંથ. આવૃત્તિ ૬ ઠ્ઠી. કી. રૂા. ૬.

સારી સંતતી—શુદ્ધ, સુંદર અને સદાચારી બાળકો ઉત્પન્ન કરવા એ માબાપોના હાથમાં છે, એ વાત આર્ય વૈદ્યક અને અંગ્રેજી વૈદ્યકનાં પ્રમાણો સાથે સિદ્ધ કરી આપનાર શાસ્ત્ર. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

ધાત્રી શિક્ષા—સુવાવડ સંબંધી શાસ્ત્રીય ગ્રંથ. ગર્ભસ્થાનમાં થતાં દરદોના ઉપાયો તથા પાલવાના નિયમો, પ્રસવ માટે પ્રાથમિક તૈયારીઓ, પ્રસવની ત્રણ અવસ્થાઓનું વર્ણન, કસુવાવડના કારણો અને ઉપાય, સુવાવડીની સારવાર તથા બાળક ઉછેરવાના નિયમો એક સુવાવડીને માર્ગદર્શક સમજાવે છે. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

રોગી પરિચર્યા-માંદાની માવજત વિષે સંપૂર્ણ જ્ઞાન મેળવવાનો ગુજરાતી ભાષામાં પ્રથમ ગ્રંથ. કી. રૂા. ૧॥।

ગરીબોનો વૈદ્ય—દરેક દરદની સામાન્ય સમજણ; ઘરગથ્થુ અને સસ્તા ઉપાયોના સંગ્રહનો ગ્રંથ કી. રૂા. ૩.

સ્ત્રીઓનો વૈદ્ય—સ્ત્રીઓનાં ખાસ દરદો, તેનાં લક્ષણો, કારણો તથા ઉપાયોનો ગ્રંથ કી. રૂા. ૧॥।.

બાળદોનો વૈદ્ય—બાળકોનાં ખાસ દરદો. તેનાં લક્ષણો, કારણો, તથા ઉપાયોનો ગ્રંથ. કી. રૂા. ૨).

યુવાવસ્થાનો શિક્ષક—જુવાન સ્ત્રીપુરૂષોનાં કર્તવ્ય તથા ફરજનો આદર્શ શિક્ષક. કી. રૂા. ૧।.

મળવાનું ઠેકાણું:-ગુજરાત આયુર્વેદિક ફાર્મસી—અમદાવાદ.

પી. ધ્રુવ એન્ડ શાહીવાળા.

દરેક જાતની દેશી શાહી જેવી કે રાઈટીંગ, કોપીઈંગ, રબ્બર સ્ટેમ્પીંગ, માર્કીંગ, સ્ટાયસોગ્રાફીક; તથા શાહીનો પાઉડર; શુંદર વગેરે બનાવનાર તથા વેચનાર. અમારે ત્યાંથી છુટક તથા જથ્થાબંધ માલ મળશે. લિસ્ટ માટે પ્રાઇસલીસ્ટ મંગાવો.

ઠેકાણું—કલ્યાણ ભોતીની ચાલી, કાંદાવાડીમાંનું સ્ટોપ.

વિજળીના દીવા.

૧ નાના ગજવામાં રાખી શકાય છે.
૨ અગ્નીની બીલકુલ બાસ્તી નથી.
૩ તેલ દીવેટ કે દીવાસળીની જરૂર પડતીજ નથી.
૪ ફકત ચાંપ દબાવતાંજ બહુજ બપકાદાર રોશની થાય છે.

કીંમત રૂ. ૨॥, ૩, ૩॥, ૪, ૫, ૬ અને ૮. પોસ્ટેજ આઠ આના રેપર એકટરી કીંમત રૂા. ૧).

પોસ્ટેજ ૩ આના

ટી. એમ. શાહ એન્ડ કુંપની સ્ટોર્સ.
હેડ ઓફીસ (ગોળપીઠ) ખોરપે ૪.
બ્રાંચ ઓફીસ (પાંચકુવા, ત્રાંબા રસ્તા) અમદાવાદ
બ્રાંચ હેડ ઓફીસને ચિઠ્ઠીથી કરવો.

શું તમે હૃદયથી જ્ઞાતિ ઉન્નતિ ઇચ્છો છો ?

જો ઇચ્છતા હો તો

શ્રીમાળી શુભેચ્છકના ગ્રાહક થઇ વાંચન ઉપરાંત જ્ઞાતિ વિદ્યાર્થીઓનો શુભ આશિર્વાદ પ્રાપ્ત કરવા ચૂકશો નહિ.

વાર્ષિક લવાજમ રૂા. ૧॥.

દર વર્ષે ઉપયોગી બેટ વસ્તુ આપવામાં આવે છે.

ગ્રાહક તરીકે તરત નામ નોંધાવો.

Reg. No. B. 1442

શ્રીમાળી શુભેચ્છક.

કાર્યંપદ્ધ। ધર્મંચર સ્વાધ્યાયાન્માપ્રમદઃ। ઉપનિષદ્

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્॥ ઓ. મ. ગીતા.

વર્ષ ૪ થું.] સુદ-સુખાદ ૧૯૨૩. [અંક ૬-૭.

વિષયાનુક્રમણિકા.

૧	વિચાર છે	ચં. મં. ઓઝા	૧૨૫
૨	પામર તણું છબ્યું દર્શન.	"	૧૩૦
૩	સનમ તુમારેા આ ખેલ.	પ્રે. ન. પ્રા. દવે.	૧૩૦
૪	ઇશારેા અનુભવ–ગુપ્તપ્રતિધ.	ક્ષ. બા. ઓઝા.	૧૩૧
૫	આપણી અગતિ.	૨. શી.	૧૩૩
૬	ચારણની	મ. મં. ઓઝા.	૧૩૫
૭	સંસારની પ્રગતિમાં આપણેા હિસ્સેા	મ. મુ. ત્રિવેદી.	૧૪૦
૮	પત્રિકા નં. ૩.	વિ. ગી.	૧૪૨
૯	" નં. ૪.	"	૧૪૬
૧૦	વિદ્યાર્થી બાબતનેા રિપેાર્ટ		૧૫૨
૧૧	જ્ઞાન-પ્રપંચ		૧૫૬
૧૨	બેલ્જીયમ અવસાન.	તંત્રી.	૧૫૦
૧૩	શ્રી. બા. સંમાન.	વિશ્વંકર ત્રિવેદી.	૧૫૧
૧૪	ખનિપ સમાચાર.		મુખ પૃષ્ઠ બીજું.

તન્ત્રી અને પ્રકાશક
વ્યંબકલાલ વિશ્વંકર ત્રિવેદી, એમ. એ.
ઓઝાબાગ, ૧૦૨-૨૬—અમદાવાદ.

જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસમાં ઇંદુલાલ અમૃતલાલે છાપ્યું.
દરિયાપુરી પેાસ્ટ, ગલ્લા—અમદાવાદ.

જાતીય સમાચાર.

જુનાગઢ:—વિષ્ણુશંકર દુર્ગાશંકરના વીવાહ જામનગર ત્રવાડી જટાશંકર શિવશંકરની પુત્રી સરસ્વતી વેરે ફાગણ વદ ૬ ના રોજ થયાં હતાં. તે પ્રસંગે રૂા. ૫ વરપક્ષ તરફથી અમદાવાદ છાત્રાલયને આપવામાં આવ્યા હતા.

વ્યાસ કેશવલાલ ગીરજાશંકરની પુત્રીનું વેશવળ ગોંગરોળવાળા વોરા બલભદાસ કામેશ્વરના પુત્ર વેરે વૈશાખ વદ ૧ મંગળવારના રોજ થયાં છે. તે પ્રસંગે વોરા બલભદાસ તરફથી અમદાવાદ છાત્રાલયને રૂ. ૫ ભેટ આપવામાં આવ્યા હતા તથા રૂા. ૧૦૭ જુનાગઢ મહાલક્ષ્મીના મંદીરના જીર્ણોદ્ધારઅર્થે આપ્યા હતા.

રામોદ:—ઓઝા શામજી વિશ્વનાથની પુત્રી ભાગીરથીના લગ્ન વૈશાખ સુદ ૧૨ ના રોજ દવે ભાંડવીના ત્રિવેદી ભોળાશંકર પિતાંબરના પુત્ર અમૃતલાલ સાથે થયાં હતાં. તે પ્રસંગે ઓઝા શામજીભાઇ તરફથી અમદાવાદ છાત્રાલયને રૂા. ૫) આપવામાં આવ્યા હતા. જાન છ દિવસ રોકવામાં આવી હતી.

મુંબાઇ:—રા. અંબાશંકર ભગવાનલાલનાં પત્ની નામે જડી વૈશાખ વદ ૭ ને સોમવારે દેવલોક પામ્યાં છે.

ચિત્તલ:—ડાક્ટર દયાશંકર જગજીવનની પુત્રી જ્યાકુંવર ત્રણ નાની દીકરીઓ મૂકી વૈશાખ સુદ ૧૦ ને ગુરવારે કૈલાસવાસી પ્રાર્થ્યાં છે. તેમના પુણ્યાર્થે ઓઝા કેશ્વર સુંદરજી તરફથી અમદાવાદ છાત્રાલયને રૂા. ૫) ભેટ મોકલવામાં આવ્યા હતા.

ભુજ:—ઓઝા ભગવાન નારણજીના પુત્ર ચુનીલાલશંકરનાં લગ્ન પ્રોણમાં ત્રવાડી લક્ષ્મીશંકર રોસાકાકાની પુત્રી લક્ષ્મી વેરે થયાં હતાં. વરરાજા આદીના પોષાકમાં હતા. તે પ્રસંગની ખુશાલીમાં ઓઝા ભગવાન નારણજી તરફથી રૂા. ૫૧) અમદાવાદ છાત્રાલયને ભેટ તરિકે આપવામાં આવ્યા હતા. તથા તેમની પુત્રી ચી. બ્હેન રેવીબાતનાં લગ્ન માંડવીવાળા ઓઝા પ્રાણજીવન કુંવરજીના પુત્ર કેરસનલાલ વેરે થતાં તે પ્રસંગની ખુશાલીમાં બીજા રૂા. ૧૦ અમદાવાદ છાત્રાલયને ભેટ આપવામાં આવ્યા હતા.

વળાળા.—ત્રવાડી દામજી રણછોડ તરફથી અમદાવાદ છાત્રાલયના વિદ્યાર્થીઓ નર્મદાશંકર ગોપાળજી ત્રિવેદી તથા બાલાશંકર દેવશંકર ભટ્ટને રૂા. સાડ સાડ નિશાળની ફી માટે સ્કોલરશીપ તરિકે આપવામાં આવ્યા છે.

શ્રીમાળી શુભેચ્છક.

इच्छन्शुभं यः स्वपरस्य नित्यं फूत्तत्यशुभं कुलदेवी तस्य.।
विचार्य चैवं विहरन्तु सर्वे श्रीमाळी शुभेच्छक इच्छतीत्थम् ॥

(જે મનુષ્ય હમેશાં પોતાનું તેમજ પારકાનું શુભ ઇચ્છે છે તેનું અશુભ શ્રી મહાલક્ષ્મી નાશ કરે છે. આ સૂત્રનો દરેક બંધુ વિચાર રાખી તે પ્રમાણે વર્તો એમ શ્રીમાળી શુભેચ્છક ઇચ્છે છે. રા. મ. અયાચી)

પુ. ૪ થું.] જુન-જુલાઇ ૧૯૨૩ [અંક ૬-૭

ધિક્કાર છે.

(ગઝલ.)

(૧)

વેલા બનો શાને ફસી,
મિથ્યા મમત્વ વિમોહમાં ?
અદકો બચો શિદને સતત,
પારસ્પરિક વિદ્રોહમાં ?—

(૨)

નિજ પિંડ પોષણમાંજ શું,
સમજો જીવન સાફલ્યને ?
ગર્વિષ્ટ, ઉદ્ધત રહી, ન વર્તો,
વ્હાલયી વાત્સલ્યને !—

(૩)

ચાહો, સહો, સેવો, અવરને,
ધન્ય તો અવતાર છે;
સ્વાર્થે રમ્યા રહેનારના,
બહુ જન્મને ધિક્કાર છે.—

પ્રાંગણા કું. ... ચંદ્રકાન્ત મંગળજી ઓઝા

पामर तणुं जीव्युं वृथा.

(ગઝલ.)

(૧)

સરી ચરણ શરણે સ્નેહથી,
પૂજન ન પ્રિયજનનાં કર્યાં;
મીઠા પરાગ પદાબ્જના,
શિર્યે ન વ્હાલપથી ધર્યા.—

(૨)

ગૌરવમયિત દિલદારના,
ગાજ્યા નહિ ગુણગાનથી;
રાચ્યા ન હૃદિયે પ્રેમ મત્તે,
આત્મના બલિદાનથી.—

(૩)

ઊછળ્યા ન જે ઉરસાગરે,
અમૃત તરંગ અભેદનાં;
પામર તણું જીવ્યું વૃથા,
પ્રીછે ન જે પરવેદના.—

પ્રાંગધ્રા.] ચંદ્રકાન્ત મંગળજી ઓઝા.

"सनम् जुगारनो आ खेल—"

સનમ જુગારનો આ ખેલ, નસીબી દાણ દેવું છે;
અને જે દિલમતે આપ્યું—ખુશીથી તેમ લેવું છે.
ન ચાલે જોર જાલિમનું; ન આલમનીય પરવા છે;
તમારે પાંય છે મસ્તક; ન આલમની ન પરવા છે.

અમારાં હોય જે એથી, રહો જ્યાં હોય ત્યાં એસી,
અમારે કાળજે ખોસી, ખગર કાતિલ કટારી છે.
નથી રહ્યો જિગરનો ઘા, કબી નાદાનની નજરે;
અમારી લા'ય અંતરની—અમારી ત્યાં ખુમારી છે.
ન જોશો ફાટતી આંખે, અમારા ઘાટ ના રોશો;
ખગર ઘાયા જિગર માંહે—ન આતશની સુમારી છે.
તમે રસ્તે તમારે છો—અમારી વાત ન કરશો;
ખગર માંહે બળે ભડભડ—અમારી આ બીમારી છે.
ગણો નાદાન ગાંડો પણ, તમારી નાતવાની છે;
દીવાનાના જિગરની આ—અમૂલિ કો સવારી છે.
ન સુલતાની છે આલમની—ખગર સુલતાની માની છે;
અમારી શાહીની માંહે—જુઓ જાલિમ ખુવારી છે.
તમારી ગર્જ ના, ના, નહિ, અમારૂં દર્દ જોશો નહિ;
તમારી નાતવાનીની—અમારી આ સવારી છે.
સનમ! પ્રેમે રહેજોજી! તમારી વાસના ધ્રુ છે;
અમારી આસનાઇમાં—જગતની આ તુમારી છે.

પ્રો. ન. પ્રા. દવે.

શ્રી ૐ

મ્હારો અનુભવ—શુક્લતિર્થ.

લીંબડી પરિસદે પસાર કરેલા ઠરાવો સમજાવવાને તથા તેના અમલ માટે ઉત્સાહ ઉત્પન્ન કરવાને અને સ્થાનિક સમિતિ સ્થપાવાના હેતુએ હું આ આસવાડીએ શુક્લતિર્થ ગયો હતો. શુક્લતિર્થ એ પ્રાચિન યાત્રાનું સ્થળ છે. કાર્તિક શુક્લ પૂર્ણિમાએ તો ત્યાં મોટી યાત્રા ભરાય છે. જગત્ પ્રસિદ્ધ પતિત પાવનિ નર્મદાના પવિત્ર તટપર તે આવેલું છે. જગ મશહુર નર્મદાના બેટમાં આવેલા કબિરવડની નિકટ શુક્લતિર્થ હોવાથી આમન સામન બંનેની પ્રસિદ્ધિ હિંદમાં નહિ પણ વિદેશી પ્રજામાંએ જાણીતી છે. સ્વર્ગસ્થ કવિ

નર્મદાશંકરે પોતાની ઉત્સાહપ્રેરિત વાણીમાં આ સ્થળોને જોવા જગતજનને આકર્ષ્યાં છે. શુક્લતિર્થ બી. બી. સી. આઇ. નાં ચમારગામ સ્ટેશનથી પાંચ ગાઉ હોઈ દમણીઆ-ગાડામાં જવાય છે. અંકલેશ્વરથી નાંદોદ જતી લાઇનના ઝઘડીઆ સ્ટેશનેથી પણ પનાઇમાં નર્મદા ઉતરી જવાય છે. આ માર્ગે માત્ર ત્રણેક માઇલ ચાલવું પડે છે.

વેદાધ્યયનમાં જેમ હિંદમાં કાશી પ્રધાન ગણાય છે, તેમ ગુજરાતમાં શુક્લતિર્થ ગણીએ તો ગણી શકાય. કારણ કે ત્યાં વેદાધ્યયન કરનારા બ્રાહ્મધર્મના પ્રેમી ભુદેવો ઠીક વસે છે. આપણી જ્ઞાતિની વસ્તીવાળા સ્થળોનું તો શુક્લતિર્થ કાશીજ ગણાય. ગુજરાત કાઠિઆવાડમાં જેટલા જ્ઞાતિભાઇઓ પ્રભાવિક વેદધર્મના અનુરાગી મળી શકે તે કરતાં એકલા શુક્લતિર્થમાં વધારે મળી શકે. બાળક વિદ્યાર્થીઓને પણ સામવેદ ભણાંવવામાં આવે છે. આજ પણ ૮-૧૦ વિદ્યાર્થીઓ સામવેદ ભણે છે. સમાધિસ્થ થએલા પૂર્વાશ્રમી પ્રાણશંકરે ગુરૂ ભાવનગરમાં સામવેદનું અધ્યયન કરાવતા, તેમણે સામવેદી આહ્નિક છપાવી જ્ઞાતિ ઉપર ઉપકાર કર્યો છે. નાનપણથીજ તેમનીજ વિદ્વત્તાએ હું શુક્લતિર્થને ધાર્મિક ભાવનાવાળું જ્ઞાતિમાં શોભારૂપ સ્થળ માનતો હતો. તેનો આજે કેટલેક પ્રત્યક્ષ અનુભવ થયો.

પરિષદના કામે હું ગુજરાત, કાઠીઆવાડના જે જે સ્થળોમાં ફર્યો છું ત્યાંના કરતાં શુક્લતિર્થનો અનુભવ મ્હને નોંધવા જેવો જણાયો. તેમાંથી જ્ઞાતિભાઇઓને કંઇક જણવા જેવું, કંઇક અનુકરણમાં મુકવા જેવું મને જણાયું તેથી આ પાનાં હું નકામાં નથી ચીતરતો એ વાંચ્યા પછી ખાત્રી થશે.

શુક્લતિર્થમાં આપણી જ્ઞાતિના અત્યારે સાઠ ઘર છે. અને તે બે ભાગમાં વહેંચાયલાં રહે છે. ઔર્થમણ્યા ભાગેથી શહેરમાં પેસતાં જમણા હાથપરજ આખા ગામમાં ઉડીને આંખે વળગે એવી ખલપોળ આવે છે. જેમાં બે તરફની લાઇનના ઘરો લગભગ સામસામી સરખીજ આંધણીના સામા છેડા સુધી આવે છે. એકજણ્યો માણસ તો ઘર પણ ભુલી જાય, એવી સામાન્ય આંધણી છે. આ ખલપોળમાં આપણી જ્ઞાતિ સિવાય બીજી કોઈ પણ જ્ઞાતિ વસતી નથી. જ્ઞાતિનો મોટો ભાગ આ પોળમાંજ રહે છે. માત્ર દશ બાર ઘર બીજા વિભાગમાં રહે છે. અને બે ત્રણ ઘરજ છુટા છવાયા રહે છે. આ પ્રકારની વ્યવસ્થા પૂર્વકાળમાં પોળકામાં હશે એવું પોળકાની સ્થિતિ જોતાં અનુભવાય છે.

સાઠ ઘરમાં ચાર તડ છે. આ તેડો વૈરભાવને લીધે નથી, પરંતુ બાવા બનરાવવાની સગવડ ખાતર પાડવામાં આવેલાં છે, એકંદર જાતિ તો એકજ છે. જેને જાતિ ભોજન કરવું હોય તે આખી જાતિ જમાડે છે અને તડ કરવું હોય તે તડ કરી બેસી રહે છે. તેની કોઇ ટીકા કે પંચાત કરતું નથી. જાતિની જગ્યા પણ સુંદર અને સગવડવાળી પોળનાં મોખરેજ છે.

જાતિબંધુઓની એકંદર સ્થિતિ સારી છે. જમીન જાગીર વગરનું તો એકેય ઘર નથી. ઓછાવત્તા પ્રમાણમાં બધાને પોતીકી જમીનો છે. લગભગ શુક્લતિર્થની એકંદર જમીન અગર તો અર્ધો ભાગ જાતિભાઇઓનેજ ધરે છે એમ કહેવાય. યુવક વર્ગનો મોટો ભાગ આસપાસ ગાયકવાડી સ્ટેટમાં તથા બ્રિટિશ સ્ટેટમાં નોકરીઆતે છે. પણ લગ્નાદિક પ્રસંગે લગભગ બધાય આવે છે અને પોત પોતાનું કામ ઉપાડી લે છે. કોઇનિ કાર્યમાં અડચણ પડતી નથી.

અહીંપણ કળિયણ અને ધોકડનો વિભાગ તો છે જ. ધોકડનાં ઘર માત્ર ૩–૪ છે. તે કે તેઓ બીલકુલ કન્યાવિક્રય તો કરતાજ નથી છતાં તેમને ધોકડ કેમ કહેવામાં આવે છે એ વિચારવાનું છે. શાસ્ત્રોક્ત પ્રમાણે પુણ્યથી પાપનો નાશ થાય છે પણ જાતિ બંધારણોમાં સદ્કર્મના પ્રભાવે પણ પડેલી છાપ લુંસાતી નથી અને અકર્મ આગળ આવતું નથી. એજ જાતિઓની અધમતાની નિશાની છે!

આખું શુક્લતિર્થ ગામ મૂકીને બહારગામ કન્યા આપવા ધરાતું નથી. અગાઉ બેરકોલ કન્યાઓ આપેલી પણ હવે તો તેયે બંધ છે. શુક્લતિર્થ, બેરકોલ, સુરતે, નંદુરબાર અને વિજાપુર એ પાંચ ગામનો જથ્થો કહેવાય છે પણ તે માત્ર નામનોજ જણાય છે. આવી સંકુચિત વૃત્તિથી કન્યા આપવા લેવા દેવામાં ધર્મનિધિ લાંબા સગપણોનો પણ લાગ થાય તો નવાઇ શું? બધા પડલે લે છે અને તે નાની રકમથી વધીને જમાનાના આગળ વધવા સાથે આગળ વધ્યું છે!

આધુનિક એક જીવતી સ્ત્રી ઉપર ગમે તેવા કારણે પણ કોઇ ફરી લગ્ન કરી શકતું નથી, તેમ ઉમ્મરની હદ કુદાવ્યા પછી વૃદ્ધ લગ્ન પણ થતું નથી. આ સિવાજ ઘણો ઉત્તમ છે.

કેળવણીનો જોઇએ તેટલો પ્રચાર નથી. ચારેક યુવક મેટ્રીક થયા છે, એક ભાઇ ઇન્ટરમીડીએટમાં છે. આથીજ જાતિની બાબતમાં અહીં કોઇ

વધારે પ્રચાર થઈ શકતો નથી. વિચારો સંકુચિત રહ્યા છે તો પણ કેટલાક કાર્યો પ્રશંસાને પાત્ર છે.

યુવક મંડળની સભામાં રાતે અને સાંજે જવાનું આવ્યું. ૨૦ યુવકો હતા. બધાય ખાદીના સ્વદેશપ્રિય સ્વાંગમાં. સ્વદેશ સેવા અને જન સેવા બજાવવાના પણ તેટલાંજ ઉત્સાહી ભાઈ જયંતીલાલ તથા ભાઇ અગ્નિહોત્રી આ ભાવ પ્રચારી રહ્યા છે. આ ભાઇઓએ હાલમાં જ્ઞાતિબંધુઓમાં ભાવનાનો અને સામ્યતાનો ભાવ ઉત્પન્ન કરવા માંડયો છે. મંડળનો નિભાવ જ્ઞાતિભાઇઓની મદદ ઉપર છે. મદદ પણ મળતી તો જાય છે. ઘણા થોડા પ્રમાણમાં શ્રીમાળી બ્રાહ્મણ પરિષદના ઠરાવો સમજાવવાને, તે તરફ અભિરૂચી ઉત્પન્ન કરવાને માટે આ મંડળ તરફથી પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ હજુ બહુની અજ્ઞાનતા એકદમ નાશ નથી પામી એટલે. ઉત્સાહમાં નિરૂત્સાહ મોટે ભાગે જોવાય છે. યુવક મંડળે બોલાવેલી જ્ઞાતિની સભામાં ભાગ્યેજ ટ્રાઈ જાય છે. જ્યારે જ્ઞાતિના પંચની બેઠક કોઇ જ્ઞાતિના સ્થાનિક કારણે મળતી હોય ત્યારે તો બધાય બેગા થઇ શકે છે. પરંતુ પારકી વાતને સાંભળવાને કોઈ તૈયાર નથી. એનું કારણ આધુનિક સંસ્કૃતિનો અભાવ અને પૈશાચ આપણે પડશે એવી ધાસ્તી!

યુવક મંડળના કામે તો મને દંગ કરી મૂકયો. જો આપણી જ્ઞાતિની બહોળી વસ્તીવાળા ગામોમાં આવા સેવા ભાવનાવાળા શુદ્ધ હૃદયી સ્વયંસેવકોના યુવક મંડળો બંધાય તો એ પાંચ વર્ગોમાં પરિષદના કાર્યકર્તાઓને સ્થળે સ્થળે ફરવું પડે નહિ અને પરિષદની સર્વમાન્ય આજ્ઞાઓનું સત્વર વિના વિલંબે પાલન થાય. ભાવનગરમાં અને અમદાવાદમાં આવા મંડળો છે. પરંતુ તે મંડળો કરતાંયે આ મંડળમાં કંઈક વિશેષતા છે અને તે એ કે યુવક મંડળના બધાય સભ્યો એક બે આગેવાનોના એવા અંકુશમાં છે કે ભવિષ્યમાં તે જ્ઞાતિના અયોગ્ય રિતરિવાજને સાથે કદાચ સત્યાગ્રહ પણ વખત આવતાં કરવાને તૈયાર થાય તો ના નહિ કહી શકાય. એકમાર્ગી બુઝર્ગોને સત્યને પંથે વાળવાનો આ એક રસ્તો આવકારદાયક તો છે જ. વળી ભાઇશ્રી ભદ્રશંકર યુવકમંડળ તરફથી અરૂણોદય નામનું હસ્તલિખીત માસીક આજ દોઢ વર્ષથી પ્રસિદ્ધ કરે છે. તેનો બીજા વર્ષનો છઠ્ઠો અંક મારા જોવામાં આવ્યો અને તેમાં મોટે ભાગે સામાન્ય કૃતિઓ લેખો લખાય છે. છતાંય જ્ઞાતિ ઉન્નતિ પોષક ભાવનાની ઝાંખી તો હોય છે. હાલમાં દરેક માસે આ માસિકના વધારારૂપે એક અર્ધો કુલસ્કેપ છપાવી પ્રગટ કરવાની

મંડળની ઇચ્છા છે. આ વધારામા તો ખાસ જ્ઞાતિને ઉન્નતિ પંથે દોરવાના વિચારોજ પ્રગટ કરવામાં આવી દરેક સ્થળે તેની ઓકેક પ્રત મોકલવામાં આવશે. એક બાઇ આ પ્રત દરેક જ્ઞાતિબંધુઓને વાંચી સંભળાવે આ શોજના ઉત્તમ છે. પરંતુ દરેક સ્થળે આવાં યુવક મંડળો નથી. કેટલેક સ્થળે યુવકો ઉત્સાહી છે. પણ વારંવાર જ્ઞાતિભાઇઓને તે સાંભળવા એકત્ર થવું પણ ગમશે નહિ. તો પણ આ શરૂઆત ભવિષ્યમાં સારૂં કરશે એની તો ના નહિ કહી શકાય. આ યુવક મંડળ હસ્તક 'સાર્વજનિક વાંચનાલય' ચાલે છે જેનો લાભ આખા ગામને અને પરદેશીઓને પણ મળે છે. હાલમાં શુભાશુભ પ્રસંગે આ મંડળે ઠંડ ઉપરાવવાનું કામ હાથમાં લીધું છે. યુવક મંડળમાં જોડાયલો દરેક યુવક માત્ર બાદીભાંજ રહેતો હોય તો તે આ એકજ યુવક મંડળ આપણી જ્ઞાતિમાં છે. આવા યુવક મંડળો જ્ઞાતિમાં દરેક સ્થળે જોવાની હું અભિલાષા રાખું છું. આ ઇચ્છા મેં તે યુવકોને ધન્યવાદ આપતાં જણાવી પણ હતી. તેમનાં ચાલુ કર્ત્તવ્યમાં વિશેષતા બતાવતાં જ્ઞાતિજનોના વિચારો કેળવવાને અને પરિચયના સમાગમમાં વધારે આવતા થાય, ઠરાવોમાં વધારે રસ લેતા થાય અને સંમાનતાની દૃષ્ટિએ વિશાળ કાર્ય કરવા ઢળતા મળતા થાય એવા ઉદ્‌ગારો જણાવ્યા હતા.

ધાર્મિક કેળવણીની સાથે સાપ્રત કેળવણીનો પ્રચાર થવાની વધારે જરૂર છે અને તોજ આ અભિલાષાઓ ફળિત થઈ શકે.

બીજે દીવસે જ્ઞાતિસમુહને એકત્ર કરવા રાત્રે એક બંધુને ત્યાં મંત્ર જાગરણના માંગલિક પ્રસંગે બે કલાક વેદમંત્રોના અમૃતમય શ્રવણનું પાન કર્યા પછી વિનંતિ કરી. વિનંતિનો સ્વીકાર થયો. પરંતુ હિંદમાં જ્યાં આજ કાલ પૈસાની અને મીષ્ટ ભોજનો જમવાની લલુપતા લાગી હોય ત્યાં વળી એકત્ર થવાની વાત કેમ સાંભળે? રખે કંઇ થાય તો પૈસા આપવા પડે અને શક્તિ હોવા છતાં પણ તે કેમ સાંખી શકાય? બપોરના ત્રણના છ વાગ્યા, કોઈ ન આવ્યું. જમતી વખતે પંગત બેઠી હોય ત્યારે બોલવાની સુચના થઈ. પણ મને એ શંકા ઉદ્‌ભવી કે ઉપર નીચે થી જમેલા જમનના કકડાઓ મીષ્ટમાં રિતસ્પેરક મીઠો ખોડો, કડવો ખટ રસમાં આસ્વાદ જન્મવતા વિવિધ શાકો, પાપડી, ભજીઆં, પુરી વિગેરેને પતરાળામાં આવતાં આવતાંયે પેટમાં પધરાવવાની ઉતાવળવાળાઓ, દૃષ્ટિએ જોઇને જ ભેગામાં પાથી લાવનારા ભુદેવો ક્ષણભર તેનાપર વૈરાગ્ય લાવી મારી વાત સાંભળવાની એકાગ્રતા ભરી કેટલ જન્મવતા ઉત્સુક બનશે ખરા? વિચારના અંતે

એ સૂચના મુલતવી રહી. બેહી પંગતે રાત્રે આઠ વાગ્યે એકત્ર થવાનું અને સાંભળવાનું પુનઃ મોટા અવાજે, સાંભળવામાં પણ અનુદારતા વાપરવાના મિષ્ટ કપડા રૂપે, એક આગેવાન ભાઈએ પુનઃ સર્વને સૂચિત કર્યું; પરંતુ અન્યવાળે અંધારૂં કર્યા જેવી કહેવત. ખરેખર ત્રયોદશની ચંદ્રવિકસીત ઉજ્વળ રાત્રી માંયે કોણ જોતું થાય? આનું નામજ અંધકાર! ઉપર જણાવેલા શુકલતિર્થની ઉજ્વળ કારકીર્દિમાં એકત્ર થવાની અને કોઈની વાત સાંભળવાની પણ કુરસદ ન મેળવવી. અને અનેક તર્ક વિતર્કોથી શંકિત મનવું એ બધા ગુણો ઉપર પાણી ફેરવ્યા જેવી બીના નથી શું?

મારે તો જે કાર્ય કરવાનું હતું તે છેવટે લગભગ ઘરેઘરે ફરીને પણ કરી લીધું. બેએક દીવસ વધારે રહેવાનું હોય તો કાર્ય થઈ શકે એની તો પ્રતિતિ છેજ, પરંતુ વખતના અભાવે ધાર્યા કરતાં કમી કાર્ય થયું.

શુકલતિર્થ એવી શક્તિમાં અને સ્થિતિમાં છે કે જ્યારે તે ધારે તો પરિષદને એક વાર નિમંત્રણ પણ કરી શકે! આ ભાવના ઉત્પન્ન કરવી એ હાલતો સાંના યુવક મંડળ ઉપરજ કર્તવ્ય રહેવા દઈ અહીંજ વીરમીશ.

ધાર્મિક ભાવનાને પોષતું શુકલતિર્થ, પુર્ણીમાના ચંદ્ર જેવું શુકલવર્ણ ક્યારે બનશે? હૃદયમા જાતિ પ્રેમનાં ઝરણાં વહેવડાવી સમગ્ર જાતિ ઉન્નતિના સહકાર્યમાં સામેલ બનશે? પરમાત્મા એવો વખત જલદી આપો એજ અભિલાષા.

વૈશાખ શુકલ પુર્ણિમા. } કાશીરામ ભાઇશંકર ઓઝા. 'પ્રેમી'

आपणी जागृति.

कर्तव्यमेव कर्तव्यं प्राणैःकंठ गतैरपि।
अकर्तव्यं न कर्तव्यं प्राणैःकंठ गतैरपि॥

આ શ્લોકનો અર્થ સમજવાના દીવસો હવે દૂર નથી. સંપીલું વાતાવરણ પ્રસરાવવા માટે ચોમેર ભગીરથ પ્રયત્નો થઇ રહ્યા છે. આળસ-અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા ઐક્યતા જ્ઞાનરૂપી સૂર્ય પોતાના સોનેરી

કારણોને આત્મઘાતિ રીતે પ્રસરાવવા તત્પર થઇ રહ્યો દેખાય છે જેથી કોઇ કોઇ ઉદ્યમી મનુષ્ય નીંદ્રાનો ત્યાગ કરી કર્તવ્યોદ્યત થતા જાય છે. આપણી જાતિ પણ હવે સુષુપ્તાવસ્થાને ત્યજી જાગ્રદવસ્થાને પાત્ર થતી જાય છે. કોઇ કોઇ જગ્યાએ કોઇ કોઇ વખતે પરિષદની હાક અમલ કરી રહી છે જેથી અમુક વખતે પણ સંપૂર્ણ જાગ્રતી આવતાં પોતાપણાનું જ્ઞાન થતાંથી પોતાની કર્તવ્ય દિશા તરફ સૌ કોઇનું ચિત્ત દળતું રહેશે.

અદ્યાપી પર્યંત આપણી જાતિ રૂઢી પ્રાધાન્ય થઇ પડી હતી. જેથી તેનાં કેવાં કેવાં પરિણામો આન્તરીક તેમજ બાહ્ય રીતે દેખાવમાં આવેલાં છે-આવે છે-તે વાત તો સર્વને વિદીત જ હશે. કન્યા વિક્રય, સાટાં, આવાં કૃત્યોની કરાતી દલાલી વીગેરે વીગેરે ક્રિયાઓના અધમ ઉદાહરણો આપણામાંના ઘણાઓએ અનુભવ્યા-જોયા-હશેજ. છતાંપણ હવે, જેમ રાત્રીનો ગાઢપણું અંધકાર પણ અમુક વખતે અત્યંત તેજસ્વી પ્રકાશમાં બદલાઈ જાય છે, તેમજ રીતે આપણે પણ આપણામાં કવચિત્ થતા અઘટિત કૃત્યોરૂપી અંધકારને બદલે આપણામાં તદ્ન તેના સ્વરૂપને વિરોધી આભાસમાં જોવા શક્તિવાન થયું. અંધકારના નાશ માટે સર્વ સાક્ષી ભગવાન્ દીવાકરની આવશ્યકતા છે, આપણી પરિષદનો પુનરૂદ્ધાર એક વખતે આપણા કુકર્મોરૂપી અંધકારનો નાશ કરનાર પ્રતાપી સૂર્યનારાયણનું કામ કરી બતાડશે એવી આશા રહે છે. અત્યારે તો જોઇ કે પરિષદને અંધકારમાંના એક દીપકની માફક લેખી શકીએ અને તેમજ શાન્તિપ્રીય મનુષ્યોનું એ પ્રથમ કર્તવ્ય છે કે તે દીપકને ધારેલા સમય સુધી પ્રદીપ્ત રહેવા માટે યોગ્ય સાધનોથી પુષ્ટ રાખવો.

આપણી જાતિ તો શું પરંતુ આખો દેશ અત્યાર સુધી ગાઢ નીંદ્રાવશ પડયો હતો; પરંતુ આખરે એક મુર્ધાએ જાગરૂક થવાની જાણ કરવા માટે ચોમેર કુદી કુદકે કુક કરવા માંડયું જેથી એકાએક સર્વની આંખ ખુલતાં ખુલતાં એક પછી એક ધીમે ધીમે પોતાના બીછાનાને સંપેટવા પ્રયત્ન કરવા લાગ્યા. આપણા માટે પણ આવુંજ હતું એમ કહેવું એ અયોગ્ય નહીં ગણાય. આપણે પણ કુકારાનો અવાજ સાંભળ્યો અને જાગૃત થયા: કર્તવ્ય દીશા તરફ આંખો ચોળતાં ચોળતાં દૃષ્ટિ કરી તો એક કારણ દૃષ્ટિ

ગોચર થયું અને ભાન થયું કે પ્રાતઃકાલ થયો. પ્રાપ્તકાલને અનુસરો, કોઈ પણ ભોગે અકર્તવ્યનો ત્યાગ કરો અને જે કરવા યોગ્ય છે તેને માટે ખ્યાલ આપો. પણું ઉંઘ્યા હવે ઉઠો.

આટલું જ્ઞાન થતાં બીજાનું ત્યાગ્યું એટલે રોજના તેમજ નવીન અનેક કર્મો સામે ખડાં થયાં એટલે તેઓને પણ બળવ્યે છુટકો. અલ્પજ્ઞતા આથી ગભરાવા લાગી કે આટલાં કામો આપણે કેવી રીતે કરશું ? કોઇક જે હોય તો હજી ઠીક; પરંતુ આતો ગાડું ભરતાં પણ વધી પડે. માટે પ્રથમ કયું કામ હાથ લેવું ? આ કામ કરવાથી આવું થશે અને પેલું કામ કરવાથી આવું નીપજશે આવા આવા વિષાદો થવા લાગ્યા જેથી તેનું નિવારણ કેમ કરવું એ પ્રશ્ન સ્વાભાવિક રીતિજ ઉત્પન્ન થાય.

આપણે જાગ્યા તે વાત સત્ય છે; પરંતુ તે લાંબી નિદ્રાનું ઘેન હજી અસર કરી રહ્યું છે. જ્યાં સુધી આ ઘેન નાશ નથી પામ્યું ત્યાં સુધી આપણે અવ્યવસ્થ છીએ, અસાવધ છીએ જેથી વળી કદાચ પાછા બીજા-નાવશ થઈ જઇશું એવો ભય રહે છે. આવી પરિસ્થિતિ દુર કરવા માટે આપણે તે ઘેનનો ત્યાગ કરવો રહ્યો. આ ઘેન તે બીજું કાંઈ નહીં પરંતુ આપણામાંના કેટલાક સડાઓ છે. તેનો જે ત્યાગ થાય પછી શું બાકી રહે ? કન્યા વિક્રયના ભવાડા ટળે પરદેશ ગમનના પ્રાયશ્ચિતનો સંતોષકારક નીવેડો થઈ જાય અને મુખ્યત્વે કરીને **ब्राह्मणो ब्राह्मणं दृष्ट्वा श्वानवत् घुर्घुरायते** એટલે બ્રાહ્મણ જાતિ જેવી છે તેઓ. એકે બીજાને જોતાંજ શ્વાનની માફક દ્વેષાગ્નિથી બળવા લાગે એવી જે ઉક્તિ પ્રચલિત થઇ રહી છે તે પણ દુર થઈ જાય.

પ્રભુ સર્વેને કર્તવ્યથી વિમુખ થતા અટકાવી જે કર્તવ્ય છે તેની સાદ દેવડાવી યોગ્ય સાધનોથી તેનો અમલ કરાવો. સત્યમ્ મધુના.

લી. રમણીકલાલ શીવશંકર-આંગરાળ.

શાલ્મલી.

હિમાલય પર્વત પર એક શાલ્મલીનું ઝાડ હતું. તે ઘણુંજ મોટું હતું. તેથી તેની નીચે હાથી, સિંહ, વગેરે વનપશુ આવીને વિસામો ખાતાં હતાં. એક દિવસ નારદ મુનિએ ઝાડ પાસે આવીને પુછ્યું કે હે શાલ્મલીતરૂ, (સેમળા) તું આવા ઉંચા સ્થળમાં એકલો આવી રીતે ઉભેલો છે તેથી મને આશ્ચર્ય થાય છે કે પવન તને કાંઈ હરકત કરતો નથી? પવન એક સપાટાથી મોટા મોટા ઝાડોને પાડી નાંખે છે અને તને કંઈ કરતો નથી માટે શું તેં તેની સાથે દોસ્તી કરી છે? શાલ્મલી બોલ્યો કે મુનિરાજ હુંતો એવો પરાક્રમી છું કે પવન મને કાંઇ કરી શકતોજ નથી. પવન મારો દોસ્ત નથી. હુંતો મારા બળથીજ ટટ્ટાર રહ્યો છું. મેં ઘણી વખત તેના બળને તોડી નાંખેલ છે. કલહ પ્રિય મુનિરાજ બોલ્યા કે અરે શાલ્મલી તું અભિમાન કર નહિં. બધા દેવો પણ વાયુદેવને નમીને ચાલે છે. તું વાયુદેવનું અપમાન કરે છે તે સારૂં કરતો નથી. અભિમાનનું ફળ ઘણું ખરાબ આવે છે. ત્યાંથી નારદમુનિ વાયુદેવ પાસે ગયા અને બોલ્યા કે હિમાલય પર્વત ઉપર રહેલા શાલ્મલીએ ગર્વિષ્ટપણાથી આપના બળને એવું ધિક્કારી કહાડ્યું છે કે તેના શબ્દે શબ્દ તો હું તમને કહેતો નથી. આ સાંભળી વાયુદેવ શાલ્મલી પાસે જઇને બોલ્યા કે તેં મારા બળને નારદજી પાસે ધિક્કારી કહાડ્યું છે. તેનો સ્વાદ હું તને આવતા પ્રભાતમાં ચખાડીશ. તારી નીચે બ્રહ્મદેવે વિશ્રાંતી લીધી હતી તેથી હું તને હેરાન કરતો નહતો. શાલ્મલી બોલ્યો કે તમારાથી થાય તે કરી લેજો. હું તમારાથી ડરવાનો નથી. વાયુદેવે કહ્યું કે ઠીક છે. સવારે વાત. શાલ્મલીએ વિચાર કર્યો કે હું વાયુદેવના બરોબરીયો નથીજ. તે (વાયુ) સૂર્યોદય થતાં મારો નાશ કરશે માટે હું પોતેજ મારી મેળે પડી. જાઉં તેથી શાલ્મલી પોતાની મેળે પડી ગયો. સવારે વાયુદેવ ઝપાટાથી આવ્યા અને શાલ્મલીને ભૂમી ઉપર સૂતેલો દીઠો.

દોહરો.

ભલી ભરમે ભગિનીઓ, થશો ન ગર્વે મસ્ત,
શાલ્મલી પેઠે સર્વને, ગર્વ પમાડે અસ્ત.

મનોરમા અંગળાજી ઓઝા.

समाजनी प्रगतिमां आपणो हिस्सो.

કોઈ પણ સમાજની ઉન્નતિ અથવા અવનતિ તે સમાજમાં રહેનારી વ્યક્તિ અને જ્ઞાતિને આભારી છે. કોઇપણ સમાજનો સડો દુર કરવાનું કાર્ય એકલે હાથે બની શકે નહિ. તેને માટે તો વ્યક્તિ સમૂહ અને જ્ઞાતિ સમૂહ લક્ષ આપે તોજ તેની ઉન્નતિ સંભવે. હાલની સમાજની ઉન્નતિને અર્થે આપણી જ્ઞાતિએ કેટલો ભોગ આપ્યો છે અગર સ્વાર્થ ત્યાગ કર્યો છે તે વિચારીએ.

કોઈ પણ સમાજ પોતાની ઉન્નતિના શિખર પર ત્યારેજ ચઢી શકે કે જ્યારે તે સમાજની વ્યક્તિઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મેળવવા, પ્રયત્નશીલ થાય. મોક્ષનો સવાલ બાજુપર રહેવા દઇએ તોપણ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે સાધવા માટે આપણી જ્ઞાતિએ શું કર્યું છે ?

ફક્ત ૨૫-૩૦ વર્ષ પહેલાં જ આપણી જ્ઞાતિની અંદર વેદ ભણનારા તથા ભણાવનારા અને કર્મકાંડમાં કુશળ વિદ્વાનોનો ટોટો નહોતો. આજે તે ટોટો સ્પષ્ટ દેખાઈ આવેછે. બીજીરીતે જોતાં જ્ઞાતિની અંદર અંગ્રેજી ભાષાનું જ્ઞાન વધ્યું છે ખરૂં પણ તે જ્ઞાનથી સમાજ ઉપર સંગીન અસર કરવા કોણે શું કર્યું ? ધર્મનો અર્થ કરજ માનીએ તોપણ આપણે આ બાબતમાં આપણો હિસ્સો પુરો કર્યો હોય એમ લાગતું નથી. આપણે આપણી ફરજજ સમજતા નથી તો પછી બજાવવાની તો વાત કયાં રહી !

આર્થિક સ્થીતિમાંએ આપણે સમાજ ઉપર કોઇ જાતની અસર કરી શક્યા નથી. ૧૫-૨૦ વર્ષ પહેલાં તો આપણી જ્ઞાતિના આપણા વડીલોમાંથી ઘણા ભિક્ષાવૃત્તિ ધારણ કરી રહેલા હતા અને એ રીતે સમાજને બોજારૂપ હતા. અત્યારે એ સ્થિતિ તો નથી, પરંતુ પોતાના ધનનો ઉપયોગ સોદોપયોગી કામો અને સમાજસેવા અર્થે કરવામાં હજુ સુધી કેટલા કટિબદ્ધ થયા છે ? ઓકજ બોર્ડિન્ગ અને તે પણ સમાજની નહિં પરંતુ આપણી જ્ઞાતિનીજ તે પણ હજુ સંપૂર્ણ સફળ થઇ શકી નથી, તો પછી સાર્વજનિક કાર્યો તો આપણા બાહ્યઓ ક્યાંથીજ કરી શકે ?

. ત્રીજો પુરૂષાર્થ રહ્યો દાન બાબતનો-દાન એટલે નિષ્કામવૃત્તિથી સેવા કરની આશા રાખ્યા સિવાય સમાજસેવા કરવી તેનું નામ દાન. આ વિભાગમાંએ આપણે સમાજમાં ઘણાજ પાછાત છીએ. આપણી જાતિમાં કયો સ્વાર્થત્યાગી મહાપુરૂષ સમાજ સેવા કરવા ઉદ્યત થયેલો? કોણ કીર્તિની આશા રાખ્યા સિવાય માન હાનિ સહન કરવા તૈયાર છે? અરે સમાજની વાત બાજુએ રાખીએ તોપણ આપણી જાતિ હિતની વાતમાંએ નિષ્કામવૃત્તિથી કોઈ દાખ કરવા તૈયાર નથીને! જેઓ જાતિ સેવા બજાવવાનું માન આપી શકે છે તેઓના દાખની અસર કંઈ જાતિ ઉપર જ પુરી થઈ નથી તો સમાજ ઉપર તો ક્યાંથી જ થાય. જે લોકો પોતાના મોટા ધણા વખતનો ભોગ આપી જાતિ સેવા કરવાની લાગણી વાળા છે તેઓને તેમના દાખની અંદર ઉત્સાહ આપવો તો બાજુએ રહ્યો પરંતુ તેમના દાખની અંદર અનેક પ્રકારની ખોટ-આંપણ કાઢવામાં અને તેમના દાખમાં અનેક અંતરાય ઉભા કરવામાં પાછા ન હઠે તેવા મહા પુરૂષોનો આપણી જાતિની અંદર તોટો નથી. સર્વને કીર્તિ મેળવવાની અને મોટા બનવાની આશા હોયછે પણ તે કોઇપણ ચંજિન કાર્ય કર્યા વગર. એટલે ૩ જા પ્રકારના પુરૂષાર્થમાં પણ આપણો હિસ્સો નથીજ.

કયે ચોથા પ્રકારનો પુરૂષાર્થ મોક્ષ. આ બાબત આધ્યાત્મિક વિષયની હોવાથી અને ત્રણે પુરૂષાર્થ કર્યા સિવાય બધી હકીકત કોવાથી તેને પડતી મુકીએ.

આ પ્રમાણે સમાજની પ્રગતિમાં મારા નમ્ર મત પ્રમાણે આપણો હાલો કેટલે નથી. આ સર્વનું મુખ્ય કારણ આપણી જાતિની અંદર રહેલા વ્યક્તિમત દ્વેષ, વૈર, મિથ્યા અભિમાન અને મોટાઇની વૃત્તી સાક્ષાત છે એમ મને તો લાગે છે. અંતમાં હું એટલુંજ ઇચ્છું છું કે પરમાત્મા સર્વ જાતિબંધુઓને સુબુદ્ધિ આપી દ્વેષ, વૈર, વૈર, મિથ્યાભિમાન વગેરેમાંથી મુક્ત કરી જાતિની ઉન્નતિમાં અને સમાજની પ્રગતિમાં જોડે. ઇતુ.

લી. જાતિસેવક,
અભિલાષ મુળશંકર ત્રિવેદી.

पत्रिका नं. ३.

યજુર્વેદી અને સામવેદી શ્રીમાળી બ્રાહ્મણ વચ્ચે અરસપરસ રહેતો ભેદ, અને તે કેમ બંધ પાડી શકાય તે બાબત ચર્ચા.

પ્રેસીડેન્ટ તરીકેના પરીષદ આગળના મારા ભાષણમાં બીજક તરીકે મેં જણાવ્યું હતું કે વસ્તુતઃ યજુર્વેદી અને સામવેદી શ્રીમાળી બ્રાહ્મણો વચ્ચે પળાતો ભેદ અને સંકોચ એ માત્ર રથાનિક છે. અને "રથાનિક" પણ કાઠીઆવાડ પૂરતોજ છે. મારવાડમાં અને ગુજરાતમાં અમદાવાદ ધોળકા-બાદ કરતાં જે જગ્યાએ વસે છે તે જગ્યાના શ્રીમાળી બ્રાહ્મણોમાં જુદા જુદા પુરાણા ઉપનામો અથવા સંજ્ઞાઓ છે તે સંજ્ઞાઓ, જેવી કે ત્રીવેદી અથવા ત્રવાડી અને ત્રિપાઠી, દ્વે (દ્વિવેદી) અને જની (પાઠક) એ તમામ બ્રાહ્મણોમાં છે. વડનગરા નાગરોનો જે વિભાગ પોતાને પોતાના પૂરોહિત નાગર વર્ગથીજ અલગ રીતે નાગર ગૃહસ્થથી ઓળખાવે છે તે સિવાયના નાગર બ્રાહ્મણો જે બધા વસ્તુતઃ વડનગરા નાગરો છે તેમાં ત્રીવેદી, ત્રીપાઠી, ત્રવાડી છે. અને આ સંજ્ઞાવાળા બ્રાહ્મણો તમામ "સામવેદી" બ્રાહ્મણો છે. આગ્રા, અલાહાબાદ, અને યુનાઇટેડ પ્રોવીન્સીસમાં અને અન્ય રથળે "તિવારી" સંજ્ઞા છે તે પણ આ ત્રીવેદી, ત્રીપાઠી ત્રવાડીવાળીજ સંજ્ઞા છે. મતલબમાં "ત્રીવેદી, ત્રીપાઠી, ત્રવાડી," સંજ્ઞાના સામવેદી બ્રાહ્મણો આપણી શ્રીમાળી જ્ઞાતિમાં છે તેવીજ સંજ્ઞાવાળા બ્રાહ્મણો અન્ય બ્રાહ્મણ જ્ઞાતિઓમાં છે છતાં તે જ્ઞાતિઓ પછી નાગરની જ્ઞાતિ હોય, ઔદિચ્ય, પુષ્કરણા સોમપરા કે અન્ય હોય તેમાં વેદવિભાગથી જ્ઞાતિના એ સમુદાય વિભક્ત થતા નથી, થયા નથી, અને અસ્તિત્વ ભોગવતા નથી.

એ પ્રમાણે આપણા પોતાના શ્રીમાળી બ્રાહ્મણના મારવાડ વસતા વિભાગમાં આ ભેદ અસ્તિ ભોગવતો નથી. આપણો જુજ શુકલતીર્થ અને બરહાણનો લોપ થતો વેદવિદ્યામાંનો વિદ્વાન્ વર્ગ બાદ કરીએ તો મારવાડ તો હજી આ વેદવિદ્યા જાળવી રહ્યાના પ્રમાણો મારી પાસે છે. તે તરફ હજી સારા યાજ્ઞિકો છે પણ તે છતાં તે જગ્યામાં બાવા બ્રવરાવવા માટે, કે કન્યા લેવા દેવા માટે વેદ પરત્વે વિભાગ નથી. આ વાત મેં આરંભમાં

કહ્યું તેમ આ વિભાગ સ્થાનિક-કાકીઆવાડનોજ છે એમ પ્રતિપાદન કરે છે. મને લાગે છે કે અમુક સ્થળમાં બે જ્ઞ્યા સાથે વસતા હતા ત્યાં બ્રાહ્મણ ભાઇઓનો હમેશની કલેશ કરી ખાનપાનમાં જુદા પડવાની રીતિ પ્રમાણે પ્રથમ બે તડ તરીકે વિભાગમાં વહેંચાયા. પછી શ્રીમાળી બ્રાહ્મણોમાં મમત્વનો મોટો દોષ એ વાત સ્વીકારીએ તો જે તે જ્ઞ્યાએ પોતપોતાના સગેવહાલે બીજા ગામોમાં પત્રો લખી જમવા આવાના પ્રસંગો આવતાં તડ પાડયાં અને આવા પીવાના તડ પડયાં એટલે પછી આવા પીવાના તડની પછવાડે કન્યા લેવા દેવાના પણ વિભાગો પરિણામ તરીકે પ્રાપ્ત થયા. મારા પોતાના અનુભવમાં બીજી જ્ઞાતિઓના ત્રણ દાખલા આવ્યા છે. કપોળ વાણીઆ બધા એકજ જ્ઞાતિ છે. અને તેમાં ઉંચા નીચાના કારણોથી દેસવાડીઆ અને ઘોઘારીની સંજ્ઞાઓવાળા કુટુંબો હતા. પ્રથમ એક પક્ષ અને બીજા પક્ષ વચ્ચે ચોરે અથવા ઝાઝે અરે દીકરીઓ લેવા દેવાનો વ્યવહાર હતો. પણ મહુવા જ્ઞાતિમાં જીવતી સ્ત્રી છતાં થોડી મુદ્દતમાં બીજી સ્ત્રી કરવાનો દાખલો બન્યો અને તેમાં ઘોઘારી અને દેસવાડી ભાઇઓ મમતમાં આવ્યા અને પરીણામે એક જ્ઞાતિના બે વિભાગ હમેશને માટે પડી ગયા છે. અને તે વિભાગના અને તે કલેશનાં બીજ બીજરૂપે ન રહેતાં હવે વૃક્ષ રૂપે થયા છે અને તે એટલે સુધી કે અખીલ ભારતીય કપોળ પરીષદ જે મુંબઇમાં ભરાઈ હતી તે તદ્દન નિષ્ફળ નીવડી.

મહુવામાં તેજ પ્રમાણે બોજા સર્વ એકત્ર હતા. પણ તેમાં આગાખાનના અનુયાયી, અને મસીદીયાના બે વિભાગ પડતાં, તે બે જ્ઞ્યા ભિન્ન ભિન્ન વિભાગમાં વહેંચાઇ ગયા છે અને આ જ્ઞ્યા અમલમાં આવ્યાને હજી ૪૦-૪૫ વર્ષ થયા નથી ત્યાં એક બીજા જ્ઞ્યા વચ્ચેનો ખાનપાન અને દીકરીઓનો વ્યવહાર લગભગ બંધ પડી ગયો છે.

વડનગરા નાગર ગૃહસ્થો અને વડનગરા નાગર બ્રાહ્મણો વચ્ચેનો વિભાગ પણ કોઇ પણ વૈમનસ્યના કારણથી જુદો પડયો છે તે પાછો સંધાયોજ નથી. છુટા છવાયા ગુજરાતમાં આ જ્ઞ્યામાં લગ્નો એક બીજા જ્ઞ્યામાં થયાના દાખલા છે અને દાખલા થતા જાય છે તે વાત હજી સ્પષ્ટ છે.

આવી સ્થિતી દયાશ્રીમાળી વૈષ્ણવ, ધર્માનુયાયી સ્વામિનારાયણ ધર્માનુયાયી, અને જૈન ધર્માનુયાયી જ્ઞ્યામાં ઉત્પન્ન થઈ છે, અથવા ઉત્પન્ન થતી જાય છે અને સ્વામીનારાયણ જ્ઞ્યો જે બહો નાનો છે તેને માટે તો એ સ્થિતિ

આવી છે કે કાંતો તેમણે પોતાનો ધર્મ છોડવો, અથવા પોતાનો દશાશ્રીમાળી સ્વામીનારાયણના ધર્મઅનુયાયીનો નવો જ્ઞાતિ બની શકે તો ઉકેલ કરવો.

આ બધો મારો પ્રસ્તવનાનો હેતુ એ છે કે કોઈ એમ કહે કે યજુર્વેદી, અને સામવેદી શ્રીમાળી ભાઇઓમાં કાંઈ આન્તરિક ભેદ છે તો તે વાત માટે હું ના પાડું છું. મારા પોતાના અનુભવમાંનો એક દાખલો છે કે મોરબીમાં એક યજુર્વેદી ભાઈનો આચરણ બાબત વૈમનસ્ય થતાં બે જ્ઞાતિ વચ્ચે લગભગ આનપાનનો વહેવાર બોતેર વર્ષ ઉપર બંધ પડી ગયો હતો. એકવાર બે જ્ઞાતિ જુદા પાડી શકાયા, એક તળાવના પાણીમાં આડી પાળ મુકાઈ બે તળાવ થયાં એટલે પછી બધોજ જુદારો થાય છે. જ્યાં જ્ઞાતિનો સમૂહ મોટો હોય છે, જ્યાં આખી સમગ્ર જ્ઞાતિને ભોજન આપતાં ખર્ચ વિશેષ લાગે છે ત્યાં પ્રથમ સગવડતાની ખાતર વહેવારના નાના જ્ઞાતિ જેને પાંખી, તડ, અથવા જતાવત, જતોવાઇ કહે છે તેવા હોય છે. માણસ પોતાની સ્થિતિ પ્રમાણે અને પ્રસંગ પ્રમાણે આ નાના વહેવારોને ભોજન આપી પોતાની ફરજ અદા કરતો. આ પાંખી, તડ, જતાવત, જતોવાઈ એ કલેશના વિભાગ નહોતા; સગવડતાના વિભાગો હતા. ઘોળકા, ભાવનગર, જામનગરમાં આ પાંખો, તડ, જતાવત, જતોવાઇની જ્ઞાતિઓને બાળકો પણ સમજે છે. આગળ કહ્યું તેમ મમત્વના કારણથી વૈમનસ્ય થતાં વિભાગ પડે તે "તડ." એ અરસ પરસ્પરના તડ છે: તે તટો એક તળાવમાં વચમાં પાળ નાંખતાં બે વિભાગ થાય છે તેવાં વિભાગ ઉત્પન્ન કરે છે. એક વખત કોઇ એક સ્થળે યજુર્વેદી અને સામવેદી જ્ઞાતિ વચ્ચે અથવા પ્રથમ જ્ઞાતિમાં કોઇ એક મનુષ્યના કારણથી તડ પડ્યાં એટલે પછી. રેવાને કારણે કમ્પાર્ટમેન્ટ (ખાનાં) અને તે એવાં ખાનાં કે એક ખાનામાંથી બીજા ખાનામાં ન જવાય તેવાં પડ્યાં. જમવા જમાડવામાં, ખર્ચ માટે, આ કાયદા પડતું જણાતું. કાળ જતાં પણ વિભાગ બુંસાવા ન દેતાં ઉલટા દૃઢીભૂત કરવામાં આવ્યા. અને પરીણામે બે જ્ઞાતિઓ વસ્તુતઃ કરી નાંખી.

હવે શ્રીમાળી ભાઇઓ પૂછે કે પાકું સઉ એક કેમ થાય, અને ગંગા સરોવરનું પાણી એક કેમ થાય તો તેનો જવાબ આપ ભાઇઓના હાથમાંજ સોંપું છું. જે રીતીથી તે વિભાગ પડ્યા તે રીતીથી વિભાગ તોડી નાખશો એટલે ગંગાના બે વેણુ પાછાં એકત્ર થઈ જશે. મોરબી, જામનગર, ચુડા, પ્રાંગધ્રા, ધ્રાંગડી, જ્યાં જ્યાં બે જ્ઞાતિની વસતી છે ત્યાં જતોવાઇ, જતાવંત, પાંખી, તડના જ્ઞાતિઓ જે સગવડતા માટેનાં છે, તેવા પ્રસંગો બાદ કરતાં

એક બીજા જ્યાના ભાઇઓને છુટથી, વ્યવહારથી જમવા જમાડવાના આમંત્રણો થાય અને સ્વીકારાય એટલે આડી પાળ પડી છે તે દૂર થાય. વૈમનસ્યના પ્રસંગ આવે તો પણ યજુર્વેદી અને સામવેદી એમ ભાગ પાડવાના નહિ, મતભેદ દેખાય તો, અથવા થાય તો દેશમાં છે તેમ મતભેદવાળા મનુષ્યો અલગ થાય અથવા અલગ રહે પણ તે મનુષ્ય-વ્યક્તિ-તરીકે જ્ઞાતિની એક ગંપી હરો, જ્ઞાતિ રૂપે જુદા થાય તેમ નહિ.

જ્યાં પાનપાનનો અને આમંત્રણ લેવા દેવાનો વેહવા કારણના વિભાગને કોરે રાખી, વ્યવહાર શરૂ થશે એટલે પડોશી મોટી આડી દીવાલ તુટી જશે. સામવેદી જાણે કે હું પંસાવાળો છું અને તેથી સામક યજુર્વેદીને ઉપકાર અર્થે નિમંત્રણ કરું છું ત્યાં એક સંપી થામજ નહિં. માટે એ કોઈ એક અથવા બીજા જ્ઞાતિમાં સમસ્ત જ્ઞાતિને નિમંત્રણ કરનાર બાલુસ પોતાનીજ નાત છે એમ સમજી વર્તન કરે તોજ ઐક્ય થાય. એકવાર પાનપાન છૂટથી પુનઃ સ્થાપન થયાં એટલે દીકરો લેવા દેવામાં પણ જ્યાં જેનું મન માનશે ત્યાં દીકરો જેમ મારવાડમાં લે છે, અને દે છે તેમ લેશે દેશે. મારી કન્યા વિક્રયની પત્રિકામાં વિક્રયના કારણોમાં એક કારણ બતાવવામાં આવ્યું છે તે આ પ્રશ્નના નિકાલ માટે પણ લાગુ પડે છે. બે જ્ઞાતિ વચ્ચે credit (શ્રદ્ધા) સ્થપાય અને આમન સામન સાદુકારો દુધી જેમ મૂળ ઘણી લખે અને નીકરાય તેમાં ઘણો વ્યવહાર થાય છે તેમ એક બીજાના મનમાં રહેલો એવો વસવસો કે " મારી દીકરીઓ પરણશે ખરી પણ મારા દીકરા કુંવારા રહેશે તો " તે દૂર થાય એટલે વ્યવહાર છુટથી આબાદ રીતે મોટી પીરીસટ ઉપર ચડી જવાનો. બજારે એક બીજા મિત્રો, અને સગાં એક બીજા તરફ મધ્યસ્થ રહી સમપણ થવામાં મદદ આપતાં હતાં તેમ આમાં પણ થાય એટલે વસવસો દૂર થાય. બાપી કમે તેટલું કરો તો પણ દીકરો આપવામાં દીકરીના બાપનું મન પ્રફુલિત થયા સિવાય દીકરો આપવાના પ્રસંગ કોઇ બીજાના કહેવાથી ઉપન્ન કરી શકાયા નથી, અને કરી શકાશે નહિ. બે તો ગરીબ હો કે શ્રીમંત હો પણ બનુષ્ય પોતાનું મન માન્યા પછી દીકરીનો સંબંધ કરશે. અને કોઈ વાર બનાવનો સંબંધ કરશે તો બારી બાજી ઉકરડે નાંખવાના દૃષ્ટાન્તને અનુસરીને કરશે.

હવે જે રહસ્યમાં આપણે વસતા હતા, જ્યાં જેના જેવી, જેના મળી, જેના જમણ જમી એક બીજાને મારી રીતે જાણતા હતા, જ્યાં

એક બીજાના ઘરની સ્થિતિ નજર આગળજ પ્રત્યક્ષ હોય ત્યાં મનની જુદાઈ મટશે એટલે શું યજુર્વેદી કે શું સામવેદી પોતાની સ્થિતિના ભાઇને દીકરો આપતાં લેતાં આંચકો આશે નહિ.

આ લાઇન ઉપર પ્રથક પ્રથક સ્થળમાં વસતા જ્ઞાત્યા પહેલાં જમવા જમાડવાનો વ્યવહાર અસ્ખલિત રીતે દાખલ કરો, પછી એક બીજા જોગા મલી પોતાના ગામમાંજ પોતાને લાયક ઘરોમાં એક બીજામા સંબંધ કરવા તૈયાર થાય તો આ પ્રશ્ન સહેલો છે.

માટે આ પત્રિકા દ્વારા પ્રથક્ પ્રથક્ સ્થળની જ્ઞાતિઓ પાસે હું સૂચના મુકું છું કે,

(૧) તમે પ્રથમ ખાનદાનીમાં, ધોળકા, ભાવનગર, જામનગરના માન તડ પાંખી, જતાવત, જતોવાઇના વ્યવહારો પ્રસંગ અને સ્થિતિ અનુસાર કરી પછી બીજા મોટા પ્રસંગમાં એકજ જ્ઞાતિ વ્યવહાર શરૂ કરો.

(૨) પછી તેવી જ્ઞાતિમાં જે તે માણસ પોતપોતાની સ્થિતિના અને પોતાને પસંદ પડતા ઘરોમાં વ્યવહાર કરવા વિચારની આપ લે કરી પાંચ સાત દસ દાખલા એક સરખી રીતના લુગડાં, ઘરેણાં પહેરાંના ધોરણ જેની એક હદ મેં કન્યા વિક્રયના સવાલમાં બતાવી છે તેવા સ્વરૂપે સગપણ કરી ઉભા કરો એટલે દીવાલ જે અત્યારે ફીલ્લા તરીકે ઉભી છે તે તુટી જશે. આ વિષય હાલ આંહિ બંધ કરું છું.

દાસાનુદાસ.

વીઠ્ઠલદાસ ગીરધરશંકર.

પત્રિકા નં (૪).

કન્યાવિક્રયનો પ્રશ્ન, અને યજુર્વેદી સામવેદીના ઐક્યનો પ્રશ્ન.

અત્યાર સુધીમાં "કન્યા વિક્રય" નો દુષ્ટ રીવાજને પ્રતિષેધક, અને સામવેદી, યજુર્વેદી જ્ઞાત્યાઓ મધ્યેના ભેદનો પ્રતિષેધક માર્ગ દર્શાવનારી પત્રિકાઓ લખીને આપ જ્ઞાતિ બંધુના પર્યટકમાં રજુ કરી છે. હવે એ બે વિષયને એકત્ર કરી આખા શ્રીમાળી સગાજનો ઐક્ય થવાનો માર્ગ આ પત્રિકામાં બતાવું છું.

કન્યા વિક્રય બંધ પાડવા માટે વ્યાવહારિક યોજના જે રજુ કરી છે. તે વખતે ઘોળકા જ્યાના ઘોરણથી બીજું એક ઘોરણ જે આ તરફ હાલારના મુલકમાં કમીટીનું ઘોરણ પ્રચલિત છે-તે મારા લક્ષ બહાર નથી. કમીટિના અનુયાયીઓ કમીટિ 'કતેહમંદ' હોવા બાબત ગમે તેટલો ઉંચો અભિપ્રાય ધરાવે પણ કમીટિ મધ્યેના ઘણા શ્રીમાળી બન્ધુઓ સાથે વાત કરતાં મને માલુમ પડયું છે કે તે ઘોરણે મારા પ્રથમના લેખમાં "આંટ" બાબત લખવામાં આવ્યું છે તેવી "આંટ" સ્થાપન કરી નથી.

એ ઘોરણ જ્યારે પ્રથમ અર્જુન ભાવાભાઈ અને ચત્રભજભાઇએ બાંધ્યું ત્યારે ઘરેણાની હદ રૂા. ૪૦૦) ની મુકરર કરી હતી. ઉપરાંત કપડાં ૧૫૦–૨૦૦ ની કીમતની આસપાસનાંજ ઘોરણનાં હતાં.

હવે જ્યારે આ ઘરેણાં લુગડાંની મર્યાદા બંધાઇ તે વખતે ઉદ્દેશ વડનગરા નાગર બ્રાહ્મણોની ગૃહસ્થ નાતના રિવાજને અનુસરી અસ્તિમાં લાવવામાં આવ્યો હોય તેમ માની શકાય છે. ભાવનગરના વડનગરા નાગરો દીકરીઓને પક્ષાં તરિકે ૧૦૦ એકસો ગદીયાણા સોનું, અને બસો તોલા રૂપુ દે છે. કમીટિના આદ્ય પ્રવર્તકોએ એમ માન્યું લાગે છે કે શ્રીમાળી બ્રાહ્મણ માટે રૂા. ૪૦૦) બારસેંના ઘરેણાનું પક્ષું દીકરીઓના "સુખે દુઃખે આશરા" માટે ઠીક ગણી શકાય. કપડાં પણ દીકરીઓને જે જનસમાજમાં ફરવું ફરવું પડે તે જન સમાજ (વાણીઆ નાગરો) ની દીકરીઓની હરોલમાં ઠીક લાગે. આ બે વિચારોથી ઘરેણાં લુગડાંની ઉપર પ્રમાણેની હદ, મર્યાદા મુકરર કરવામાં આવ્યાં હતાં. તે વખતેજ શ્રીમાળી ભાઇઓમાં અને તે કમીટિના અનુયાયીઓમાં અસંતોષ પ્રાપ્ત થયો હતો. ઘણા ભાઇઓએ કહ્યું હતું કે આ ઘરેણાં લુગડાંની હદ ઘણી મોટી છે અને શ્રીમાળી જાતિના સમાજની આર્થિક સ્થિતિને વીચારમાં લીધા સિવાય બાંધવામાં આવી છે. પણ કમીટિના પ્રવર્તક ગૃહસ્થોએ એમ ઉદ્દેશ અને તે ઘણો ઉંચો ઉદ્દેશ લક્ષમાં રાખ્યો હતો કે આટલી રકમ તો પરણવા તૈયાર થતા વરરાજા અને તેના કૌટુમ્બિકજનોએ થોડામાં થોડી ધરાવવાની સ્થિતિ ધરાવતી જોઇએ. એ આદ્ય પ્રવર્તકો સાથેજ આ લેખકને આ સંબંધમાં વાત થતાં જણાવ્યું

(નોંધ. આ આંકડાના ખરાપણા માટે લેખક ચોકસ નથી અને તે હકીકત તેણે સ્વાનુભવની ન હોવાથી પ્રથમ પ્રથમ ગૃહસ્થો સાથેની વાતમાંથી મેળવી છે અને તેથી લેખક આંકડા માટે સુધારીને લેખ વાંચવા કમીટિના બન્ધુઓને ભલામણ કરે છે).

હતું કે તેમનો તે ઉદ્દેશ શ્રીમાળી સમાજને આર્થિક સ્થિતિમાં એક રીતે પ્રોત્સાહન આપી ઉંચે લઈ જવાનો હતો.

લક્ષ્મરૂપી લાલસાની ખાતર શ્રીમાળી બંધુઓ વધારે ઉદ્યોગી અને વધારે ઉત્સાહી બની દ્રવ્યોપાર્જન કરશે એ આ ઉદ્દેશનું દૃષ્ટિ બિન્દુ હતું. કાઇક અંશે પ્રથમ પ્રથમ વ્યક્તિઓએ આ પ્રોત્સાહનને લીધે વધારે પ્રયત્ન કર્યા, આફ્રિકા સુધી મુસાફરી કરી અને દેશવટો વર્ષો સુધી અમુક અમુક વ્યક્તિએ ભોગવ્યો અને દ્રવ્યોપાર્જન કર્યું. પણ માત્ર પ્રથમ પ્રથમ વ્યક્તિઓજ દ્રવ્યોપાર્જન કર્યું. શ્રીમાળી જનસમૂહ તો ગરીબ રહ્યો અને આ આર્યાવર્તમાં પ્રથમ જ્યાં નિવૃત્તિ માર્ગ હતો ત્યાં પ્રવૃત્તિ માર્ગ દાખલ થયો અને જ્યાં તે પ્રવૃત્તિ માર્ગના દાખલ થવાના પરિણામે જીવન માટેનું જીવનના વિકાસ માટેનું, ધન સમૃદ્ધિ ઉપાર્જન માટે હરિફાઇનું સ્વરૂપ દાખલ થયું ત્યાં શ્રીમાળી બાઇઓનો સમૂહ મુળસ્થિતિમાં હતો ત્યાંથી ઉંલટો પછાડી હઠી ગયો, અને નિવૃત્તિ પરાયણ માર્ગમાં રહી પોતાનો યથેચ્છ વ્યવહાર શાંતિથી ચલાવી શકતા હતા તે બંધ થતાં પ્રવૃત્તિ પરાયણ પુતળાં સમાન, શ્રીમાળી સમાજ પાછળ પડી ગયો. આ વાત એકલા શ્રીમાળી બન્ધુઓને લાગું પડે છે તેમ નથી. પણ તમે રેલ્વે સ્ટેશનો જુવો, પોસ્ટ ઓફીસ જુઓ કે નાની નાની નિશાળો જુઓ, તો નાની નોકરીના ઉમેદવારો હવે માત્ર બ્રાહ્મણોજ રહ્યા છે. બ્રાહ્મણ કોમ અત્યાર સુધી પુરોહિતના ધંધા ઉપર પોતાનો નિર્વાહ નિવૃત્તિ પરાયણ યુગમાં કરતી હતી. પણ યજમાનોએ બદલાતા જમાનામાં આ બ્રાહ્મણોનું પુરોહિતપણું સ્વીકારવા ના પાડી. અથવા તો પુરોહિતને એક પ્રાસંગિક સેવક માની તેના પ્રાસંગિક લવાજમોને મર્યાદિત કરી નાંખ્યા ત્યારે પૂરોહિતપણું નિર્વાહ માટે પૂરતા સાધનવાળું રહ્યું નહિં.

બીજી શારીરિક મહેનત માટે તો બ્રાહ્મણ અમીરો કેળવાયા ન હોતા એટલે, પછી નાની નાની નોકરી પાણી પાનારાની, ટપાલના કાગળો વહેંચવાવાળાની, રસોઇ કરવાવાળાની નાના શિક્ષકો થવાની, રેલ્વેના સ્ટેશનો ઉપર નાની નાની કામગીરીની સ્વીકારી.

શ્રીમાળી બ્રાહ્મણમાં આ લેખકને આ ૫૦ વર્ષનો અનુભવ છેતેપ્રમાણે બ્રાહ્મણ વિદ્યા આ તરફના સામવેદી જ્ઞાતિમાં હતીજ નહિ. પરિષદના પ્રમુખ તરિકેના ભાષણમાં મેં કહ્યું છે તેમ શુક્લતિર્થ અને બરકાલના વેદપાઠી જેને હાલની દુર્દશાએ પહોંચાડવાની જવાબદારી કાંઈઆવાડ ગુજરાતના શ્રીમાળી બંધુઓ ઉપર છે તે બાદ કરતાં એક પણ સારો વિદ્વાન, સારો

જ્યોતિષિ, સારા વૈદ, સારા પૌરાણિક, સામક શ્રીમાળી જ્ઞાતિમાં ઘણા વર્ષ થયાં જણાયો નથી. ધોળમાં આ વિદ્યા જાળવી રાખવા પ્રયાસ થયા હતા. પણ એ વિદ્યા અન્ય અલ્પ મંડળીમાં વિદ્વાન બ્રાહ્મણને માન અપાવતી એ વાત ખરી છે છતાં શ્રીમાળી બન્ધુઓ જે પોતાને ગૃહસ્થ મનાવાની આકાંક્ષા ધરાવતા હતા તેમણે આ "વેદીયા" વર્ગને ઉતરતી શ્રેણીમાં ઉતારી પાડયો.

આ ચર્ચા આટલા પટથી આ સુધી ચર્ચી છે તેનો હેતુ એ છે કે શ્રીમાળી બ્રાહ્મણોએ કન્યા વિક્રયના પ્રતિષેધ માટે ધોરણ સ્વીકારવું તો કયું ધોરણ અથવા કેવું ધોરણ સ્વીકારવું તે તેઓ પોતાથી જોઈ શકે. કમોટિના ધરેણાં લુગડાંનો આંકડો અત્યારે રૂ. ૪૦૦ અને ૧૫૦–૨૦૦ ઉપર વ્યવહારમાં અને વસ્તુતઃ રહ્યો નથી. ધરેણાં ૧૦૦૦ની મર્યાદા સુધી પહોંચી જાય છે અથવા પહોંચી ગયા છે અને કપડાં પણ મર્યાદા ઓળંગાવી ગયાં છે.

ઉપરની વિસ્તૃત ચર્ચાના પરીણામે શ્રીમાળી બંન્ધુઓને એમ લાગે કે કદી તેના ધરેણાં લુગડાંનો આંકડોજ વાસ્તવિક અને ફાયદા કરતા છે તો શ્રીમાળીના સમાજનો જે ભાગ અત્યારે કન્યાવિક્રયના દુષ્ટ રીવાજના પંજામાં સપડાએલો હોઈ વિક્રય તરીકેના અવેજ તરીકે રોકડ રકમ રૂા. ૧૦૦૦–૮૦૦ –૧૨૦૦ કે ઓછા વધતી રકમ આપે છે તે કદાચ આ માત્ર ધરેણા લુગડાની મર્યાદા હોવાથી પોતાને ફાયદો થાય છે એમ માની આ મર્યાદા સ્વીકારવા લલચાય, પણ તે વર્ગ અથવા તેવી માન્યતા ધરાવતો વર્ગ અલગ પાડતાં હાલનો ધોળકા જ્ઞાતિ જે પ્રથમ પત્રિકામાં બતાવ્યું તે ધોરણે પોતાનો વ્યવહાર સારી રીતે ચલાવી શકે છે તે વર્ગ આ ધરેણાં લુગડાંની મર્યાદા સ્વીકારવા બીલકુલ તૈયાર થશે જ નહિં. તેજ પ્રમાણે મજીરેંદી નં. (૧) નો ઉંચો જ્ઞાતિ જે ધોળકા જ્ઞાતિની માફકજ પોતાનો વ્યવહાર અચ્છી રીતે સરળતાથી કરી શકે છે અને તેને માટે નીચે ચર્ચા કરી છે તે પણ એ ધોરણ સ્વીકારવા તૈયાર થશે નહિં. અને તેમ નહીં થાય એટલે ધોળકા જ્ઞાતિ અને મજીરેંદી નંબર (૧) વાળો ઉંચો જ્ઞાતિ જે હું ધોળકા જ્ઞાતિ કરતાં પણ ઉંચો નંબર આપું છું તે જે અત્યારે પોતાનો વ્યવહાર અલગ રહી કરે છે તે પ્રમાણે અલગ રહીને કરશે એમ હું આખા વાતાવરણથી જોઇ શકું છું. ધોળકા અને બીજો વર્ગ રૂા. ૧૦૧, ૧૩૭ રૂ. ૧૬૨) ના વિક્રયકર્તા તરિકે ઓળખાવશે તો પણ તે ટીકાની અસર અત્યાર સુધી થઈ નથી અને થશે નહિ. તે વર્ગ સમજે છે કે આ ધોરણ વખતના વહેવા છતાં જુજ વધઘટ છતાં અડગ રીતે ઉભુંજ રહ્યું છે.

હવે સવાલ આ બાબતમાં મજીરેંદી ભાઇઓનો રહ્યો. તેમનામાં

વિક્રય ન કરનારો વર્ગ તો સામવેદી ધોળકા જ્ઞાત્યા કરતાં ઘણી ઓછી રકમનાં ઘરેણાં લુગડાંથી પોતાનો વ્યવહાર કરે છે. તે જ્ઞાત્યો તો જુજ રૂા. ૫૦–૧૦૦નું× ઘરેણું અને જુજ રૂા. ૨૫–૫૦ના કપડાં ઉપરજ પોતાનો વ્યવહાર કરતો આવ્યો છે. તેમણે તો રોકડ રકમનો બીલકુલ અસ્વીકારજ કર્યો છે. અને તેમ કરી તેમણે પ્રજાપત્ય વિવાહ વીધી કરતાં પણ ઉંચા નંબરની આર્ષવિવાહ પદ્ધતિ સ્વીકારી છે. આ વાત પણ મારા સ્વાનુભવની નથી પણ યજુર્વેદી ભાઇઓ સાથેની મારી વાતચીત ઉપર આધાર રાખનારી છે.

હવે આ પ્રમાણે સ્થિતિ છે. અને તેથી શ્રીમાળી જ્ઞાત્યાના નિચે પ્રમાણે વિભાગ થાય છેઃ—

(૧) યજુર્વેદી જ્ઞાત્યો જે બીલકુલ વિક્રય જેવું વ્યવહારનું પણ સ્વરૂપ ધરાવતો નથી અને માત્ર જુજ રકમનાં ઘરેણાં અને જુજ રકમનાં કપડાં ઉપર આર્ષ વિવાહ પદ્ધતિ અનુસાર–પોતાનો વ્યવહાર કરે છે તે.

(૨) ધોળકા જ્ઞાત્યો જે રૂા. ૧૦૦, ૧૧૨, ૧૩૭, ૧૬૨ ઉપર જુજ પ્રસંગે રૂા. ૧૦૦–૧૫૦ ના ઘરેણાં અને લુગડાં રૂા. ૨૫–૫૦ ના ઉપર વ્યવહાર કરે છે તે.

(૩) કમિટીવાળા બંધારણનો જ્ઞાત્યો જે રૂા. ૪૦૦, ૫૦૦ ના ઘરેણાં અને લુગડાં રૂા. ૧૫૦, ૨૦૦ જેની મર્યાદા હાલમાં વધતી ગઇ છે અને વધતી જાય છે તે ઉપર વ્યવહાર કરે છે તે.

(૪) સામવેદી વિક્રય કરનારો જ્ઞાત્યો જે મોટી રકમ રોકડ લઇને વ્યવહાર કરે છે તે જ્ઞાત્યો.

(૫) યજુર્વેદી વિક્રય કરનારો જ્ઞાત્યો જે રોકડ રકમ લઇને વ્યવહાર કરે છે તે જ્ઞાત્યો.

હવે શ્રીમાળી શ્રીમાળીભાઇઓ–પછી તે સામક હોય કે યજુર્વેદી હોય તેના વચ્ચે સમાનતા આણ્યા સિવાય ભેદ કાઢી નાંખવાની વાત આકાશ કુસુમવત્ છે. અને એ બધાના વ્યવહારને એક સ્વરૂપમાં લાવવા માટે ધોળકા જ્ઞાત્યાએ જે વ્યવહાર ૨૦૦–૨૫૦ વર્ષ મુકરેલી સિવાય ચલાવ્યો તે જેં લક્ષ્ય તરીકે સૂચવ્યો છે. હવે પ્રત્યેક જ્ઞાત્યાની જ્ઞાતિઓ, અને પ્રત્યેક સ્થળની જ્ઞાતિઓ આ વાત લક્ષ્ય તરીકે રાખી કઇરીતે મધ્યમ એક ધોરણ સ્વીકારે છે તે ઉપર ઐક્ય થવાનો આધાર રહે છે. જેવા દેવાની એક પ્રથા

×આ બાબતમાં જો યજુર્વેદી વિક્રય રહિતનો વિભાગ પોતાના આંકડા પોતાના હોય તેમ લેખી આ લેખ લાંબે જોગ મારી વિનંતિ છે.)

એકવાર સમસ્ત શ્રીમાળી-સમાજ કબૂલ કરે એટલે પછી ઉંચા નીચાનો, કુલીન અકુલીનનો સવાલ બંધ પડયો. એ સવાલ બંધ પડયો એટલે સમાન સમાન સ્થિતિના માણસો મન મુકી ખુશા મનથી સમાન સમાન સ્થિતિમાં વિવાહ-લગ્નના સંબંધ કરશે.

પ્રથમ લેખમાં કહ્યું છે તેમ કોઈ એક પણ વ્યક્તિ પોતાની પુત્રિનો સંબંધ બધી રીતે પોતાને અનુકુળ વાત ધ્યાનમાં ન ઉતરે ત્યાં સુધી બીજા કુટુંબ સાથે કરતો નથી. પણ વચમાં રિવાજ-જ્ઞાતિ રિવાજ, જ્ઞાતિ રીત-ની સમાનતાનું ધોરણ દાખલ થયું કે તુરત નાના મોટા, ઉંચા નીચાનો સવાલ બંધ પડયો એટલે પછી માત્ર મનમાનતાં સંબંધો સમાન સમાન સ્થિતિના કુટુંબોમાં થવાનાંજ. પણ જ્યાંસુધી સમાન ધોરણજ નથી ત્યાં એક માણસ પાંચશો રૂપીઆનું ઘરેણું દીકરી માટે લેવાના ધોરણનો સ્વીકાર કરનાર, પોતાના દીકરા માટે ઓછા ધોરણવાળા જ્યાંથી કન્યા મેળવવાની અપેક્ષા રાખશે તો અપવાદો સિવાયના પ્રસંગમાં અપેક્ષા ફળીભૂત જોવા ભાગ્યશાળી થશે નહિ. તેજ પ્રમાણે જે ભાઈનો દીકરો ઓછી રીતથી ઓછા ઘરેણાં લુગડાંથી, અને ઓછા અથવા બીલકુલ રોકડ અવેજ સિવાય પરણાવી શકાય છે તે ભાઈ પોતાના દીકરા માટે પોતાની સારી સ્થિતિ હોવા છતાં પણ બીજા ઘણા વધારે બોલવાળા જ્યાંથી કન્યા મેળવવા આતુર રહેશે નહિ. અને તેથી ભેદાભેદ ચાલુ રહી વિભાગ જ રહેવાનું પરિણામ છે તે કાયમ માટે દૃઢીભૂત થશે. આ બધી વાત સમગ્ર રીતે વિચારમાં લઈ પ્રથમ એક આખી આપણી જ્ઞાતિની લેવડદેવડની રીતના મધ્યમ ધોરણને સ્વીકારવા માટે મેં પ્રથમના લેખમાં સૂચન કર્યું છે. અને આ બાબતમાં આ વિષયના બે લેખમાં જે ચર્ચા કરી છે તે ચર્ચાના પરિણામે. મધ્યમ ધોરણ સ્વીકારવા પ્રથક્ પ્રથક્ સ્થળની જ્ઞાતિઓ અભિપ્રાય ધરાવે છે તે બાબત વિચાર કરવા હું તે તે જ્ઞાતિ સંસ્થા ઉપર આ પ્રશ્ન અત્યારે છોડું છું. બીજી કોન્ફરન્સમાં મેળા થવા પ્રસંગ આવે અને તે વખતે વ્યાવહારીક કાર્ય થઈ શકે તે માટે પ્રમુખના ભાષણમાં મેં વ્યાવહારીક પગલાં ભરવા સૂચન આપ્યું હતું તે આ રીતે આ હારમાળાના રૂપમાં જ્ઞાતિ સમક્ષ રજુ કર્યાં છે.

લી. સેવક
ચીકુલદાસ ગીરધરદાસ
ના પ્રણામ.

ઓઝા વાઘજી આશારામ શ્રીમાળી બ્રાહ્મણ વિદ્યાર્થી આશ્રમનો બીજો ટુંક રીપોર્ટ.*

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् ॥

આ સંસ્થાનો પહેલો ટુંક રીપોર્ટ તથા ઉપજ ખર્ચનો કાચો આંકડો તા. ૩૧-૧-૧૯૨૧ સુધીનો માહે એપ્રીલ સને ૧૯૨૧ ના શ્રીભાણી અભ્યુદયમાં છપાઈ ગયો છે. તેમાં આશ્રમની શરૂઆત કેવી રીતે થઇ તે જણાવવામાં આવ્યું છે.

પ્રથમ રીપોર્ટે સાથે તા. ૧૫ જુન ૧૯૧૯ થી તા. ૩૧-૧-૧૯૨૧ સુધીનો કાચો આંકડો છપાવવામાં આવ્યો હતો. આ નીચે તા. ૧૫ જુન ૧૯૧૯ થી તા. ૩૧-૧૦-૨૨ સુધીનો પાકો હીસાબ તૈયાર કરી સરવૈયા રૂપે છપાવેલ છે.

હીસાબ ઉપરથી જણાશે કે હાલ આશ્રમને ભેટ કરેલી રકમ પૈકી રૂા. ૧૬૬૭-૭-૧૦॥ ની રકમ ખાતે માંડેલીછે તેની વિગત હિસાબમાં બતાવી છે, તે પ્રમાણે રકમો જે તે ગૃહસ્થો તરફથી મોકલવામાં આવશે તો મોટો ઉપકાર થશે. કારણ કે આશ્રમનું મકાન બાંધવા માટે જમીન ચોરસવાર ૭૮૭૫ ખરીદ કરી છે તેના ઉપર મકાન બાંધવા માટે નકશો રજુ કરી મકાન બાંધવાની મંજુરી મેળવી લીધી છે તેથી પૈસાની પુરી જરૂર છે અને સિલિકમાં હીસાબમાં બતાવ્યા પ્રમાણે રૂા. ૮૦૬૯-૧૪-૯ છે જેમાંથી રૂા. ૧૨૫-૪-૦ ઓઝા પરશોતમ ગીગાભાઇવાલી રકમ તો કાયમ રાખવાની છે અને રૂા. ૨૫૦૦ની પ્રોમીસરી લોન નોટ ટકા ૩½ વાલીછે તે વેચી રોકડા પૈસા કરતાં રૂા. ૧૩૦૦ થી ૧૪૦૦ ઉપજવા સંભવ છે; તેથી રૂા. ૨૫૦૦ ની બોમ્બે સીટી ડેવેલપમેન્ટ લોન ટકા ૬½ ની તથા રોકડા રૂા. ૨૫૦૦ ની ટકા ૫ માં વાળુ રાખેલી રકમ જેનું વ્યાજ તા. ૧-૧૧-૧૯૨૨થી ચડે છે તે રૂા, ૫૦૦૦; અને પ્રોમીસરી નોટના રૂા. ૧૩૦૦ થી ૧૪૦૦ મળી

*નોંધ—સ્થળ સંકોચને લીધે આ હેવાલનું પૂરૂં લખાણ અમે લઇ શક્યા નથી તે માટે દીલગીર છીએ માત્ર અગત્યનોજ ભાગ આપવામાં આવ્યો છે. સંપૂર્ણ લખાણ શ્રી. અ.ના ગતાંકમાં છપાયું છે. તન્ત્રિ.

રૂા. ૬૩૦૦ થી ૬૪૦૦ માત્ર મકાન બાંધવામાં વાપરી શકાય તેટલી છૂટ છે, તેથી દરેક જ્ઞાતિ બંધુને તથા ગૃહસ્થને વિનંતિ કરવામાં આવે છે કે પોતાને ખાતે ખેંચાતી ઉધરાણીની રકમ તરત મોકલી આપશે અને સંસ્થાને સારા પાયા ઉપર મુકવાને દરેક પ્રસંગે સારી ભેટ આપવા તથા અપાવવા પ્રયાસ કરી આશિર્વાદ મેળવશે. અસ્તુ.

સરવૈયું તા. ૧૫-૬-૧૯૧૯ થી ૩૧-૧૦-૧૯૨૨ સુધીનો.

જ		ઉ	
૮૮૦૦—૦—૦	મુડી ખાતે જમા.	૧૫૭૯-૪-૦॥	શ્રી ભોજન ખર્ચખાતે ઉધારે
૩૭૦૧—૨—૧૧	ખુશી ભેટખાતે જમા	૧૬૨-૮-૯	શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે
૧૫૩૬-૧૨-૬	વ્યાજની ઉપજના જમા	૪૬૫-૯-૩	શ્રી નોકર પગાર ખર્ચખાતે
૧૨૫૪-૧૦-૦	પેઠીગ ભોરડરની ફીના	૬૭૬-૬-૦	શ્રી મકાન ભાડા ખાતે
૫૬—૨—૧	ઓઝા દલપતરામ ભાવાભાઇના જમા	૨૦૨-૮-૪	શ્રી ઉંસ્ટેાક ખર્ચ ખાતે
		૩૪-૮-૦	શ્રી છપામણી ખર્ચ ખાતે
		૨૬-૧૫-૬	શ્રી કંટીજંટ ખર્ચ ખાતે
		૭-૬-૦	શ્રી ટપાલ ખર્ચ ખાતે
		૫-૧૦-૬	શ્રી પરચુરણ ખર્ચ ખાતે
		૮૬-૧-૩	શ્રી દીવાબત્તી ખર્ચ ખાતે
		૩ ૪૬-૧૩-૭॥	
		૨૧૬૪-૦-૩	શ્રી જમીન ખરીદી ખાતે
		૨૭૮-૭-૧૦॥	ઓઝા દલ્યાણજી ચત્રભુજને ખાતે
		૧૦૬-૦-૦	ફાળાના સને ૧૯૨૦ ના
		૧૫-૦-૦	વ્યાજ ફાળાનું વર્ષ ૨॥ નું
		૮૨-૬-૧॥	ખાતાના હિસાબના
		૮૦-૧-૯	ખુશી ભેટના
		૨૭૮-૭-૧૦॥	

ઉ	
૧૦૧–૦–૦	ફાળાના સને ૧૯૨૦ ના
૧૫–૦–૦	વ્યાજ ફાળા નું વર્ષ ૨૫મું
૧૧૬–૦–૦	
૬૦–૦–૦	ત્રવાડી જટાશંકર રેવાશંકરને ખાતે
૫૧–૦–૦	ફાળાના સને ૧૯૨૦ ના
૯–૦–૦	વ્યાજ ફાળા નું ૨૫ વર્ષનું
૬૦–૦–૦	
૨૫–૦–૦	ઓઝા દલપતરામ નરભેશંકરને ખાતે
૨૫–૦–૦	ખુશી ભેટના જાહેર કરેલા
૯૯–૦–૦	રા. રા. કામેશ્વર પુરુષોત્તમને ખાતે હા. પ્રાણલાલભાઈ અમદાવાદવાલા
૯૯–૦–૦	ખુશી ભેટના રૂ. ૨૦૧ પૈકી ના બાકી
૨૦–૦–૦	ત્રવાડી હેમતરામ હકાભાઈને ખાતે
૨૦–૦–૦	ખુશી ભેટના ૧૦+૧૦ જાહેર કરેલા
૨૫–૦–૦	ત્રવાડી હરીશંકર દેવશંકર કાનજીને ખાતે
૨૫–૦–૦	ખુશી ભેટના જાહેર કરેલા

ઉ	
૨૮૮–૯–૦	ડાક્ટર ગીરજાશંકર મુકુંદલાલને ખાતે
૨૫૧–૦–૦	ફાળાના સને ૧૯૨૦ ના
૩૭–૮–૦	વ્યાજ ફાળા નું વર્ષ ૨૫મું
૨૮૮–૯–૦	
૨૭૩–૮–૦	ઓઝા કેશવ મોરારજીને ખાતે
૨૫૧–૦–૦	ફાળાના સને ૧૯૨૦ ના
૨૨–૮–૦	વ્યાજ ફાળા નું વર્ષ ૧૫મું
૨૭૩–૮–૦	
૨૮૮–૯–૦	ત્રવાડી કુલશંકર ભાવજીને ખાતે
૨૫૧–૦–૦	ફાળાના સને ૧૯૨૦ ના
૩૭–૮–૦	વ્યાજ ફાળા નું વર્ષ ૨૫મું
૧૧૬–૦–૦	ઓઝા જગજીવન ભાવાભાઈને ખાતે
૧૦૧–૦–૦	ફાળાના સને ૧૯૨૦ ના
૧૫–૦–૦	વ્યાજ ફાળા નું વર્ષ ૨૫મું
૧૧૬–૦–૦	
૧૪૫૬–૪–૯	
૧૧૬–૦–૦	ઓઝા વજેશંકર કલ્યાણજીને ખાતે

ઉ	
૭૬-૦-૦	ઓઝા અનુલાલ પ્રાણજી-વન તથા મુળશંકર પ્રાણ-જીવનને ખાતે
૭૬-૦-૦	નેતાન નીમીતે ૨.૧૦૧ પૈકીના બાકી
૧-૮-૦	વિ. કરણાશંકર જટા-શંકરને ખાતે
૫૨૭૮-૧૨-૯	
૨૦૬૯-૧૪-૯	શ્રી સિલક બાકી તા. ૩૧-૧૦-૨૧
૩૬-૧૩-૦	રોકડા હાઇટર ગીરજાશંકર ઇશ્વરલાલપાસે
૧૦૦-૦-૦	બૉન્ડ ૫ વર્ષનું ૭ ટકાનુ અના મત રાખ્વાનું નરભેશંકરભે-શંકર પાસે
૨૨૯-૯-૬	મહેતા દીનકર પ્રસાદ મંગળ-પ્રસાદને ત્યાં ચાલુ ખર્ચમાટે

ઉ	
	ચાલુ ખાતામાં બાજુ ટકા ૪॥ થી
૭૭૦૦-૭-૯	ઓઝા કલ્યાણજી ચત્રભુજ પાસે
૨૦૦-૭-૯	રોકડા ચાલુ ખર્ચ માટે
૨૫૦૯-૦-૦	બોમ્બે સીટી ડેવેલપમેન્ટ લોન ટકા ૬½ ની ૧-૧૧-૨૨થી
૨૫૦૦-૦-૦	રોકડા બાજુ ટકા ૫ થી તા. ૧-૧૧-૨૨થી
૨૫૦૦-૦-૦	પ્રોમીસરીનોટ ટકા ૬½ ની બ્યાજ તા. ૧-૧૧-૨૨ થી ચડે છે.
૭૭૦૦-૭-૯	
૮૦૬૯-૧૪-૯	
૧૪૬૪૮-૧૧-૬	

ઉપરનો પાકો હીસાબ જ્ઞાતિબંધુઓની જાણ માટે બહાર પાડેલો છે અને હવેથી દરેક વર્ષને અંતે હીસાબ બહાર પાડવાનું ધોરણ નક્કી કરેલ છે.

રાજકોટપુરા
તા. ૨૦-૪-૧૯૨૩

ગીરજાશંકર ઇશ્વરલાલ ઓઝા.
નરભેશંકર ભોગીલાલ ત્રિવેદી.
ઓનરરી સેક્રેટરીઓ
શ્રી. વા. આ. શ્રી. જ્ઞા વિ. આશ્રમ.

જીવન-પ્રપંચ.

(લેખકઃ—નવનિધરાય પોપટલાલ ઓઝા).

(ગતાંકથી ચાલું)

શું બન્યું છે અને શું બનવાનું છે, તેની પુરેપુરી ખબર હવે નિર્મળાને પડી. કેટલાક વીતી ગયેલા પ્રસંગોપરથી હવે નિર્મળાએ ચોકસ માની લીધું કે કોઈપણ બનતો અવરોધ તદ્દન નિષ્ફળ જવાનો છે. કેવળ ભાવિપર આધાર રાખી તેની મહત્વતા અને પ્રાબલ્ય શીરે ચઢાવ્યાં. તેણે મૌન ધારણ કર્યું. ભોટશંકર જેમ કહે તેમ કરવા માંડયું, અને આથી ભોટશંકરનો નિર્વાસે સ્થાનમાં ચોતરફ શાન્તિ પથરાઈ.

અલ્પ સમયમાં વરરાજા, સોનેરી રૂપેરી શણગારથી શોભતા ઘોડાપર આવી ચઢયા, અને કેટલાક સમયની આખરે કેટલીક ગરીબડી અને અજ્ઞાન વિધિના અંતરે હસ્ત-મેળાપનો સમય આવી પહોંચ્યો. અહીં ગાડું અટક્યું. ભોટશંકરે અવેજની માંગણી કરી અને વરરાજા મુંઝાયા. તેઓ વિચારમાં પડ્યા. શું કરવું, શું થશે, એ વિચારોએ તેને ગભરાટમાં નાખ્યાં. છતાં પણ બહુજ ગભરાવા જેવું બીલકુલ કારણ નહતું. તેમની પાસે એક ભયંકર અને પ્રબલ શસ્ત્ર હાજર હતું, કે જેનાથી તેઓ કંદી પણ છીપુટા પડ્યા નહતા અને અંત સુધી પણ છુટા પડવા સંભવ નહેતો. પોતાની પ્રપંચ શક્તિના પ્રાબલ્યપર તેને પૂર્ણ વિશ્વાસ હતો. આ ભયંકર શસ્ત્રનો ઉપયોગ કરવો આ સમયે તેને ઉચિત લાગ્યો. ભોટશંકરને પોતાની પાસે આંખનો ઇસારો કરી બોલાવી, તેના કાનમાં કંઈ ઝેવો તો ગણગણ્યો મંત્ર ભણ્યા, કે તેની અસરથી, ભોટભાઈએ એકદમ ચુપ થઇ, દક્ષિણનો પોબાર કરી, ગોરજીને ગાડું આગળ ગબડાવવા ચપટી વગાડી ચેતવ્યા.

ગાડું આગેળ ચાલ્યું. ધારેલા મુકામે આવી પહોંચ્યું, અને **સર્વે જનાઃ સુખિનો ભવંતુ** નાં મંત્રોચ્ચારથી ગોરજીએ સર્વને આશીર્વાદ આપી, અક્ષત ફેંક્યાં. લગ્ન વિધિ સમાપ્ત થઇ અને જીવનરામની ઇચ્છા ફળીભૂત થઇ.

કન્યાને વળાંવવાનો પ્રસંગ નજીક આવ્યો. પૂર્ણ હર્ષથી અને કંઇક અવેજ વેળાસર મેળવવાની મારણાથી આ કાર્ય ભોટભાઇએ તુરતજ પતાવ્યું, અને જીવનરામ નવોઢાને લઇ ધોળપુર જઇ પહોંચ્યા.

હવેજ બીચારી નિર્મળાને જીવનરામના ડોળની પુરેપુરી ખબર પડી. પ્રપંચનો પાગો ઠેકવો મજબુત કરવામાં આવ્યો હતો, તેની કલ્પના તેને હવે થઈ. બનતી તો હતીજ પણ હવે લગ્ન બંધાયથી તેના દુઃખનો પાર રહ્યો નહિ.

બીજી તરફ બોટભાઈને હાનમાં સંમળાવેલ મંત્રના આધારે તુરત એક શાહનોંધ હુંડી, રૂા. ૬૦૦૭ નવસોની જીવનરામ ઉપર લખી નાખી. પોતાનો જગાઈ શ્રીમંત છે અને હુંડી જરૂર સ્વીકારશે એવી મજબુત લીલયથી, બોટ-ભાઇએ પોતાનું કાર્ય તો કર્યું, પરંતુ જીવન-શામળીયાની શક્તિ તે હુંડી સ્વીકારવાની છે કે નહિ તે તો ઇશ્વરજ જાણતો હશે. નવસો પૈસાના કાંઈ દોષ ત્યાં રૂપીયાનો તો ક્યાંથી મેળ થાય. અવશ્ય હુંડી પાછી ફરી અને બોટભાઈની આબરૂના કાંકરા થયા. પોતાનું કાળું મોઢું છુપાવવા તેણે જંગલ પર્વતનો રસ્તો આપ્યો અને ત્યાં જઈ પિતામ્બરનો શાશ્વત્ ધંધો સંભાળી લીધો. મિશ્રાન્ન ભોજનના ઉચ્ચારો ઘર કર્યા. બાહ્યજીવન પર ક્ષમા કરુણાની માયના માત્રાનુકોનો ઢાંકવા લાગી. માથા અને દાઢીના વાળ વધાર્યા અને મૂર્તિ કંઈક વિકરાળ બની, અંગે ભસ્મ ચોળી જગતને તપસ્વીનું રૂપ દેખાડ્યું, અને તેવીજ સ્થિતિમાં દિવસો નિર્ગમન થવા લાગ્યાં.

× × × × ×

અતિક્રમ ગંભીરો જ્યારે કોઇ વ્યક્તિ ઉપર આવી પડે છે, ત્યારે તે વ્યક્તિનું ચિત્ત અશાન્ત બને છે, તેને કંઈ રસનો સ્વાદ નથી શું કરવું શું ન કરવું તેનો વિચાર તેનાથી કરી શકાતો નથી. દુઃખની પણ કંઈ રીમા હોવી જોઇએ. લાગ મળ્યો બાદ જીવનરામે એમજ માની લીધું કે સ્ત્રી એ એક મોજ શોખનું સાધન છે, હાસ્યાજ કરવાને ચાકર છે, અને વા કર-વાને ગુલામ છે. સુખ, શાન્તિ અને આરામ માત્ર પુરુષો માટેજ હોય શકે, મોજશોખનું લાયસન્સ માત્ર તેઓજ મેળવી શકે, સ્વતંત્રતા માત્ર તેમનો જ જન્મસિદ્ધ હક છે, તેવી જ માન્યતાથી જીવનરામભાઇ નિરંતર નિરતિ પોતના.

• રોમવાંગી નિર્મળાથી આવા કપરા સહન ન થઇ શક્યું. તે બીચારી મુંઝાવા લાગી, તેને કોઈ રસનો ન મુઝવ્યો, અને તેની હંમેશની પ્રાર્થનામાં માત્ર પ્રભુદેવને ગદ્ગદ સદ્ધિત ત્વરિત આગમન કરવા આમંત્રણ કર્યું. પોતાના આત્માને સ્વર્ગનો આનંદ મેળવવા લાયક બનવા મૃત્યુ દેવને પ્રતિદીન નિમં-ત્રણ કર્યું.

જન્મ મરણની દોરી બીજાના હાથમાં છે. મનુષ્યનું ત્યાં કંઈ ચાલતું

નથી. તેની ઇચ્છાથી આંખ ઉઘડે છે અને તેની ઇચ્છાથી આંખ મીંચાયછે, અતિશય દુઃખો પડવાથી નિર્મળાનો વિચાર જીવનનો એકદમ અન્ત લાવવાનો નિશ્ચિત થયો અને તેમ કરવાનો રહેલો ઉપાય તે શોધવા લાગી.

નિરંતર જળ ભરવા સરિતા કાંઠે તે જતી. તે સરિતા ઘણી વિશાળ અને બારેમાસ જળથી ભરપુર રહેતી. તેનું વહેણ ઘણું વેગમય હતું. વાર્ષિક એક મનુષ્ય-ભોગ લેવાનો એની ધારો થઈ ગયો હતો. કદાચ જળદેવી તેવા સંતોષ પામતા હોય. મુદત થઇ ગયા છતાં હજુ ભોગ ધરાયો નહતો અને તેથી દેવી ભોગાર્થે ઉત્સુક થઈ રહ્યાં હતાં.

જીવનરામ જ્યારે બગાસાં ખાતા, આળસ મરડતા, આંખો ચોળતા પડ્યા હોય, જ્યારે ગૃહ બહાર કૂકડાના સ્વરો ગાજી રહ્યા હોય, જ્યારે ભક્ત જનો સ્નાનથી પરવારી, પાઠ પૂજામાં મગ્ન થયાં હોય, જ્યારે સન્નારીઓ ગૃહ-કાર્યમાં એક ચિત્તે પરોવાય હોય, જ્યારે વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ પર ગુંથાયા હોય, જ્યારે સૂર્યોદયને કલાકથી ઓછી વધુ વાર હોય, ત્યારે નિર્ભાગી નિર્મળા, ભોટશંકરની દુર્ભાગી દુહિતા, અને જીવનરામની ભાગ્યહીન ભાર્યા, સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રો સજી નદી કિનારે જળ ભરવા જતી અને આજે પણ ગઇ. ગઇ તો ખરી, પણ હમેશના જળ ભરવાના સ્થળે નહિં. તે કંઈ ઘણીજ દૂર ચાલી, જ્યાં મનુષ્ય નજરે ન ચડે. "શા માટે આટલું દૂર જવાની જરૂર હોય? દૂર જવાથી કંઇ સ્વચ્છ જળ મળતું હશે?" આવા પ્રશ્નો પાણી ભરનારીઓમાં પરસ્પર પુછાયા. પરંતુ કોઈ તરફથી કાંઇ ઉત્તર ન દેવાયો. કોઇના દીલમાં કંઈ વહેમ આવ્યો, કોઇ કહે તે બીચારી ઉંધમાં જતી હશે, અને કોઇ કહે તેને તેવો શોખ થયો હશે. કિંતુ કોઇ ન કહી શક્યું કે તે અબળા યમદેવને ભેટવા જતી હશે, કોઇ ન કહી શક્યું કે તે ભાગ્યહીના સ્વર્ગના સુખ ભોગવવા જતી હશે, અને ન ભાખી શક્યો કોઇ જીવ કે તે અબળા નહિ પણ સબળા બની, શિવને શરણે સીધાવતી હશે.

આજે પ્રાતઃકાળે નિર્મળા જળ ભરવા અત્યંત દૂર ગઇ અને અટકી. આ સ્થળે સર્વત્ર શાન્તિ હતી. કોઇ મનુષ્ય આ સ્થળે દૃષ્ટિગોચર ન થયું. શીર ઉપરનું ગાંભાનું બેડું રેતી ઉપર કાંઠે મુક્યું. અને મહાન વિચારમાં દૃઢસોટ સમય સરિતા તીરે બેઠી. ત્યાં બેઠી પણ ઘણો વખત બેઠી. શાએ વિચારમાં બેઠી હશે તે શિવ જાણે, પરંતુ દીર્ઘકાળપર્યંત, કોઇ નીચી નાખી પગના અંગુઠાવડે રેતીમાં ખાડો કરતી, ઘડી ઘડી મનમાં કંઈક બબડતી,

'સરિતા કિનારે તે બેઠી. પણ ઓચિંતી અને બેબાકળી તે ઉભી થઇ. જાણે કે દીવાની થઈ ગઈ હોય તેવો ભાસ થયો, અને તેવી જ સ્થિતિમાં તેણે અઘટિત પગલું ભર્યું. નદીમાં ઝંપલાવ્યું. આત્મહત્યામાં રહેલા પાપની દરકાર ન કરી, અને હરિ-પાદ ચુમ્બવા સ્વર્ગે પ્રયે તે પડી. ત્યાં તેને બચાવનાર કોઈ હતું નહિ. ધર્મરાજાની કચેરીમાં ન્યાય માગવા તે ગઈ. મૃત્યુ લોકના મનુષ્યોના પ્રપંચોનું માપ આપવા તે ધર્મરાજાને ચરણે પડી.

નિર્મળા ગઇ. સદાને માટે આ અવનીપર તેણે પોતાનો ભાર ઓછો કર્યો. જીવનરામને એકલા મુકીને ગઇ. તે બીચારાની હતી તેવીજ સ્થિતિ કરતી ગઇ.

× × × × × ×

જીવનરામ ફરી પોતાની પાસેના પ્રપંચ થકથી સજ્જ થઇ, મુછો મરડી, કોઈ બેવાજ શિકારની શોધમાં પાણીપતના મેદાને પડ્યા.

(સમાપ્ત.)

સ્વ. શિવશંકર ભગવાનજી ત્રિવેદી સ્મારક શિષ્યવૃત્તિઓ.

સદરહુ શિષ્યવૃત્તિઓ માટે તા. ૧૭ મી જુન સુધીમાં અરજીઓ માગવામાં આવી હતી. તે મુદત સંબંધી તા. ૫ મી જુલાઇ સુધીની મુદ્ત વધારવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ સદરહુ શિષ્યવૃતિઓનો લાભ લેવા ઇચ્છતા હોય તેમણે તા. ૫ મી જુલાઇ સુધીમાં પોતાની સ્થિતિ તથા અભ્યાસના પ્રમાણપત્રો સહિત અરજીઓ મોકલી આપવી.

દોલતખાના ૪૧૦૩-૬. અમદાવાદ. } મન્ત્રીઓ—શ્રી મ. ગ્રા. શ્રી ગ્રા. કે. મંડળ.

બારા જરૂર છે.

*અમદાવાદ છાત્રાલયના ગૃહપતિ તરીકેનું ઓનરરી કામ કરનાર એક ઉત્સાહી રાજકોટના નાનિ જૈનની બારા જરૂર છે. તેવા કોઈ ગાતિબન્ધુ જરૂર પોતાની સેવાનો લાભ આપવા તત્પર થઈ અમને કબ્જાવશે એવી આશા છે.

દોલતખાના ૪૧૦૩-૬ અમદાવાદ. } મન્ત્રીઓ—શ્રી મ. ગ્રા. શ્રી. ગ્રા. કે. મંડળ.

ખેદજનક અવસાન.

ભાવનગરના રહીશ ભારતર પિતાંબરદાસ ગોવિન્દરામ ત્રિવેદી અધિક જ્યેષ્ઠ શુદ ૮ તા. ૨૪-૫-૨૩ ના રોજ દેવલોક પામ્યા છે. આ ખેદજનક અવસાનથી દરેક જ્ઞાતિ હિતૈષિ હૃદય શોક પામ્યા વિના રહેશે નહિ. સ્વ. પિતાંબરદાસભાઈ નવા અને જુના વચ્ચે પૂલ સમાન હતા. તેઓ નવા જમાનાની જરૂરીયાતો બહુજ સારી રીતે સમજતા હતા. તેઓએ પોતાનું આખું જીવન શિક્ષક તરિકેના ઉચ્ચ ધંધામાં ગાળ્યું હતું અને તેથી ઉચ્ચ કેળવણીના તેઓ ખાસ હિમાયતી હતા. તેમના બે પુત્રો પ્રોફેસર ત્રિભુવનદાસ અને તેમના લઘુ બન્ધુ પુરૂષોત્તમદાસ બન્નેને તેમણે યુનિવર્સિટિની ઉચ્ચ કેળવણી આપી છે. ત્રિભોવનદાસ કરાંચી કોલેજની અંદર પ્રોફેસર છે અને રા. પુરૂષોત્તમદાસ પણ કરાંચીમાં હાઇસ્કૂલમાં શિક્ષક તરિકે કામ કરે છે. જ્ઞાતિ ઉન્નતિ માટે સ્વર્ગસ્થ સારો ઉત્સાહ ધરાવતા અને જ્ઞાતિહિતના કામમાં તેઓ ભાગ લેવા ચૂકતા નહિ. ભાવનગર ખાતે ખાસ કરીને ત્રણ વ્યક્તિઓ શ્રીમાન્ વિઠ્ઠલદાસભાઇ, શ્રીમાન્ હરગોવિન્દદાસ ભણિશંકર અને સ્વ. પિતાંબરદાસભાઇ જ્ઞાતિ સુધારાના સ્તંભરૂપ ગણાય. તેમાં પિતાંબરદાસભાઇની ખોટ જ્ઞાતિ સમસ્તને અને ખાસ કરીને ભાવનગરની જ્ઞાતિને અસહ્ય થઈ પડશે. લીંબડી પરિષદમાં સ્વ. પિતાંબરદાસભાઈ હાજર હતા. વયોવૃદ્ધ, અનુભવી, ઉત્તમ સલાહ આપનાર જ્ઞાતિ ગૃહસ્થોની આ રીતે દિનપ્રતિદિન પડતી જતી ખોટ તરફ જ્ઞાતિબન્ધુઓએ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. હજી પણ વખતસર નહિ ચેતીએ તો વયોવૃદ્ધ અનુભવી સલાહકારોના અભાવે જ્ઞાતિને દેવાળું ફૂંકવાનો વખત જરૂર આવી પહોંચશે. દિનપ્રતિદિન આ ખોટ વધતી જાય છે. બહેલાસર નહિ જાગીએ તો જે હવે થોડા ઘણા પણ અનુભવી માર્ગદર્શકો છે તેમનો લાભ પણ આપણે લઇ નહિ શકીએ. સ્વ. પિતાંબરદાસભાઇનું અવસાન આપણને આ બાબતનું સંપૂર્ણ ભાન કરાવે અને તેમના ઉજ્જવલ આત્માનો પ્રકાશ સ્વર્ગમાંથીએ આપણને ઉન્નતિપંથે સંચર્યા કરે એજ અભ્યર્થના.

તન્ત્રી.

श्रीमालि ब्राह्मण संगठन

संसार के इतिहास को देखनेसे पता चलता है कि इस भूमंडल पर कई जातियों का उदय और अस्त हुआ। कई जातियां जिनका प्राचीन संसार में बड़ा नाम था आज नामशेष हो गई हैं, उनका इस वक्त कहीं पता तक नहीं। मानवी स्मृति से वे विस्मृत होगई हैं। आज उनके नाम कहीं २ इतिहासों के पृष्ट मात्रमें शेष रह गये हैं। उन जातियों का क्यों पतन हुआ वे कौन सी बुराइयां थी जिन के कारण उन का नाम तक मिट गया यह कौनसा घुन था जो उन्हें भीतरही भीतर से खागया और उन्हें सफाचट करगया? इस पर विस्तृत रूप से विवेचन करने को इस वक्त हमारी इच्छा नहीं। तथापि यहां हम उन तत्वों का विश्लेषण करना चाहते हैं जो जातियों को जीवित रखते या मृत्यु के मुखमें ढकेलते हैं। विकास वाद के सुप्रख्यात जनक महामति "डार्विन" महोदय का कथन है कि यह जीवसृष्टि जीवन कलहमय है। इस जीवन कलहमें वे प्राणी जीवित रह सकते हैं जो बदलती हुई परिस्थिति के अनुकूल अपने आपको बनाकर सुसंगठित होजाते हैं. जो ऐसा नहीं करते, जो बदलती हुई परिस्थिति के अनुकूल अपने आप को बनालेने की सामर्थ्य नहीं रखते वे बलवान प्राणियों के शिकार बनकर इस भूमंडल से उठ जाते हैं डार्विन महोदयने ऐसे कई प्राणियों की जातियों का उल्लेख किया है जिनका एक समय इस भूमंडलपर अस्तित्व था पर अब उनका नाम निशान तक नहीं. डार्विन महाशय अपने दीर्घ अन्वेषण से इस नतीजे पर पहुंचे हैं कि इस संसार में योग्यतम की जीत होती है और वही प्राणी दीर्घ काल तक जी सकते हैं अपना अस्तित्व कायम रख सकते हैं। जो शक्तिमान होतेहैं और बदलती हुई परिस्थिति के अनुसार अपने आपको बनाने का सामर्थ्य रखते हैं. जीव सृष्टि का यही नियम जातियों के जीवन को भी लागू है। क्यों कि राष्ट्र कोई निर्जीव पदार्थ नहीं वह सजीव प्राणियों का केन्द्रस्थल या समुच्चय है अगर आप संसार के विभिन्न देशों के उत्थान और पतन के इतिहास का सूक्ष्म दृष्टि से अव

लोकन करेंगे तो आपको मालूम होगा कि उसमें "योग्यतमकी जीत" का सिद्धान्त बड़ी फुर्ती से अपना काम कर रहा था। जिन राष्ट्रोंने-जिन जातियोंने-अपने आप को पत्थर सी अचल न बनाकर बदलती हुई परिस्थिति के अनुसार अपने आप में आवश्यक परिवर्तन किया वे दीर्घकालतक जीवित रहीं. जो ऐसा न कर सकी वे यातो जीवन कलह युद्धमें समाप्त होगई. या- दूसरी बलवान जातियां उन्हें हजम कर गई। यह एक प्राकृतिक नियम है जिसे न तो इतिहास ही भुला सकता न समाज शास्त्र ही। अतएव यदि हम अपनी श्रीमालि ब्राह्मण जाति को जीवित रखना चाहते हैं तो हमारा कर्त्तव्य है कि हम प्राकृतिक नियमों की अवहेलना न करें. हम उक्त प्राकृतिक नियमानुसार अपनी श्रीमालि जाति को इस प्रकार मजबूत और सुसंगठित बनाने का यत्न करें जिससे बाहरी हमलों से वह अपना बचाव करती हुई अपने जीवन की-अपने अस्तित्व की रक्षा कर सके इस के लिये आवश्यक है कि श्रीमालि ब्राह्मण जाति को संकीर्ण दायरे से निकाल कर उसे बदलती हुई परिस्थितिके अनुसार बनाई जावे। इस के साथ ही साथ हम ऐतिहासिक तत्वों को न भूल जावें। इन्हीं के प्रकाशमें इन्हीं के अनुभवमें हम अपनी जाति को मर जाने से बचाने की चेष्टा करें. श्रीमालि जाति एक अर्से से मृतः प्राय अवस्थामें है जिस जातिका आतंक एकदिन अपनी सभ्यता और संस्कृति का प्रकाश सारे संसार पर फैलाया था वही जाति अपने गंदे संकीर्ण भावों के कारण आज तितर बितर हो रही है प्रथम तो इस जाति की पूर्ण संख्या का अभाव तिसपर भी हम अचेत पडे रहे तो भय है कि एक दिन वह आयगा जिस दिन इस जाति का नाम मात्र इतिहास के पृष्ट पर रह. जायगा अत एव अपने जातीय जीवन की रक्षा के लिये श्रीमालि ब्राह्मणो को चेतने की अत्यन्त आवश्यका है। उन का कर्त्तव्य है कि वे बदलती हुई परिस्थिति को लक्ष्यमें रख अपना इस प्रकार संगठन करे जिस से उस की इस भावि मृत्यु से रक्षा हो सके। जो जाति अपनी हजम करने की शक्ति को खो देती है और जो तितर बितर अंगोंको मिलाने के बजाय अपनी जाति के

लोगों को जाति बहार करने की प्रवृत्ति रखती है जो समय के प्रवाह के साथ तेज चाल से नहीं चलती जो अत्याचारियों एवं स्वार्थीयों से अपनी रक्षा का प्रबंध नहीं करती और इस नाजुक स्थितिमें अचेत अवस्थामें रहती है उसका अवश्य पतन होता है। पहले समयमें यही समय की परिस्थिति को देखकर काम करतीथी यही कारण था कि श्रीमालि जाति फलती फूलती रही. इस के विपरीत जब उसमें स्वार्थेन्धता घुसी खुदगर्जीपन घुसा अहंभाव की आदत पडी प्रभावशाली मनुष्य स्वार्थी होने लगे अपनी बडाई के लिये औरों को जबरन नीचा दिखाने लगे तो जाति में भेद उपभेद पडने शुरू हुए. कोइ अंकुश नहीं रहा न्याय कर्त्ता अधिकतर मौन होगये कुछ स्वार्थियों की बन पड़ी। कितने ही अनुभवी विद्वानों का कहना है कि अगर श्रीमालि जातिमें अपने भाइयों को अलग करने की आदत न होती तो तो आज यह दशा प्राप्त नहो होती. अनुमान से कइ वर्षों से श्रीमालि जाति की संख्या घटती हो जा रही है परंतु अब कुछ समय से जातिमें जीवन की लहर नजर आती है और अपने गौरव की तरफ फिर से नजर उठाइ जा रही है. यदि जाति के गण्यमान्य नेता फिरसे इस जाति को फलती फूलती देखना चाहते हैं तो अपने सुविचारों से अपना समय जाति के अभ्युत्थानमें लगावेंगे तो शीघ्रही श्रीमालि जातिका नवजीवन नजर आवेगा. लेखने कोइ बात असंबद्ध की प्रतीत हो तो माननीय बांधव क्षमा करेंगे ऐसी पूर्ण आशा है.

जाति गंगा का दास
शिवशंकर द्विवेदी.

લીંબડી પરિષદનો રિપોર્ટ.

એક સુધારો.

સદરહુ રિપોર્ટનાં પાને ૫૪ મે "પ્રોફેસર પ્રાણજીવન નરભેશંકર" એવું સરતચૂકથી છપાયું છે તે સુધારી "પ્રોફેસર નરભેશંકર પ્રાણજીવન દવે" એપ્રમાણે વાંચવા જ્ઞાતિબન્ધુઓને વિનતિ છે. મન્ત્રીઓ.

શ્રી. ૫૫. પરિષદ.

મકાન ફાળાની ટીપ્પણીના હિસાબમાં સુધારો.

આપેં માસના અંકમાં મકાન ફાળાની ટીપણી ભરનાર ગૃહસ્થોનાં નામ પ્રસિદ્ધ થયાં છે. તેમાં કેટલીક છાપવાની ભૂલ રહેલી છે તે નીચે પ્રમાણે સુધારી વાંચવા વિનંતિ છે. પાનું ૭૧, શાહ નેણશી ચાંપસી ૧ ને બદલે ૨; તથા શાહ રામશી વેલજી ૧ ને બદલે ૨. પાનું ૭૨, ડૉ. મહેરવાનજી ધનજી કરંજીયા ૧ ને બદલે ૪, ઓઝા દુર્ગાશંકર રેવાશંકર ૧ ને બદલે ૨, તથા શેઠ લીલાધર મોરારજી ૧ ને બદલે ૨.

મન્ત્રીઓ—શ્રી. ગ. આ. શ્રી. વા. કે. મંડળ.

મકાન ફાળાની એક રૂપીઆવાળી ટીપ્પણી.

હા. કેશવરાવ કૃષ્ણ ગોડબોલે તથા ગોપટલાલ મેલાભાઈ ઓઝા, કલકત્તા.

૧ મી. કેશવકૃષ્ણ ગડબોલે
" ગોપટલાલ જી. ઓઝા
" દીગંબર પરશુરામ ગોડબોલે
" શ્રીજદાસ મથુરાદાસ
" જગમોહનદાસ કુંપની.
" છોટાલાલ મોતીલાલ
" લક્ષ્મીદાસ રણછોડદાસ
" લાલજી હેમરાજ હરીદાસ
" વનેચંદ મેલાભાઈ
" ચુનીલાલ ખુબાખીદાસ
" રામલાલ પ્રેમસીગ
" મુલજી ગીરધારીદાસ
" ગીરધર દલાલ
" શ્રીનીવાસ શીવચંદરાવ
" દલાલ છોટાલાલ મોતીભાઇ.
" રામલાલ કનૈયાલાલ
" છોટાલાલ ચુનીલાલ
" સીતારામ ગોરધનદાસ
" સુરજમલ જોરદાન
" માધવદાસ સુરજકરણ
" જયંતીલાલ જમનાદાસ.
" ગુલાબચંદ ધનરાજ
" ભાઈ પુરશોતમદાસ
" ગજાનન જુગલકીશોર
" પ્રાણજીવનદાસ હરીકીસનદાસ.

હા. રામપ્રસાદ જગન્નાથ ભટ્ટ.

૧ રામપ્રસાદ જગન્નાથ ભટ્ટ અમદાવાદ
૧ નવાડી શીવલાલ નારણજી મહુવા
૧ લક્ષ્મીશંકર જગનાથ ભટ્ટ ભાવનગર
૧ ચિમનલાલ રણછોડદાસ પટેલ અમદાવાદ
૧ અમ્બાર દામોદર જવેરદાસ "
૧ ડાહ્યાભાઇ મોતીલાલ પટેલ "
૧ રણછોડલાલ મોહનલાલ બારોટ "
૨ ચુનીલાલ દલસુખરામ પટેલ "
૧ રણછોડલાલ કેશવલાલ પટેલ "
૧ રામચન્દ્રભાઈ નરસિંહભાઈ "
૧ ત્રિભુવનલાલ ભગનલાલ શાહ "
૧ શંકરલાલ હરગોવિન્દ ભટ્ટ "

૧ દ્વારકાદાસ ત્રંબકલાલ મહેતા "
૧ શા. કુલચંદ ગુલાબચંદ "
૧ રામદાસ સુનીલાલ પટેલ. "
૧ પરબુદાસ મોતીચંદ "

લા. નટવરલાલ મણિશંકર ઓઝા
ધોળકા.

૧ મધુસૂદનરામ મગનલાલ ઓઝા ધોળકા
૧ શ્રીભોવનદાસ ગવરીશંકર "
૧ નટવરલાલ મણિશંકર ઓઝા "

લા. ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી
અમદાવાદ

૧ રવિશંકર ત્રિકમજી ત્રિવેદી, જોડીયા
૨ ત્રંબકલાલ મગનલાલ દવે ચૂડા.
૧ રમણીકલાલ શિવશંકર વ્યાસ કલકત્તા
૧ જીવરામ દેવશંકર ત્રવાડી ગોંડળ.

લા. નરભેરામ માધવજી દવે કલકત્તા

૧ નરભેરામ માધવજી દવે કલકત્તા
૧ સી. ડી. દવે, કલકત્તા
૧ રાઘવજી ડી. જોશી મોરબી
૧ હરીલાલ હરીશંકર દવે કલકત્તા
૧ કેશવલાલ કારભારીસ "
૨ રામનાથ ગવરીશંકર "
૨ ધીરજરામ ભગવાનજી "
૧ પાયધીરભાઇ પાનાચંદ "
૧ લક્ષ્મીશંકર રેવાશંકર "
૩ એક ભાટીયા સદ્‌ગૃહસ્થ "
૩ એક ભાટીયા સદ્‌ગૃહસ્થ, સ્વર્ગવાસી
એમના પુણ્યાર્થે, કલકત્તા
૧ કાનજીભાઈ "
૧ કેશવલાલભાઇ "
૧ કેશવલાલ વીરજી "
૨ ડી. જી. મહેતા એન્ડ કું. "
૧ દોલતરામ રેવાશંકર "
૧ ઉમેદભાઈ ડી. પટેલ "
૧ નારણજી પરશોત્તમ ઓઝા. "

૧૭૮

૬૮૫ મેના અંક ગયો બાદર કરેલા.

૬૯૩ ગા. ૮૫૮

(મુખ પૃષ્ઠ બીજાનું ચાલું.)

માંડવીઃ—પંચ સુદ ૬ ને દિવસે અત્રેના વિદ્યાર્થીઓને ઇનામ આપવા માટે અત્રેના યુવકમંડળ તરફથી એક સભા થઇ હતી. ત્રવાડી મણિશંકર હરજીવનના હસ્તે ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં તે પ્રસંગે ત્રવાડી મણિશંકર હરજીવન તરફથી કોરી ૫૦ તથા રા. ૧૭ મંડળને ભેટ આપવામાં આવ્યા હતા તથા બીજા જ્ઞાતિ ગૃહસ્થો તરફથી મંડળને સારી મદદ મળી હતી.

રાજકોટઃ—ઓઝા ભગવાનજી હરજીવનના પુત્રો મુકતાબહેનનાં લગ્ન ભાવનગરવાળા ઓઝા શિવશંકર વનમાળી વેરે વૈશાખ વદ ૧૧ ના રોજ થયાં હતાં.

શ્રીમાળી બ્રાહ્મણ છાત્રાલય—અમદાવાદ

૩૦. ગત બે માસમાં મળેલી મદદની યાદી

૨૫૦ શ્રીમાન્ રા. રા. ગીરધરલાલ ઉત્તમરામ પારેખ વકીલ, અમદાવાદ તરફથી સીમ્પેથાઈઝર તરિકેના વર્ગના અગાઉના રૂા.૧૦૦ સાથે મળીને.

૨૬ રા. રા. રતીલાલ પરમાણંદદાસ મુંબાઇ. તેમના સ્વ. પત્ની સૌ. હરકુંવરના પુણ્યાર્થે ભોજન માટે.

૧૦૦ રાં. દેવશંકર લક્ષ્મીરામ ગોચા, તેમની પુત્રી ચતુરલક્ષ્મીના લગ્ન પ્રસંગે.

૫૦ રા. ઓઝા કેટેશ્વર સુંદરજી જામનગર, તેમનાં સ્વ. પત્ની જમકુંવરના પુણ્યાર્થે.

૧૦૧ રા. નૌતમલાલ મયાશંકર ઓઝા, જામનગર, તેમની બ્હેનનાં લગ્ન પ્રસંગે.

૧૦૧ રા. દયાશંકર ડાહ્યાભાઇ ઓઝા, જામનગર, તેમના પુત્રના લગ્ન પ્રસંગે.

૫૦ રા. વિઠ્ઠલદાસ છગનલાલ ઓઝા, બોટાદ, તેમને ત્યાં સીમંત પ્રસંગે.

૫૦ રા. ગંભીર દુર્લભજી ત્રવાડી, ઘોળા, તેમના લગ્ન પ્રસંગે.

૫૦ ભાઈશંકર કુબેર ત્રવાડી, બોટાદ, તેમની પુત્રીઓના લગ્ન પ્રસંગે.

૧૫૦૦ સ્વ. શામજી ચત્રભુજ ઓઝાની તિથિ સ્મારકના અગાઉના રૂા. ૧૦૦ સાથે મળતાં હા. મૂળશંકર લીલાધર ત્રિવેદી.

૨૫ રા. મુકુન્દલાલ હરગોવિન્દદાસ ત્રવાડી, તળાજા તેમના લગ્ન પ્રસંગે.

૫૦ રા. બોડારામ મોતીરામ જાની, અમદાવાદ, તેમના લગ્ન પ્રસંગે.

૩૦ રા. રામપ્રસાદ જગન્નાથ ભટ્ટ, બીજા વર્ગના સભાસદ તરિકેના ૧૯૭૬ના

૧૦૦ રા. પ્રાણશંકર નર્મશંકર ઓઝા મુંબાઇ ભોજન માટે.

૫૦ રા. શામજી વિશ્વનાથ ઓઝા, રામોદ પુત્રી ભાગીરથીના લગ્ન પ્રસંગે.

૭૦ રા. ચોપટલાલ ઘેલાભાઈ ઓઝા, ભાવનગર ચી. ભાઈ વિનોદરાયના યજ્ઞોપવિત પ્રસંગે.

૫૧૦ રા. મંગળજી નારણજી ઓઝા ભુજ, ચી. ગુલાબરાયના લગ્ન પ્રસંગે.

૧૦૦ " " " " " ચી. બ્હેન રળીઆતના "

૫૦ રા. કૃષ્ણલાલ કેશવલાલ ત્રિવેદી, જામનગર, પ્રથમ વર્ગના સભાસદના ૧૯૭૮ના.

૩૦ મહાપુરૂષ શામળજી ઓઝા જુનાગઢ, બીજાવર્ગના સભાસદના ૧૯૭૬ના.

૨૫ રા. મણિશંકર દેવકૃષ્ણ દવે, જુનાગઢ, લગ્ન પ્રસંગે.

૫૦ રા. દવે ભીમજી જેઠાભાઈ અંજાર તેમના સ્વ. ધર્મપત્ની દીવાળીના પુણ્યાર્થે હા. દોલતરામ ભીમજી.

૫) રા.શુકલ લક્ષ્મીશંકર વિશ્વનાથ મોરબી,તેમના સ્વ.બ્હેનદીવાળીના પુણ્યાર્થે.
૫) રા. દામોદરદાસ પિતાંબરદાસ ઓઝા વડવાળુ કાંપ, વિદ્યાર્થીઓને ભોજનમાં ફેરીઓ આપવા માટે.
૧૦) રા. દયાશંકર જુઠાભાઈ ત્રિવેદી, ભોરાદ તેમના પુત્રના લગ્ન પ્રસંગે. દા. મોહનલાલ.
૫) મનોહર નાનાલાલ દવે અમદાવાદ, પ્રથમ વર્ગના સભાસદ તરિકે ૧૯૭૯ના.
૨) રા. જેશંકર કેશવજીત્રવાડી જામનગર, ચી. જયન્તીલાલના લગ્નપ્રસંગે.
૫) રા. કેવશંકર પ્રભાશંકર દવે, જામનગર, રૂા. ૫૦ ના ત્રીજા હપ્તાના.
૫) રા. વિશ્વનાથ ગોવિન્દજી ભટ્ટ જામજોધપુર, રૂા. ૨૫ ના ત્રીજા હપ્તાના.
૨૫) રા. ઇશ્વરલાલ રાજેશ્વર શુકલ રૂા. ૨૫ ના ત્રીજા હપ્તાના.
૩) ડી. પ્રભાશંકર ભાઇશંકર, જામનગર, બીજા વર્ગના સભાસદના ૧૯૭૯ના.
૫) રા. વિષ્ણુશંકર દુર્ગાશંકર ઓઝા, જુનાગઢ, તેમના લગ્ન પ્રસંગે દા. નથુ મોનદાસ ઓઝા.
૫) રા. વલ્લભદાસ કામેશ્વર વૈરા, ખાખરાળા, તેમના પુત્રના સગપણ પ્રસંગે.
૫) રા. દયાશંકર પ્રભાશંકર દવે, જામનગર, તેમની પુત્રી શાન્તાગૌરિના લગ્ન પ્રસંગે.
૫) રા. રેવાશંકર ભીમજી દવે, મોરબી, તેમના બત્રીજા અંબાશંકર પ્રાણજીવનના લગ્ન પ્રસંગે.
૩) રા. ગોપાળજી સુંદરજી ત્રિવેદી,રાજુલા,બીજા વર્ગના સભાસદના ૧૯૭૯ના.
૧૦) મેસર્સ બી. આર. એન્ડ કું. જેરામપુર, જરીઆ.
૫) મેસર્સ ધેલા પંચાલ એન્ડ કું. ,, ,,
૫) શેઠ દેવજી ત્રીકમજી ,, ,,
૫) મેસર્સ એમ. એમ. સી. એન્ડ કું. જુનાગરા, જરીઆ.
૫) મેસર્સ જી. પી.-સી. એન્ડ કું. ,, ,,
૫) શેઠ ખોડાભાઈ રામજી, જરીઆ.
૫) મેસર્સ એંગલજી ત્રીજ એન્ડ કું. જરીઆ.
૧૦) ઓઝા બાઇશંકર ત્રીકમજીના લગ્ન પ્રસંગે દા. કાલિદાસ કાનજી ઓઝા વડવાળુ થરેર.

રાજા મહારાજાઓ

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેફ્ટ વૉઇસરોયના લેફ્ટ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજંટ, સરકારી સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાક્ટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં

બાદશાહી ચાકુતી

નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તે ઉપયોગી-ટ તાની નિશાની છે—ગવર્મેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનેલાઇઝ થએલ છે.

બાદશાહી ચાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી ચાકુતી વીર્ય વિકારના તમામ બાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી બરૂ પુરૂષાતન આપે છે. ખરી ગર્દાઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજની જરૂર નથી.

૪૦ ગોળીની ડબ્બી એકના રૂપીઆ દશ.

બાદશાહી યુનાની લેપ

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે. બરૂ પુરૂષાતન લાવવા માટે આ લેપ ફરેહમંદ કલીજ છે. આઉંસ એકની ડબ્બીના રૂપીઆ આઠ.

ડાક્ટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

ગુજરાત આયુર્વેદિક ફાર્મસી.

વૈદ્યક પ્રચાર સાહિત્ય ખાતું.

માસીકો અને પુસ્તકો.

આ ફાર્મસી ઔષધો બનાવતા અને ઉપચોર કરવા ઉપરાંત વિશેષ મહત્વનું એક કામ એ કરે છે કે પોતાના વૈદ્યક સાહિત્ય પ્રચાર ખાતા દ્વારા લોકોમાં તંદુરસ્તીના નિયમો અને આરોગ્ય સંબંધી જ્ઞાનનો ફેલાવા પણ કરે છે. ૨૫ વર્ષથી ગુજરાતી માસિક, વૈદ્યક ગ્રંથો અને નિબંધો દ્વારા આ ખાતાએ આયુર્વેદ સંબંધી સારૂં અજવાળું પાડયું છે.

"વૈદ્યકલ્પતરૂ" માસીક વાર્ષીક લવાજમ રૂા. ૩-૦-૦.

વૈદ્યક ગ્રંથો.

ઘરવૈદું—વૈદકના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી ગ્રંથ. આવૃત્તિ ૬ ઠ્ઠી. કી. રૂા. ૬.

સારી સંતતી—સુદઢ, સુંદર અને સદાચારી બાળકો ઉત્પન્ન કરવા એ બાબાપોનું હાથમાં છે, એ વાત આર્ય વૈદ્યક અને અંગ્રેજી વૈદ્યકનાં પ્રમાણો સાથે સિદ્ધ કરી આપનાર શાસ્ત્ર. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

ધાત્રી શિક્ષા—સુવાવડ સંબંધી શાસ્ત્રીય ગ્રંથ. ગર્ભારધાનથી થતાં દરદોના ઉપાયો તથા પાલવાના નિયમો, પ્રસવ માટે પ્રાથમિક તૈયારીઓ, પ્રસવની ત્રણ અવસ્થાઓનું વર્ણન, કસુવાવડના કારણો અને ઉપાય, સુવાવડીની સારવાર તથા બાળક ઉછેરવાના નિયમો એક સુવાવડીને મીડવાઇફ સમજાવે છે. આવૃત્તિ બીજી કી. રૂા. ૨).

રોગી પરિચર્યા—માંદાની આવજત વિષે સંપૂર્ણ જ્ઞાન મેળવવાનો ગુજરાતી ભાષામાં પ્રથમ ગ્રંથ. કી. રૂા. ૧૫૦

ગરીબોનો વૈદ્ય—દરેક દરદની સામાન્ય સમજણ, ઘરગથ્થુ અને સસ્તા ઉપાયોના સંગ્રહનો ગ્રંથ કી. રૂા. ૨.

સ્ત્રીઓનો વૈદ્ય—સ્ત્રીઓનાં ખાસ દરદો, તેનાં લક્ષણો, કારણો તથા ઉપાયોનો ગ્રંથ કી. રૂા. ૧૫૦.

બાળકોનો વૈદ્ય—બાળકોનાં ખાસ દરદો. તેનાં લક્ષણો. કારણો, તથા ઉપાયોનો ગ્રંથ. કી. રૂા. ૨).

યુવાવસ્થાનો શિક્ષક—જુવાન સ્ત્રીપુરૂષોનાં કર્તવ્ય તથા કુરજનો આદર્શ શિક્ષક. કી. રૂા. ૧૦.

મળવાનું ઠેકાણું:-ગુજરાત આયુર્વેદિક ફાર્મસી—અમદાવાદ.

પી. ધ્રુવસે શાહીવાળા.

દરેક જાતની રેશમ-ચાંદી જેવી કે રાઇટીંગ, કોપીયીંગ, રબ્બર સ્ટેમ્પીંગ, માર્કીંગ, સ્ટેંપરોગ્રાફીક; તથા શાહીનો બાકડો, ટ્રેડર બનેરા બનાવનાર તથા વેચનાર. અમારે ત્યાંના ઘુટક તથા જથ્થાબંધ [illegible] વિગત માટે પ્રાઇસલીસ્ટ મગાવો.

ઠેકાણું:-કલ્યાણ ભોતીની ચાલી, કાંદાવાડી-મુંબાઇ ૪.

વિજળીના દીવા.

૧ નાના મજબુત રાખી શકાય છે.
૨ અગ્નીની બીલકુલ ધાસ્તી નથી.
૩ તેલ દીવેટ કે દીવાસળીની જરૂર પડતીજ નથી.
૪ દરેક ચાંપ દબાવતાંજ વગર બળતણે પ્રકાશ રોશની થાય છે.

કીંમત ૨. રા. ૩, ૩॥, ૪, ૫, ૬ અને ૮.
પોસ્ટેજ આઠ આના
રપેર બેટરી-કીંમત રા. ૧).
પોસ્ટેજ ૩ આના

ટી. જી. શાહ એલેકટ્રીક સ્ટોર્સ.
હેડ ઓફીસ (બોળપીપા) બોમ્બે ૪.
બ્રાંચ ઓફીસ(પાંજરાપોળ ચાર રસ્તા)ગામદેવી

શું તમે હૃદયથી જ્ઞાતિ ઉન્નતિ ઇચ્છો છો ?

જો ઇચ્છતા હો તો ગીરાળી શુભેચ્છકના ગ્રાહક બની વાંચન ઉપરાંત જ્ઞાતિ વિદ્યાર્થીઓનો શુભ આશિર્વાદ પ્રાપ્ત કરવા ચૂકશો નહિ. વાર્ષિક લવાજમ રા. ૧॥: ૬૨ વર્ષ ઉપયોગી ભેટ પણ આપવામાં આવે છે.

ગ્રાહક તરીકે તરત નામ નોંધાવો.

Reg. No. B. 1442

શ્રીમાળી શુભેચ્છક.

सत्यंवद। धर्मंचर स्वाध्यायान्मामदः। उपनिषद्
यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्॥ श्री. भ. गीता.

વર્ષ ૪ થું.] અગષ્ટ ૧૯૨૩. [અંક ૮.

વિષયાનુક્રમણિકા.

૧ ઈશ્વર મધુ એવે વદી.	મ. મ. ઓઝા.	૧૬૫
૨ સમજ મન.	મ. ત્રિવેદી.	૧૭૦
૩ સ્વર્ગના રહેવાસુ.	લે. ૮૬૬.	૧૭૦
૪ સ્વર્ગસોપાન.	મુ. મં. ઓ.ઝા.	૧૭૨
૫ ગંસાર.	ઉ. દ. કવિ.	૧૭૮
૬ સ્વર્ગસ્થ કેશવલાલ ત્રીભુવન કવિ (કંઠલાકર) પ્રેમી.		૧૭૯
૭ ગરીબનો બેલી.	મ. ત્રિવેદી,	૧૮૦
૮ પ્રાસંગિક નોંધ અને ચર્ચા.	તન્ત્રી.	૧૮૩
૯ વાપનગર બોર્ડિંગ હાલનો સાક્ષાત.		૧૮૭
૧૦ જ્ઞાતિય સમાચાર.		૧૮૮
૧૧ અમદાવાદ જ્ઞાતિ બોર્ડિંગને માટે અપેલી મદદ.		૧૮૮

તન્ત્રી અને પ્રકાશક
મણિલાલ શિવશંકર ત્રિવેદી, એમ. એ.
ઓફિસ-સ્થાન, ૪૧૦૩-૦૬—અમદાવાદ.

જ્ઞાનમંદિર પ્રીન્ટીંગ પ્રેસમાં ઈશ્વરરામ અમૃતરામે છાપ્યું.
વાયેશ્વરીની પોળ, રાયપુર—અમદાવાદ.

તનું બંધુત્વ, મનુષ્યપ્રેમની પરાકાષ્ટા,-એ સદ્‌ગુણો અને સાધનોજ સામે પા પહોંચાડે છે.

અહંતાનો ત્યાગ, પ્રભુની સહાય, અંતઃકરણના પરિઘનો વિસ્તાર, મનની વિશુદ્ધિ, અને પ્રભુમાં તનમયતા,-એ ક્ષયશની રામબાણ સામગ્રીઓ છે. મારો પ્રેમ પ્રકટ થશે, દેવસમૂહો સહાય થશે અને જીવન દૈવીસ્વરૂપ લેશે. જગત સ્વર્ગની નીસરણીમાં પાંચ દશ સોપાન ઉંચે ચઢશે. તથાસ્તુ.

સંસાર.

ડાહ્યા મોકેાએ આ દુનિયાનું નામ સંસાર પાડેલું છે. કારણ કે જો તેમાંથી સાર લેતાં આવડે તો ઘણોજ સાર લઇ શકાય તેમ છે. એટલુંજ નહીં પણ તેમાં સારામાં સારો સાર ભરેલો છે. માટે તે સંસાર કહેવાયછે. સંસારમાં શું સાર છે એ તમે જાણો છો? મહાત્માઓ કહે છે કે, સંસાર એ મોટામાં મોટું તીર્થ છે. દુનિયામાં જે અનેક તિર્થ છે તે બધાં તિર્થોનો સંસારમાં સમાવેશ થઇ જાય છે, માટે સંસાર એ મોટામાં મોટું તિર્થ છે. અને તિર્થની કામગીરી શું છે? તિર્થનો હેતુ શો છે? તિર્થ કોને કહે છે? અને તિર્થથી શું શું લાભ થાય છે? આ બધું જાણવું જોઇએ. સંસાર એ મોટામાં મોટું તિર્થ છે, માટે એ તિર્થના સંબંધમાં જ્ઞાનીઓ કહે છે કે, જે ઠેકાણે શાંતિ મળે છે તેનું નામ તિર્થ છે. જે ઠેકાણે જીવ ઠરે તેનું નામ તિર્થ છે. જે ઠેકાણેથી આગળ વધવાના ઉપાયો મળે તેનું નામ તિર્થ છે. જે ઠેકાણે મહાત્માઓ રહેતા હોય અથવા રહી ગએલા હોય તેનું નામ તિર્થ છે. જે ઠેકાણે નવા નવા અનુભવો મળે તેનું નામ તિર્થ છે. જે ઠેકાણે હૃદયના સંશયો મટે તેનું નામ તિર્થ છે. જે ઠેકાણે ઉત્તમ પ્રકારના સરખા વિચારના જ્ઞાતિબંધુઓ મળે તે તિર્થ છે. જે ઠેકાણે જ્ઞાનીઓનો સંસર્ગનો લાભ મળે ને સત્સંગ થાય તેનું નામ તિર્થછે. જે ઠેકાણે પોતાનાં દુઃખો ભુલી જવાય અને પોતાનાં જ્ઞાતિબંધુઓનાં દુઃખો ઓછાં કરી શકાય તેનું નામ તિર્થ છે. જે ઠેકાણેથી પવિત્રતા મળે તેનું નામ તિર્થ છે. જે ઠેકાણે પોતાની ખામીઓ સમજાય ને એ ખામીઓ દૂર કરવાના ઉપાયો મળે તેનું નામ તિર્થ છે. જે ઠેકાણે જવાથી પોતાના સ્વાર્થનો ભોગ આ-

પતાં શીખાય તે તિર્થ છે. જે ઠેકાણે બહારનું તથા અંદરનું કુદરતિ અદ્‌ભૂત સૌંદર્ય હોય તે તિર્થ છે. જે ઠેકાણે આત્મિક બળ મળે તે તિર્થ છે. જે ઠેકાણે દ્રષ્ટિ ખુલી જાય અને ઉત્તમતા જોવાનું બળ આવી જાય તે તિર્થ છે. જે ઠેકાણે ઈશ્વરનો મહિમા સમજાય તે તિર્થ છે. જે ઠેકાણે જગતની વસ્તુઓની હાલના કરતાં ઘણીજ વધારે કીંમત સમજાય અને તે પ્રમાણે કરી બતાવતાં આવડે તે તિર્થ છે. અને જે ઠેકાણે પોતાનાં તથા બીજાઓનાં દુઃખ કપાય તે તિર્થ છે. અને જે ઠેકાણે પોતાનાં જ્ઞાતિ ભાઇઓની તથા દેશી ભાઇઓની સેવા થાય તે તિર્થ છે. આ બધું અને આનાં કરતાં બીજું ઘણું વધારે સંસારમાં થઈ શકે છે. માટે સંસાર એ સૌથી વધારે મોટું તિર્થ છે. અને આપણાં ધર્મનો તથા દુનિયાના સૌ બીજા ધર્મનો એ મુખ્ય સિદ્ધાંત છે કે, બીજે ઠેકાણે જે પાપ કરેલાં હોય તે પાપ તિર્થમાં જવાથી છુટી જાય છે. પણ તિર્થમાં જે પાપ થાય તે પાપ તો વજ્જના જેવાં સખ્ત બનીને ચોંટી જાય છે. એ પાપનું નિવારણ સહેલાઇથી થઈ શકતું નથી. આમ હોવાથી બીજે ઠેકાણે જે પાપો થએલાં હોય તેની માફી મળી શકે છે; પણ તિર્થમાં જે પાપ થાય તેની માફી મળી શકતી નથી. માટે તિર્થમાં કદી પણ કોઇપણ કારણસર પાપ ન કરવું જોઇએ.

હવે વિચાર કરો કે નાનાં નાનાં તિર્થોમાં પણ પાપ કરાય નહિ અને જો કદિ પાપ થઈ જાય તો તે પાપ વજ્ર લેપ જેવું થઇ જાય છે, સારે જે સૌથી મોટામાં મોટું તિર્થ કે જેની અંદર જગતનાં બધાં તિર્થો આવી જાય છે તેવા મહાન્ તિર્થોમાં પાપ કરવાથી તે પાપ કેટલું બધું ભયંકર થઈ પડે? એ જરા ખ્યાલ તો કરો! માટે સંસારરૂપી તિર્થમાં કોઇપણ જાતનાં પાપ ન થાય એ સંભાળજો.

આપણને આપણાં આત્માનું કલ્યાણ કરવાની તક મળે તે સારૂ પરમ કૃપાળુ પરમાત્માએ આ સંસારરૂપી તિર્થમાં આપણને મોકલેલા છે, કારણકે શાસ્ત્રમાં કહેલું છે કે, આ સંસાર છે તે કર્મભૂમિ છે. એટલે કે સારાંસારાં કામો કરી લેવાની આ જગ્યા છે. સંસાર એ આપણાં જ્ઞાતિ ભાઇઓની તથા દેશી ભાઇઓની સેવા કરવાનું મંદિર છે. સંસાર તથા દેહ એ બે વિનાની સ્થિતિમાં જ્યારે જીવ હોય ત્યારે તે કાંઈ કરી શકતો નથી, પણ જીવને જ્યારે દેહની મદદ મળે તથા સંસારસમુદ્રરૂપી મહાન્ તિર્થ મળે ત્યારે તે પોતાની કરણી બરોબર રીતે બજાવી શકે છે, અને ત્યારેજ તે પ્રભુનો

પગલે પગલે ચાલીને અંત મોક્ષ મેળવી શકે છે. માટે યાદ રાખજો કે દેહ તથા સંસાર એ કાંઈ નકામી વસ્તુ નથી, એ કાંઈ દુઃખ દેવાની વસ્તુ નથી, એ કાંઈ માણસોને પાછળ પાડવાનાં સાધનો નથી, એ કાંઈ જીવને બંધનમાં રાખી મૂકવાનાં સાધનો નથી, અને એ કાંઈ ગમે તેમ ઉડાવી દેવા જેવી બાબત નથી. પણ જેની અંદર સર્વ તિર્થ રહ્યાંછે એવો સંસારસમુદ્ર છે, માટે તે સૌથી મોટામાં મોટું તિર્થ છે, અને એ સમુને તરવા માટે દેહરૂપી વહાણ મળેલું છે, માટે એનો દુરૂપયોગ થવા દેશોમાં, પણ જેમ બને તેમ તેનો સદુપયોગ કરજો અને મહાન્ સંસાર તિર્થમાં પાપ ધોવાઇ જાય અને પવિત્રતા આવી જાય તેમ કરજો. એમ કરવું એ જ જીંદગીની સાર્થકતા છે. અને તે સારૂ જ પરમ કૃપાળુ પરમાત્માએ આપણને આ સંસારરૂપી તિર્થ આપેલું છે માટે ઘણાએ અજ્ઞાનીઓ કહ્યા કરે છે તેમ સંસારને અજ્ઞાનનાજ ફળરૂપ સમજશોમાં, અને દેહને પાપનું ફળ સમજશોમાં, પણ ચોખ્ખી રીતે એમ સમજી લેજો કે, મનુષ્ય અવતાર એ બહુ મોટા પુણ્યનું ફળ છે અને મોક્ષ મેળવવાની અમૂલ્ય તક આપવા સારૂ જ સંસારરૂપી તિર્થ આપણને મળેલું છે. માટે એ મહાન્ તિર્થમાં જેમ ખૂબ જપ, તપ, ધ્યાન, વ્રત આદિ થાય તેમ કરવું જોઇએ. એ મહાન તિર્થમાં જેમ બને તેમ વધુમાં વધુ પવિત્ર રહેવાય તેમ કરવું જોઇએ. એ મહાન તિર્થમાં જેમ ખૂબ નવા નવા અનુભવો મળે તેમ કરવું જોઇએ, અને એ મહાન તિર્થમાં જેમ આત્માની શાંતિ મેળવી શકાય તેમ કરવું જોઇએ. એમ કરવું એ આપણી ફરજ છે, અને એ માટે જીંદગી છે. માટે જેમ બને તેમ સંસારરૂપી તિર્થમાં સારી રીતે વરતાય અને તેનો ખૂબ લાભ લેવાય અને મનુષ્યમાંથી દેવ થવાય તેમ કરજો. અને સંસાર એ પાપ ધોવાનું તિર્થ છે, માટે તેમાં પાપ ધોવાની કોશિશ કરજો અને નવાં પાપ ન થાય એ સંભાળજો. એજ અમારી પ્રાર્થના છે.

છોટાલાલ દલપતરામ કવિ.

શ્રી ૐ

સ્વર્ગસ્થ કેશવલાલ ત્રીભુવન કવિ (કુંડલાકર).

પ્રજોરા જ્ઞાતિમાં જેમ વૈદકનો ધંધો વધારે પ્રમાણમાં પ્રચલિત જોવામાં આવે છે તેમ આપણી જ્ઞાતિમાં કવિનો ધંધો પણ વધારે પ્રમાણમાં પ્રચલિત જોવામાં આવે છે. ચારણ અને બ્રહ્મભટની જ્ઞાતિઓને બાજુ મુકીએ તો આપણી જ્ઞાતિની સંખ્યાના પ્રમાણમાં થયેલા કવિઓ અન્ય જ્ઞાતિઓની સંખ્યાનાં પ્રમાણમાં વધારે જોવામાં આવ્યા વગર રહેશે નહિં. પ્રાચિન કવિ શિરોમણી પંક્તિમાંના મશહુર ગણાયલા કવિ માધ અને કવિ દંડી પછીના સ્વર્ગસ્થ કવિવર દલપતરામ ડાહ્યાભાઇ સી. આઈ. ઈ. ના સમય સુધીમાં આપણી જ્ઞાતિની પરિસ્થિતિનો ઇતિહાસ હજુ અંધારામાં છે તો પણ મારવાડ-મેવાડમાં એ સમયની જાહોજલાલીનાં દશ્ય આજે પણ અનુમાનદ્વારા તેમજ મુખકથાદ્વારા મળી આવે છે અને ત્યાર પછીના પાટણ-ધોળકાની પ્રખ્યાતિના બનાવો હજુ આપણા હૃદયપટ પર તાજાજ જણાય છે. એટલે આ કાળમાં આપણી જ્ઞાતિમાં કવિઓ હશે પણ તે અજવાળામાં આવ્યા જણાતા નથી. મેવાડ-મારવાડ વાસીઓના પરિચય વગર તેમજ ઇતિહાસ વગર તે બંધુઓના જીવનક્રમો હજુ આપણે જાણી શક્યા નથી. પરંતુ હાલ જોધપુર વિગેરે સ્થળોએ વિદ્વાન-પંડિતો છે અને તેથી તે ભૂમિમાં પણ તે સમયમાં કવિઓ હશે એવી પ્રતિતિ થાય છે.

કવિશ્વર દલપતરામના સમય પછી તો ગુજરાત કવિઓમાં આપણી જ્ઞાતિના કવિઓ ગણાતા આવ્યા છે. આ ગણનામાં ગણાયલા યુવાન કવિ સ્વર્ગસ્થ કેશવલાલ ત્રીભુવન ઓઝા (કુંડલાકર) પણ ગણાય છે. અને તેના લખેલા પ્રસિદ્ધ થએલા પુસ્તકો પણ થી રણછોડજીના ભાવિક ભક્તોમાં આજેયે છુટથી વંચાય છે. આ યુવાન કવિ લાંબા સમય જીવ્યા હોત તો ભક્તિમાર્ગમાં ઘણું સારૂ લખી શકત. કારણ કે આ કવિ સાહિત્ય અને અને સામાજીક વિષય કરતાં શ્રી રણછોડજી મહારાજના અનન્ય ભક્ત હોઈ ભક્તિમાર્ગનાંજ કાવ્ય વધારે પ્રમાણમાં કરતા હતા.

આ ભક્ત કવિનો જન્મ કુંડલામાં સંવત ૧૯૪૮ ની સાલમાં થયો હતો જે કે તેઓ ગુજરાતી ઉપરાંત અંગ્રેજીમાં છઠ્ઠા ધોરણ સુધીજ આગળ

વધ્યા હતા, પરંતુ નાનપણથીજ ભક્તિમાર્ગના સંસ્કાર પડવાથી ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કરવામાં વધારે ઉત્સાહી હતા અને તેથી તેમણે સંસ્કૃતમાં પણ સારો અભ્યાસ કરી ભાગવતાદિ પુરાણો અને સામવેદ સંહિતાનો પણ અભ્યાસ કર્યો હતો, કવિને મુળથીજ પ્રારબ્ધ ઉપર વધારે આસ્થા હોવાથી કમાવાની જીવતોડ ખટપટમાં નહિં પડતાં ઈશ્વરોપાસનામાંજ પ્રેમપૂર્વક લક્ષ આપતા હતા, ને કે પ્રસંગોપાત તેઓ મુંબઇ રહી નાટક કંપનીઓમાં નાટકો લખી આપવાનું કામ કરતા હતા. અનાથ બાળાની દીલ ઉશ્કેરનારી નોવેલ પણ તેઓએ આજ સમયમાં લખી છે.

કાઠિઆવાડમાં (સિંહગઢ) શિહોરના સુપ્રસિદ્ધ સ્થળમાં આપણા પતિતપાવન ગૌતમ મુનિના આશ્રમ સ્થાનમાં વિરાજતા ગૌતમેશ્વર મહાદેવમાં લગભગ કવિ બે વર્ષ રહ્યા હતા અને અનુષ્ઠાનાદિ સત્કર્મ કરી ઈશ્વરપ્રીતિ મેળવવાને ભાગ્યશાળી બન્યા હતા. "ગૌતમેશ્વરની બલિહારી" નામકગ્રંથ પણ તેઓએ આ નિવૃત્તિ નિવાસનાજ સમયે લખ્યો છે.

ભાવના પ્રમાણેના સિદ્ધિ પ્રાપ્ત થાય છે એ કહેવતાનુસાર કવિને શ્રી રણછોડજી મહારાજ પર અનન્ય શ્રદ્ધા હતી તેથી રણછોડજી મહારાજે પણ તેમનાજ દરબારમાં આ ભાવિક ભક્તને કેમ જાણે બોલાવી ન લીધા હોય તેવી રીતે કવિ ૧૯૬૭ ની સાલમાં માઘેકઠારીના પવિત્ર પર્વ નિમિત્ત શ્રી ડાકોરજી આવેલા અને ત્યાર બાદ ત્યાંજ નિવાસ કરી રહેલા ડાકોરમાં રહીને પણ માત્ર ઈશ્વર પ્રેરીત આવક ઉપરજ અને શ્રી રણછોડરાયજીના સભાસભાના નાનાવિધ કાવ્યો બનાવી જુદા જુદા પુસ્તકો આકારમાં છપાવી તેની આવકપરજ નિર્વાહ ચલાવતા અને અહોનિશ રણછોડજીની ભક્તિમાંજ નિમગ્ન રહેતા. મહાન ભક્તોની માફક કુટુંબ નિર્વાહ રણછોડજી પરજ રહેવા દઇ પોતે તેમની ભક્તિ કરવાનુંજ કર્તવ્ય છેવટ સુધી બજાવ્યું છે અને ઇશ્વરની ભક્તિ કરતાં કુટુંબ નિર્વાહની મુસીબત નથી પડતી તેનું સાક્ષાત દૃષ્ટાંત આ કળી કાળમાં કવિએ પુરૂં પાડયું છે. રણછોડ મહારાજની સાત સમયાની ઝાંખી, શ્રી રણછોડ દર્શનિકા, શ્રી રણછોડ કિર્તનમાળા વિગેરે ગ્રંથો નાના પણ ભાવાત્મક ભક્તિરસથી ભરપુર કવિએ ડાકોર નિવાસ કર્યા પછીજ બનાવ્યા છે અને તે ગાવામાંજ તલ્લીન રહેતા હતા. કવિ જાતે વાચાળ, મધુભાષી અને મળતાવડા હતા; તેથી સર્વ સાથે પ્રેમભાવ મેળવી શકતા હતા. ડાકોર જેવા તકરારી બ્રહ્મનિવાસી સ્થળમાંયે કાયમનો નિવાસ કરી વસવા છતાં ત્યાંના ભિન્ન ભિન્ન સ્વાર્થિય બુદ્ધિ ભૂદેવોમાં પણ પ્રીતિ

મેળવી શક્યા છે એ એમની ઉચ્ચ પદની સાક્ષીરૂપ છે. વળી કવિ સત્ય પથગામી અને ધર્મપરાયણ હોવાથી ગમે તેવી સ્થીતિ હોવા છતાં પણ તેમની ભગિનિને સારે સ્થળે ડાકોરમાંજ કોઇપણ પ્રકારના વિઘ્ન વગર ખરેખર કન્યાદાન રૂપેજ તેણે વરાવ્યાં હતાં. આથી બોલીને નહિં પણ કર્તવ્ય કરીનેજ અન્યને દૃષ્ટાંત આપવાના અભિલાષી કવિ હતા એમ સિદ્ધ થાય છે.

કવિ ભક્તિમાર્ગમાં કેટલા આગળ વધ્યા હતા અને ઇશ્વર ઉપર તેમની કેટલી શ્રદ્ધા હતી તથા કર્મની ગતિ કેવી વિચિત્ર છે એ કવિના છેલ્લા વર્ષના જીવન ઉપરથી પ્રતિત થાય છે. કવિ પોતાના સહકુટુંબ (પત્નિ, બે બાળાઓ, વિધવા બ્હેન, પિતા, બે ભાઇઓ)સહ બદ્રીનાથજીની યાત્રાએ સંવત ૧૯૭૮ ના વૈશાખમાં સિધાવ્યા હતા. પ્રથમ પુષ્કરરાજ પછી ગોકુળ, મથુરા, હરદ્વાર, ગંગોત્રી, બદ્રીનાથ, કેદારેશ્વર, રૂષિકેશ, ત્રિપુત્રી, કાશી વિગેરે પવિત્ર સ્થળોએ યાત્રા કરી રૂષિકેશમાંથીજ અક્ષરધામની પ્રાપ્તિની તૈયારીનો સંદેશો તાર રૂપે લઈ આવ્યા હતા. જ્યાં રહેતા ત્યાં પારાયણ કરી આગળ વધતા અને અર્થ મેળવતા. યાત્રા દરમ્યાન તેમણે સાત પારાયણો જુદા જુદા સ્થળોએ કરી છે. કવિના દ્વિતિય બંધુને પણ મંદવાડ લાગુ પડવાથી તેઓ ગયા, જગન્નાથ ન જઇ શક્યા અને મુંબઈ આવ્યા. ત્યાંથી પાણીફેર માટે બરકાળ જઈ અનસુયા ગયા. ત્યાંજ તેમનાં દ્વિતિય બંધુનો સ્વર્ગવાસ થયો. કવિની સ્થિતિ તો આ વખતે પણ તદ્દન અશક્તજ હતી. તો પણ બંધુની ઉત્તર ક્રિયા ધાર્મિક વિધિએ ત્યાંજ નર્મદાના પવિત્ર તટપર કરી બરકાળમાં પ્રથમ ભોજન કર્યું. ત્યાંથી સિદ્ધા ડાકોર આવતાંજ સ્ટેશનેથી ઝોળીએ ઘેર લાવતાં લાવતાં પણ શ્રી રણછોડજીની ઝાંખી કરી અને તેનાજ દરબારમાં તેનાંજ આશ્રયે આવી તેમનીજ કૃપાપર જીવનદોરી છોડી કરેલા ગુન્હાની માફી માગી. ઘેર આવ્યા પછી ત્રીજેજ દિવસે એટલે સંવત ૧૯૭૮ ના પોશ શુદ ૧૧ ના રોજ પ્રાતઃકાળમાં કવિએ આ ફાની દુનિયાનો ત્યાગ કરી અક્ષરધામની પ્રાપ્તિ કરી. પાછળ દુઃખી વૃદ્ધ પિતા, પત્નિ, બે બાળાઓ અને બે ભાઇઓ, વિધવા બ્હેન મુકી ગયા છે. તેમનાં પિતા પણ હવે તો ડાકોરમાંજ રણછોડજીના સ્મરણમાંજ બાકીના દુઃખી દિવસો વિતાવે છે. તેઓ પણ જ્ઞાની અને તટસ્થ ભાવના અનુભવી. એમ ઇશ્વર પરાયણજ જીવન વ્યતિત કરે છે.

આ ભક્ત કવિની કહાણી આપણી જાતિમાં શોભારૂપ છે. જો કે કવિનો માર્ગ ભક્તિમય હતો એટલે તેઓએ અન્ય માર્ગમાં જાતિ ઉન્નતિ

માર્ગમાં લક્ષ આપ્યું નથી. તોપણ તેમની રહેણી કરણી અને લોગણી જાતિ ઉન્નતિના માર્ગપરજ હતી એમ તેમના જીવન ક્રમથી પરખાઈ આવે છે. કવિના ૩૧ વર્ષના યુવાન વયમાં થએલા અકાળ સ્વર્ગવાસથી જાતિને ખોટ પડી છે એમતો કહેવુંજ જોઇએ. છેલ્લા બે વર્ષોમાં જાતિએ ગુમાવેલા બે ચાર જાતિ શોભારૂપ યુવાનોમાં કવિ પણ ગણાય છે.

"પ્રેમી."

ગરીબનો બેલી.



લેખકઃ—ભગનલાલ ત્રિવેદી.

પ્રકરણ પહેલું.

સોદો.

'હવે બહુ થયું વજેશંકરભાઈ; બહુ તાણવામાં ભાલે નહીં. ચાર હજાર કંઈ ઓછા નથી, સમજ્યાને!

'પરન્તુ રામશંકર કાકા, તમે કંઈ કન્યાની કિંમત આંકશોકે એમને એમ બોલ્યે જ જશો. કંચન જેવી છે, સમજ્યાને. નરદમ સોનું! તે એમ નાખી દેવાના મૂલ્યે ન આપી શકાય. પૂરા છ હજાર કરી આપો તો પરણવાની ઇચ્છા હોય તો.' જાણે કે કોઇ વેપારી માલકને મુખે પોતાના માલના વખાણ ન કરી રહ્યો હોય તેમ વજેશંકર બોલ્યો.

'પરન્તુ કન્યાની ઉમર દસ જ વર્ષની છે. જો બે ચાર વર્ષ વધારે થયા હોત તો છ શું આઠ હજાર ખરચી નાખત!' વાંકા વળી ગએલા રામશંકર કાકાએ જરા ટટ્ટાર બેની જવાબ આપ્યો.

'તેથી શું થયું? તેની ઉમર નહાની છે, તો તમે પૂરા સાઠે પહોંચ્યા છોને? તમારી ઉમ્મરને તો કોઈ ટીલાવે પણ નહીં, એ તો હું જ ભલો કે તમને ઘરડે ઘડપણે રંડાપાનું દુઃખ પડે એ ન જોઇ શકવાથી મ્હારી

પુત્રી આપું છું. અને મ્હારી પુત્રી શું ન્હાની છે? અરે પેલા કમિયાશંકરની દિકરી તો આઠ જ વરસની પરણી અને તેણે વળી ત્રીજવર સાથે, પૂરા પચાસે પહોંચેલા સાથે. માટે હવે મોહું ગમળાવોમાં. કન્યાનો પૂરા ૭ હજાર, ને પરણવાની ઈચ્છા હોય તો નહીંતર.....પરન્તુ આવી કન્યા બીજે કયાંય નહીં મળી શકે, હો!'

રામશંકર કાકા વિચારમાં પડી ગયા. મોરારભટ્ટે તેમને પરણવાનું આનક ચડાવ્યું હતું અને પાસે પૈસો પુષ્કળ હતો એટલે બાયડી આવી પડવા પાળે એવી ઇચ્છાથી તેમણે પરણવાનો વિચાર કર્યો હતો. ફરી ફરીને કયાં પરણવા આવવાના હતા! એટલે જીવનનો આ છેલ્લો લ્હાવો લઇ લેવો એમ તેમને થઇ આવ્યું. કઠિ બોા હતા તો પણ તેમની લાલસા શમી ન હતી. મોરારભટ્ટે કરેલું વજેશંકરની દિકરીનું વર્ણન સાંભળી તેમનું મન ઉચું નીચું થઈ રહ્યું હતું. અને મનની લાલસાને વશ થઈ તેઓ આજે સાટુ સુધોરવા વજેશંકર પાસે આવ્યા હતા. પરન્તુ દામ વધારે બેસતા હતા એટલે જરા મન પાછું પડી જતું હતું.—તેમને વિચારમાં પડી ગએલા જોઇ પાસે ઉભેલા મોરારભટ્ટ બોલી ઉઠયા—

"શું રામશંકર ભાઈ! એમાં તે શું વિચાર કરવાનો છે? કન્યાનો ૭ હજાર. ફેર તો બે હજારનો જ છે ને? બોલો! જો તે કઇ બિસાતમાં?' જાણે કે ઘેર ટંકણાળ કેમ ન પડતી હોય તેમ બે હજારનો ફેર મોરારભટ્ટને મન કંઈજ નહતો! ઘેર તો દિકરો એક પૈસાનું કાઇ વધારે લઇ આવે તો લાકડી લઈને હતા અને અહીં તો મોટી મોટી વાતો કરી રહ્યા હતા. શા માટે ન કરે? આશું ત્રીસ દહા કમીશન મળવાનું હતું.

પરન્તુ ગમે તેમ હો, રામશંકર કાકા કંઈક મુંઝવાડામાં પડી ગયા હતા. પણીવારે તેઓ બોલ્યા. 'ના! ના! હવે મ્હારો વિચાર ફરી ગયો છે. બૂરી બૂરીને હવે હું કેટલાં વર્ષ આ દુનિયામાં રહેવાનો હતો? ઘેર દિકરાની વહુ છે તે રોટલા કરી ખવડાવશે અને આપણે ભગવાન ભજન કરી દિવસ મોળાહું. હવે આ અવસ્થાએ ઉપાધિ વધારી લેવાનો વિચાર નથી થતો. મ્હારા દિકરાને હું ભિખારી બનાવી મૂકવા નથી ઇચ્છતો.'

મોરારભટ્ટ અને વજેશંકર ચમકયા. બન્નેએ એક બીજા સામું જોયું. શિકાર હાથથી છટકે છે એમ તેમને લાગ્યું. પરન્તુ મોરારભટ્ટ એમ ત્રીસ દહાનું કમીશન જતું કરે તેવા નહતા. તેઓ બોલી ઉઠયા, 'અરે રામશંકરભાઈ!

આ શું ? તમારી અક્કલ બહેર મારી ગઈ છે કે શું ? કે પછી સાડે બુદ્ધિ નાડી. આ ઉમ્મરે દિકરાના હાથ નીચે પરાધીન બની રહેવું, ઘરમાં એક પરાયા જેમ વસવું અને ટાઢું શીળું જે મળે તે ખાઇ લેવું એ તે કઇ રીત છે ? પ્રભુએ આપેલી લક્ષ્મી છે, આખી જીંદગી કામા કામાને બેગું કર્યું છે, તે શું દિકરાને દઈ દેવા માટે ? વળી આ કન્યા જોઇએ છે ? રૂપરૂપનો અંબાર ! ડહાપણ તો તમેનું જ. નવરાશની વેળાયે ઘડી છે. વજેશંકરભાઈ! તમેયે શું આમ નાડું પકડી રહ્યા છો. ચાલો હજ્જાર બોછા પાંચ હજ્જાર આપો, કરો કંકુના!

રૂપીઆ એક હજ્જાર ભાવમાં ઉતરી ગયા તેના પ્રમાણમાં રામશંકર કાકાનો સ્મશાન વૈરાગ્ય પણ ઓછો થઇ ગયો. તેઓ બોલ્યો, 'પણ,—આ અવસ્થાએ ?'

'અવસ્થા અવસ્થા શું કરો છો. બેંશી બેંશી વરસના પરણે છે, તો તમને તો સાઠ જ થયા છે!' મોરારભટે સમજણ પાડી.

'ઠીક, પણ ચાર હજ્જારથી વેધારે તો હું નહીં જ આપી શકું.'

'પરન્તુ કાકા, જરા તો વિચાર કરો. ચાર હજ્જાર તો મ્હારે ખર્ચમાં જ ચાલ્યા જાય,' જાણે કે ગળગળો થઇ ન ગયો હોય તેમ વજેશંકર બોલ્યો.

'તે ગમે તેમ હોય પણ તેથી વધારે ખર્ચવાની આપણી શક્તિ નથી.'

'રકજક બહુ જ થઇ. પરન્તુ રામશંકર કાકા બોક ટળી બે થયા નહીં છેવટે ચાર હજ્જારે સોદો નક્કી થયો અને વસન્ત પંચમીના ઘડીઆ—વણપૂછ્યાં લગ્ન લેવાણા.

'પણ કાકા! આ રૂપીઆની વાત ન્યાતનો પટેલીઆઓ પાસે ન જાય હો, નહીંતર મ્હારા બેટા કારોપીરો કરી મૂકશે,' વજેશંકર બીતો બીતો બોલ્યો.

'અરે હોય ! એ શું બોલ્યા મ્હારી આબરૂ નો જાય ? હું તો કહેવાનો કે કંકુએ કન્યા આપી છે.' કાકાને બોલતાં જરાએ વિચાર પણ ન થયો કે તે સાંભળતાં જ લોકો તમેની પોલ જાણી જશે ! પરન્તુ તેઓ આંધળા બની રહ્યા હતા. રાક્ષસી ઉલ્લાસ આડે કશું જોઇ શકતા નહતા !

એક નિર્દોષ બાલિકાનું ભવિષ્ય વૃદ્ધની હાડડીએ બાંધી એ ત્રીપુટી વિખરાણી.

(અપૂર્ણ.)

प्रासंगिक नोंध अने चर्चा.

प्रान्तिक सम्मेलनो—લીંબડી ખાતે ભરાએલી પરિષદે જ્ઞાતિમાં નવજીવન નવો ઉત્સાહ, કાંઇ કાર્ય કરવાની વૃત્તિ પ્રદિપ્ત કરી છે, તેટલે દરજ્જે તેની સફળતા ગણી શકાય. પરન્તુ જ્ઞાતિ સમૂહને એક સરખા રિવાજો ઉપર એકત્રીત કરવા માટે તેના જૂદા જૂદા વિભાગો, દશાયણ-બીન દશાયણ, સામવેદી-યજુર્વેદિ વગેરે વિભાગોના જૂદા જૂદા સમૂહ, તેમજ એક જ્ઞાતના લગ્નાદિક રિવાજ વગેરે સ્વીકારનાર સભાઓએ એકત્રીત થઇ સમસ્ત જ્ઞાતિને એકત્ર કરવાના પાયારૂપ એક ધોરણ સ્વીકારવું જોઇએ છે. જ્યાં સુધી લગ્નાદિક પાછળ થતું અર્થનું ધોરણ તથા બીજા રીત રીવાજોને જૂદા જૂદા સભા અને જૂદા જૂદા જ્ઞાતિ વિભાગોમાં જૂદા જૂદા છે ત્યાં સુધી સમસ્ત જ્ઞાતિને એકત્ર કરવાના બધા પ્રયાસો નિષ્ફળજ નીવડવાના અને ગમે તેવી કોન્ફરન્સો ભરાય તો પણ તેની પાછળ થતું ખર્ચ વ્યર્થજ જવાનું. વીસ વર્ષે લીંબડીની પરિષદની જરૂર જ્ઞાતિમાં નવો ઉત્સાહ લાવવા માટે, જ્ઞાતિમાં સુધારાની જરૂરીઆત સમજાવવા માટે, જ્ઞાતિમાં કાર્ય કરવાની વૃત્તિ પ્રેરવા માટે, અવશ્ય હતીજ. તે કાર્ય થઇ ચુકયું છે હવે સમસ્ત શ્રીમાણીઓની પરિષદ ભરતાં પહેલાં જ્ઞાતિના જૂદા જૂદા વિભાગોનો અમૂક ચોક્કસ બાબતોમાં નિર્ણય થવાની જરૂર છે. સમસ્ત જ્ઞાતિને એકત્ર કરવા માટે જ્ઞાતિના રીતરિવાજો વગેરેનાં એક ધોરણ થવાં જોઇએ અને એ ધોરણો દરેક વિભાગ એકત્ર થઇ પોતે સ્વીકારવાની તત્પરતા ન દર્શાવે ત્યાં સુધી જ્ઞાતિ ઉન્નતિ માટે આગળ કોઇ જાતનો પ્રયાસ કરવો અકરતો બીજી પરિષદ ભરવા માટે પ્રયાસ કરવો નકામો છે. ગત પરિષદના પ્રમુખ શ્રીમાન્ વિઠ્ઠલદાસભાઇએ જ્ઞાતિને એકત્રીત કરવા માટે અને જ્ઞાતિના સુધારાના ખાસ મુદ્દાઓ માટે ચાર પત્રિકાઓ બહાર પાડી એકત્રીત થઈ શકવાનું સ્પષ્ટ ધોરણ સમજાવ્યું છે, તેમજ જ્ઞાતિ સંગઠન કરવાના વ્યવહાર ઉપાયો આપણને દર્શાવ્યા છે. તેમણે જણાવેલું ધોરણ તથા તેમણે જે સૂચનાઓ કરેલી છે તે અગત્યની અને વ્યવહાર છે. જો જ્ઞાતિ એક સમય જ્ઞાતિનું સ્વરૂપ પકડવા ભાગતી હોય, જો જ્ઞાતિ સુધારણાની માત્ર વાતોજ કરવા ભાગતી નહોય, જો જ્ઞાતિ પોતાનું સંગઠન કરવા માટે વ્યર્થ ખર્ચ બચાવવા ભાગતી હોય, તો પહેલ પહેલાં જ્ઞાતિ સમુદાયવાળા મુખ્ય મુખ્ય પ્રાન્તોએ શ્રીમાન

વિઠ્ઠલદાસભાઇએ બતાવેલું વ્યવહાર ધોરણ કે તેને બદલે બીજું કોઈ વ્યવહાર ધોરણ પોતે સ્વીકારવા તૈયાર છે કે નહિ, પોતે તે ધોરણને બદલે બીજું કોઇ વ્યવહાર ધોરણ સૂચવી શકે તેમ છે કે નહિ અગર તો પોતાનું આવગું ધોરણ રાખી જ્ઞાતિ સંગઠન માટે પોતે બીજી કોઇ સમગ્ર જ્ઞાતિને સ્વીકાર્ય એવી વ્યવહાર સૂચનાઓ કરી શકે તેમ છે કે નહિ તે બાબતનો નિર્ણય કરવા માટે દરેક પ્રાન્તિક વિભાગે પ્રથમ એકત્ર થવાની જરૂર રહે છે. જ્યાં સુધી દરેક પ્રાન્ત પોતે પોતાનો નિશ્ચય જાહેર કરી ન શકે ત્યાં સુધી જ્ઞાતિ સંગઠનનું કાર્ય બીજી કોઇપણ સમગ્ર જ્ઞાતિની પરિષદ કરી શકવાની નથી. તેથી દરેક પ્રાન્તે શ્રીમાન વિઠ્ઠલદાસભાઇએ કરેલી સૂચનાઓ અને સામાન્ય ધોરણ બાબત પોતાનો નિર્ણય કરવા માટે તેમજ પોતાના પ્રાન્તિક સભા અને વિભાગ માટે બીજા સુધારાઓ બાબત વિચાર કરવા માટે પોતાનું પ્રાન્તિક સમ્મેલન પ્રથમ ભરવાની ખાસ જરૂર છે. ગૂજરાત કાઠીયાવાડના મુખ્ય પ્રાન્તિક વિભાગો નીચે પ્રમાણે છેઃ—

(૧) ગૂજરાત—અગર તેના બે વિભાગ—એક ઉત્તર ગૂજરાત જેમાં પાટણ, ખેરાળુ, મુજપર વગેરેનો સમાવેશ થઈ શકે—બીજો ધોળકા, અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, શુક્લતિર્થ. બરકાલ, ખંભાત વગેરે સ્થાનો—એવા તેના બે વિભાગ. (૨) કાઠીયાવાડ—તેમાં (અ) ગોહીલવાડ, (બ) ઝાલાવાડ, (ક) હાલાર, (ડ) સૌરાષ્ટ્ર એવા બે મુખ્ય વિભાગ અગર તો છ પેટા વિભાગો તેના સમ્મેલનો ભરાવાની પ્રથમ જરૂર છે. છએ પેટા વિભાગનું જુદું સમ્મેલન થાય તે વધારે ઇચ્છવા જેવું છે એવું અમારૂં માનવું છે. કચ્છ વિભાગ જૂદો નહિ પાડતાં તેનો સમાવેશ હાલાર તથા ઝાલાવાડમાં થઇ જશે.

ઉપર જણાવેલા છ પેટા વિભાગોનાં સમ્મેલનો સુરતમાંજ ભરાવાં જોઇએ. અને તેમણે શ્રીમાન વિઠ્ઠલદાસભાઇની સૂચનાઓ બાબત વિચાર ચલાવી પોતાનો નિશ્ચય કરી નાખવાની ખાસ જરૂર છે. તે ઉપરાંત સામવેદી તથા યજુર્વેદી એવા બે સમવાઓ પણ સંગઠનના સામાન્ય ધોરણ બાબત વિચાર ચલાવવા એકત્ર થાય તે પણ ઇચ્છવા જેવું છે.

ગૂજરાતનું સમ્મેલન ભરવા માટે અમદાવાદ, ધોળકા, પાટણ, ખેરાળુ, ખંભાત, શુક્લતિર્થ, સુરત વગેરે મુખ્ય વિભાગોના આગેવાનોએ એકત્ર થઇ પોતાના એટલે ગુજરાત પ્રાન્તનું સમ્મેલન ભરવાની ચળવળ ચલાવવાની જરૂર છે.

તેવી રીતે ગોહિલવાડનું સમ્મેલન ભરવા માટે ભાવનગર, મહુવા, તળાજા, સોનગઢ, બોટાદ, શિહોર, ઉમરાળા વગેરે મુખ્ય સ્થલોના નેતાઓએ એકત્ર થઇ ચળવળ કરવાની જરૂર છે.

ઝાલાવાડનું પ્રાન્તિક સમ્મેલન કરવા માટે મોરબી, ધ્રાંગધ્રા, વઢવાણ, ચૂડા, હળવદ, વાંકાનેર વગેરે શહેરના નેતાઓએ એકત્ર થઈ તૈયારીઓ કરવાની જરૂર છે.

હાલારનું સમ્મેલન ભરવા માટે પ્રબંધ કરવા માટે રાજકોટ, જામનગર, કચ્છ, ગોંડળ વગેરે મુખ્ય ગામોના અગ્રેસર ગણાતા ગૃહસ્થોએ એકત્ર થઇ પ્રયાસ કરવાની જરૂર છે.

સૌરાષ્ટ્રનું સમ્મેલન એકત્ર કરવા માટે જુનાગઢ માંગરોલ, પોરબંદર જેતપુર વગેરે સ્થલોના ગૃહસ્થોએ એકત્ર થઈ તુરતમાં વિચાર ચલાવવાની આવસ્યકતા છે.

ગોહીલવાડના સમ્મેલન માટે ભાવનગર મુખ્ય સ્થળ ગણાય તેથી ભાવનગરના આગેવાનોએ પોતાના પ્રાન્તના જૂદા જૂદા આગેવાનોને એકત્ર કરી તેમના પ્રાન્તનું સમ્મેલન ભરવાની ગોઠવણ કરવી જરૂરની છે. ઝાલાવાડના પ્રાન્તિય સમ્મેલન માટે વઢવાણ, ધ્રાંગધ્રા, કે મોરબી અનુકુળ સ્થળો ગણાય તેથી તે સ્થળોમાં પ્રયાસ થવાની જરૂર છે. હાલારનું પ્રાન્તિક સમ્મેલન ભરવા માટેનું કાર્ય રાજકોટ અથવા જામનગરના ગૃહસ્થોએ ઉપાડી લેવાની જરૂર છે. સૌરાષ્ટ્રના સમ્મેલન માટે જેતપુર મધ્યસ્થ સ્થળ હોઈ ત્યાંના ગૃહસ્થોએ તે માટેની ચળવળ શરૂ કરવાની જરૂર છે. ગૂજરાતના સમ્મેલન માટે અમદાવાદના જ્ઞાતિ અગ્રેસરોએ કટિબદ્ધ થવાની જરૂર છે.

ઉપર પ્રમાણે પ્રાન્તિક સમ્મેલન ભરાયે ત્યાર બાદ જરૂર જણાય તો સાભવેદી તથા યજુર્વેદિ સભવાઓનાં બે જૂદાં સમ્મેલનો ભરવાની આવસ્યકતા જણાય તો તે ભરવા માટે ગોઠવણ થવાની જરૂર છે.

જ્ઞાતિ પોતાની ઉન્નતિ, પોતાનું સંગઠન, પોતાનું એકત્રીત વ્યક્તિત્વ સ્થાપવા માગે છે કે મિથ્યા બકવાદ કરવા અગર તો નકામા ખર્ચ કરવાજ માગે છે તે આ પ્રાન્તિક સમ્મેલનોના નિર્ણય ઉપરથીજ નક્કી થઈ શકે. જો જૂદા જૂદા વિભાગ એકત્રીત થઇ સંગઠનનાં સામાન્ય ધોરણો સ્વીકારવા તત્પર ન હોય તો પછી જ્ઞાતિ સુધારણા, જ્ઞાતિ ઉન્નતિ માટે પ્રયાસ કરવા નકામા છે એટલુંજ નહિં પરન્તુ જ્ઞાતિ પોતાના વ્યક્તિત્વનો ધ્વંસ કરવા, અર્થાત્

પોતાનો નાશજ ઇચ્છે છે તે સ્પષ્ટ થશે. જ્ઞાતિ ઉન્નતિ માટે ભાવિ કોઇપણ પ્રયાસ ઉઠાવતા પહેલાં સંગઠનના આ મૂળતત્ત્વરૂપ જૂદા જૂદા પ્રાન્તના નિર્ણયો થઈ જવાની ખાસ જરૂર છે. અમોને આશા છે કે ઉપર જણાવેલા જૂદા જૂદા પ્રાન્તોના મુખ્ય સ્થળોના ગૃહસ્થો પોતાના પ્રાન્તનું સમ્મેલન ભરવા માટે કટિબદ્ધ થશે. દરેક પ્રાન્તના નેતાઓ અમુક સ્થળે એકત્ર થઇ સમ્મેલન ભરવા બાબત નિર્ણય કરે અને સમ્મેલન ભરવા તથા સફળ કરવા માટે પ્રયાસ કરે અને પોતાના પ્રાન્તનું સમ્મેલન ભરી પોતે કયાં સામાન્ય ધોરણો સ્વીકારવા તૈયાર છે તેનો નિશ્ચય કરે. અમોને આશા છે કે આગેવાનો એકત્ર થઈ પ્રાન્તિક સમ્મેલનો માટેની તૈયારીઓ કરવા માંડશે.

ભાવનગરમાં બોર્ડિંગ ફન્ડની આવકારદાયક શરૂઆતઃ—

ભાવનગરમાં જ્ઞાતિની બોર્ડિંગ સ્થાપવા માટે ફન્ડની શરુઆત થઈ છે તે અન્ય સ્થળે પ્રસિદ્ધ થએલા સમાચાર ઉપરથી જ્ઞાતિ ગૃહસ્થોના જાણવામાં આવશે. આ આવકારદાયક શરૂઆત કરવા માટે અમે ભાવનગરના જ્ઞાતિ ગૃહસ્થોને ધન્યવાદ આપીએ છીએ. રાજકોટ તથા અમદાવાદમાં આજ પાંચ વર્ષથી ચાલતાં છાત્રાલયો હજુ આર્થિક સમૃદ્ધિ ભોગવતાં નથી, હજુ સારા પામા ઉપર આવ્યાં નથી, તેટલામાં જ્ઞાતિના અન્ય સ્થળોએ બીજાં છાત્રાલયો ઉઘડે તેથી દરેકની આર્થિક હાલત નબળી પડે તે સ્વાભાવિક છે. એક પછી એક સ્થળનું છાત્રાલય જેમ જેમ સમૃદ્ધિવાન અને સારુંબાદ બીજાં સ્થળોએ છાત્રાલયો સ્થપાય તો તેમાં જ્ઞાતિને વધુ લાભ અને ઓછું ખર્ચ વેઠવું પડે. એકજ કુવાનું પાણી જૂદાં જૂદાં ખેતરોમાં વહેંચાય જાય તો તેથી દરેક ખેતરને પૂરતું પોષણ ન મળે અને કદાચ વધારે ખેતરનો પાક ક્ષીણ થઈ જાય તેવી સ્વાભાવિક ધારતી રહે તેવી રીતે એક સ્થળનું છાત્રાલય સમૃદ્ધિવાળું બનતાં પહેલાં બીજે સ્થળે, ત્રીજે સ્થળે તેમ જૂદે જૂદે સ્થળે છાત્રાલયો સંબંધી પ્રયાસો ચાલુ થાય તો બધાંયે છાત્રાલયોને પોષાવાને બદલે કદાચ સોસાવું પડે તેવી સ્વાભાવિક ધારતી રહે. દરેક સ્થળે પાંચ પાંચ વિદ્યાર્થીઓને અધકચરો લાભ મળી શકે તેમાં વધારે ખર્ચ અને એકંદર રીતે જ્ઞાતિને ઓછો લાભજ મળે. છતાં દરેક મુખ્ય સ્થળે છાત્રાલયો ઉભાં થાય તે ઇચ્છવા જેવુંજ ગણાય. દરેક ગામ પોતાનાં વિદ્યાર્થીઓની કેળવણીનો પ્રબંધ કરી શકે તો તે સર્વોત્તમ છે. દરેક પ્રાન્ત પોતાનાં બાળકો માટે કેળવણીનાં સાધનો પૂરાં પાડી શકે તો તે સારૂં ગણાય. તેવીજ રીતે જૂદા જૂદા સ્થળોએ છૂટા છવાયા પ્રયાસ પણ જ્ઞાતિ બાળકોની કેળવણી

અર્થે થાય તે સર્વદા આવકારદાયકજ ગણાવા જોઇએ. હરિફાઈના આ જમાનામાં પ્રામાણિક હરિફાઇ સર્વદા સુખપ્રદજ નીવડે છે. તેવીજ રીતે છૂટાં છવાયાં રહેલા પણ પોતાનાં છાત્રાલયો માટે ઉત્સાહિત કાર્યકરતાઓ મેળવે તો જરૂર તે છાત્રાલયોને તેઓ ઠોઇપણ રીતે સમૃદ્ધ બનાવી શકે અને એ રીતે જ્ઞાતિને જોઇતો લાભ પૂરો પાડી શકે. તેથી ભાવનગરમાં શરૂ થએલ બોર્ડિંગના પ્રયાસ પ્રત્યે અમારી સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવવા સાથે, ભાવનગરના જ્ઞાતિ ગૃહસ્થોને અમે પુનઃ અભિનન્દન આપીએ છીએ અને તેમના પ્રયાસમાં સંપૂર્ણ સફળતા ઇચ્છીએ છીએ.

તન્ત્રી.

ભાવનગરમાં બોર્ડિંગ ફાળાની શરૂઆત.

રોજ કામ તા. ૮-૭-૧૯૨૩.

ગઇ કાલ તા. ૭-૭-૧૯૨૩ ના વિજ્ઞપ્તિ પત્રમાં આમંત્રણ કરેલા ગૃહસ્થો પૈકી આજરોજ નીચે લખેલા ગૃહસ્થો ભગાના તળાવમાં આવેલા રા. રા. વિઠ્ઠલદાસ ગીરજાશંકરના મકાનમાં એકત્ર થયા છે.

રા. રા. અનોપરામ હાઉજી, રા. રા. શંકરપ્રસાદ કાળીદાસ, રા. રા. લલ્લુભાઇ કાળીદાસ, રા. રા. રેવાશંકર ગીરજાશંકર, રા. નરસીદાસ જગન્નાથ, રા. રા. દામોદરદાસ નરસીદાસ, રા. રા. જટાશંકર ગૌરીશંકર, રા. રા. જટાશંકર જગજીવન, રા. રા. પ્રભાશંકર મુલજી, રા. રા. છગનલાલ જુઠાભાઇ, રા. રા. ગોપાલજી રામજી, રા. રા. વીઠ્ઠલદાસ ગીરજાશંકર, રા. રા. હરગોવિંદ મણીશંકર. મહેરબાન વીઠ્ઠલદાસભાઇને પ્રમુખ ચુંટતાં તેઓએ આજની સભાનો ઉદ્દેશ જણાવ્યો તે ઉપરથી રા. રા. અનોપરામભાઇ જ્ઞાતિના બાળકો માટે ભાવનગર માટે બોર્ડિંગનું ફંડ ખોલવાની જરૂરીયાત જોઇ શરૂઆતમાં પોતાના તરફથી રૂ. ૫૦૦૧ પાંચસેં રૂપીઆ ભરે છે તે આભાર સાથે સ્વીકારવા અને તેનો વહીવટ કરવા, તથા જ્ઞાતિના જથાવાળા બીજા ગામોએ તથા ગૃહસ્થોને વિનંતિ કરી નાણા ભરાવવાની મહેનત કરવા નીચે પ્રમાણેની કમીટી નીમવા એક મતે સૌ નીર્ણય ઉપર આવ્યા.

રા. રા. મણીશંકર હરજીવન, રા. રા. ભવાનીશંકર પરભુદાસ, રા. રા. મોહનલાલ ભગવાનદાસ, રા. રા. હરગોવિંદ મણીશંકર.

રૂપીઆ એકવાળી મહાલક્ષ્મીની છબીવાળી મકાન ફાળાની ટીકીટો.

હા. રતિલાલ કરૂણાશંકર ઓઝા ચરીઆ.

૧ રા. પ્રભુલાલ ઉમીઆશંકર ઓઝા
" " ન્યાલચંદ નેણસી અમરણુવાળા
" " દવે ત્રંબકલાલ રણછોડ
" " કામેશ્વર રૂગનાથ
" " દુર્ગાશંકર રૂગનાથ દવે
" " દવે ભાઇશંકર ડાહ્યાભાઈ
" " દવે નરભેશંકર શિવશંકર
" " ખોડાભાઈ રામજી
" " પરમાર ધેલાભાઇ મંચાણુ.
" " ખેંગારજી ત્રિકુ એન્ડ કુ.
" " વી. આર. એન્ડ. કુ.
" " મગનલાલ ઉમીઆશંકર
" " જદુરામ વેજનાથ
" " રાઠોડ વિશ્રામ રામજી
" " ધનજી દેવજી એન્ડ સન્સ
" " રાઠોડ લાલજી વસ્તારામ
" " રતના મેપા એન્ડ બધર્સ
" " બ્રાઇટ ચરીઆ કોલીઅરી
" " વીરમભાઇ ધેલાભાઈ
" " પાન્ડે બેરા કોલીઅરી
" " મેસર્સ શિવજી કુંવરજી
" " ગંગજી કેસરા એન્ડ સન્સ
" " દાનજી નાનજી ચાવડા
" " વેજનાથ લક્ષ્મીશંકર અંબાર
" " બાબુજી મહાદેવ ઓઝા "

હા. જેઠાલાલ નરભેરામ ત્રિવેદી સુધગામ.

૧ ખોડાભાઈ વી. પટેલ.
" સોની પુરૂષોતમ ભગવાન
" ત્રિવેદી નરાયણલાલ વી.
" શાહ અબિલાલભાઈ લલ્લુભાઇ
" દોશી નાગરલાલ છગનચંદ
" નાયક બાપુ
" નાયક ચંદુ અમૃતા સીપાઇ રૂપશી લીલા
" મૂળજી સરતાણું પરમાર
" ધીરજલાલ ગોરધનદાસ
" દલછારામ લક્ષ્મીરામ, વાવ
" ત્રિવેદી ભીખાલાલ કલ્યાણજી, વાવ
" જેઠાલાલ નરભેરામ દ્વિવેદી
" પરોત શિવરામ ગંગારામ
" ઓઝા હેમરાજ હીરજી
" પરમાર ભગવાન ભાખા
" હવાલદાર ગોપાલઘોકલ, સુધગામીટ
" નાયક બજરંગપ્રસાદ જગદત્ત પ્રસાદ તેવારી, સુધગામીટ
" બી. જે. સંબણુા, ઝઝામ
" નાયક અબિલાલ સીંગવ, અસારા
" ત્રિવેદી કેશલાલ લક્ષ્મીરામ, પાટણ
" ત્રિવેદી રામેશ્વર દેવકૃષ્ણ, વાવ
" ત્રિવેદી મહેશ્વર મોતીરામ, વાવ
૧ દ્વિવેદી ઉમીયાશંકર હેમરાજ
" ત્રિવેદી રવજી મગન, દીઓદર
" વૈકુંઠલાલ દલછારામ ત્રિવેદી, વાવ

હા. ડોક્ટર દયાશંકર જગજીવન ઓઝા ચીતલ.	
૧ દયાશંકર જગજીવન ઓઝા	ચીતલ
" પ્રાણશંકર મહાદેવ ઓઝા	"
" ગોપાળજી કુંવરશી	"
" હીરાચંદ આણંદજી	"
" છોટાલાલ ગોપાળજી	"
" ગાંગજી આણંદજી	"
" રતિલાલ કેશવજી ધ્રુવ	"
" મહેતા દામજી કુરજી	"
" ગીરધરલાલ લાલચંદ	"
" મહેતા પાનાચંદ પુરુષોત્તમ	"
" શ્યામળજી હેમચંદ	"
" હીરાચંદ કલ્યાણજી	"
" ભૂવા હંસરાજ ઝીણા	"
" ભૂવા ત્રંબોવન ગોકળજી	"
" પારી કરસન ભગવાન	"
" ભૂવા નાગજી ઝીણા	"
" કેશવલાલ હીરજી ભટ્ટ	"
" મોતીચંદ કુંવરશી	"
૧ મણિલાલ કરસનજી	"
" માણેકચંદ લવજી	"
" વીરચંદ લવજી	"
" પારેખ પરસોત્તમ ભગવાન	"
" શાહ પાનાચંદ રતનશી	"
" શાહ હરગોવિંદ કલ્યાણજી	"
" સોની નથુ જદવજી	"
હા. હેમતરામ દયાશંકર દવે. મુંબાઇ	
૧ મેઘજી રતનજી	
૧ સોંઠાંબાઈ ભાયાભાઈ	
૧૦ પ્રાણલાલ નગીનદાસ	
૨ ગોવિંદજી જમનાદાસ	
૧ નરોત્તમદાસ નથુભાઈ	
૨ શેઠ ભાઇદાસ હિંમતલાલ	
૨ કાલાલાલ જીવરાજ	
૧ સુંદરજી રાગજી	
૫૫ કુલ.	
૪૫૯ જુલાઈના અંક સુધી જા-	
— — હેર થએલા.	
૫૫૪ કુલ રૂપીઆ.	

મન્ત્રીઓ—શ્રી મ. આ. શ્રી. ધા. કે. મંડળ—અમદાવાદ.

ખેદજનક અવસાન.

ભક્તકવિ ત્રિભુવન પ્રેમશંકર તા. ૨૭-૭-૨૩ ના રોજ રાજકોટ મુકામે અપોરના બે વાગતાં હૃદય બંધ પડી જવાથી સ્વર્ગવાસ પામ્યા છે. સ્વર્ગસ્થ કવિ ભક્ત કવિના નામથી ઓળખાય છે અને ખરેખર તેઓ ભક્તજ હતા. તેમની કવિતામાં પણ ભક્તી અનુભવાય છે. તેમણે "વિભાવરી સ્વપ્ન" "કલાપીનો વિરહ" વગેરે પુસ્તકો રચ્યાં છે. ભાવનગર લાઠી, રાજકોટ તથા વાડીઆ ઝાલ્યો તરફથી તેમને વર્ષાસન મળતાં. આખી ઉમરમાં તેઓએ કોઇની નોકરી કરી નથી પરંતુ આખું જીવન સરસ્વતિના ઉપાસક તરિકે તેમણે વ્યતિત કર્યું છે. ભક્ત કવિશ્રીના અવસાનથી કાઠીઆવાડ, ગૂજરાત તેમજ વિશેષે કરીને આપણી જ્ઞાતિનું એક કવિરત્ન આપણા હાથમાંથી ગુમ થયું છે.

-તન્ત્રી.

રાજા મહારાજાઓ

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેફ્ટ વૉઇસરોયના લેફ્ટિ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજંટ, સરકારી સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાક્ટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં

બાદશાહી ચાકુતી

નાગની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તે ઉપયોગી-ટ તાની નિશાની છે—ગવર્મેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનલાઇઝ થએલ છે.

બાદશાહી ચાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી ચાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂ પુરૂષાતન આપે છે. ખરી મર્દાઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજની જરૂર નથી.

૪૦ ગોળીની ડબી એકના રૂપીઆ ૬રા.

બાદશાહી યુનાની લેપ

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે. ખરૂ પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ પ્રલિજ્ય છે. આઉંસ એકની ડબીના રૂપીઆ આઠ.

ડાકટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

પ્રજાકીય સાહિત્ય મન્દિર

નું

ઉપયોગી સસ્તું રાષ્ટ્રીય સાહિત્ય.

દરેક ઘરમાં, દરેક લાયબ્રેરીમાં રાખવા લાયક, ઉત્તમ રાષ્ટ્રિય ભાવના પ્રેરનાર, ઈનામમાં આપવા લાયક, સ્વરાજ્યની ચાવી રૂપ, માનસિક તન્દુરસ્તીને પોષનાર અમૂલ્ય રાષ્ટ્રિય સાહિત્યનાં પુસ્તકોઃ—

મહાત્મા ગાંધીજીનાં લખેલાં પુસ્તકોઃ—

	કિંમત.
૧ મારો જેલનો અનુભવ	૦–૬–૦
૨ સત્યાગ્રહ (ગાંધીજીની જીવાની સહિત).	૦–૬–૦
૩ વિદ્યાર્થી આલમને. (લેખો તથા ભાષણો)	૦–૩–૦
૪ હિન્દ સ્વરાજ્ય	૦–૩–૦
૫ હિન્દ સ્વરાજ્ય (મોટું પુસ્તક)	૦–૬–૬
૬ મહાત્મા ગાંધીજીનાં પત્રો (બીજી)	૦–૬–૦
૭ નીતિધર્મ અને સર્વોદય (પાકું પુઠું)	૦–૮–૦
,, (કાચું પુઠું)	૦–૬–૦
૮ કળજુગનો ઉદ્ધારક	૦–૬–૦
૯ ગાંધીજીની દીવ્યવાણી	૦–૧–૦
૧૦ હિન્દસ્વરાજ્ય, સર્વોદય અને એક સત્ય વીરની કથા સહીત)	૦–૮–૦
૧૧ હિન્દુ ધર્મ	૦–૧–૦
૧૨ મૂરખરાજ	૦–૮–૦
૧૩ મહાત્મા ગાંધીજીના બીજા પત્રો	૦–૮–૦

રાષ્ટ્રીય સાહિત્યના અન્ય અમૂલ્ય પુસ્તકોઃ-

૧૪ કારાવાસની કહાણી (શ્રી.અરવિન્દઘોષના લેખો તથા પત્રોની ઉત્તમ પ્રસાદી) ૦-૧૨-૦

૧૫ રાષ્ટ્રગીત (ઈ. ૬. પારિકે સંગ્રહ કરેલ) ૦-૧૦-૦

૧૬ આટલું તો જાણજો (લે. ન. ઘા. પરિખ) ૦-૬-૦

૧૭ સત્યાગ્રહીના સ્વાતન્ત્ર્ય મન્ત્રો ૦-૦-૬

૧૮ લાલા લાભસીંગ ૦-૩-૦

૧૯ ઇજ્જતનો અસહકાર (વિ. ૐ. પટેલનું ભાષણ) ૦-૧-૬

૨૦ મહાત્મા ગાંધીજી (તેમનું એક જીવનચરિત્ર) ૦-૬-૦

૨૧ લોકમાન્ય ટિળક (જીવનચરિત્ર) ૦-૨-૦

૨૨ સ્વરાજ્ય કુસુમાવલી ૦-૧-૩

૨૩ રાષ્ટ્ર કીર્તન ૦-૩-૦

૨૪ શિવદયાળની શોધ (મહાન ટોલ્સ્ટોયની એક ગૂઢ ભાવયુક્ત સરળ વાર્તા) ૦-૧-૬

૨૫ કરાંચીનો મુકદ્દમો ૧-૪-૦

૨૬ રાષ્ટ્રીય ગરબાવળી ૦-૧-૬

૨૭ ભારત ભક્તિ ૦-૦-૬

૨૮ ભારત કીર્તન ૦-૦-૬

૨૯ કાયદા સામે થવાની ફરજ (મહાન થોરોના લેખનો અનુવાદ) ૦-૦-૬

૩૦ સ્વરાજ્ય કીર્તન ૦-૩-૦

31 Language of the Heart or Messages of Imprisoned leaders ૦-૨-૦

૩૨ સ્વદેશીધર્મ (અધ્યાપક કાલેલકર રચિત) ૦-૪-૦

૩૩ ગાંધીજીની જુબાની (હન્ટર કમીટી સમક્ષ) ૦-૬-૦

૩૪ હિન્દ કેમ પાયમાલ થયું? (મ. ૬. દેસાઇ કૃત) ૦-૧-૩

૩૫ હિન્દ કેમ પાયમાલ થયું? 'આટલું તો જાણજો'નો ભાગ ૨ જો. ૦-૮-૦

૩૬ ગોપાળકૃષ્ણ ગોખલેનાં વ્યાખ્યાનો ભા. ૧લો. ૦-૧૦-૦

૩૭ ગોપાળકૃષ્ણ ગોખલેનાં વ્યાખ્યાનો ભા. ૨જો. ૦-૧૦-૦

૩૮ લાલપટ્ટી યાને આજ-સ્ટેટનું રાજ્યતાપું (અસહકારની એક સુંદર વાર્તા) ૦-૨-૦

૩૯ દેશબન્ધુ દાસનું જીવન ચરિત્ર ૦-૧૨-૦

૪૦ દેશબન્ધુ દાસ (ટૂંક જીવનચરિત્ર). ૦-૧-૦

૪૧ હિન્દનું રાજ્યતંત્ર ૦-૨-૦

૪૨ રાષ્ટ્રીય ગીતાંજલી ૦-૪-૦

૪૩ ભાઇ પરમાનન્દની આત્મકથા યાને કારાવાસની કહાણી (આન્દામાન કાળાપાણીનો રિવાજ). ૧-૦-૦

૪૪ મૌલાના મહમદઅલીનું જીવનચરિત્ર. ૦-૪-૦

૪૫ સ્વદેશ ગીતામૃત ૦–૪–૦
૪૬ ગાઝી મુસ્તફા કેમાલ પાશા (તુર્કીના મહાન વીરપુરૂષનું જીવનચરિત્ર) ૦–૨–૬
૪૭ રાષ્ટ્ર ગીતાંજલી ૦–૧–૦
૪૮ મ. ગાંધીજીનું વચનામૃત ૦–૨–૦
૪૯ શારિરીક તથા માનસિક શિક્ષણ પદ્ધતિ ૦–૬–૦
૫૦ બાબુ મોતીલાલ ઘોષનું જીવનચરિત્ર ૦–૪–૦
૫૧ હિન્દની હાલત ૦–૧૨–૦
૫૨ ભારત ગીતાંજલી ૦–૬–૦
૫૩ સ્વદેશ કીર્તન ૦–૨–૦
૫૪ રાષ્ટ્રીય ગરબાવળી (ત્રિમીકૃત) ૦–૧–૦
૫૫ ખેડાની લડત ૧–૮–૦
૫૬ સ્વદેશ વીણા ૦–૦–૬
૫૭ મુક્તધારા ૦–૬–૦
૫૮ એક ધર્મયુદ્ધ ૦–૮–૦
૫૯ ચણીબોર ૦–૫–૦
૬૦ અમૃતસરની વીરાંગના ૦–૧–૦
૬૧ ક્ષાત્રપાળ પ્રતાપ ૦–૩–૦
૬૨ ગુજરાતનો તપસ્વી ૦–૧–૦
૬૩ મ. ગાંધીજીનું મનોમંદિર ૦–૧૦–૦
૬૪ વણાટ શાસ્ત્ર ૦–૧૦–૦
૬૫ આશ્રમ ભજનાવલિ ૦–૧૨–૦
૬૬ જગતની પ્રજાઓને (પૉલરિચારનું ભાષાંતર) ૦–૬–૦
૬૭ ધરણનું બલિદાન ૦–૬–૦
૬૮ ગાંધી ગીતા ભા. ૧ લો ૦–૧૨–૦
૬૯ લોકમાન્યને શ્રદ્ધાંજલિ ૦–૫–૬
૭૦ મ. ગાંધીજીના જીવનના કેટલાક પ્રસંગો ૦–૫–૦
૭૧ મોહન ગાંઠ ૦–૪–૦
૭૨ ગાંધીજીનું નવજીવન પુ. ૧ થી ૧૬ ૮–૦–૦
૭૩ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા (નવજીવનની) ૦–૮–૦

ઉપરનાં તેમજ અન્ય તમામ રાષ્ટ્રીય સાહિત્યનાં અમૂલ્ય પુસ્તકો અમારે ત્યાંથી તેમજ નીચે જણાવેલા સ્થળોએથી મળશે:—

૧ મેસર્સ વર્ધમાન એન્ડ સન્સ, નં. ૧ પાયધુની ટ્રામ ટર્મીનસ પાસે, મુંબાઈ.
૨ ગાંડીવ સાહિત્ય મંદીર, સુરત.
૩ સ્વદેશી વસ્ત્ર ભાંડાર, ત્રણ દરવાજા, પાટણ.
૪ ગુજરાત સાહિત્ય મંદીર, રાજકોટ પરા.
૫ સ્વદેશી સભા, જામનગર.
૬ નારણલાલ મોતીલાલ બુકસેલર, રીલીફરોડ, અમદાવાદ.
૭ રણછોડલાલ મોતીલાલ બુકસેલર, રીલીફરોડ, અમદાવાદ.
૮ શુદ્ધ ખાદી ભાંડાર, રાયપુર ચકલા, અમદાવાદ.

કેટલાક ખાસ લાભ.

ઇનામો માટે પુસ્તકો મંગાવનારને ૧૨॥ ટકા કમીશન કાપી આપવામાં આવશે.

ઉપર જણાવેલાં તમામ પુસ્તકોનો સેટ જેની કીંમત લગભગ રૂા. ૩૩) થાય છે તે સેટ આખો મંગાવનારને ફક્ત રૂા. ૨૮)માં મળી શકશે.

રૂા. ૧૦) ની કીંમતનાં સામટાં પુસ્તકો મંગાવનારને પોસ્ટેજ ખાસ.

રૂા. ૨૦) ની કીંમતનાં પુસ્તકો સામટાં મંગાવનારને સાડાબાર ટકા કમીશન કાપી આપવામાં આવશે.

વેપારીઓને સારૂં કમીશન આપવામાં આવશે.

રાષ્ટ્રીય સાહિત્ય કાર્યાલય, નવજીવન પ્રકાશન મન્દિર, ગાંડીવ સાહિત્ય મન્દિર, સસ્તું સાહિત્ય કાર્યાલય વગેરે સંસ્થાઓ તરફથી બહાર પડતું તમામ સાહિત્ય અમારે ત્યાંથી મળી શકશે.

તુરત નીચેના શિરનામે લખોઃ—

પ્રજાકીય સાહિત્ય મન્દિર.

દોલતખાના, ૪૧૦૩–૬.

અમદાવાદ.

જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

ગુજરાત આયુર્વેદિક ફાર્મસી.

વૈદ્યક પ્રચાર-સાહિત્ય ખાતું.

માસીકો અને પુસ્તકો.

આ ફાર્મસી ઔષધો બનાવતા અને ઉપચાર કરવા ઉપરાંત વિશેષ મહત્વનું એક કાર્ય એ કરે છે કે પોતાના વૈદ્યક સાહિત્ય પ્રચાર ખાતા દ્વારા લોકોમાં તંદુરસ્તીના નિયમો અને આરોગ્ય સંબંધી જ્ઞાનનો ફેલાવો પણ કરે છે. ૨૫ વર્ષથી ગુજરાતી માસિક, વૈદ્યક ગ્રંથો અને નિબંધો દ્વારા આ ખાતાએ આયુર્વેદ સંબંધી સારૂં અજવાળું પાડયું છે.

"વૈદ્યકલ્પતરૂ" માસીક વાર્ષિક લવાજમ રૂ. ૩-૦-૦.

વૈદ્યક ગ્રંથો.

ધન્વંતરી—વૈદ્યકના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી ગ્રંથ. આવૃત્તિ ૬ ઠ્ઠી. કી. રૂા. ૬.

સારી સંતતી—સુદ્રઢ, સુંદર અને સદાચારી બાળકો ઉત્પન્ન કરવા એ આપણાના હાથમાં છે, એ વાત આર્ય વૈદ્યક અને અંગ્રેજી વૈદ્યકનાં પ્રમાણો સાથે સિદ્ધ કરી આપનાર શાસ્ત્ર. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

ધાત્રી શિક્ષા—સુવાવડ સંબંધી શાસ્ત્રીય ગ્રંથ. ગર્ભારધાનમાં થતાં દરદોના ઉપાયો તથા પાળવાના નિયમો, પ્રસવ માટે પ્રાથમિક તૈયારીઓ, પ્રસવના ત્રણ અવસ્થાઓનું વર્ણન, કસુવાવડના કારણો અને ઉપાય, સુવાવડીની સારવાર તથા બાળક ઉછેરવાના નિયમો એક સુવાવડીને ભીડવાદક સમજવે છે. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

રોગી પરિચર્યા—ઓદાની આવશ્યકત વિષે સંપુર્ણ જ્ઞાન મેળવવાનો ગુજરાતી ભાષામાં પ્રથમ ગ્રંથ. કી. રૂા. ૧॥॥

ગરીબોનો વૈદ્ય—દરેક કરદની સામાન્ય સમજણ, ઘરગથ્થુ અને સસ્તા ઉપાયોના સંગ્રહનો ગ્રંથ કી. રૂા. ૧.

સ્ત્રીઓનો વૈદ્ય—સ્ત્રીઓનાં ખાસ દરદો, તેનાં લક્ષણો, કારણો તથા ઉપાયોનો ગ્રંથ કી. રૂા. ૧॥॥.

બાળકોનો વૈદ્ય—બાળકોનાં ખાસ દરદો. તેનાં લક્ષણો. કારણો, તથા ઉપાયોનો ગ્રંથ. કી. રૂા. ૨).

યુવાવસ્થાનો શિક્ષક—જુવાન સ્ત્રીપુરૂષોનાં કર્તવ્ય તથા ફરજનો આદર્શ શિક્ષક. કી. રૂા. ૧.

મળવાનું ઠેકાણું:-ગુજરાત આયુર્વેદિક ફાર્મસી-અમદાવાદ.

પી. પ્રોપ્રર્સ શાંહીવાળા:

દરેક જાતની દેશી શાહી જેવા કે રાઇટીંગ, કોપીઇંગ, રબ્બર સ્ટેમ્પીંગ માર્કીંગ, સ્ટાપલોમાશીક; તથા શાહીનો પાઉડર, સુંદર પત્રેરે બનાવનાર તથા વેચનાર. અમારે ત્યાંથી છુટક તથા જથ્થાબંધ માલ મળશે. વધુ વિગત માટે પ્રાઇસલીસ્ટ મગાવો.

ઠેકાણું–કલ્યાણ મોતીની ચાલી, કાંદાવાડી–મુંબાઇ ૪.

વિજળીના દીવા.

૧ નાના ગજવામાં રાખી શકાય છે.
૨ આગનીની બીલકુલ બારતી નથી.
૩ તેલ દીવેટ કે દીવાસળીની જરૂર પડતીજ નથી.
૪ ફકત ચાવી દબાવતાંજ બબુડીજ બબકારા રોશની થાય છે.

કીંમત રૂ. ૨।, ૩, ૩।, ૪, ૫, ૬ અને ૮.

પોસ્ટેજ આઠ આના

સ્પેર બેટરી કીંમત રૂા. ૧).

પોસ્ટેજ ૩ આના

ટી. છ. શાહ એલેકટ્રીક સ્ટોર્સ.
હેડ ઓફીસ (ગોળપીઠ) બોમ્બે ૪.
બ્રાંચ ઓફીસ(પાંચકુવા બાર રસ્તા)અમદાવાદ
પત્ર લખનાર હેડ ઓફીસને લિખવાનો રહેશે.

શું તમે હૃદયથી જ્ઞાન ઉન્નતિ ઇચ્છો છો ?

જો ઇચ્છતા હો તો શ્રીમાળી ગુણેચ્છકના ગ્રાહક થઇ વાંચન ઉપરાંત વાર્ષિક વિદ્યાર્થીઓનો શુભ ભાગ વોટ પ્રાપ્ત કરવા ચૂકશો નહિ વાર્ષિક લવાજમ રૂા. ૨॥ દર વર્ષે ઉપયોગી બેટ બક્ષ આપવામાં આવે છે.

ગ્રાં. તરીકે દાખલ નામ

Reg. No. B. 1442

श्रीमाळी शुभेच्छक.

सत्यंवद। धर्मंचर स्वाध्यायान्माप्रमदः। उपनिषद्
यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्॥ श्री. म. गीता.

वर्ष ४ थुं.] सप्टेम्बर १९२३. [अंक ९

विषयानुक्रमणिका.

१ नवि. इंद्रियो	मं. मं ओझा	१६३
२ भारी भजव	,,	१६४
३ हस्यभान स्नाम	मु. भो. ओझ.	१६४
४ मनुष्यत्व	ल. इ. दवे	१६५
५ ऊंघ	म. मं. ओझ.	१६८
६ मंगेयनगी अहत्या	गा. बा. ओझ.	१७६
७ अरीअनो अेशी	भ. त्रिवेदी.	२०२
८ निबंधांजलि	,,	२०५
९ हंभ्य युग अने आपनो	२. छि. वोरा	२०७
१० आने अंधेश्रद्धा ने अयण श्रद्धा	५. मं अमिहोत्री	२१०
११ नातिय समाचार.		२१२

तन्त्री अने प्रकाशक
अंबकलाल शिवशंकर त्रिवेदी, एम. ए.
दोकतवकाला, ४१०३-०६—अमदावाद.

ज्ञानमन्दिर प्रीन्टींग प्रेसमां डाह्याभाई अभुभाये छाप्युं.
कालेरीनी पोळ, रायपुर—अमदावाद.

પી. બ્રધર્સ શાહીવાળા.

દરેક જાતની દેશી કાહી બનાવે છે સાઈટીંગ, કોપીઈંગ, રબ્બર સ્ટેમ્પીંગ, માર્કીંગ, સ્ટાયલોગ્રાફીક; તથા શાહીનો પાઉડર, ગુંદર વગેરે બનાવનાર તથા વેચનાર. અમારે ત્યાંથી છુટક તથા જથ્થાબંધ માલ મળશે. વધુ વિગત માટે પ્રાઈસલીસ્ટ મગાવો.

ઠેકાણું—રતનપોળ મોતીની ચાલી, કાલુપુર—અમદાવાદ

વિજળીના દીવા.

૧ નાના મજબુત રાખી શકાય છે.
૨ અગ્નીનો બીલકુલ ધાસ્તી નથી.
૩ તેલ દીવેટ કે દીવાસળીની જરૂર પડતીજ નથી.
૪ ફકત ચાંપ દબાવતાંજ બહુજ ભપકાદાર રોશની થાય છે.

કીંમત રૂ. ૨॥, ૩, ૩॥, ૪, ૫, ૬ અને ૮.

પોસ્ટેજ આઠ આના રબ્બર બેટરી કીંમત રૂા. ૧).

પોસ્ટેજ ૩ આના

ટી. એ. શાહ એલેક્ટ્રીક સ્ટોર્સ.
૨૨ ઓપેરા (ગાળપીઠ) ઔરંગાબાદ ૪.
બ્રાંચ ઓફીસ (પાંચકુવા બાર રસ્તા) અમદાવાદ
પત્ર વ્યવહાર દરેક ઓફીસને ફિરનામે કરવો.

શું તમે હૃદયથી જ્ઞા
ઉન્નતિ ઇચ્છો છો !
જો ઇચ્છતા હો તો
શ્રીમાળી શુભેચ્છકના મા
વર્ષ વાંચન ઉપરાંત જાતિ
વિદ્યાર્થીઓનો શુભ અભિ
ધાર્મિક લવાજમ રૂા. ૧૨
ઘર ઉપયોગી બોધ
આપવામાં આવે છે.

Reg. No. B. 1412

श्रीमाळी शुभेच्छक.

सर्वेषद्। धर्मेषद स्वाध्यायान्मा प्रमदः। उपनिषद्
यत्कर्मापि कुरुष्वासि यत्तुहोपि ददासि यत्।
यज्जपस्यसि कौन्तेय-तत्कुरुष्व मदर्पणम्॥ श्री. म. गीता.

वर्ष ४ थुं.] सप्टेम्बर १९२३. [अंक ९

विषयानुक्रमणिका.

१	नदि छंदो:	ब. अं मोदश	१८३
२	आरी भरत	,,	१८४
३	हस्तमाल स्वाध	मु. प्रा. मोज.	१८५
४	अनुप्रास	ह. इ. हवे	
५	छंद	म. भं. मोज.	
६	शोभनती भरत:		
७	अरीसनो केट		
८	निबंधलेखनना हेतु नवानने स्वाध अने शब्दोच्चारो.		
९	अंत्य प्रासनी आवश्यकता नदि छंदोने अनुरोधथी.		
१०	अंते		
११	अंदि		

(२)

केवुं सुंदर अधिकार आपनारुं छे अमने,
सुखनी दीवाने शोध लिखवना हवे लागवे नथी;
आवशेगो अवसर! ना तेने अरेला जेवुं,
वण प्रासनी आवश्यकता नदि छंदोने अनुरोधथी.

बहादुर भंगाश ओझा.

મનુષ્યત્વ.

હે મનુષ્ય! એક ક્ષણભર તું શાંત ચીત્તે વિચાર કરી જો. ભલે તું ગમે તે જાતિમાં અવતર્યો હોય, પરંતુ મનુષ્યત્વ (માણસાઇ) એટલે શું? તે સંબંધી તેં જરા પણ વીચાર કર્યો છે? જો તે વિચાર તેં ન કર્યો હોય તો તું માણસના સ્વરૂપમાં પશુવત્ છે. જો તું મનુષ્ય તરીકે અભીમાન ધરાવતો હોય તો તારી સત્તાનું તને જરૂર ભાન હોવું જોઇએ. જેમ રાજા, રાજા તરીકે અને સેવક સેવક તરીકે પોતપોતાની યોગ્ય ફરજો બજાવવાનું ઉચિત સમજે છે, તેમ તારે પણ માણસ તરીકે માણસાઇ મેળવવી, ઉચિત ગણાય.

હવે તું એક ક્ષણ માણસાઇના મુખ્ય મુદ્દા તપાસી જો કે માણસને પરમાત્માએ કઇ કઇ અમૂલ્ય વસ્તુઓની બક્ષિસ કરી છે. તે અમૂલ્ય વસ્તુઓનો સદ્‌ઉપયોગ આપણે કરીએ છીએ કે નહિ? મનુષ્ય યોનિમાં પ્રાપ્ત થતી વસ્તુઓ બીજી કોઇપણ યોનિમાં મળતી નથી, એ વાત અનુભવસિદ્ધ છે. તેથીજ પૂર્વના મહાન ઋષિ મહર્ષિઓએ મનુષ્ય ધર્મ નક્કી કર્યો છે કે આપણને મળેલા આ દેહવડે જગત્‌પિતા પ્રભુ સદા સર્વદા પ્રસન્ન રહે તેવાંજ કાર્યો કરવાં અને તે સંબંધી શાસ્ત્ર પણ કહે છે કે:—

अहिंसा सत्य मस्तेयं शौचं इंद्रियनिग्रहः।
दानं दया तपः शांतिः सर्वेषां धर्म साधनम्॥

અર્થઃ—અહીંસા, સત્ય, અસ્તેય, શૌચ, ઇંદ્રીય નિગ્રહ, દાન, દયા, તપ અને શાંતિ એ સર્વે માટે ધર્મના સાધનો છે.

ઉપરના શ્લોકનો અર્થ સમજી તે પ્રમાણે જો અનુકરણ કરવામાં આવે તો જગત્ પિતા પ્રભુ સદા પ્રસન્ન રહે તેમાં શક નથી. અને તેમ કરવામાં કાળની ગતિનો પણ વિચાર કરવો યોગ્ય છે. પોતાના જીવનની અતિ ઉપયોગી છે, અને બારીકાઇથી જોતાં ક્ષણેક્ષણે માણસને જે સમજવાનું અને શીખવાનું મળે છે. આ પ્રવૃત્તિમય જગતમાં એક ક્ષણમાં લાખો અને કરોડો રૂપીઆની વારફેર થાય છે. એક ક્ષણમાં હજારો જીવો જન્મે છે, અને હજારો લય થાય છે; એક ક્ષણભરમાં માણસ પોતાના પૂર્વ સંસ્કારના બલવડે પોતાનું મન જગત્ નિયંતા પ્રભુ સાથે જોડી દઇ

પરમાનંદનો અનુભવ કરે છે. ખરેખર જેનામાં માણસાઈ છે તેજ વખતનો સદ્ ઉપયોગ સમજી શકે છે; કહ્યું છે કે:—

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेनच मूर्खाणां निद्रया कलहेन वा ।।

તાત્પર્યઃ—ડાહ્યા પુરૂષો કાવ્યો અને શાસ્ત્રોના વિનોદમાં પોતાનો સમય ગુજારે છે, જ્યારે મૂર્ખ લોકો પોતાનો વખત વ્યસન, નિદ્રા અને કલહ કંકાસમાં વ્યતીત કરે છે.

ભાઈ કે બાઈ?.તું લક્ષ પૂર્વક વીચાર કરી જો કે તું જ્યારે મનુષ્ય કોટીમાં જન્મ્યો છે તો તારે માટે નિર્મિત થયેલી કરણી તારે અદા કરવાની છે. તેમાં જો તું આળસ કરીશ તો તેનાં ફળ તારે ભોગવવાંજ પડશે. તેમાં પણ જો તું બ્રાહ્મણ જાતિમાં હોય તો તારે ખાસ વિચારવું જોઈએ કે, મારો ધર્મ શું? દુનરો ઝગડા-ઈસારોમાં, નાટક તમાસા જોવામાં, ચા, બીડી, તમાકુ જેવા વ્યસનોમાં બીન ઉપયોગી ખર્ચ કરી વખત ગુમાવવામાં અને ચૌટે બેસી પારકાઓની ચાડી ચુગલી કરવાનો તને વખત મલે અને દશથી પંદર મીનીટ સંધ્યા વંદનાદિ ઈષ્ટદેવતાનું ધ્યાન કરવા સારૂ બેઃ મીનીટ ન મલે, એ કેટલી બધી અફસોસની વાત છે? ઈષ્ટદેવતાએ આપણને સર્વોત્તમ બ્રાહ્મણ કોટિમાં જન્મ આપ્યો હોય તો તેનો ગેરઉપયોગ કરવાથી આપણી પોતાની અધોગતિ મેળવીએ એટલુંજ નહિ પણ જગતની ઉત્તમજાતિ તરીકે આપણા ઉપર અવલંબી રહેલા સમાજના આપણે ઋણિ બનીએ.

પોતાનું કામ કાઢી લેવામાં, વિધવિધ જાતના વિષયોપભોગોમાં તલ્લીન બની જઇ આટલી સમજશક્તિ અને સ્વાસ્થ્યવાળો દેહ આપનાર જગત્ પિતાને ભૂલીને આપણું મનુષ્યત્વ નષ્ટ કરીએ છીએ?

માટે દરેક શાશ્વત્ સુખ ચાહનાર સ્ત્રી પુરૂષે પોતાની જીવનનૌકા આ અપાર સંસાર સમુદ્રમાંથી પાર ઉતારવા સારૂ પોતાનાથી બનતો યોગ્ય પ્રયાસ કરી કૃત કૃત્ય થવા સારૂ મનુષ્યત્વ પ્રાપ્ત કરવું એજ અભ્યર્થના.

દવે હરગોવિંદદાસ દુર્લભરામ.

ઉદય.

રાગ--ઓખાહરણ પ્રમાણે.

જ્ઞાતિ ઉદયના પઢીયે પાઠ, બ્હેનો તજીયે ઠાલો ઠાઠ;
માત પિતાની કરીયે સેવા, જેથી રાજી રહે જગદેવા.— ૧
સૌમાં રાખીયે ભાવ સમાન, દૂર કરીયે દુષણ અભીમાન;
સત્ય ઉપર પ્રીતિ ધરીયે, ક્ષણ ક્ષણ મનને વશ કરીયે.— ૨
જાને ધોઇએ મનના મેલ, નવ ખેલીયે ખોટા ખેલ;
ભાઈ ભાંડુ પ્રભુના દીધેલ, સાચા સ્નેહમાં કરીયે સામેલ.— ૩
ગુરુ વડિલ શુભેચ્છક જેહ, તેના વચને ન ધરીયે સંદેહ;
સહાધ્યાયી ઉપર રાખી સ્નેહ, સાથે રાખી ન દઇએ છેહ.—૪
જેવી રમત ઉપર પ્રીતિ, તેવી ગ્રહીયે વિદ્યા ને સુનીતિ;
એક કામનો કરીયે સ્વીકાર, પરિશ્રમથી ઉતારીયે પાર.— ૫
બીજી છોડીને આળપંપાળ, આપબળથી તોડીયે જંજાળ;
ક્ષણ એક ન વિસરીયે રામ, થાય સફળ મનોરથ કામ.— ૬
માતૃભૂમિને માતા કહીયે, એના પ્રેમમાં સંકટ સહીયે;
દેવી સદ્‌ગુણ સ્વાર્થનો ત્યાગ, ધરી સજીએ સતીનાં સૌભાગ્ય.—૭
કરીયે પ્રભુ રચતાં કામ, રહે જગમાં અવિચળ નામ;
સદાચારી થઇએ ધરી હામ, વાંચો મનોરમાના પ્રણામ.—૮

મનોરમા મંગળજી ઓઝા-રાજકોટ.

"સંમેલની મહત્તા"

સંમેલનનો અર્થ સમ્યક્ મેલન. લગ્ન મંડપમાં સગાં વહાલાં પ્રકારી શોભામાં વૃદ્ધી કરે છે તેવીજ રીતે સભ્ય જાતિ બંધુઓએ સંમેલન શોભાવવાનું હોય છે. ઉત્સાહપૂર્વક કુટુંબીઓ લગ્ન મેળાવડામાં ભાગ લે. સંમેલનમાં પણ કુટુંબ જેવુંજ વાતાવરણ હોવું જોઇએ; સમાજના એક સંકુચિત અંગને માટે ઉપયોગી થાય એવી સંસ્થા તે સંમેલન નથી. તે પોતાનો ધર્મ સમજીને પોતાના જાતી ભાઇઓની ઉન્નતિ અર્થે હામો કરવાની દીક્ષા લેવા ભાગતા હોય તેવા સોકોનો હાથમનો સંઘ છે. સમાજસેવા એ એક ધર્મ છે, સામુદાયીક જીવનનો પવિત્ર હેતુ છે. સંમેલનમાં દરેકના સુખદુઃખની વાત થઇ શકે છે. સામાજીક ત્રુટીઓની, મુંઝવણો અને ભવિષ્યના ઉપયોગી કટિ અને શુભ કાર્ય કમોની ચર્ચા થઇ શકે છે, અને એક બીજાના વધારે સહવાસમાં આવી પરસ્પર સહકારની શક્તિ વધારી શકાય છે. કુટુંબ સંમેલન તે પોતાના આદર્શ મુજબ પોતાનું જીવન ગાળવાનું પવિત્ર મંદીર છે. વાતાવરણ અને હૃદયોને એકતાન કરવામાં અતિ મદદરૂપ છે.

મતભેદ: સમાજમાં મતભેદ હોઇ શકે છે પરંતુ તે મતભેદ સામાજીક જીવન અપકૃ અને દુઃખી કરવામા કારણભૂત થવો ન જોઇએ. એવું વર્તન રાખવું કે જેનાથી પ્રેમ ઉત્પન્ન થાય, વૈર નહી. ગમે તેવું સત્ય બોલવું હોય, ગમે તેવી સખ્ત દીક્ષા કરવી હોય, સામાની ગમે તેવી ભુલ અને અવિનય ભરી ટીકાના જવાબ આપવા હોય છતાં આપણી ભાષામાં અંકિતગત દ્વેષનો છાંટો હોવો ન જોઇએ. સહન કરવી પડતી મુશ્કેલીઓ અથવા સાંસારિક દુઃખોના ચિત્કારોથી દ્વેષ જન્મ પામે છે. અને તે વિચારોનો વેગ એટલો તીવ્ર હોય છે કે તે મૂર્તીમાન થયા વગર રહેતો નથી. દ્વેષથી સર્જેલા દુઃખદ પરિણામોનો કડવો અનુભવ ભૂતકાળના ઇતિહાસમાં આપણે વાંચ્યો છે. દ્વેષ એ કુટુંબ તો શું પણ જાત, નાત, દેશ, પ્રજા અને મનુષ્ય જાતિના અનર્થ અને અધઃપતિનું આદિ કારણ છે. તેનું સિંહાવલોકન કરી ભૂતકાળના દર્પી સમુદ્રનું મંથન કરી તેમાંથી આખરે ગુણ કરી આપવું એ આપણા સંમેલનની પ્રથમ જરૂર છે. ભૂતકાલની ભુરી લઈ વેપાર બાગલ ચલાવવામાં જરાપણ દરકાર નથી. પરંતુ ભવિષ્યના સંઘબનો પાયો પાકો થાય તેટલા માટે અનુભવેલા સત્યો ઉપર તેને રચવાની જરૂર છે. સંમેલનની ઇમારત સત્ય, સમાનતા અને બંધુત્વના આઠ પાયા ઉપર રચ-

વાની છે. ઉપયોગીતા અને વહેવારોના વિચારોમાં આપણે ફેરફાર કરવાની જરૂર છે. દુનીયાદારી અને સ્વાર્થ વૃત્તિ પ્રધાન મનુષ્યો નિરૂપયોગી ગણે છે. જીવનનું અંતિમ સત્ય નીર્બલનો નાશ કરવામાં સમાયેલ નથી. જીવનના ઉંડા પ્રશ્નથી મોં સંતાડતી, તેમની સામે સ્થિર દૃષ્ટિ માંડી ને તેમનો નીકાલ કરવા પ્રયત્ન ન કરનારી ન્યાત કદીપણ ઉત્તેજીત થઇ શકે નહી. જીવનના આવશ્યક પ્રશ્નોપર સબળ વિચાર ચલાવી વહેવારૂ ફેરફાર કરવા જોઇએ. તાર્કીક વાદવિવાદ કે પાંડિત્યથી આપણો અર્થ સરતો નથી. જે દેશમાં એકત્વના મંત્રનો પ્રથમ ઘોષ થયો અને પ્રેમભર્યું દીલે **वासुदेवः सर्वम्** ગાન થયું, જે દેશમાં સંત મહંતો તથા વીર નરોએ જવલંત શ્રદ્ધા, ઉજ્વલ પવિત્રતા નિઃસ્વાર્થતા, અડગ નિર્ભયતા અને વિશુદ્ધ પ્રેમની શુભ પતાકા ઉડાવી તેજ દેશની પ્રજા સત્ય ઉપર ઢાંક પીછોડો કરી, વાડો બાંધી, ભીરૂ બની, રૂઢીની ગુલામ અને સ્વાર્થ વૃત્તીના દાસત્વમાં પડી રહે એ લાંછનીયજ ગણાય. સંમેલનમાં પધારેલા સભાસદો જ્યાંના પ્રતિનિધિ છે, અને કેટલું કાર્ય કરવાની શક્તિ ધરાવે છે તે જોઇનેજ કાર્યક્રમ નક્કી થઇ શકે. દરેક સભાસદે સંમેલનનું મહત્વ પુરેપુરૂ સમજવું જોઇએ અને બીજાના મનપર ઠસાવવાને ભારે હીલચાલ કરવી જોઇએ. છતાં પોતાના હીત માટે મળતા સંમેલનમાં ઉત્સાહ પુર્વક હાજર રહી મદદ ન કરે અને અભીમાનનો તાજ પહેરી બહાર એકલા પડી હીતનો ઉલટો અર્થ સમજાવે તો તે ન્યાત નીર્વીર્ય થઇ ગઈ છે એમજ સીદ્ધ થશે. સંમેલનમાં હાજરી આપી આપણે આપણું લાયકાત સિદ્ધ કરી આપવાની છે. શરીરના એક અવયવને થયેલું નુકશાન આખા શરીરને થયેલું ગણાય છે. પરિણામે ન્યાતના પ્રત્યેક સંતાનની દુર્બલતા દૂર થાય અને સર્વનું કલ્યાણ કરાય તેવું કાર્ય કરવાનો આપણો હેતુ છે રસ્તામાં ખાડો હોય તો તેમાં માટી પુરો પણ ખાડાવાલો છે માટે તે રસ્તે ન જવું એમ માની બહાર નીકલવાનો આવો યોગ્ય સમય છોડી દઇ નિર્બલતા ધારણ ન કરો. મહાત્માજીએ કહ્યું છે કે " દ્વેષભાવથી પોષાલ દેશાભિમાન મારે છે પરંતુ પ્રેમભાવથી પોષાતું દેશાભિમાન તારે છે. " પાછલ દોષો યાદ કરી અત્યારે થતો લાભ જતો કરવો એ વીચારવંતનું કામ નથી ચાલુ સ્થિતિનો વિચાર કરી કર્તવ્યની રેખા બાંધવી એ ડાહ્યા માણસનું કામ છે. યોદ્ધાને લાગેલા ઘામાંથી રૂધીર વહેતું જોઇને તે યોદ્ધાની નિર્બલતાનો વિચાર કરવાનો નથી પરંતુ તેને અનુભાવેલી સહન શક્તિનો ખ્યાલ કરવાનો છે. તેવીજ રીતે કાર્યવાહકોએ પણ જન્મ થતાં પહેલાં પોતાની નીંદાઓ સહન કરવાની હોય છે. યેનંમાં પડેલા રોગીને જોઇ નિર્દય થઇને

જગાડવો પડે છે તેમ ન્યાતમાં જડ ઘાલી બેઠેલા ખોટા ખ્યાલો અને વહમા સામે નીર્ભય થઇ પોકાર કરવા જરૂર છે.

મનુષ્યનું જીવન એ અનેક સુત્રની દોરડી છે. આ સુત્રોનો પણ આપણે વિચાર કરવાનો છે. અને તે સુત્રો તે આપણી ન્યાતના બાળકો છે. આપણા હાલના વિદ્યાભ્યાસ કરતાં બાલકોની ઉપર આપણી ચઢતીનો ભવિષ્યમાં આધાર છે. તેમનું શરીરબળ અને મનોબળ કેળવવાનું છે. આયુષ્યની ક્ષીણતા અને શરીર અને મનની દુર્બલતા થવાના કારણોનો વિચાર કરી તેને સુધારવા ઉપાય ઉતાવળે હાલ લેવાના છે. બાળકોએ આરોગ્ય અને શરીર વિધાના પુસ્તકો શીખવા અને રમત ગમતનો વખત વ્યાયામમાં ગાળવો, અને મન સાથે શરીરના પ્રત્યેક અંગો કેળવવા જોઇએ. અને બાળકોના શરીર સુધારીએ તો તેમની પ્રજા વધારે બળવાન થાય. મહાભારતમાં કહ્યું છે કે ભીમમાં નવહજાર હાથીનું બળ હતું. આજના બળને જનાનખાની બળની ઉપમા આપી શકાય. પોતેજ બાળક ગણાતા છતાં બાળકનો પિતા થવાનો અત્યંત અઘટિત ઉદ્યમ આરંભવો એ બાળકના શરીરના વિનાશનું પ્રથમ કારણ છે. ક્ષણીક લહાવો લેવા સારૂ પ્રાણથી પણ અધિક વહાલાં ગણાતાં આપણાં નીર્દોષ બાળકોને ગૃહસ્થાશ્રમની વેદીમાં ન હોમવા જોઇએ. જેમ અધીરૂ થઇ એ કલાકમાં મરી જનાર માણસે આત્મહત્યા કરી ગણાય તેમજ બાળપણમાં બ્રહ્મચર્યનો ભંગ કરી શરીરનો વહેલો અંત લાવનાર પણ આત્મ હત્યાજ કરનાર ગણાય. દુઃખમાં બાળકોને યોગ્ય કસરત તેમજ પ્રેમ શિક્ષણની જરૂર છે. છેવટમાં મારે એટલુંજ કહેવા જરૂર છે કે આ અમુલ્ય સમય ચર્ચામાં ઉતરી ગુમાવવાનો નથી. પરંતુ આપણા સંમેલનની સંગીન પાયોથી ચણાતી ઇમારત હંમેશ માટે કાયમ રહે એવાં કાર્યો કરવામાં વ્યતીત કરવાનો છે. "હેવી પરિષદને મારા અભિનંદન."

લી. ઓઝા ગૌરીશંકર લાધાશંકર.

નોંધ—આ અંકના વધારા તરિકે વહેંચવામાં આવેલાં શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી જ્ઞાતિજનુ કેળવણી મંડળના યજમાન ગૃહસ્થોને વિનંતિ પત્રોના હેન્ડબીલ તરફ જ્ઞાતિગૃહસ્થોનું અમે ધ્યાન ખેંચીએ છીએ અને તેમાં દર્શાવેલી રીતો મુજબ તેઓ યજમાન ગૃહસ્થો તરફથી મદદ મેળવી આપશે અથવા પોતે તે પ્રમાણે મદદ આપી જ્ઞાતિ ભાવ દર્શાવશે એવી અમે આશા રાખીએ છીએ. તંત્રી.

ગરીબનો વેલી.

પ્રકરણ બીજું.

શાન્તા.

લેખક:—ભગનલાલ ત્રિવેદી.

(ગતાંકથી ચાલુ.)

શાન્તાએ તે સર્વે સાંભળ્યું. દ્વાર પાછળ ઉભા ઉભા સર્વે સાંભળ્યું. પોતાના બાપને બજારમાં વેચાતી વસ્તુ પ્રમાણે પોતાનું મૂલ્ય આંકતો, પોતાનું સારું કરતાં તહેણે જોયેા. પોતાના ભાવી પતિના પેસી ગયેલાં ડાચાં અને બોખું બની ગયેલું મુખ તહેણે જોયું. તહેની ઉડી ઉતરી ગયેલી વૃદ્ધ આંખ્યેામાં વિષયનું તેજ ચમકતું તહેણે ન્હાળ્યું. હજુ તેા શાન્તાને દશ જ વર્ષ થયાં હતાં. અત્યારના જમાનામાં જેમ ચેાતરફ સંભળાય છે તેમ તહેનામાં પ્રેમના અંકૂરેા નહેાતા ફૂટયાં, તહેનામાં મુગ્ધતા નહેાતી આવી. તે આધુનિક નાટકીય અભિનયેા નહેાતી જાણતી. તહેને જ્ઞાન હતું. પરન્તુ તે જ્ઞાન સીધું, સરળ, ઘરગતું હતું. તહેમાં પાશ્ચાત્ય મનેાવિકાર નહેાતા, તહેમાં બાહ્ય આડંબર નહેાતેા, તહેમાં ઉચ્છૃંખલતા નહતી, તહેમાં આછકડાવેડા-છીછરાપણું નહતું. તે હજુ એક બાલિકાજ હતી—એક નિર્દોષ—અણસમજુ—બીનઅનુભવી—સરળ હૃદયા—બાલિકાજ હતી. લગ્નનું નામ તહેણે સાંભળ્યું હતું. ઘણાયને પરણતાં તહેણે જોયા હતા, પરન્તુ લગ્નનેા હેતુ તે નહેાતી જાણતી. સ્નેહલગ્ન અને દેહલગ્નના પ્રશ્નેામાં તે નહેાતી ગુંચવાણી. કેાઇ વ્યક્તિ સાથે તહેનેા સ્નેહ જોડાયેા નહતેા. તહેનેા સ્નેહ—બાલિકા સમેા વાત્સલ્યભર્યો—નિર્દોષ—સર્વે તરફ વળતેા, સર્વ ઉપર ઢેાળાતેા.

ઉપરની ઘટના તહેણે નિહાળી. તહેનેા કંઈક અર્થ તે સમજી પરન્તુ પોતાના વિચાર તહેનાપર તે વ્યક્ત ન કરી શકી. તહેના મનમાં જેમ થઇ આવ્યું જે આમાં કંઈક બોટું થઇ રહ્યું છે. આ લગ્નમાં કંઇક વિપરીત-સૃષ્ટિ વિરૂદ્ધ—હૃદય વિરૂદ્ધ—થઇ રહ્યું છે. તે શું છે તે શાન્તા નહેાતી સમજી શકતી. પરન્તુ તહેમાં કંઇક ભૂલ તેા તહેને જણાતીજ હતી. તહેણે ઘણાયનાં લગ્ન માણ્યાં હતાં. પરન્તુ ક્યાંયએ આવા મેાટા—બુઢ્ઢા વરને પરણતેા—હાની

બાલિકા સાથે પરણતો નહોતો જોયો. તેને આમાં કંઈક અસ્વાભાવિક લાગ્યું. પોતાની બા ઘણી વખત બોલતી કે 'મ્હારી શાન્તાને તો કનૈયા કુંવર જેવા વર સાથે પરણાવશું.'–'કનૈયા કુંવર જેવો' એ શબ્દોજ કંઈક જુદો ધ્વનિ પાડતા હતા. એમાંજ અનોખું સૂચન સમાયું હતું. તેણે વિચાર્યું કે કનૈયો કુંવર આવો વૃદ્ધ તો નજ હોય. આજ સુધી તેણે વૃદ્ધ વર જોયોજ નહતો. આનો અર્થ શું? માતા તો મરી ગઇ હતી, એટલે તેની પાસેથી ખુલાસો મળવો અશક્ય હતો. ભાઈ યાદ આવ્યો. 'તેને પૂછું? પરન્તુ રસિક તો બહાર ગયો છે, કોણ જાણે ક્યારે યે આવે. આ ગુંચવાડાનો અર્થ શું? મ્હારૂં મન આજે આમ કેમ બધીરૂં થઇ રહ્યું છે?–વળી આ વેવિશાળની રીત કેવી? નહીં કંઈ ગાણાં ગવાણાં, નહીં સાકર વહેંચાણી, નહીં પાંચ માણસ ભેગા થયા. ચુપચુપ ત્રણ માણસોમાંજ વાત કેમ પૂરી થઇ?' વગેરે વિધવિધ વિચારો તેના મગજમાં ઉભરાવા લાગ્યા. તે કશો નિર્ણય કરી શકી નહીં. 'હશે, એમાં મ્હને તો કશી સમજણ પડતી નથી' એમ બોલી તે ઘરમાં કામે વળગી.

વજેશંકર ઉતાવળો ઉતાવળો ઘેર આવ્યો અને શાન્તા પાસે જઇ બોલ્યો, 'બેટા! આખરે મ્હારી ચિંતા ટળી. તું સારે ઠેકાણે પડી.'

'પણ પિતાજી, 'કનૈયા કુંવર જેવો' એનો અર્થ શું?'

'કેમ? એનું તહારે શું કામ છે?'

'મ્હારી બા રોજ કહેતી કે મ્હારી શાન્તાને તો કનૈયા કુંવર જેવા વર સાથે પરણાવીશું, અને આને દેખતાં તો કંઈક જુદુંજ સ્હમજાય છે. શું કનૈયો કુંવર આવો વૃદ્ધ કહેવાતો હશે?'

'હેં! તેં એને જોયા પણ?'

'કેમ પિતાજી ચમકો છો શા માટે? કનૈયા કુંવરનો અર્થ તો કહો. મ્હને નથી આવડતો.'

'એનું તહારે શું કામ છે? અમે તહારા હિતચિંતક છીએ એટલે જોઈ વિચારીનેજ કર્યું હશે. સ્હમજીને.'

'હા, પિતા! એતો મ્હને ખબરજ છે કે તમે કંઈ તમ્હારી દિકરીને જાણી જોઇને દુઃખમાં નાંખો તેવા નથી. વળી મ્હારી બાયે મરતાં મરતાં કહી ગઈ હતી કે મ્હારી શાન્તાને જરીયે મુંઝાવા દેશોમાં. સારૂં દેખીનું–વર, ઘર,–જોઇ તેને પરણાવજો.–એટલે તમે મ્હારી માના મરતી વખતના શબ્દો પણ કેમ ભૂલો? તમે કર્યું હશે તે સારૂંજ–જોઇ વિચારીનેજ કર્યું હશે. પરન્તુ મ્હને વિચાર એટલોજ થાય છે કે બધા પરણે છે તે આટલા

ઘરડા તો નથી હોતા અને આ તો ઘરડા ખખ, મ્હારા દાદા જેવડા છે. તમારા કરતાંયે મોટા. એનો અર્થ શું?'

'બેટા! એની ઉમ્મર કંઈ હજુ બહુ મોટી ન કહેવાય. હોય, બીજા વર છે એટલે જરા ઉમ્મર તો હોયજને. પરન્તુ ઘરમાં અઢળક નાણું પડ્યું છે. ઘેર ગાડી ઘોડા છે. પાંચ માણસમાં પણ પૂછાય છે. નાતના મોટેરા છે. તું સુખમાં પડી, બેટા.'

'એ બધું તો જાણ્યું, પણ પિતા, મ્હને ગમે તેમ હોય પણ મનમાં કંઈક ગુંચવાડો રહ્યા કરે છે કે આમાં કંઈક ભૂલ છે. ઘણું ઘણું કરું પણ કશી સૂઝ નથી પડતી. એ શું હશે?'

'તું ભુખી છો ને એટલે તેમ થતું હશે. જમી લે એટલે નિરાંત થશે.'

'હેં પિતા, એ વૃદ્ધ તો કહેવાયને?'

'હા, ઘોડા ઘણા મોટા ખરા.'

'અમ્હારી ચોપડીમાં એક કેકાણે લખ્યું છે કે જુવાન સ્ત્રી વૃદ્ધને વિષ જેવી છે (वृद्धस्य तरुणी विषम्) તોયે તેઓ લગ્ન કેમ કરતાં હશે? એ વિષપાન ન કહેવાય!'

'તેની તારે ને મ્હારે શી પંચાત? તેમની ઇચ્છા પરણવાની થઇ હશે એટલે તેઓ પરણે છે.'

'પણ તેઓ હાથે કરીને ઝેર શા માટે લે છે? તેઓ ઝેર લે એટલે તો મરીજ જાય અને પછી તો હું રાંડું.'

'એવા અપશબ્દો ન બોલીએ બેટા! ચોપડીમાં લખેલું કંઇ સાચું જ હોય એમ ન માનવું.'

'ત્યારે બોદું તે કોઇ લખતું હશે? તમે મ્હને ચોંડવા માટેજ તેની સાથે પરણાવા છો. એમાં તમે મ્હારૂં સારૂં શું કર્યું?'

'તું કશું સમજતીજ નથી. હું તારી સાથે માથાકુટ કરવા નવરો નથી.'

વજેશંકર ગયો. પરન્તુ જતાં જતાં તે બબડ્યો 'હેં આ પાપ? વિશ્વાસઘાત?—' વધારે ન સંભળાયું.

શાન્તા ફરીથી વિચારમાં પડી: 'એ વૃદ્ધ તો ખરાજ. ત્યારે શું વૃદ્ધ ને બાળકીના લગ્ન થતાં હશે?—મ્હેં તો ક્યાંય જોયું નથી. વાંચ્યુંયે નથી. રામ અને સીતા, કૃષ્ણ અને રૂક્મણી, શંકર અને પાર્વતી, એમાં એવું તો ક્યાંય જણાતું નથી. મ્હેં તો ઘણાંયે વરઘોડા જોયા છે, પરન્તુ આવો વરઘોડો પર તો કદી જોયો નથી. આતે સારૂં કે નરસું? પિતા કહેછે કે જોઈ વિચારીને કર્યું છે. પણ મ્હારૂં મન માનતું નથી. મ્હને તો આમાં કશી સૂઝ પડતી નથી.—રસિક પણ હજુ ન આવ્યો—' (અપૂર્ણ).

જાયો જગે મરણ શર્યું જરૂર થાય,
વાળું હવે મન બીજે નવ કો ઉપાય.

× × ×

બસે દેહ થયો દૂર, ગાન એ અમરત્વના;
પ્રભાપુરા પ્રકાશીરે, સ્મરણો અસ્તરાજના.

ભગનલાલ ત્રિવેદી.

સ્વ. શિવશંકર ભગવાનજી ત્રિવેદી સ્મારક શિષ્યવૃત્તિઓ.

જુનથી નવેમ્બર સુધી માસ ૭ માટે.

નંબર.	વિદ્યાર્થીનું નામ.	રહેવાશી.	વેદ.	અભ્યાસ.	શિષ્યવૃત્તિનો રકમ
૧	શ્રીધર જટાશંકર	ભંડારીઆ	સામ	અં ૫ મું	રૂા. ૮
૨	ભાનશંકર જટાશંકર	,,	,,	,,	૭
૩	બાળાશંકર નરભેશંકર દવે	ચૂડા	યજુ	,,	૧૧
૪	વજેશંકર હરિશંકર ત્રિ.	મહુવા	સામ	અં ૬ ઠું	૧૪
૫	પ્રાણશંકર જટાશંકર દવે	ચૂડા	યજુ	હં.મે.ટ્રે. ત્રીજું વર્ષ	૧૧
૬	લાભશંકર મૂળજી દવે	થાન	યજુ	અં ૪ થું	૧૧
૭	યશવંતરામ જેઠાલાલ ઓઝા	વાંકાનેર	સામ	અં ૩ જું	૧૨
				કુલ.	૭૪

બાકીના રૂા. ૭૫ માંથી અમદાવાદ જ્ઞાતિ છાત્રાલયના નીચેના ત્રણ વિદ્યાર્થીઓને અર્ધ ભાડી આપવામાં આવી છેઃ–

(૧) બાળાશંકર પોપટલાલ દવે, રે. વેજલપુર, અભ્યાસ અં ૫ મું (૨) છોટાલાલ પોપટલાલ દવે, રે. વેજલપુર, અભ્યાસ અં ૪ થું (૩) રેવાશંકર હીંમતરામ ત્રિવેદી, રે. બરકાલ, અભ્યાસ અં ૫ મું.

દોલતખાના ૪૧૦૩–૫ અમદાવાદ. } મન્ત્રીઓઃ–શ્રી મ. આ. શ્રી. છા. કે. મંડળ.

" कर्तव्य युग अने आपणे. "

महत्ता पुण्यपण्येन क्रीतेयं कायनौस्त्वया ।
पारंदुःखोदधेर्गन्तुं तरयावन्नभिद्यते ॥

આ દુઃખરૂપી મહાસાગર (દુનીયા)ને સામે પાર જવા માટે પુણ્યોરૂપી મોટી કિમત ખર્ચીને કાયારૂપી આ નૌકા આપણે ખરીદેલી છે; જ્યાં સુધી તે સલામત છે ત્યાં સુધીમાં તેનો સદુપયોગ કરીને આપણે આ સંસારને તરવો એ મુખ્ય કર્તવ્ય છે. પશ્ચિમના લોકો કહે છે કેઃ-આ દુનીયાં એક પુલ જેવી છે તેની ઉપરથી પસાર થવું પરંતુ ત્યાં ઘર બાંધી રહેવું નહી. કારણ કે ક્યારે પૂર આવશે અને ક્યારે તેને અસ્તવ્યસ્ત કરી નાખશે તે ચોક્કસ નથી.

ભૂતકાળના સમયને માટે જેઓ તલપી રહ્યા છે, જેઓને પોતાની હાલની સ્થિતિથી કંટાળો આવ્યો છે અને જેઓ જમાનો જોઈને પોતામાં યોગ્ય ફેરફાર કરવા માગે છે તેઓ ચોખ્ખું સમજતા હશે કે ફરી દેખાવ વિના કેવળ કહેવાથી પોતાનો પ્રભાવ સમાજ ઉપર પડી શકે એમ નથી. આ બાબતનું સ્પષ્ટીકરણ આ દેશની હાલની પરિસ્થિતિ બહુ જ સારી રીતે કરી શકે છે જેથી તેનો વિશેષ ઉહાપોહ અગત્યનો નથી. છતાં પણ એટલું તો ચોક્કસ છે કે આપણે આપણામાં વસી રહેલી ત્રુટીઓને વીદારવા પ્રયત્ન કરવો જોઈએ.

કોઈપણ પ્રસંગમાં આગળ પડતો ભાગ લેનાર એક વ્યક્તિ તો જરૂર હોવી જ જોઈએ કે જેથી બીજાઓને પણ ઉત્સાહ મળતો રહે. કોઈપણ પ્રસંગને જોખ હ્યો. બાહોશ સેનાની વિના ગમે તેટલું પ્રચંડ સૈન્ય પણ વિજયી નીવડયું નથી. તે સેનાપતી અગ્રભાગે રહી જેમ કહેતો-કરતો-જાય તેમ જ લશ્કર વર્તે તો જ તેના વિજય માટે આશા રહે. પશુ પક્ષીઓ પણ પોતાનો નાયક ચૂટે છે. જોયી ઉચ્ચ ચારિત્ર અને પ્રભાવશાળી વ્યક્તિ જે કાર્યમાં મોખરે હોય તે કાર્યની સફલતા માટે શંકા હોઈ શકેજ નહી.

ભારતવાસીઓએ બોલવામાં, ઠરાવો ઘડવામાં ઘણો સમય વીતાવ્યો પરંતુ પરિણામ શું આવ્યું કે " ફરી દેખાડો તો જ તમો તમારા કર્મની પ્રાપ્તિને માટે આતુર છો એમ જણાશે. " કારણકે વર્તનમાં મુકાયેલી બોજના ફલીભુત થવા માટે અધિક સામર્થ્યવાન હોયછે જેવારે તેજ બોજના કેવળ ઠરાવ અથવા તો પ્રતિજ્ઞાના રૂપમાં જ હોય તો તે ક્યારે ફલીત થશે એ

કદી થકાય નહી. આપણી જાતિ પણ અન્ય કોમોની માફક પોતાના રીવા જોને બંધારણ મુજત કરવા અને કુરીવાજોને અટકાવવા કોશીષ કરી રહીછે. કેટલાક કહે છે કે આપણી જાતિએ ખરાબ રૂઢીઓને રાખવાને બદલે સારા રૂઢીઓમાં "પોતાની પરિષદ એક-બે વર્ષે ભરવી". એવી એક અર્થાળ રૂઢી ઉભેરેલી છે. આ વચનોમાં દુરબંદેશી નથી. આમ કહેનારાઓએ જાણવું જરૂરનું છે કે જેટલે અંશે આ ઉભેરાયેલી રૂઢી બીજી રૂઢીઓની માફક આપણા દીલમાં જે ઠસાવશે અને જેટલે અંશે આપણે તે રૂઢીના કહ્યા મુજબ વર્તશું તેટલે અંશે આપણે ધ્યેય નજીક આવતું જાય છે. ઘણી જાતીઓ પોતાનો માર્ગ પોતાની પરિષદદ્વારા મળશે એમ સમજીને કામ કરી રહી છે. આપણે પણ તેજ માર્ગ સ્વીકારેલો છે.

આમ્રવૃક્ષને વાવતાં તેના પ્રથમ એકાદ બે વર્ષના મોરને જોરવી નાખીયે તો આગળ ઉપર તેના ફલ બહુ સ્વાદીષ્ટ થાય છે એમ મનાય છે. તેવીજ રીતે કોઇપણ પરિષદની એકાદ બે બેઠક પૂર્ણ વિજયી ન નીવડે તો પણ તેનાથી કદીએ કાંઇએ વળશે નહી એમ માનવું ભૂલ ભરેલું છે. ઘણા ખરા સમજી ગયા છે કે આ વખત કર્ત્તવ્ય યુગનો છે. જે કરીયે તે સત્ય-વ્યાજબી અને જે કહીયે તે ગેરવ્યાજબી-એટલે કે આ જમાનામાં કહેવા કરતાં કરી બતાવવાનું મહાત્મ્ય વિશેષ છે. અત્યાર સુધીમાં આપણી જાતિએ બોલવામાં બહુ સમય ગાળ્યો નથી; જે સમય ગાળ્યો છે તે કુંભ નિંદ્રામાં. આખરે બહારના "સમજો, કર્તવ્ય યુગ છે. પ્રારબ્ધ વાદને ત્યજો" એવા રણકારાઓ તે નિંદ્રાનો ભંગ કર્યો અને આપણને કર્તવ્ય દિશા તરફ દોર્યા. બીજી જાતિઓનું અનુકરણ કરી આપણી જાતિની એક બેઠક પણ થઇ ચુકી.

કોઇ બે-ચાર એવા કલહ પ્રીય પણ હોઈ શકે કે જે તે બેઠકને નિષ્ફળ માનતા હોય. આમ સમજવાના કારણો ભલે તેઓજ જાણતા હોય, પોતાની રાંક પુત્રી જેવા જેની વેપારની વસ્તુ હોય, એવાજ કૃત્યોથી નીપજતા ધન વડે જેઓ પોષાતા હોય અને કરી શકે એમ હોય છતાં પણ અજ્ઞાનતાથી જેઓ એવા અધમ કાર્યોમાં રચ્યાપચ્યા રહેતા હોય એવા જ બોકા કહી શકે કે એવી પરિષદ બીનજરૂરી છે. જેઓ સમજે છે, જેઓને એવા અધમ કાર્યો અટકાવવાં છે તેઓના ચહેરા તો આવા સાંધિનોથી પ્રફુલ્લીત થતાં હશે કારણ કે તે પરિષદ ભરાયા બાદ થોડા દીવસમાં જાણવામાં આવ્યું કે અમુક જગ્યાએ અમુક જાણીતા આસામીઓએ તેનાં ઠરાવનો અમલ કર્યો.

આમ જ્યારે ધનાઢ્ય અને જ્ઞાતિમાં અગ્રપદવાળાઓ પરિસ્થિતિના દરાવો મુજબ વર્તશે ત્યારે તેનાથી બીજા ઘણા ગરીબ બંધુઓ પણ તે મુજબ વર્તવા તૈયાર થશે. આસ્તે આસ્તે શરૂ થયેલું કામ નિર્વિઘ્ન અને સંતોષકારક નીવડે છે. વૃક્ષ વાવતાં તુરતમાં ફલ નીવડતાં નથી. તેમ આપણે પણ જ્યારે શરૂઆત થઇ ત્યારે ભવિષ્ય માટેની આશા સારીજ હોય, એમ લેખવું. આપણામાં ઘણી વ્યક્તિઓ છે કે જે અંતઃકરણથી પ્રચલીત રૂઢીઓને ધીક્કારે છે. પરંતુ કેવળ લોકવાયકાને બાતરજ તેઓ જાહેરમાં આવી શકતા નથી. કાર્ય કરનારાઓએ બીનું નિવારણ કરવું જરૂરનું છે અને તે વિચારી પરીપટે સુધરેલ દરાવોને અમલમાં મુકે.

આપણે સુધરશું તોજ બીજાઓને સુધારશું. આ સુત્રને સમજનારાઓ તનમનથી મહેનત કરીને જ્ઞાતિમાં કેમ વધારે જાગૃતી આવે એવો વીચાર કરવો જોઇએ. ગામે ગામમાં જ્યાં આપણા લોકોની વસ્તી સારા પ્રમાણમાં હોય ત્યાં જરૂર એક એવું મંડળ હોવું જોઇએ કે જે સ્થાનિક સ્થિતિની સત્ય હકીકતની નોંધ લઈ તે માટેના યોગ્ય ઉપાય સાહિત્ય માસીક મારફત જાહેર કરી શકે. જો કે આવાં મંડળો કેટલેક સ્થળે ચાલુ થઇ ચુક્યાં છે. તેમજ જ્યાં નથી ત્યાં ચાલુ થઈ જશે એવી આશા રાખીએ. કલકત્તા જેવા શહેરમાં જ્ય આપણી વસ્તી સારા પ્રમાણમાં છે, ત્યાં એકે એવી સંસ્થા નથી કે જ્યાં કોઈ વખતે આપણા લોકો એક બીજાના સહવાસમાં આવી શકે. આવા સ્થળે જો કોઇપણ બંદોબસ્ત હોય તો ત્યાં વસતા આપણા મારવાડી ભાઇઓની (જેઓની સંખ્યા પણ ત્યાં અધિક છે) સાથે પણ આપણે સારી રીતે પરિચિત થઇ શકીએ જેથી આપણા અને તેઓના આચાર વિચારમાં અથવા જે કાંઈ ભિન્નતા હોય તે દુર કરવા માટે અમુક વખતે સહેલું થઇ શકે.

સર્વેનું કલ્યાણ કરનારો કદી પણ દુર્ગતિ પામતો નથી એવું ગીતાજીનું વચન છે. બીજાનું કલ્યાણ કરવાનું તો ઠીક પરંતુ અત્યારે આપણી જ્ઞાતિમાંજ પ્રથમ કલ્યાણ કરનારાઓની આવશ્યકતા છે. જેનાથી તે બની શકે તેણે તે કરી છુટવું એમાંજ તેના કર્તવ્ય યુગની કૃતિથી છે. આપણામાં જે જે વ્યક્તિ કામ કરી શકે એમ છે તેણે તુરતમાં સ્થળે સ્થળે જ્ઞાતિ મંડળો સ્થાપવા યોગ્ય પગલાં લેવા બહાર પડવું અને ગરીબોના હૃદયોની ભીડી અભિલાષા કૃતાર્થ થવું એવી વિનંતિ છે વિશેષ શું હોય ?

રમણીકલાલ શિવશંકર વોરા, કલકત્તા.

પડી રહે, તેમને શું ?" માતાજીને જો દ્વિતિય વરની જરૂર પડે અને જો તેમની આગળ આ વાત મૂકવામાં આવે તો બોલે કે "સૌ થઇ રહેશે," પણ જો એમને સવાલ પૂછીએ કે " તમારા ઘરમાં કોઇ દિવસ આવી રીતે ચાલ્યું છે ?" તો આંખ ફાટી જાય છે અને ક્રોધની દૃષ્ટિએ નિહાળ્યા કરે છે. " અહા કેટલો ઢોંગ " !

" આતે અચળ શ્રદ્ધા કે અંધશ્રદ્ધા ? "

ભદ્રશંકર મંછારામ અગ્નિહોત્રી, શુકલતીર્થ.

जातीय समाचार.

માંડવી:—અત્રેનું મંડળ જે થોડા વખત ઉપર અસ્તવ્યસ્ત થઈ ગયું હતું તેને પુનઃ સારા પાયા ઉપર મૂકવા પ્રયાસ શરૂ થએલો છે. તેના ૧૨, ૧૫ સભાસદો થઇ ચૂક્યા છે. નીચે પ્રમાણે હોદ્દેદારો નીમવામાં આવ્યા છેઃ-

પ્રમુખઃ—ઓઝા ઇશ્વર વેજનાથ, એમ, બી. બી. એસ. મન્ત્રીઃ—હેમતરામ ભયાશંકર ઓઝા, સલાહકાર—ત્રવાડી જુઠાલાલ છબીલદાસ તથા ઓઝા શિવશંકર ભયાશંકર મંડળનું કામ અત્યારે સરળતાથી ચાલે છે અને વિદ્વાન પ્રમુખ તથા ઉત્સાહી સલાહકાર તથા સભાસદોના પ્રયાસથી મંડળનું કામ સારી રીતે ચાલશે એવી આશા રહે છે.

મહુવાઃ—શ્રીમાળી બ્રાહ્મણ યુવક મંડળની એક સભા તા. ૧૯-૮-૨૩ ના રોજ મંડળની ઓફીસે બોલાવવામા આવી હતી તે વખતે નીચે પ્રમાણે કામ થયું હતું.

"ઓગસ્ટના *શ્રીમાળી* શુક્લેચ્છકમાં પ્રાન્તિક સમ્મેલન ભરવાની આવશ્યકતા જણાવી છે. તે બાબત દરેક પ્રાન્તના મુખ્યમુખ્ય ગામમાં ચળવળ ઉભી કરવાની સૂચના કરવામાં આવી છે. મહુવાના યુવક મંડળે એ પ્રમાણે ગોદ્વિલવાડ પ્રાન્તિક સમ્મેલન બોલાવવાની ચર્ચા શરૂ કરવી અને પ્રાન્તના પ્રત્યેક ગામમાં પત્રિકાઓ દ્વારા અથવા તો ડેપ્યુટેશન કરીને તે કામ શરૂ કરવું. તે બાબતમાં જે ખર્ચ થાય તે મંડળ તરફથી આપવો" એવો એક ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો. તેના પર ખુબ ગરમા ગરમ ચર્ચા થઈ હતી અને છેવટે મત લેતાં બહુમતીથી ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમાળી શુક્લેચ્છકના ચાલુ વર્ષમાં નવા થએલા ગ્રાહકોને-વિનંતિ જે અઢી આનાની પોસ્ટની ટીકીટો મોકલવાથી આપને ગત વર્ષનાં અંકો તથા બેટનાં પુસ્તકો મોકલી આપવામાં આવશે. તન્ત્રી.

મકાનફાળાની મહાલક્ષ્મીની છબીવાળી રૂા. એકવાળી ટીકીટો.

હા. ગીરજાશંકર જટાશંકર અગ્નીહોત્રી મુંબાઇ

૧ દામોદરદાસ સુંદરજી, ઘાટકોપર.
૧ માવજી સુંદરજી ,,
૧ ખટાઉ દેવજી ,,
૧ પોપટ રામજી મુંબાઇ
૧ અમૃતલાલ રતનજી મુંબાઇ
૧ જેઠાભાઇ ડોસાભાઇ સોની મુંબાઇ
૧ જેઠીંગ. ગોપાળજી ઘાટકોપર
૧ હરીચંદ છગનલાલ ,,
૧ ગીરધરલાલ દામજી ,,
૧ અમૃતલાલ મૂળજી ત્રવાડી ,,
૧ પારેખ ખીમચંદ નાગરદાસ,,
૧ શેઠ જુજલાલ વનમાળી ,,
૧ સોની ઠાકરસી કલ્યાણજી મુંબાઇ
૧ સોની પ્રાગજી ડોસાભાઇ ,,
૧ છગનલાલ મોતીચંદ ,,
૧ ખેતશી પીતાંબર ઘાટકોપર
૧ શંકરલાલ છગનલાલ ,,
૧ હરિમતલાલ દલપતરામ ,,
૧ શેઠ દેવજી કુંવરજી ,,
૧ જગજીવન ગીરધર ,,
૧ જાતિલાલ મંગળદાસ શાહ અમદાવાદ
૧ સોની વેલજી દામોદર મુંબાઇ
૧ ગીરજાશંકર જટાશંકર ઘાટકોપર
૧ શેઠ ખેતશી જેઠા ,,
૧ શેઠ મંછુભાઇ સાકરચંદ મુંબાઇ

હા. મનસુખલાલ ડાહ્યાભાઇ દામનગર.

૨ ભગતભાઇ ભગવાનદાસ મુંબાઇ
૧ ઉમીઆશંકર કલ્યાણજી ઓઝા લાડી
૩ હરિમતલાલ ભાણજી પરવડી
૨ અમૃતલાલ મોતીચંદ શાહ દામનગર
૨ મીઠી કાનજી દેવજી વઢવાણ
૧ મીઠી લધુ નારણ
૧ ભગનલાલ માવજી દામનગર
૨ લવજી ભાણજી મદુવા
૨ જયંતીલાલ હીરાલાલ મુંબાઇ
૧ ભગનલાલ જીવણ જસપરા
૧ વિઠલદાસ ચીમનલાલ કપડવંજ
૧ ચીમનલાલ ભગનલાલ કપડવંજ
૧ રતીલાલ કાલિદાસ શાહ દામનગર
૧ દામોદર મોતીચંદ શાહ ,,
૧ જયંતીલાલ માણેકચંદ કુંડલા
૧ કામદાર કેશવલાલ દામનગર
૧ હરખચંદ ઝવેરચંદ મુંબાઇ
૧ મીઠી એન્ડ મેતા ,,

૫૦

૫૫૪ ઓગસ્ટના અંકમાં બહેર થએલા

૬૦૪ કુલ

મન્ત્રીઓ:—શ્રી મ. આ. શ્રી. ધા. કે. મંડળ. અમદાવાદ.

રાજા મહારાજાઓ

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેફ્ટ વૉધસરોયના લેફ્ટિ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજંટ, સરકારી સીવીલીયન ઓફીસરો, યુરોપીયનો સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં

બાદશાહી યાકુતી

નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તે ઉપયોગી.૮ તાની નિશાની છે—ગવર્મેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનેલાયઝ થએલ છે.

બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય વૃદ્ધ બનાવી બરૂ પુરૂષાતન આપે છે. ખરી મર્દાઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજની જરૂર નથી.

૪૦ ગોળીની ડબ્બી એકના રૂપીઆ ૬૨.

બાદશાહી યુનાની લેપ

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે. બરૂ પુરૂષાતન લાવવા માટે આ લેપ રૂતેહમંદ ઇલાજ છે. આઉંસ એકની ડબ્બીના રૂપીઆ આઠ.

ડાકટર કાલીદાસ મોતીરામ-રાજકોટ-કાઠીયાવાડ.

શ્રીમાળી બ્રાહ્મણ છાત્રાલય-અમદાવાદ,
ગતમાસમાં મળેલી મદદ.

૨૫) રા. રા. છોટાલાલ દલપતરામ દવે, ગં. સ્વ. અંચળબાઇની ૭મી નિમિત્તે ભોજન માટે.
૨૫) રા. રા. ચિમનલાલ ઇ. દવે, ભોજન માટે.
૧૧) રા. રા. માણેકલાલ લીલાધર ઓઝા, વાંદરા, તેમના સ્વ. પત્ની પ્રસન્ન-ગૌરીની શ્રાવત્સરી નિમિત્તે ભોજન માટે.
૨૦) ડૉ. મૂળશંકર પ્રાણજીવન ઓઝા, રાજકોટ.
૨) રા. રા. મૂળશંકર નાનાભાઇ ઉર્ફે પોપાભાઇ, પીપળા, છાત્રાલયની મુલાકાત પ્રસંગે.
૫) રા. રા. છોટાલાલ વલ્લભજી દવે, ચૂડાવાળા, અમરાવતી, જલેબ નિમિત્તે.
૧) રા. રા. દલપતરામ મૂળશંકર દવે, પૂના, જલેબ નિમિત્તે.
૧૦) શ્રી રૂપપરની જ્ઞાતિ સમસ્ત તરફથી હા. શંકરલાલ ઉમેદરામ દવે.

---

૯૯ રૂ. કુલ.

એક ખુલાસો.

મે માસના અંકમાં મુંબાઇમાં કામ પ્રસંગે આવનાર જ્ઞાતિબંધુઓને રહેવા, ઉતરવા જમવાની સગવડ થાનવાળા શ્રીમાન્ લાલજી શિવરામ દવેએ પોતાના ભૂલેશ્વર પરેલા ભોઇવાડામાં લક્ષ્મીનારાયણ બિલ્ડીંગમાં કર્યા બાબત જાહેર થએલ છે. તે બાબતમાં કેટલાક જ્ઞાતિબન્ધુઓમાં જોવી જોઇએ તેવી ગેર-સમજુત થવા પામી છે કે તે સગવડ માત્ર વજુરેંદી બાબ્રુઓ માટે છે. આ સગવડ માત્ર વજુરેંદી બાબ્રુઓ માટેજ નહિ પરંતુ કોઇપણ જ્ઞાતિના શ્રીમાળી બન્ધુ સમસ્તને માટે છે. સામવેદી તેમજ વજુરેંદી બાબ્રુઓ બન્ને આ લાભ લઇ શકે છે. તન્ત્રી.

મુંબાઇ—અત્રે સામવેદી બાબ્રુઓ જમવા પધારે ત્યારે "પીસ્તાળીસ" બને છે. "પીસ્તાળીસ" એટલે શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિ સમસ્ત, જ્યાં આ "પીસ્તાળીસ" માં હજાર તરેહનાજ શ્રીમાળીબાબ્રુઓ બને છે. આમાં દરેક વિભાગનો સમાવેશ થાય તેવો કોઇ નિકાલ અત્રેના કમેસરોએ હવે લાવવો પડે છે. આથી જલેબ નિમિત્તે વજુરેંદી જ્ઞાતિના બાબ્રુઓએ ભાષવવામાં જનોઇ પહેરી હતી, અને શ્રીમાન્ પ્રાણજીવન મૂળશંકર દવે કુટુંબવાત્સલ્યથી દોર દઇને પોતે મુંબાઇમાં વસે છે ત્યાં સુધી જલેબના રોજ જનોઇ પહેરનાર દરેક જ્ઞાતિબંધુઓને પોતાને ત્યાં ભોજન

આપવાની શુભેચ્છા દર્શાવી છે. આ પ્રસંગે અત્રેના "શ્રીમાળી હિતવર્ધક મંડળને રૂા. ૧૧૫) જેટલી રકમ જૂદા જૂદા ભાઇઓ તરફથી ભેટની મળી છે. મુંબાઇમાં વસતા બન્ને શાખાના ગૃહસ્થોને એકત્ર મળવાના પ્રસંગો વર્ષમાં એકાદ બે વાર પણ યોજવામાં આવે તો પરસ્પર બહુ લાભ થાય. અગ્રેસરો આનો વિચાર કરી કાંઈક વ્યવહારુ કામ કરે તો કાંઇક જ્ઞાતિ-હિત થઇ શકે.

"ભાવનગર શ્રીમાળી બ્રાહ્મણ બૉર્ડિંગ ફંડ."

ગયા અંકમાં જણાવી ગયા છીએ તે મુજબ આ ફંડમાં રા. રા. અનોપરામભાઇએ ભરેલા રૂ. ૫૦૦) તેમના તરફથી આવી જતાં દરબારી બેંકમાં ફંડનું ખાતું ખોલાવી જમા કરાવવામાં આવ્યા છે. તે ઉપરાંત મહુવા, તળાજા, ત્રાપજ, શિહોર, ઘોઘા તથા ઉમરાળાના સંભાવિત ગૃહસ્થોને આ ફંડમાં મદદ કરવા વિનંતિપત્રો લખવામાં આવ્યાં છે. બીજા કેટલાક સ્થળોએ પત્ર લખવાના છે તે હવે પછી લખવામાં આવશે.

રા. રા. ધનેશ્વર પરમાણંદદાસ તથા રા. રા. કૃષ્ણલાલ કેશવલાલ નીવેદી દરેકે આ ફંડમાં રૂ. ૩૦૧) ભર્યા છે અને ફંડને આગળ વધારવાના કાર્યમાં દરેક જાતની સહાનુભૂતિ આપવા બન્ને ભાઇઓએ વચન આપ્યું છે.

ઉપરના ત્રણ ભાઇઓના દાખલા લઈ અન્ય જ્ઞાતિભાઇઓ આ કાર્યમાં પોતાનો ઉદાર હાથ લંબાવી યથાશક્તિ ટેકો આપશે એવી આશા રાખવામાં આવે છે.

તા. ૨૬–૮–૨૩.
ભાવનગર.

હ. અ.

જાહેરાત.

પૂનાના એક સ્વતંત્ર ધંધો ચલાવતા સંભાવિત જ્ઞાતિગૃહસ્થ, જેમની ઉંમર હજુ ચાળીસની અંદર છે તેઓ ધરભંગ થવાથી તેમને કન્યાની જરૂર છે. પૈસો આપતાં અનેક કન્યાઓ મળી શકે. પરન્તુ પોતે કન્યાવિક્રયના કટ્ટા શત્રુ હોવાથી તેવો વેપાર કરવા માગતા નથી–તેથી કન્યાવિક્રય નહીં કરનાર કોઈ જ્ઞાતિજનને પોતાની કન્યા આપવા માટે સારૂં આબરૂદાર મુખી સ્થળ જોયેલું હોય તો તેમણે તે બાબતમાં નીચેના શિરનામે પત્ર વ્યવહાર કરવો.

બ. ૨. મૂળાણી.
મહિલાશ્રમ, ઈંગણે બુદ્રુક–પુના સીટી.

શ્રીમાલી બ્રાહ્મણ છાત્રાલય–અમદાવાદ

ના

મકાનફાળા માટે વિનંતિ.

જ્ઞાતિના બાળકોની ઉન્નતિ માટે ઉત્સાહ ધરાવતા, જ્ઞાતિનું સરસ્વતિ મંદિર ઉભું કરવામાં મદદરૂપ થઇ શકે તેવા સૌ ઉત્સાહી, જ્ઞાતિ હાઇસ્કુલના જ્ઞાતિ ગૃહસ્થોની ખાસ જરૂર.

જે જ્ઞાતિ પોતાની ભાવી ઉન્નતિ માટે, પોતાના બાળકોના હિત માટે પરિશ્રમ ઉઠાવી રૂા. ૧૨૫) જેવી નજીવી રકમ ભરાવી શકે તેવા સૌ ભાગ્યશો પણ પૂરા ન પાડી શકે તે જ્ઞાતિ પામર અને પોતાની ઉન્નતિ સાધવા માટે નાલાયક ઠરે.

જ્ઞાતિનું નાક રાખવાને શું આવા સૌ ગૃહસ્થો તત્પર નહિં થાય?

વિદ્યાર્થી આશ્રમોનો ઉદ્દેશ માત્ર રહેવા જમવાની સગવડ આપવામાંજ પરિપૂર્ણ થતો નથી. રહેવા જમવાની સગવડો તો હૉલ અને બોર્ડીંગોમાં ઘણી હોય છે. બોર્ડીંગોમાં દરેક વિદ્યાર્થી દીઠ જે ખર્ચ આવે તેટલીજ રકમ સ્કોલરશીપ કે મદદ તરિકે આપવાથી તેટલાજ વિદ્યાર્થીઓ હૉલને કે હોટલોમાં રહી પોતાના અભ્યાસની સગવડતા મેળવી લઇ શકે. વિદ્યાર્થી આશ્રમનો હેતુ માત્ર રહેવા જમવાની સગવડજ આપવાનો ન હોવો જોઇએ. વિદ્યાર્થીઓ એકત્ર રહી બંધુત્વ, જ્ઞાતિભાવ ખીલવી શકે, ગોઠવ દેખરેખ અને સૂચનાઓ નીચે તેઓ હરી ફરી રમી શકે, તેઓ પોતાની શારીરિક શક્તિ સુધારી શકે, તેમજ તેઓ બાગ બગીચાઓ ઉછેરવાની, વણાટની તેમજ બીજા ઉપયોગી કામ કરવાની કળા પ્રાપ્ત કરી શકે અને સૌથી વધારે તો જેથી પોતાનું ચારિત્ર્ય તેઓ સર્વાંગે સુધારી તથા વિકસાવી શકે, તેઓ સ્વાશ્રય શીખી શકે, મહેનતનું ગૌરવ તેઓ સારી રીતે સમજી શકે, કાર્ય કરવાની શક્તિ, સેવાભાવ તેઓ પ્રાપ્ત કરી શકે, તેટલા માટે શહેરોના ધુડ પુવાડાથી દૂર, શહેરની અનેકવિધ લાલચો, પ્રલોભનોથી દૂર, શારીરિક,

માનસિક તથા આધ્યાત્મિક શક્તિઓનાં પોષક અને પ્રેરક બહારનાં કુદરતી સૌંદર્યે નિર્મળ પવિત્ર હવા પાણીવાળાં, વિશાળ સ્થાનમાં આપણાં વિદ્યાર્થી ગૃહોનું સ્થાપત્ય હોવું જોઇએ.

જેવો પરિષદોનો મોહ અને ચેપ તેવોજ કેળવણી ફરો અને વિદ્યાર્થી ગૃહોનો ચેપ પણ પ્રત્યેક જાતિમાં વ્યાપેલો આપણે જોઇએ છીએ, ઘણાં ખરાં શહેરોમાં વિદ્યાર્થી ગૃહો હોય છે. આ વિદ્યાર્થી ગૃહો લૉજ, હોસ્ટેલ કે બોર્ડીંગ હાઉસથી કોઇપણ પ્રકારે ચડીઆતાં નથી હોતાં. તેમાં વિદ્યાર્થીગૃહોનો ભાવજ નથી હોતો. વિદ્યાર્થીઓ તેમાં ઉપરોક્ત ગુણો કે કળાઓ પ્રાપ્ત કરી નથી શકતા. પરંતુ થોડાઘણા અપવાદ સિવાય તેઓ સ્વચ્છંદ, ઉદ્ધતાઇ, અનીતિ, કુટેવો, અસલ ભાષણજ શીખે છે. શહેરનું આસપાસનું અનીતિમય વાતાવરણ, શહેરની લાલચો અને કુસંગત, સારી દેખરેખ આગળ પણ વિદ્યાર્થી જીવનને આડે રસ્તે વહાવ્યા વિના નથી રહેતાં. કુદરતની સાથેનો સહવાસ, પવિત્ર વાતાવરણ અને પવિત્ર આંદોલન એ જીવનવિકાસનાં મુખ્ય સાધનો ગણવામાં આવ્યાં છે તે કોઇ ખોટું નથી. જૂના સમયના ઋષીઓની પર્ણકુટીઓ, વિદ્યાર્થીઓનાં અભ્યાસ આશ્રમો શહેર કે ગામડાંઓની વચ્ચે નહિ પરંતુ દૂર સુદૂર સૃષ્ટિ સૌંદર્યના ખોળામાં આવેલાં હતાં. અત્યારની કૉલેજો અને રેસીડેન્સી કે હોસ્ટેલો પણ વિશાળતાની વચ્ચે શાંત સ્થળોમાં સામાન્ય રીતે રાખવામાં આવે છે એમાંયે કોઇ સંકેતતો રહેલોજ હોય છે. સારે વિદ્યાર્થી આશ્રમો એતો માત્ર વીશીઓ, લૉજો કે હોસ્ટેલોથી વિશેષરૂપે, વાસ્તવિકરૂપે આશ્રમોજ થવા માગતાં હોય તો તે શહેરની વચ્ચે નહિ પરંતુ શહેરથી બહુ નહી તો થોડે દૂર પણ પવિત્ર વાતાવરણ અને સૃષ્ટિ સૌન્દર્ય વચ્ચે આવેલાં હોવાં જોઇએ. દરેક જાતિ, દરેક વ્યક્તિ વિદ્યાર્થી આલમના હિત અર્થે આ વાત સમજે એ જરૂરનું છે.

અમદાવાદના આપણા વિદ્યાર્થી આશ્રમને માટે મકાન બાંધવા માટે શહેર બહાર બહુ દૂર નહિ, બહુ નજીક નહિ, તેવા એકાંત સ્થળમાં વિશાળ જમીન ખરીદવામાં આવી છે. અને તેમાં આપણી જાતિનું સરસ્વતિ મન્દિર ઉભું કરવાનું છે. બાળ વિદ્યાર્થીઓને શહેરમાં અભ્યાસાર્થે આવવાની મુશ્કેલી જણાશે તો તેમના માટે વાહનની ગોઠવણ કરવામાં આવશે.

આ સરસ્વતી મન્દિર બાંધવા માટે રૂ. ૨૫૦૦૦)ની ખાસ જરૂર છે. આ રકમ એકત્ર કરવા માટે એક વર્ષ થયાં પ્રયાસ ચાલી રહેલ છે.

અત્યાર સુધીમાં જ્ઞાતિની છ સભર્યે વ્યક્તિઓ તરફથી એક એક ઓરડો બંધાવી આપવાના વચનો મળેલાંછે. દરેક ઓરડાના રૂા.૧૫૦૧ લેખે છ ઓરડાના રૂા. ૯૦૦૦) નાં વચનો આ રીતે મળેલાં છે. તેમાંની થોડી રકમ આવી ગઈ છે, થોડી રકમો આવે છે અને જે થોડી હજુ બાકી છે તે થોડા વખતમાં આવી જશે એવી આશા રહે છે. આ સરસ્વતિ મન્દિર ઉભું કરવા માટે ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦૦) ની જરૂરીયાત અગાઉ ઉર્થાવવામાં આવી છે. તે પૈકી ઉપર પ્રમાણે રૂા. ૯૦૦૦) નાં વચનો મળેલાં છે. હજુ રૂા. ૧૬૦૦૦) ની જરૂર છે. અત્યારની સામાન્ય વ્યાપારી મંદી અને નિસ્તેજતાને અંગે જ્ઞાતિમાંથી શું કે જ્ઞાતિ બ્હારથી શું પણ મ્હોટી રકમોની હાલ તુરતમાં આશા રાખી શકાય તેવું નથી. તેથી ટીપે ટીપે સરોવર ભરવાની જરૂર છે. આ સરોવર ભરવા માટે રૂપીઆ એકવાળી મહાલક્ષ્મીજીની છબીવાળી મહોનફાળાની ટીકીટો કાઢવામાં આવી છે. આ ટીકીટો અત્યાર સુધીમાં રૂા. ૭૦૦) સુધીની ભરાએલી છે.

બીજી છૂટી છૂટી ટીકીટો ભરાવવાનો પ્રયાસ જ્ઞાતિના કેટલાક ઉત્સાહી ગૃહસ્થો કરી રહેલા છે. પરંતુ આ મ્હોટું સરોવર ભરવું તે જ્ઞાતિ દાઝવાળા ઉત્સાહી સંખ્યાબંધ જ્ઞાતિ ગૃહસ્થોના પ્રયાસ સિવાય બની શકે નહિં.

જે આપણી સમસ્ત જ્ઞાતિમાંથી એક સો ઉત્સાહી ગૃહસ્થો નીકળે કે જે પોતે રૂા. ૧૨૫) ભરે અગર તો જ્ઞાતિના બીજા ગૃહસ્થો પાસેથી અગર તો અન્ય જ્ઞાતિઓના શ્રીમંત, વિદ્યાપ્રેમી, ઉદાર, દાનવૃત્તિવાળા ગૃહસ્થો પાસેથી તે રકમ ભરાવે તો રૂા. સાડાબારહજારની મ્હોટી રકમ તુરતમાંજ પ્રાપ્ત થઈ શકે. અગરતો જ્ઞાતિમાંથી એક પાંચસો બાણુસો એવા નિશ્ચયવાળા નીકળે કે અમો બન્ને ૨૫) રૂપીઆની ટીકીટો ખરીદ કરીશું અગર તો જ્ઞાતિબ્હારના ગૃહસ્થોમાંથી ૨૫ ટીકીટો ભરાવીશું તો પણ તેટલીજ રકમ ઝટપમાં તૈયાર થઇ જાય. શું જ્ઞાતિમાંથી એવા રૂા. ૧૨૫) ભરાવી શકે તેવા ૧૦૦ ગૃહસ્થો અગર તો રૂા. ૨૫ ભરાવી શકે તેવા ૫૦૦ ગૃહસ્થો નહિં નીકળે ? જે જ્ઞાતિ એવા ૧૦૦ જ્ઞાતિદાઝવાળા, ઉત્સાહ ધરાવતા, જ્ઞાતિના બાળકો પ્રત્યે એટલી મમતા ધરાવતા ૧૦૦ ગૃહસ્થો પણ પૂરા ન પાડી શકે તે જ્ઞાતિ પામર ગણાય અને પોતાની ઉન્નતિ સાધવામાટે નાલાયક ઠરે. જ્ઞાતિની ખૂબ્રત, જ્ઞાતિનું નાક રાખવામાટે રૂા. ૧૨૫) ભરી કે ભરાવી શકે તેવા ૧૦૦ ગૃહસ્થ પણ તત્પર નહીં થાય ? પ્રભુ જ્ઞાતિ ગૃહસ્થોને એટલો જ્ઞાતિભાવ એટલો ઉત્સાહ અને એટલું સામર્થ્ય આપો. અસ્તુ !

ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી.

ૐ

श्री महालक्ष्म्यै नमोनमः ।

શ્રી કચ્છમાંડવી શ્રીમાળી બ્રાહ્મણ વિદ્યોતેજક મિત્ર-મંડળનો ટુંકામાં સંવત ૧૯૭૭ના કાર્તિક સુદ ૨ થી સંવત ૧૯૭૯ના અષાઢ સુદ ૨ સુધીનો હેવાલ.

આ મંડળ સંવત ૧૯૭૭માં સ્થાપન થયું, તેને ત્રણ વર્ષ થવા આવ્યાં છે. તેમાં શું કર્યું તેની હકીકત શરૂઆતમાં ઘણુજ ઉત્સાહ પૂર્વક ચાલુ થયું "પણ તે આરંભે શૂરા" જેવું થયું. છેવટે આજે માત્ર ૧૨ બાર સભાસદોજ છે. તેને પણ જો બીજા જ્ઞાતિ ભાઇઓ ટેકો આપશે તો હજુ પણ આશા છે કે આ મંડળ એ "આદર્શ" મંડળ બની, સત્કાર્યો કરી બાળકોમાં સદ્‌ભાવના રેડી આગળ વધી શકે, આશા છે કે જ્ઞાતિગૃહસ્થો આ અલ્પજ્ઞ બાળકોની વિનંતિ સાંભળશેજ. આમાં માત્ર અમે આવક જાવક હિસાબજ જણાવેલ છે. અને દરેકનું નામ આપી સ્પષ્ટ બતાવ્યું છે, કે જેથી કોઇને શંકા ન રહે, અને છતાં પણ જો શંકા થાય તો તેઓશ્રીને અમારા ચોપડા વગેરે જોવું હોય તે જોવા વીનવીએ છીએ. અને તે વિનંતી સાંભળી જુહા આક્ષેપો નહિ મૂકતાં તપાસી ખાત્રી કરશેજ એવી આશા છે. જ્યારે આમ થશે ત્યારેજ લોકોની મંડળ પ્રત્યે શ્રદ્ધા થશે, અને સભાસદો ઉત્સાહપૂર્વક કામ કરી મંડળ આગળનું કાર્યક્રમ આગળ વધાર્યે જશે જેથી થોડા વખતમાં જ્ઞાતિને લાભ થવા સંભવ છે:—માટે ઉપલી અરજ જ્ઞાતિભાઇઓ સાંભળશેજ. આજ દિવસ સુધી કેટલા સભાસદો રહ્યા અને આગળ કેટલા હતા અને તેના તરફથી શી શી રકમ આવી તેની સવિસ્તર હકીકત નીચે મુજબ છે:—

૬	ઓઝા કે. પુ. હા. ઇશ્વરલાલ વેજનાથ.	૧	ત્રવાડી ઉમીયાશંકર કુબેર
૭	ઓઝા શીવશંકર ભવાશંકર	૧૧	,, મગનલાલ જટાશંકર
૩	ત્રવાડી જુહાલાલ છબીલદાસ	૩૧	,, અમૃતલાલ ભાઇશંકર
૧૭	ઓઝા પ્રાણશંકર નરભેશંકર	૫૧	ઓઝા કલ્યાણજી મહાદેવ
૧૦૧	ત્રવાડી આત્મારામ રણછોડજી	૨૧	ઓઝા જગજીવન કરૂણાશંકર
૬૧	,, નર્મદાશંકર કલ્યાણજી	૩૩	ઓઝા હેમતરા ભવાશંકર

ઉપર પ્રમાણે બાર સભાસદો હજુ કાયમ છે બાકીના હતા તે નીચે મુજબ છે:—

૩૬ ઓઝા ઋગનાથ લક્ષ્મીશંકર
૧૦ ઓઝા બાલાશંકર મુરારજી
૯ ત્રવાડી પુલશંકર જીવાભાઇ
૧ ઓઝા લીલાશંકર ઋગનાથ
૩ ત્રવાડી નવલશંકર પ્રાણજીવન
૦॥ „ ભાઇશંકર પીતાંબર
૩ „ હેમતરામ છબીલદાસ
૧॥ ઓઝા ગંગાશંકર પ્રભાશંકર
૦॥ ત્રવાડી મયાશંકર છબીલદાસ
૦॥ „ મંગળજી ધેલાભાઇ
૧૮ ઓઝા દુર્ગાશંકર રેવાશંકર
૪ ત્રવાડી મણીશંકર કરસનજી
૨ „ જેશંકર પ્રમાણંદ
૩ ઓઝા રતીલાલ નરભેશંકર
૧ ત્રવાડી મોહનલાલ જટાશંકર
૧ „ રતીલાલ નાથાભાઇ
૧॥ ઓઝા હરજીવન અંબાશંકર
૪॥ ત્રવાડી નવલશંકર સ્યામજી
૧ „ પુલશંકર પ્રાણજીવન
૨ „ રેવાશંકર જયશંકર.

૨૦૦)એકંદર મોરી બસો ઉપરમુજબ આજ દિવસ સુધીનું સભાસદોનું લવાજમ.

આજ દિવસ સુધી મળેલ ભેટોની રકમ તથા તેમના નામ નીચે મુજબ છે.

૦॥ ત્રવાડી રણછોડ મોનજી સખી ગૃહસ્થ તરીકે, ૯) ૧॥ ત્રવાડી જુઠાલાલ છબીલદાસ તથા ઋગનાથ લક્ષ્મીશંકર, ૫) ઓઝા લીલાશંકર ઋગનાથ યજ્ઞોપવિત પ્રસંગે, ૨) સોની જીવરાજ નારાયણજી અંજનવાળા વિવાહ પ્રસંગે, ૪) ત્રવાડી પુલેશંકર જીવાભાઈ ભાડાપેટે, ૧) ગીરનારા ગોવિંદજી ભાડાપેટે, ૧૦) ઓઝા ગવરીશંકર પ્રાણજીવન, ૧) ગીરનારા ગોવિંદજી બક્ષીશ, ૦॥ સેવક ત્રીકમજી રણછોડદાસ, ૧) ઓઝા કલ્યાણજી મહાદેવ ૧) ઓઝા કાશીનાથ કરસનજી ૦॥ ત્રવાડી આત્મારામ રણછોડજી ૫૦ ત્રવાડી મણીશંકર કરસનજી, ૧) ઓઝા જગજીવન હરજીવનશંકર, કુલ મોરી ૯૫) ૧॥ તથા રા. ૫) ત્રવાડી મણીશંકર કરસનજી ભેટ, ૧૦) ત્રવાડી મણીશંકર કરસનજી વડીલભાઇના વરસી પ્રસંગે, ૧) ત્રવાડી ગંગાશંકર ધનેશ્વર માતુશ્રીની યાદીમાં, ૧) ઓઝા ઋગનાથ લક્ષ્મીશંકર સીમંત પ્રસંગે, ૨) ત્રવાડી પીતાંબર ભવાનીશંકર, ૨) ત્રવાડી સ્યામજી આણંદજી, ૦॥ શેઠ પાનાચંદ કુંવરસિંહ, ૦॥ ઓઝા હેમતરામ મયાશંકર, ૨) ત્રવાડી મયાશંકર નથુભાઇ ૦॥ જદુરામ જટાશંકર, ૧૦) ત્રવાડી મણીશંકર કરસનજી ધનાભ વખતે, ૧) સ્વામી રમેશ્વરાનન્દજી મંડળની મુલાકાત વખતે, ૨) ઓઝા પ્રાણશંકર નરભેશંકર, ૧) ઓઝા રતીલાલ નરભેશંકર વેવીશાળ પ્રસંગે, ૪॥ પરીષદના સભાસદોના અડધા ભાગના હા. ગંગાશંકર પ્રભાશંકર. કુલ રા. ૩૫॥.

એ રીતે એકંદર મોરી ૯૫) ૧॥ તથા રા. ૩૫॥ ની પ્ર. મો. ૧॥॥ બેસે મોરી ૧૫૬॥॥ ૫ મોરી થઈ છે.

શ્રીમાળી બ્રાહ્મણ વિદ્યાર્થી આશ્રમ-અમદા[illegible]

યજમાન ગૃહસ્થો તથા અન્ય વિદ્યાનુરાગી ગૃહસ્થોને વિનંતિ.

દાન કરવાનું સર્વોત્તમ સ્થાન.

સજ્જનો,

આપના જાણવામાં કદાચ નહિ હોય કે અમદાવાદમાં શ્રીમાળી બ્રાહ્મણ વિદ્યાર્થીઓ માટે એક બોર્ડિંગ-વિદ્યાર્થી આશ્રમ-આજ ત્રણ ચાર વર્ષ થયે ચાલે છે. શ્રીમાળી બ્રાહ્મણ જાતિ એવી ધનાઢય નથી કે તે સ્વતન્ત્ર રીતે પોતિજ આવી સંસ્થાનું આખું ખર્ચ ઉપાડી શકે. છતાં કચ્છ-કાઠિઆવાડ-ગુજરાતના શ્રીમાળી બ્રાહ્મણ જાતિના ગૃહસ્થોએ આજસુધીમાં રૂ. ૫૦,૦૦૦ જેટલી રકમ આ સંસ્થા માટે આપી છે. આ વિદ્યાર્થી આશ્રમમાં અત્યારે ૨૫-૩૦ વિદ્યાર્થીઓ-શ્રીમાળી બ્રાહ્મણ જાતિના બ્રહ્મચારીઓ-રહીને વિદ્યાભ્યાસ કરે છે. વિદ્યાર્થી આશ્રમને પ્રત્યેક વર્ષે રૂ:-૪૦૦૦ નું ખર્ચ છે. એવું મોટું ખર્ચ શ્રીમાળી બ્રાહ્મણ જાતિ પોતે ઉપાડી લ્યે તેવી આ જાતિની સ્થિતિ નથી. તેથી આ આશ્રમને મદદ કરવામાં આપનો ઉદાર હાથ પ્રસંગોપાત લંબાવવા આપને આ હસ્ત પત્રથી વિનંતિ કરવામાં આવે છે.

યજમાન ગૃહસ્થો! આપ શ્રીમાળી બ્રાહ્મણોને જાતિ ભોજન તેમજ અન્ય દાન આપો છો. આ સંસ્થામાં પણ શ્રીમાળી બ્રાહ્મણ વિદ્યાર્થીઓજ-શ્રીમાળી બ્રાહ્મણ બ્રહ્મચારીઓજ છે. શ્રીમાળી બ્રાહ્મણ વિદ્યાર્થીઓની જ્ઞાન-ક્ષુધા નહીં ટાળશો? વિદ્યાનુરાગી ગૃહસ્થો! સમદેશીય ભાવનાવાળા તમામ સજ્જનો! આપ પણ આ આશ્રમને મદદ કરવામાં સંકોચ નજ ધરાવી શો

આ વિદ્યાર્થી આશ્રમને નીચે જણાવેલી રીતે પ્રમાણે મદદ કરી શકાય છે:—

(૧) વિદ્યાર્થી આશ્રમ માટે મકાન બંધાવવા માટે અમદાવાદમાં [illegible] ચાર જમીન ખરીદવામાં આવી છે, અને ત્યાં મકાન ઉભું કરવાનું છે

પોતાના ઓરડાઓ બાંધી આપવાની કેટલાક જ્ઞાતિ ગૃહસ્થોએ ઇચ્છા દર્શાવી છે. હજુ વધુ ઓરડાઓની જરૂર છે. એક ઓરડાનું ખર્ચ રૂ. ૧૫૦૦ થી ૨૦૦૦ નું આંકવામાં આવ્યું છે. સજ્જન ગૃહસ્થો એક એક ઓરડો બંધાવી આપી આ સરસ્વતી મંદિર ઉભું કરવામાં મદદ રૂપ થઇ શકે છે. તેમના અગર તો તેમના સ્નેહીજનના સ્વર્ગ સ્મરણમાં તેવો ઓરડો બંધાવી શકાય છે. તેમના નામની આરસની તકતિઓ ઓરડા ઉપર કંમેશને માટે રાખવામાં આવશે.

(૨) પોતાના અથવા પોતાના સ્નેહીજનના સ્મરણમાં એક વિદ્યાર્થીને નિભાવવા માટે રૂ. ૨૦૦૦)ની રકમ કરાવવામાં આવી છે. તેવી રકમમાંથી કંમેશને માટે એક વિદ્યાર્થીને મદદ નિભાવવામાં આવશે, અને તે વિદ્યાર્થી તે રકમનો સ્મારક વિદ્યાર્થી ગણાશે.

(૩) એક વિદ્યાર્થીને કાયમને માટે અડધી ભાડી આપવા માટે રૂ. ૧૦૦૦)ની રકમ કરાવવામાં આવી છે. તેવી રકમમાંથી દાતા ગૃહસ્થ કરાવે તે નામે વિદ્યાર્થીને કાયમને માટે અડધી ભાડી આપવામાં આવશે.

(૪) એક વિદ્યાર્થીને માટે પા ભાડી આપવા માટે રૂા. ૫૦૦)ની રકમ કરાવવામાં આવી છે. તેવી રકમમાંથી દાતા ગૃહસ્થ કરાવે તે નામે એક વિદ્યાર્થીને કાયમને માટે પા ભાડી આપવામાં આવશે.

(૫) એકજ વર્ષને માટે એક વિદ્યાર્થીને પોતાના નામની આખા ભાડી આપવા માટે રૂા. ૧૦૦), અડધી ભાડી આપવા માટે રૂા. ૫૦, અને પા ભાડી આપવા માટે રૂા. ૨૫) કરાવવામાં આવ્યા છે.

(૬) પોતાના સ્નેહીજનની તિથિ સ્મારક માટે રૂા. ૨૫૧)ની રકમ કરાવવામાં આવી છે. તેવી રકમમાંથી નિયત કરેલ તીથિએ વિદ્યાર્થી આશ્રમના તમામ વિદ્યાર્થીઓને મિષ્ટભોજન આપવામાં આવે છે. જ્ઞાતિ ભોજન કરવા જેટલું જ આમાં ખર્ચ છે. પોતાના સ્નેહી જનના નામની કાયમને માટે યાદગીરી રાખી શકાય છે, તે આ આશ્રમમાં વિશેષતા છે.

(૭) કરાવેલી તિથિએ સાદું ભોજન આપવા માટે રૂા. ૧૦૦)ની રકમ કરાવવામાં આવી છે.

(૮) કરાવેલી તિથિએ વિદ્યાર્થીઓને દુધ આપવા માટે રૂા. ૫૦)ની રકમ કરાવવામાં આવી છે.

(૯) રૂા. ૧૦૦૦) આપી આ આશ્રમના મુરબ્બી થઈ શકાય છે. રૂા. ૫૦૦) કે વધુ રકમ ભરી આશ્રમના આશ્રયદાતા થઈ શકાય છે. રૂા. ૨૫૦) કે વધુ રકમ ભરી આશ્રમના હિતેચ્છુ થઈ શકાય છે, અને રૂા. ૧૨૫) કે વધુ રકમ ભરી આશ્રમના સીમ્પેથાઇઝર કે સહાનુભૂતિદર્શક થઈ શકાય છે.

(૧૦) એક દિવસના મિષ્ટભોજન માટે રૂ. ૧૫) ઠરાવવામાં આવેલ છે.

(૧૧) એક દિવસના સાદા ભોજન માટે રૂ. ૫) ઠરાવવામાં આવેલ છે.

(૧૨) તે ઉપરાંત વિદ્યાર્થીઓને ધી, ચોપડીઓ, કપડાં વગેરે પહેરવા, ઓઢવા, પાથરવાનાં સાધનો, અનાજ વગેરે પણ ઇચ્છા મુજબ આપી શકાય છે.

(૧૩) શુભાશુભ પ્રસંગે પણ યથાશક્તિ રોકડ યા તો બીજી કોઇપણ પ્રકારની મદદ મોકલી શકાય છે.

(૧૪) વાર્ષિક રૂ. ૫) ભરી પ્રથમ વર્ગના સભાસદ થઇ શકાય છે.

(૧૫) વાર્ષિક રૂ. ૩) ભરી દ્વિતીય વર્ગના સભાસદ થઈ શકાય છે.

(૧૬) અજ્ઞાત ફાળા માટેની મહાલક્ષ્મી માતાની છબીવાળી એક રૂપીઆની ટીકીટો પણ યથાશક્તિ પ્રમાણમાં લઈ મદદ કરી શકાય છે.

જ્ઞાનદાન માટે આ વિદ્યા મન્દિર સર્વોત્તમ સાધન છે. ઉદાર યજમાન ગૃહસ્થોને તેમજ વિદ્યાપ્રેમી સજ્જનોને અમારી નમ્ર વિનંતિ છે કે તેઓ ઉપરની રીતો પૈકી યોગ્ય લાગે તે રીતે આ શ્રીમાળી બ્રાહ્મણ છાત્રાલયને યથાશક્તિ મદદ પ્રસંગોપાત મોકલાવશે. સર્વે દાનમાં વિદ્યા દાન શ્રેષ્ઠ છે અને તેમાંએ આતો બ્રાહ્મણ વિદ્યાર્થીઓને દાન માટેની માગણી છે. આ માગણીનો યોગ્ય સત્કાર કરશો એવી આશા છે.

રાયપુર, દોલતખાના,
ઔદ્યિની વાડી પાસે પારસ-
રામ મહારાજના બંગલામાં.
અમદાવાદ.

ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી
કાલિદાસ વસનજી દવે.
રતિલાલ મોહનલાલ ત્રિવેદી.
મન્ત્રીઓ–શ્રી મહાલક્ષ્મી આશ્રિત
શ્રીમાળી બ્રાહ્મણ વિદ્યાર્થી આશ્રમ.

જ્ઞાનમન્દિર પ્રી. પ્રેસ, રાયપુર–અમદાવાદ.

ગુજરાત આયુર્વેદિક ફાર્મસી.

વૈદ્યક પ્રચાર સાહિત્ય ખાતું.

માસીકો અને પુસ્તકો.

આ ફાર્મસી ઔષધો બનાવતા અને ઉપચાર કરવા ઉપરાંત વિશેષ મહત્વનું એક કાર્ય એ કરે છે કે પોતાના વૈદ્યક સાહિત્ય પ્રચાર ખાતા દ્વારા લોકોમાં તંદુરસ્તીના નિયમો અને આરોગ્ય સંબંધી જ્ઞાનનો ફેલાવો પણ કરે છે. ૨૫ વર્ષથી ગુજરાતી માસિક, વૈદ્યક ગ્રંથો અને નિબંધો દ્વારા આ ખાતાએ આયુર્વેદ સંબંધી સારૂં અજવાળું પાડયું છે.

"વૈદ્યકલ્પતરૂ" માસીક વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦.

વૈદ્યક ગ્રંથો:

ઘરવૈદું—વૈદકના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી ગ્રંથ. આવૃત્તિ ૬ ઠ્ઠી. કી. રૂા. ૬.

સારી સંતતી—સુદૃઢ, સુંદર અને સદાચારી બાળકો ઉત્પન્ન કરવા એ માબાપોના હાથમાં છે, એ વાત આર્ય વૈદ્યક અને અંગ્રેજી વૈદકનાં પ્રમાણો સાથે સિદ્ધ કરી આપનાર શાસ્ત્ર. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

ધાત્રી શિક્ષા—સુવાવડ સંબંધી શાસ્ત્રીય ગ્રંથ, ગર્ભારધાનમાં થતાં દરદોના ઉપાયો તથા પાલવાના નિયમો, પ્રસવ માટે પ્રાથમિક તૈયારીઓ, પ્રસવની ત્રણ અવસ્થાઓનું વર્ણન, કસુવાવડના કારણો અને ઉપાય, સુવાવડીની સારવાર તથા બાળક ઉછેરવાનાં નિયમો એક સુવાવડીને ભીડવાદક સમજાવે છે. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

રોગી પરિચર્યા—માંદાની માવજત વિષે સંપુર્ણ જ્ઞાન મેળવવાનો ગુજરાતી ભાષામાં પ્રથમ ગ્રંથ. કી. રૂા. ૧॥

ગરીબોનો વૈદ્ય—દરેક દરદની સામાન્ય સમજણ, ઘરમથુ અને સસ્તા ઉપાયોના સંગ્રહનો ગ્રંથ કી. રૂા. ૩.

સ્ત્રીઓનો વૈદ્ય—સ્ત્રીઓનાં ખાસ દરદો, તેનાં લક્ષણો, કારણો તથા ઉપાયોનો ગ્રંથ કી. રૂા. ૧॥૮.

બાળકોનો વૈદ્ય—બાળકોનાં ખાસ દરદો. તેનાં લક્ષણો. કારણો, તથા ઉપાયોનો ગ્રંથ. કી. રૂા. ૨).

સુવાવસ્થાનો શિક્ષક—જુવાન સ્ત્રીપુરૂષોનાં કર્તવ્ય તથા ફરજનો આદર્શ શિક્ષક. કી. રૂા. ૧.

મળવાનું ઠેકાણું:—ગુજરાત આયુર્વેદિક ફાર્મસી—અમદાવાદ.

પી. બ્રધર્સ શાહીવાળા.

દરેક જાતની દેશી શાહી જેવી કે રાઈટીંગ, કોપીઈંગ, રબ્બર સ્ટેમ્પીંગ, માર્કીંગ, કટાયલોગ્રાફીક; તથા શાહીનો પાઉડર, ગુંદર વગેરે બનાવનાર તથા વેચનાર. અમારે ત્યાંથી છુટક તથા જથ્થાબંધ માલ મળશે. વધુ વિગત માટે પ્રાઇસલીસ્ટ મગાવો.

ઠેકાણું—કડવાજી મોતીની ચાલી, કાંદીવાડી—ફોર્ટ.

વિજળીના દીવા.

૧ નાના ગજવામાં રાખી શકાય છે.
૨ આગની બીલકુલ ધારતી નથી.
૩ તેલ દીવેટ કે દીવાસળીની જરૂર પડતીજ નથી.
૪ ફકત ચાવિ દબાવતાંજ બહુજ ઉપકારક રોશની થાય છે.

કીંમત રૂ. ૨॥, ૩, ૩॥, ૪, ૫, ૬ અને ૮.
પોસ્ટેજ આઠ આના. સ્પેર બેટરી કીંમત રૂ. ૧).
પોસ્ટેજ ૩ આના

ટી. જી. શાહજી ઇલેકટ્રીક સ્ટોર્સ.
હેડ ઓફીસ (ગ્રાહકી.) બોમ્બે. ૪.
બ્રાંચ ઓફીસ (પાંચકુવા ચાર રસ્તા) અમદાવાદ.
પત્ર વ્યવહાર હેડ ઓફીસને ફિરનામે કરવો.

શું તમે હૃદયથી જ્ઞાતિ ઉન્નતિ ઇચ્છો છો ?

જો ઇચ્છતા હો તો

શ્રીમાળી ગુજરાતીના ગ્રાહક

થઇ ચિંતન ઉપરાંત જ્ઞાતિ વિદ્યાર્થીઓનો શુભ આશિર્વાદ પ્રાપ્ત કરવા ચૂકશો નહિ

વાર્ષિક લવાજમ રૂ. ૧॥

દર વર્ષે ઉપયોગી ભેટ પણ આપવામાં આવે છે.

ગ્રાહક તરીકે તરત નામ નોંધાવો.

Reg. No. B. 1142

શ્રીમાળી શુભેચ્છક.

सत्यंवद। धर्मंचर स्वाध्यायान्माप्रमदः। उपनिषद्

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्॥ भ. म. गीता.

વર્ષ ૪ થું.] ઓક્ટોબર ૧૯૨૩. [અંક ૧૦

વિષયાનુક્રમણિકા.

૧	પંથી કેમ ?	ગ. મ. ઝોબા	૨૨૩
૨	કૃષ્ણપરસીનાદ ૧૪મ.	અનુપમ ત્રા. ૬. ૬વિ.	૨૨૪
૩	જાતિને માટે	૬. ત્રા.	૨૨૬
૪	ગોઠીમવાડી શ્રીમદ્ભાગવત	યુવકમંડળ.	૨૨૫
૫	વિદ્યાર્થી	ર. ન. પ્યાની.	૨૨૭
૬	ગરીબનો બેલી	મ. ત્રિવેદી.	૨૩૦
૭	૧૯૨૧ની સાલમાં શ્રી. બા.ની ગંધ્યા.	ન. ૬. ત્રિવેદી.	૨૩૦
૮	કોણ સરસ ?	ભીમાશંકર શર્મા.	૨૩૫
૯	પ્રાસંગિક નોંધ.	તંત્રી.	૨૪૧
૧૦	જાતિ પરિચય અને પરિસ્થિતિ.	પ્રેમી.	૨૪૪
૧૧	જાતિય સમાચાર.		૨૪૬

તંત્રી અને પ્રકાશક
ત્र्यंબકલાલ શિવશંકર ત્રિવેદી, એમ. એ.
દોલતખાના, ૪૧૦૩-૦૬—અમદાવાદ.

જ્ઞાનમંદિર પ્રીન્ટીંગ પ્રેસમાં ચંદ્રરાવ અમરાવે છાપ્યું.
વાઘેશ્વરીની પોળ, રાયપુર—અમદાવાદ.

બેસતા વર્ષની બોણીમાં

અમદાવાદનું જ્ઞાતિનું સરસ્વતિ મન્દિર ઉભું કરવા માટે શ્રી મહાલક્ષ્મીની છબીવાળી-અકાનકાળાની રૂપીઆ એક-વાળી ટીકીટો યથાશક્તિ જરૂર ભરો અને ભરાવો.

ગ્રાહકોને.

ચાલુ વર્ષમાં થએલા નવા ગ્રાહકોને ૧૯૨૨ ની સાલના અંકો તથા બેટનું પુસ્તક જોઈતા હોય તેમણે પોસ્ટેજ અર્થે આઠીઆનાની ટીકીટો મોકલી તરત મંગાવી લેવા વિનતિ છે. તન્ત્રી.

લેખકો તથા ગ્રાહકોને સૂચના.

૧. ઉત્તમ વિષય, સ્વચ્છ લખાણ તથા કાગળની એક બાજુપર જોમ બને તેમ કુંકા પરંતુ અર્થ ગર્ભીત લેખો લખી મોકલવા લેખકોને વિનતિ છે. માત્ર ઉત્તમ અને અતિ ઉપયોગી કાવ્યોનેજ સ્થાન આપવામ આવશે-લાંબા લેખોને સ્થળના અભાવે સ્થાન નહીં મળવાનો ભય છે.

૨. લેખોને માસિકમા સ્થાન આપવા સંબંધી મુખત્યારી તન્ત્રીની છે.

૩. લેખકે પોતાનું નામ છપાવવું હોય તો લેખ નીચે, નહિતર. તન્ત્રીની જાણ માટે પૂરેપૂરાં નામ ઠામ લખવાં.

૪. જે લેખને માસિકમાં સ્થાન ન મળે તેવા લેખો પાછા મોકલવા માટે તન્ત્રી બંધાતા નથી.

૫ ઘણીવાર ગ્રાહકો પોતાનું સરનામું બદલાવે છે અને તે ફેરફાર જણાવતા નથી તેથી માસિક ગેરવલ્લે જાય છે, અને પછી માસક નહીં મળ્યાની ફરિયાદ કરે છે. તેથી દરેક ગ્રાહકે પોતાનું સ્થળ બદલાવતાંની સાથે સરનામાનો ફેરફાર અમોને જણાવવો જેથી ફરિયાદનું કારણ રહે નહીં.

શ્રીમાળી શુભેચ્છક.

इच्छन्शुभं यः स्वपरस्य नित्यं कृन्तत्यशुभं कुलदेवी तस्य।
विचार्य चैवं विहरन्तु सर्वे श्रीमाळी शुभेच्छक इच्छतीत्थम् ॥

(જે મનુષ્ય હમેશાં પોતાનું તેમજ પારકાનું શુભ ઇચ્છે છે તેનું અશુભ શ્રી મહાલક્ષ્મી નાશ કરે છે. આ સૂત્રનો દરેક બંધુ વિચાર રાખી તે પ્રમાણે વર્તો એમ શ્રીમાળી શુભેચ્છક ઇચ્છે છે. રા. મ. અયાચી)

પુ. ૪ થું.] ઓક્ટોબર ૧૯૨૩ [અંક ૧૦

पछी केम ?

(ગઝલ.)

૧.

બચેગી મહિં બણવું ઘટે,
બણ્યા પર રહાં બારે બર્ણું;
" નહિં દુઃખ દેવું કોઇને, "
મારી ફરજ મ્હારી ગણું.—

૨.

વળી માત, તાત, વડીલને,
નેહે નિરંતર હું નમું;
સાહસ સ્વભાવે સર્વના,
દિલમાં વિરાજી હું રમું.—

૩.

રહું દૂર રોજ કુમંપથી,
ને કારમા કંકાસથી;
પછી કેમ હૃદયો નવ ભર્યું,
પરમાત્મ પ્રેમ પ્રકાશથી ?—

ચન્દ્રકાન્ત મંગળજી ઝોઝા.

કૃષ્ણવંસીનાદ કથન.

બંસી નાદ છાઈ રહે વિશ્વે બંસી.

૧.

સ્થળજળ પર્વતપાણ વ્યોમે
તારામહ-મંડળ વિલોકે;
ઓક ચિત્ત બની આત્મન સર્વે,
કૃષ્ણ બંસી કથનમહિં રેમે.
બંસી નાદ છાઈ રહે વિશ્વે.

૨.

મન વચન કર્મ શુદ્ધ દેહે,
સ્વતંત્ર અહિંસક વૃત્તિ સજ્જને;
સર્વભૂતહિતેરત પંથી,
ભક્તિ જ્ઞાનથી મોક્ષ જતી મે.
બંસી નાદ છાઈ રહે વિશ્વે.

૩.

દુઃખભંજન બની સ્નેહ પ્રસારી,
દ્વૈતાદ્વૈત સમ ભેદ વિસરજે;
પરમ પ્રેમ ભરપ્યલે ચોટ્યા,
અખંડ શાશ્વત શાંતિ વરી મે.
બંસી નાદ છાઈ રહે વિશ્વે બંસી નાદ.

અનુપમ ન્હા. દ. કવિ.

જ્ઞાતિને માટે.

(ગજલ.)

અમે જીવન સમર્પીશું, અમારી જ્ઞાતીને માટે,
અમે બસ દુઃખ પણ લઈશું, અમારી જ્ઞાતીને માટે.
અમારી એક ઇચ્છા છે, અમારી જ્ઞાતી સેવાની.
અનોખા કષ્ટ તો સહીશું, અમારી જ્ઞાતીને માટે.

સેવા ભાવના પ્રગટી, અમારી અન્ય જ્ઞાતીમાં.
સેવા ધર્મ અમે ધરીશું, અમારી જ્ઞાતીને માટે..
નસો નસ રક્ત વહે તો પણ, ડરીને જ્ઞાતીની સેવા,
નહિં કદી અમે તજીએ, અમારી જ્ઞાતીને માટે.
ગહન છે જ્ઞાતીની સેવા, અમોને પ્રાણથી પ્યારી,
ભાખારી જ્ઞાતીને બંધુયે, અમારી જ્ઞાતીને માટે.
શ્રીમાળી શુભેચ્છક બંધુ, હળી સૌ સંપથી ચાલો.
કુધારાને કરો અળગા, સુધારો હાથમાં ઝાલો.

લી. દાસાનુદાસ,
દયારામ નારણજીના પ્રણામ.

પત્રિકા નં. ૧.

ગોહિલવાડી શ્રીમાળીઓને.

'લીંબડીમાં ભરાએલી આપણી પરિષદ આપણામાં ઉત્સાહ અને કામ કરવાની પ્રેરણા રેડવામાં કૃણાભૂત નિવડીછે એતેા નિર્વિવાદ જ છે. તે પ્રસંગે પસાર થએલા ઠરાવેા કદંત ભલામણરૂપે જ હેાઇને કેાઇને બન્ધન કરતા છેજ નહીં અને તેથી જ સુધારાની જ્ઞાતિમાં આવશ્યકતા છે, તેની આશા રાખી શકાય નહીં.

જ્ઞાતિમાં જો કંઈક બંધારણ અને વ્યવસ્થા હેાય, તેા જ ઠરાવેાનું પાલન થઈ શકે, તેા જ તેમને અમલમાં મૂકી શકાય. એકાએક સમગ્ર શ્રીમાળી બ્રાહ્મણેાનું બંધારણ બાંધવું એ પગલું સાહસ ભરેલું જ ગણાય અને કેાઈ દિવસ સફળ થાય જ નહીં. તેટલા માટે લીંબડી પરિષદના પ્રમુખ શ્રીમાન્ વિઠ્ઠલદાસભાઇએ તેમની પરિષદ પત્રિકા દ્વારા પ્રાન્તિક સમ્મેલનની યેાજના રજુ કરી છે.

વાતેા કરવાનેા યુગ વીતી ગયેા છે, અત્યારે તેા સર્વેએ કાર્યક્ષેત્રમાં ઝંપલાવવાની જરૂર છે. જુના રિવાજો, કુધારા, હાનિકારક રૂઢીઓ, વિક્ષેપ રૂપક તડાં વિગેરેનેા ધ્વંસ કરી જ્ઞાતિનું એક સુઘટિત બંધારણ બાંધી, તે

દ્વારા ઉન્નતિ પ્રેરક રિવાજો ઘડી કઢાવવાની આવશ્યકતા છે. તેમાટે પ્રાન્તિક સમ્મેલનો ભરવાની ખાસ જરૂર છે. પ્રત્યેક પ્રાન્તના પોતાના ગામની સર્વ જોખમદારી માથે ઉપાડનારા પ્રતિનિધિઓએ નક્કી કરેલે સ્થળે એકઠા મળી જ્ઞાતિનું સર્વ સામાન્ય બંધારણ બાંધવું અને તે નિયમો પ્રમાણે વ્યવસ્થા કરવા પ્રત્યેક પ્રાન્તના પ્રતિનિધિઓની તે તે પ્રાન્ત માટે એક કમીટી નિમવી. આ રીતે બંધારણ અને વ્યવસ્થા કરવામાં આવે તો જ્ઞાતિમાટે કંઈક ઉજ્વળ આશા રાખી શકાય.

જ્ઞાતિની પરિસ્થિતિ જોતાં જો અત્યારની દશા કાયમ રહે તો વખત જતાં જ્ઞાતિ ઘણીજ કઢંગી સ્થિતિમાં આવી પડે. એટલા માટે અગમચેતી વાપરી જ્ઞાતિ સુધારણાના તાત્કાલિક પગલાં લેવાં અને શ્રીમાન્ વિઠ્ઠલદાસ-ભાઈની યોજના પ્રમાણે સમગ્ર જ્ઞાતિનું સમ્મેલન એકત્ર કરી તે કાર્ય શરૂ કરવા કરતાં પ્રથમ પ્રાન્તિક સમ્મેલનો દ્વારા તે કામ ઉપાડવું. આમ કરવાથી દરેક પ્રાન્તની કાર્યકાર્યતા જણાઈ આવશે અને ભવિષ્યમાં શું કરવું તેનો માર્ગ સરલ થઈ જશે.

અમે ગોહિલવાડ નિવાસી શ્રીમાળી બન્ધુઓને નમ્રતા પૂર્વક પૂછીએ છીએ કે આપ સર્વે આ બાબતમાં કંઈ પ્રયાસ કરો છો કે નહીં? પ્રાંતિક સમ્મેલનો માટે આપનો શો અભિપ્રાય છે? આપ જ્ઞાતિ સુધારણાના પ્રશ્ન પરત્વે કંઈ વ્યવહારૂ સૂચના કરી શકો તેમ છો કે નહીં? પ્રગતિનો આ જમાનો છે, કાર્યદક્ષતાનો આ યુગછે. અમને આશા છે કે આપ પણ કંઈક પ્રવૃત્તિ કરી રહ્યા હશો, તો આપ આપના વિચારો અમને લખી જણાવશો અને જ્ઞાતિને એકત્રીત કરી ઉન્નતિના પ્રયાસો કરવામાં એક બીજાને સહાયભૂત થશો. એજ.

લી. સેવકો,

મગનલાલ શ્યામજી ત્રિવેદી,

કુલેરાય મગનલાલ ઓઝા,

સંયુક્ત મંત્રીઓ, શ્રી. ખા. યુવક મંડળ,

મહુવા.

"વિદ્યાર્થી"

વિદ્યાર્થી એટલે જગતનું નૂર. વિદ્યાર્થી એટલે જગતની કીર્તિ. વિદ્યાર્થી એટલે જ્ઞાનની પરાકાષ્ટા. વિદ્યાર્થી એટલે દેશાભિમાનની પરિસીમા. વિદ્યાર્થી એટલે બહુશ્રુતપણું. વિદ્યાર્થી એટલે અનુકરણીય આદર્શ. વિદ્યાર્થી એટલે ઋષિજીવન.

આ અને આવા બીજા અનેકાર્થ વિદ્યાર્થી વર્ગને લાગુ પાડી શકાય. વિદ્યાર્થી એ બધા આદર્શોનું શુદ્ધ પ્રતિબિંબ છે. તેની જ્ઞાન તરસ અનુપમ દશામાં રહેવી જોઇએ. નિર્દોષતા અને દયા-ક્ષમાનો ઝરો તેનામાં અખૂટ હોવો અને રહેવો જોઇએ. સ્વાધ્યાય એ તેના શ્વાસોચ્છ્વાસની ક્રિયા બનવી જોઇએ. બ્રહ્મચર્યનું પાલન મનસા, વાચા, કર્મણા થવું જોઇએ.

જાપાન, જર્મની અને ઇંગ્લાંડની પ્રીતિ તેના વિદ્યાર્થીઓ પર અવર્ણનીય ગણાય. રશિઆનો અજીતદુર્ગ પોર્ટઆર્થર જાપાને સર કરવાનું બ્યુગલ ફુંક્યું, ત્યારે જાપાનની શાળાઓ ખાલી થવા પામી. સ્ત્રીઓએ પોતાનો કેશકલાપ કપાવી તોપો ખેંચવા માટે દોરડાં બનાવ્યાં. દેશસંરક્ષણાર્થે લાખો નૌજવાન વિદ્યાર્થીઓ લશ્કરની ભરતીમાં સામેલ થયા. વિદ્યાર્થી, એ એક એવું બળ છે, કે ગમે તેવી મહાન્ સલ્તનતના ધારે તો ફુરચા ઉડાવી દે છે. જાપાને પોર્ટઆર્થર પર જાપાનીસ વાવટો ફરકાવ્યો. જાપાનની જિંકત જાપાનના સાહસિક બાલકોજ ગણાય.

રામ, કૃષ્ણ અને સુદામા જેવું વિદ્યાર્થીજીવન સાંદિપની સમા સુરગુરૂને ત્યાં ન જીવી શકીએ તો ઉચ્ચાશયોને પહોંચી વળવું ખરેખર દુઃપ્રાપ્ય છે.

પ્રાચિનકાલના ઋષિ આશ્રમોમાં દરેક વિદ્યાર્થીના પિતાને મળેલું માનદ પદ યથાર્થ હતું. બ્રાહ્મમુહૂર્તમાં જગતની નિઃસ્તબ્ધતાની વેળાએ, પક્ષીગણોના મધુર તાલબદ્ધ આલાપોની સાથે, જગન્નિયંતાનું સ્મરણ કરતાં શય્યા ત્યાગ થતો. શૌચ, દંતધાવન, સ્નાનાદિક ક્રિયાઓ સરિતાના તીરપ્રાંતમાં રહી કરતા. આશોક અને પરશોકના કલ્યાણાર્થે સંધ્યાદિક નિત્યકર્મો ગૃહાશ્રમ પૂર્વ પ્રચલિત પ્રણાલિ અનુસાર થતાં. નિત્યકર્મથી નિવૃત્ત થતાં

ભગવાન સહસ્ર રશ્મિની આનંદમય જ્યોતિ ફેંકાતાં પુષ્પવાટિકાઓમાં શિષ્યવૃંદ ફળ, ફુલ, કુશ–સમિધ લેવા દોડી જતું. હરિણ બાળોના સંપર્કમાં આવવું થતું. મૃગશીશુઓની નિર્દોષતા, ચાંચલ્ય, સૌંદર્ય, અને સ્ફુર્તિ તેમના જીવનમાં ઉતરતી–વણાતી. કુદરતની વ્હાલસોયી સોડમાં વિદ્યાર્થીજગત (પ્રાચિનકાળનું) ખેલતું. ઋતુઓ અને કુદરત પાસેથી આ બાલકો પ્રેરણા પામતા. સરિતાના સલિલસ્રોતનો મધુર ભાવમય નિનાદ, વૃક્ષરાજ્ઞીઓમાં નવચેતન ભરતા મરૂત્ ભગવાનનો ફુંફાડો, બાલલતાદિ પરનાં પુષ્પો પરથી ધસડાઇ આવતો શીતળ સૈંગધિક પરિમળ, પુષ્પોનું નિયમિત પ્રસ્ફોટન આ બધું વિદ્યાર્થીજીવનનો વિકાસ કરનારૂં નિવડતું. વિદ્યાર્થી કુદરતની આ બધી લીલા પી પીને ખૂબ ધરાતો. કુદરતનાં પ્રત્યક્ષ દર્શન તેને હંમેશાં થયા કરતાં. પશ્ચાત્ ગુરૂપૂજન થતું.

ગુરૂ એટલે સંયમની પ્રતિમા. ગુરૂ એટલે ચૈતન્યમૂર્તિ. ગુરૂ એટલે જ્ઞાનાતિત, ગુરૂ એટલે દૈવિ સંપત્તિ. ગુરૂ એટલે સ્થિત પ્રજ્ઞ–સમદર્શી.

આવા ગુરૂજીના સહવાસમાં વિદ્યાર્થીજીવન વ્યતિત થતું. પઠન–પાઠનનો આરંભ થતાં વેદ, શાસ્ત્ર ઉપનિષદાદિનાં ગીત થતાં. પૂર્ણ ઓજસ્વિની ગિર્વાણગીરા વટવૃક્ષની માફક ફાલી–ફુલી રહેતી. માતૃભાષા સંસ્કૃતનાં મિષ્ટફળો કાલીદાસે ચાખ્યાં. બાણ, ભારવી, માઘ, ભવભૂતિએ ચાખ્યાં, વ્યાસ, વાલ્મિકિ, મનુ અને યાજ્ઞવલ્કય તેનાં પંચાગ ખોળી ખોળીને ખાઈ ગયા.

શાકુંતલે વિશ્વને મોહિત કર્યું. મંતુસ્મૃતિ ભારતવર્ષનો પ્રાણ થઇ પડી. ગીતાનો કૃષ્ણાર્જુન સંવાદ જંગતની મિલ્કત ગણાયો.

પાતંજલ યોગસૂત્ર યોગાભ્યાસીઓને માર્ગદર્શક નિવડયા.

ગણિતાધ્યાય–ગોલાધ્યાય અને સિદ્ધાંત શિરોમણી હર્શલ જેવા પાશ્ચાત્ય ખગોળશાસ્ત્રીઓનું જીવન થઇ પડયું.

ક્યાં ગયું એ પ્રસ્થિત સતિસ્ફ ક્યાં ગયા એ જ્ઞાનતિતાદિ જ્યાં ગયા એ ઋષિઆશ્રમો? પ્રાચિનકાળનું વિદ્યાર્થીજીવન ક્યાં વિલિત થવા પામ્યું?

જે પ્રજા પોતાના બાલકોના શિક્ષણની વ્યવસ્થા નથી કરતી તે પ્રજા જીવતી છતાં મરેલી સમજવી. નલંદ, તક્ષશીલા જેવાં વિદ્યાપીઠો અત્યારે

ક્યાં છે? બિહારના એ બધા વિહારો-ઋષિઆશ્રમો આપણા કયા પાપે અદૃસ્ય થયાં? કાલી-કુલી વહેતી સરિતાઓ શાથી સુકાવા માંડી? હાય! વૃક્ષો, વેલા એ બધામાંથી જીવન ઉડવા લાગ્યું!

આકાશમાર્ગે પંચવટી તરફ આવતાં રાવણને જોઈ જેમ ગંગાનાં પાણી સ્થિર થઈ ગયાં તદ્વત્ પાશ્ચાત્ય સંસ્કૃતિ આવતાં ભારતવર્ષનું જીવન નીચો-વાઈ ગયું, ચૈતન્યશક્તિ નાશ પામી. બાલકો વામન ભગવાન જેવા શરીરના બન્યા. શિક્ષણપ્રણાલી હાનિપ્રદ હોવાથી ઋષિજીવન નામશેષ થઈ ગયું. હવે જેમ જેમ પાશ્ચાત્ય સંસ્કૃતિના મોહપાશમાંથી આપણે છૂટીશું, તેમ તેમ સુકાયલી વેલીઓ, વનસ્પતિઓ, જલાશયો બધાં પુનર્જીવન પ્રાપ્ત કરશે. નલંદ અને તક્ષશીલા જેવાં નામશેષ થએલાં વિદ્યાપીઠો પુનઃ અસ્તિત્વમાં આવશે. મોહનની મધુરી બંસીનો નાદ વિશ્વમાં પ્રાણ પ્રેરી રહ્યો છે. જર્મની, જાપાન, ચીન, અરબસ્તાન મીસરને કોરીઆ આ પૂર્વના પયગમ્બરને નિહાળવા તલપાપડ થઈ રહ્યાં છે.

ભારતની પ્રાચિન સંસ્કૃતિ વિદ્યાર્થીઓના પરિશ્રમ વગર મેળવવી મુશ્કેલ છે. સરકારી શાળા-પાઠશાળાઓનો ત્યાગ કરી પ્રજાના પોષણથી ચાલતી શાળાઓ તાત્કાલિક મોટા પ્રમાણમાં ઉભી થવાની જરૂર છે. ગુજરાતે આ દિશામાં ઉજળું મોઢું રાખી ફરવા જેવું કાંઈક કર્યું છે. જાતિને માટે ભગીરથ પ્રયત્ન કરનાર અમદાવાદ છાત્રાલયના સંચાલકો આવો એક ફલદાયી પ્રયત્ન કરી રહ્યા છે. **પ્રાચિન આશ્રમોની ઝાંખી તે દ્વારા આપણે કરી શકીશું. તમારા દાનનાં ઝરણાં હવે એ સંસ્થામાં વહેવડાવો. તમારું બ્રહ્મત્વ, તમારું પ્રાચિનત્વ, બધું આ દ્વારા આપણે મેળવી શકીશું.**

ૐ શાંતીઃ શાંતીઃ શાંતીઃ

લી. સેવક,

જયંતીલાલ નરોત્તમ ધ્યાની.

ચુકલતીર્થ.

'પણ વેવિશાળ થઈ ગયું છે ને?'

"એટલે શું? પિતાએ પોતાની લોભી વૃત્તિને આધીન થઈ રત્ન જેવી દિકરીને વેચી. એક મુડદા સાથે પરણાવવાની પેરવી રચી. પરન્તુ તેમ કદી બનવાનું હતું?"

"કેમ નહીં બને? શું વેવિશાળ તોડી નાખીશ?"

'હા, અને તેને કનૈયા કુંવર સાથે પરણાવીશ.'

'એમ થાય ખરૂં? આબરૂ ન જાય?'

'આબરૂ? મ્હારી બ્હેન! તું હજુ બ્હાની છો, અણસમજુ છો, તેને જગતની શી ખબર? વૃદ્ધની સાથે બ્હાની-ઉગતી-ઉછળતી બાલિકાના લગ્ન. એ કલ્પનાજ ત્રાસ ઉપજાવે તેવી છે. ક્યાં એક આશાભર્યું ખીલી રહેલું કુમળું ફુલ અને ક્યાં મૃત્યુને બેટવા તત્પર બની રહેલો વૃદ્ધ! એકની ગતિ ઉંચી છે, તો બીજું નીચે નીચે જઈ રહ્યું છે. એમનો મેળ ક્યાં મળવાનો? વૃદ્ધની સાથે કુમળી-ઉછળતી-બાલિકાના લગ્ન એટલે એક અણવિકસ્યા પુષ્પને પદપ્રહારે છુંદી નાખવું, મહાગારીમાં ધકેલી દેવું, મૃત્યુના મુખમાં બલિદાન આપવું; લગ્નની મહામૂલી-ઉચ્ચ-દૈવી-ભાવનાઓનો ધ્વંસ કરવો અને તે વિનાશમાં નિજ કુટુમ્બનું-નિજ સર્વસ્વનું-બલિદાન દેવું. એમાં શી આબરૂ? એ બલિદાન હું નહીં દેવા દઉં. પિતાની બુદ્ધિ નીચ થઈ ગઇ છે. તેમને લોભે ચોતરફથી ઘેરી લીધા છે. એટલેજ તેઓ નિજ કુસુમને વેચવા ઉભા થયા છે, સદ્‌ગુણી મૃત પત્નીની પ્રતિમારૂપ વ્હાલી બાળકીને ઠંડી નાખવા, કાળના મુખમાં આપવા તૈયાર થયા છે. મૃત દેહને આપેલાં વચનને ઠોકરે ઉરાડવા તત્પર થયા છે-વિશ્વાસઘાત-મૃતદેહપ્રતિ વિશ્વાસઘાત-નું ભયંકર પાપ વહોરી લેવા આગળ પડ્યા છે. હું તેમને તે પાપમાંથી બચાવીશ. હું તેમને અત્યાચારી નહીં થવા દઉં. પુત્ર તરીકેની મ્હારી તે ફરજ છે. આ લગ્ન નહીંજ થાય-હું નહીં થવા દઉં.'

"જુવાન સ્ત્રી એ વૃદ્ધને વિષ સમાન છે ખરૂંને? તોયે તેઓ લગ્ન કરવા શા માટે તૈયાર હશે? ઝેર લેશે તો મરી નહીં જાય?'

"કદાચ વિષયાન્ધ દૃષ્ટિથી તે ઝેરને પણ અમૃત લેખતા હોય, તોપણ તેઓ મૃત્યુને કાંઠે બેઠા છે, અને થોડાજ સમયમાં સિધાવ્યા. અને પછી? -મ્હારી બ્હેન આવી કુમળી બાલિકા જીવનભરનું વૈધવ્ય પ્રાપ્ત

કરે?–એ લગ્ન હું નહીં થવા દઉં. તે નહીં થાય. મેં સર્વ તૈયારીઓ કરી રાખી છે. ગરીબના બેલી, ધણુયે હોય છે."

"ત્યારે શું તને આની ખબર હતી?–પણ તું આજે મોડો કેમ આવ્યો? હું તો તારી રાહ જોઈ જોઈને થાકી ગઈ'તી. તારા વિનાં મ્હારા મનની મુંઝવણ કોણ દૂર કરત?"

"બ્હેન, મ્હને તેના સમાચાર રસ્તામાંજ મળ્યા. પોતાનો પરાક્રમના બણગાં ફૂંકવાં મોરાર ભટ્ટ મ્હને રસ્તામાંજ મળ્યા અને મૂછે તાલ દઈ બોલવા લાગ્યા.–'આખરે અમ્હે ફાવ્યા છીએ હોં કે રાગશંકર કાકાનો તું સગો સાળો, રહમજ્યોને.' હું તો સડકજ થઈ ગયો. મ્હારી નસોમાં ગરમ લોહી વહેવા લાગ્યું. ક્રોધને લીધે હું કશું બોલી શક્યોજ નહીં. પરન્તુ કશાનો યોગ્ય પ્રત્યુત્તર વાળવાની મનમાં ગાંઠ વાળી, હું મ્હારા એક મિત્રને ત્યાં ગયો. વાતમાં ને વાતમાં સમસ્ત જ્ઞાતિમાં ઝળકી રહેલી એક વ્યક્તિ યાદ આવી. એક ગરીબનો બેલી મ્હને મળી આવ્યો. તે ધનવાન નથી પરન્તુ શ્રીમંત કરતાં યે અધીક છે. તેની વિદ્વતા, તેની પ્રતિષ્ઠા, તેની નિષ્ઠા વગેરે અનોખાંજ છે. જ્ઞાતિનું તે એક આશાભર્યું રત્ન છે, ગરીબનો બેલી, નોધારાંનો આધાર આપણી જ્ઞાતિમાં તે એક અદ્વિતીય પૂર્ણ વ્યક્તિ છે. તેની જીવનભરની લાલસા ફક્ત એકજ છે. અમ્હે તેને પત્ર લખ્યો છે. આ જન્મ બ્રહ્મચારી રહેવાનો તેનો સંકલ્પ છે. પરંતુ ગરીબનો બેલી બનવા, દુઃખીયાનો વિસામો બનવા તે અવશ્ય તેના નિશ્ચયનું બલિદાન દેશે.–તું નિશ્ચિન્તજ રહેજે, મ્હારી બ્હેન! તું હજુ બાલિકાજ છો, કાલી-ઘેલી એક નિર્દોષ બાલિકાજ, તને દુનિયાદારીની શી ખબર પડે? હું જ્યાં સુધી તારે પડખે છું. ત્યાં સુધી તારું અનિષ્ટ કરવા કોઈ સમર્થ નથી. મ્હારી બ્હેન!"

"પરન્તુ બાપ એક દિવસ બાપા નહોતા કહેતા કે શાન્તાનું ક્યાંક વેવિશાળ થાય તો પછી રસિકને માટે ક્યાંયક કેકાણું શોધી શકાય. તેમની સામો પડીશ તો પછી તને કોણ પરણાવશે?"

"હવે અત્યારેજ તેમના બોલવાની પૂરી સ્વમજણ પડે છે. શાન્તાની હરરાજ કરવી અને તે દ્રવ્યમાંથી મ્હારા લગ્ન કરવાં–અરે જે દ્રવ્યને હાથ લગાડતાં પણ મનુષ્યની સર્વ પહેડીઓ નર્કમાં જાય, તેનું નિકંદન નિકળી જાય, તે દ્રવ્યમાંથી મ્હારે લગ્ન કરવાં? જે દ્રવ્યને અડકવાથી પ્રાય-

શ્રિતનો ભાર્ગ પણ ન જડે, તે દ્રવ્યથી હું પરણું? શા નીચ, લંપટ વિચાર? પરન્તુ બ્હેન! હું પરણવાનોજ નથી. ન પરણવાનો સંકલ્પ હું ગ્રહણ કરી મ્હારૂં જીવન સર્વસ્વ મ્હારી જ્ઞાતિને સમર્પીશ. બ્હેન! એક પરદુઃખ ભાંગવા-પરાયા હિત માટે પોતાનો સંકલ્પ ત્યાગશે અને બીજો તેની જગ્યા લઈ તેનું કાર્ય ઉપાડી લેશે. તમારા વિક્રયથી મળેલા દ્રવ્યમાંથી હું પરણું? મ્હારી બ્હેનને હું વેચું? એ કલ્પના પણ ન કરીશ બ્હેન! તમારૂં અનિષ્ટ હું બેઠે કદી નહીં થવા દઉં, મ્હારી નિર્દોષ બ્હેન! સદ્‌ગુણી કાશીબાની ગુણીમલ પ્રતિમા, મ્હારી બ્હેન!"

'ગરીબનો બેલી મ્હારો ભાઈ!' અપૂર્ણ.

શ્રીમાળી બ્રાહ્મણ છાત્રાલય—અમદાવાદ.

૫) કાશિરામ ભાઈશંકર ઓઝા, પ્રથમ વર્ગના સભાસદ તરિકેના.

૧૨) રા. રા. શંકરપ્રસાદ મૂળશંકર ત્રિવેદી, અમદાવાદ, તેમનાં સ્વ. પત્નીના તિથિ નિમિત્તે ભોજન માટે.

૫) રા. રા. શામજી વિશ્વનાથ ઓઝા, તેમના પુત્ર મુનીલાલનાં પત્ની સવિતાના પુણ્યાર્થે ભોજન માટે.

તે ઉપરાંત નીચે પ્રમાણે ભોજનોઃ—

૧ ભોજન રા. રા. પ્રાગજી મૂળશંકર દવે, મુંબાઈ, બળેવનું ભોજન.

૧ ભોજન શ્રીમતિ ધનલક્ષ્મી વલ્લભરામ દ્વિવેદી અમદાવાદ બળેવનું ભોજન.

૧ ભોજન રા. રા. જીવરામ જગજીવન દવે, અમદાવાદ, શ્રાવણ માસ મહાદેવ પૂજા પૂર્ણાહુતિ નિમિત્તે.

૫ વિદ્યાર્થીઓને ભોજન રા. રા. દામોદરદાસ ભાઈશંકર ઓઝા, અમદાવાદ

૧ ભોજન રા. રા. છોટાલાલ દલપતરામ કવિ સ્વ. ગંગાબાઈની સંવત્સરી નિમિત્તે ભોજન.

અન્ય મદદઃ—

પાંચ પુસ્તકો રા. રા. ભુલાભાઈ લાલભાઇ ત્રિવેદી પાટણવાળા તરફથી એક એક રૂપીઓ દર માસે બે વિદ્યાર્થીઓને શાળાની-ફી માટે રા. શિવશંકર વનમાળી ઓઝા તરફથી, તેમનાં સ્વ. પત્ની શિવલક્ષ્મીના સ્મર્ણાર્થે.

મન્ત્રીઓઃ—શ્રી. મ. ઝા. શ્રી. બ્રા. કે. મંડળ—અમદાવાદ.

૧૯૨૧ની સાલમાં શ્રીમાળી બ્રાહ્મણોની સંખ્યા.

(નર્મદાશંકર વ. દ્વિવેદી.)

સને ૧૯૨૦ ની સાલ આખરે હિંદની જે વસતી ગણત્રી સરકાર તરફથી કરવામાં આવી છે તેના મુંબઇ ઇલાકાને લગતા આંકડાની માહિતી-વાળા ૮ મા પુસ્તકમાં આ ઇલાકામાં વસતા શ્રીમાળી બ્રાહ્મણોની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છેઃ—

	પુરૂષો	સ્ત્રીઓ	એકંદર
મુંબઇ ઇલાકો	૬૨૦૩	૫૩૧૧	૧૧૫૧૪
કચ્છ	૩૮૪	૪૨૩	૮૦૭
ઝાલાવાડ	૫૪૨	૫૧૭	૧૦૫૯
ગોહિલવાડ	૯૦૫	૮૩૨	૧૭૩૭
હાલાર	૧૧૦૩	૧૦૬૧	૨૧૬૪
સોરઠ	૩૧૧	૨૮૨	૫૯૩
પાલનપુર	૧૧૨૦	૯૧૨	૨૦૩૨

ઉપરના કોઠા ઉપરથી આપણી (સામ અને યુજુર્ મળીને અને મારવાડી અને ઇલાકાની બહાર વસનારાઓ બાદ કરીને) એકંદર સંખ્યા ૧૧૫૧૪ ની છે. મતલબ કે કાંતો આપણી મૂળ સંખ્યા ૪૫ હજારની હતી એ વાત ખોટી હોવી જોઇએ; અગર જો તે વાતને ખરી માનીએ તો આપણી સંખ્યા ઘટીને ચોથા ભાગની થઈ ગઈ છે એમ સ્વીકારવું જોઇએ. બીજી દલીલ એ છે કે કેટલાંક અગત્યનાં મથકોમાં જ્ઞાતિ સંખ્યા ઘટી જતી જોવામાં આવે છે-જેમકે ધોળકા, કચ્છ, ઇળવદ વિગેરે. એ પણ બને કે દેશદેશાવર નીકળી જવાથી એ ઘટાડો થવા પામ્યો હોય.

જેવી રીતે 'શ્રીમાલપુરાણ'માં આપણી સંખ્યા ૪૫ હજારની જણાવી છે તેવીજ રીતે આપણા યજમાનોની સંખ્યા ૯૦ હજારની જણાવી છે. છેલ્લી વસ્તી ગણત્રીમાં મુંબઈ ઇલાકામાં વસતા શ્રીમાળી વણિકની સંખ્યા ૧૨૫૦૭ પુરૂષો અને ૧૧૨૮૧ સ્ત્રીઓ-એકંદર ૨૩૭૮૮ ની જણાવેલી છે એટલે જો આ આંકડા સાચા ધ્યાન રાખીએ અને એમ ધારી લઇએ કે આપણી સંખ્યામાં બહુ ઘટાડો થયો નથી તો આપણે એટલું તો સ્વીકારવું પડશે કે અગાઉ આપણી સંખ્યા ૪૫ હજારની નહિ હોય.

આમાં મારવાડી મેવાડી ઇત્યાદિ શ્રીમાળીઓની સંખ્યાનો સમાવેશ થતો નથી તેમજ ઇલાકાની બહાર વસતા શ્રીમાળીઓની સંખ્યા પણ આવતી નથી.

જ્યારથી હિંદુસ્તાનની વસ્તી ગણત્રી સરકારે શરૂ કરી છે ત્યારથી દર દશ દશ વર્ષે થતી ગણત્રીમાં હિંદની વસ્તીમાં વધારોજ માલમ પડેછે. આ મુદ્દા ઉપર જો આપણે માનીએ કે વસ્તી ગણત્રી પહેલાં આપણી જ્ઞાતિની સંખ્યા હાલના કરતાં ઓછી હતી તો ૪૫ હજારની સંખ્યા ન માનવાનું બીજું કારણ પ્રાપ્ત થાય છે. કદાચ એમ પણ હોય કે ૪૫૦૦૦ ની સંખ્યાનો કાળ ઘણો પ્રાચીન હોય.

ઉપરના કોઠા ઉપરથી બીજો વિચાર એ થાય છે કે પુરૂષો અને સ્ત્રીઓનું પ્રમાણ ૧૦૦:૮૫ નું લગભગ છે એટલે કે દર ૫ પુરૂષે લગભગ ૪ સ્ત્રીઓ આવે છે.

બધા પ્રાંતોમાં પુરૂષોની સંખ્યા સ્ત્રીઓ કરતાં વધારે છે જ્યારે કચ્છમાં તેથી ઉલટું છે.

મુંબઇ ઇલાકાની સંખ્યા ૧૧૫૧૪માંથી સામવેદીઓનું પ્રમાણ કે જે લગભગ યજુર્વેદીઓ કરતાં બમણું હશે તે બાદ કરીએ તો યજુર્વેદીઓની સંખ્યા ૩૮૦૦ અગર વધારેમાં વધારે ૪ હજારની રહે છે.

અન્ય બ્રાહ્મણ જ્ઞાતિઓની હાલમાં કેટલી સંખ્યા છે તે નીચે આંપી છે તે ઉપરથી કંઇક સરખામણી કરી શકાશે.

અનાવિલ	૨૯૫૫૨	સારસ્વત	૮૮૨૦૪
ઔદીચ્ય	૧૪૯૬૦૫	શ્રીગોડ	૧૦૨૬૦
ગરોડા	૧૩૬૪૨	તપોધન	૧૦૦૭૧
ખેડાવળ	૧૧૬૮૭	ચિત્તપાવન	૧૦૬૧૦૭
મેવાડા	૨૨૧૨૫	દેશસ્થ	૨૬૧૨૪૭
મોઢ	૨૨૦૫૮	દેવરૂખ	૬૧૪૨
નાગર	૨૨૨૦૧	હવીક	૩૬૧૭૮
પુષ્કરણાં	૪૪૬૧	કરહડા	૩૦૩૭૬
રાજગોર	૫૫૧૮		

ગરોડા કચ્છ અને મહીકાંઠામાં મોટે ભાગે રહે છે. ચિત્તપાવન, દેશસ્થ હવીક, કરહડા મહારાષ્ટ્ર અને દક્ષિણમાં રહેનારા છે. બાકીના નામો પરિચિત છે.

॥ ૐ તત્સત્પરમાત્મને નમઃ ॥

કોણ સરસ ?

અથવા

વિશ્વની વિચિત્રતા !

यः सुन्दरस्तद्वनिता कुरूपा या सुन्दरी सा पतिरूपहीना।[1]
यत्रोभयं तत्र दरिद्रता च विश्वेर्विचित्राणि विनिर्मितानि ॥१॥

सुभाषितम् ।

પ્રથમ દર્શન

ગૃહગમન

આપણી પ્રસ્તુત સત્યઘટનાવલંબિની સામાજિક સંક્ષિપ્ત કથાનો આરંભ ઇસ્વી સન્ ૧૯૧૭ ના ઑક્ટોબર માસની અઠ્ઠાવીસમી તારીખે થાય છે. એ દિવસે રાજસ્થાનના ઇતિહાસ પ્રસિદ્ધ અજમેર નગરમાં મુખ્યત્વે કરીને કાયસ્થ જાતિ ભૂષણ આત્મારામ કનૈયાના કુટુમ્બમાં અને સામાન્ય રીતે આખા નગરના હિન્દૂ લત્તાઓમાં પ્રાતઃકાલથીજ અપૂર્વ આનંદ તથા ઉત્સાહ દૃષ્ટિગોચર થતો હતો. નગરના પ્રતિષ્ઠિત કાયસ્થો, બ્રાહ્મણો, શ્રાવકો તેમજ અન્ય દ્વિજ ગૃહસ્થો સ્નાન સન્ધ્યા, દેવપૂજન તથા દેવ દર્શનાદિકનાં નિત્ય કર્મોથી નિવૃત્ત થઇને સ્ટેશનપર જવાની તૈયારીઓ કરી રહ્યા હતા. પ્રૌઢાવસ્થાને પ્રાપ્ત થયેલા પુરુષો જ નહિ કિન્તુ અજમેરના યુવકો તેમ જ વિદ્યાર્થીઓનાં મુખમંડળોપરથી પણ તેમના આન્તરિક આનંદોત્સાહનું સ્પષ્ટ રીતે અનુમાન કરી શકાતું હતું. આધુનિક પાશ્ચાત્ય શિક્ષા પ્રાપ્ત કરેલા કાયસ્થ ગૃહસ્થોનાં ગૃહોમાં તો સ્ત્રી સમાજ પણ આજના પ્રસંગની ચર્ચા કરતો જણાતો હતો; માત્ર એટલું જ નહિં, કિન્તુ તે પણ પુરુષોની પેઠે સ્ટેશને જવાની તૈયારી કરી રહ્યો હોય એવું લાગતું હતું. પરંતુ આ બધું શા સારૂ થઇ રહ્યું હતું ?

---

૧ "જે પુરુષ પોતે સુન્દર હોય છે તેને સ્ત્રી કુરૂપા અર્થાત્ રૂપ વગરની મળે છે; જે સ્ત્રી પોતે સુન્દર હોય છે તેને પતિ કદૂપો મળે છે; અને જ્યાં પુરુષ તેમ જ સ્ત્રી બન્ને સુન્દર હોય છે; ત્યાં દરિદ્રતાનો નિવાસ જોવામાં આવે છે. કહેવાનું તાત્પર્ય કે આ સંસારમાં વિધ-બ્રહ્માએ બધું વિચિત્રતા જ નિર્માણ કરેલું છે !"

એનું કારણ એ હતું કે આજે આઠ વાગ્યાની ગાડીમાં અજમેરની એક પ્રતિષ્ઠિત વ્યક્તિનું ગૃહાગમન થવાનું હતું. 'કાયસ્થ વિદ્યા પ્રચારિણી સભા તરફથી નીચેના આશયનાં હસ્તપત્રો આખા શહેરમાં વહેંચવામાં આવ્યાં હતાં

"ડૉક્ટર બલવીર કનૈયાનું સ્વદેશાગમન!

"અજમેરના વિદ્યાપ્રેમી આર્યબન્ધુઓ! આજે સ્થાનિક શ્રી 'કાયસ્થ વિદ્યા પ્રચારિણી સભા' આપ સર્વને એક વધામણી આપવા ઇચ્છેછે અને તે એ કે, અત્રેના વયોવૃદ્ધ તથા જ્ઞાનવૃદ્ધ કાયસ્થજાતિ ભૂષણ શ્રી. મોતમારામજી કનૈયાના કુલદીપક શ્રીયુત્ ડૉક્ટર બલવીર કનૈયા કે જેઓ આજથી પાંચ વર્ષની વાત પર પાશ્ચાત્ય ચિકિત્સા શાસ્ત્રનો યથાવિધિ અભ્યાસ કરવા સારૂ ઇગ્લૅન્ડ ગયા હતા, તેઓશ્રી પોતાનો વિદ્યાભ્યાસ સમાપ્ત કરી એલ એમ. એન્ડ એસ.ની માન ભરેલી પદવી પ્રાપ્ત કરી પુનઃ સ્વદેશ પધારે છે. તો તે પ્રસંગે તેમનો આદરસત્કાર કરવા સારૂ અજમેરનાં સમસ્ત વિદ્યાપ્રેમી નર નારીઓને સ્ટેશનપર પધારવા વિનંતિ કરવામાં આવે-છે. આગ ગાડીના આવવાનો વખત બરાબર આઠ વાગ્યાનો છે. જે લોકો સ્ટેશનપર ન આવી શકે તેઓ પોતપોતાનાં ઘરો તથા દુકાનો આગળ જ તેમનો કુલ પાનથી સત્કાર કરશે, એવી આશા રાખવામાં આવે છે. ડૉક્ટર સાહેબને બની શકશે ત્યાં સુધી સદર બજારમાં થઇને કાયસ્થ મુહલ્લામાં આવેલ 'વિદ્યાપ્રચારિણી સભા'ના કાર્યાલયમાં લઈ જવામાં આવશે. ત્યાં બરાબર નવ વાગ્યે જાહેર સભા ભરીને તેમને ઉપરોક્ત સભા તરફથી એક સન્માન પત્ર અર્પણ કરવામાં આવશે. સાયંકાલે તેઓશ્રીના મિત્રો તરફથી તેમને ઉદ્યાન ભોજન આપવામાં આવશે.

પ્રાતઃકાલની સભાનું પ્રમુખસ્થાન વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીયુત નૃસિંહ સ્વરૂપ શર્મા સ્વીકારશે. આશા છે કે વિદ્યાપ્રેમી સજ્જનો આ પ્રસંગનો લાભ લેવાનું ચૂકશે નહિ."

હસ્તપત્રમાં જણાવ્યા મુજબ અજમેરના હિન્દુનાગરિકોએ યુરોપના પ્રવાસથી પાછા ફરેલા બલવીર કનૈયાને સ્ટેશનપર, બજારમાં તેમજ જાહેર સભામાં યોગ્ય સન્માન આપ્યું હતું. સાંજે છ વાગ્યે શહેરથી બહારના બાગમાં પુષ્કર તીર્થ તરફ જવાના માર્ગપર આવેલા એક લક્ષાધિપતિ માહેશ્વરીના બંગલામાં બલવીરના સ્વજાતીય તેમજ અન્ય જાતીય મિત્રોએ ઉદ્યાન-ભોજન પણ આપ્યું હતું. એ પ્રસંગે એક સૌન્દર્યવતી તથા સંગીત કુશલા વારાંગનાના સંગીતનો કાર્યક્રમ પણ ગોઠવવામાં આવેલો હતો.

અસ્તુ: આ સ્થળે અમો કથાનાયક બલવીર કર્નયાનો સંક્ષિપ્ત પરિચય કરાવીશું તો તે અસ્થાને નહિ કહેવાય. આગળ ઉલ્લેખ કરી ગયા છીએ તેમ આપણો વાર્ત્તાનાયક કાયસ્થ જ્ઞાતિ ભૂષણ શ્રી. આત્મારામનો એકનો એક પુત્ર હતો. આત્મારામનું આખું જીવન રેલ્વેખાતામાં નોકરી કરવામાં વીતેલું હતું અને તે પણ ઘણુંખરૂં અજમેરમાંજ. જે વખતની આ કથાનો ઉલ્લેખ અમો કરી રહ્યા છીએ તે વખતે તેમને રેલ્વેકંપની તરફથી પેન્શન્ મળતું હતું. તેમણે પોતાના પુત્રને અજમેરની ગવર્મેન્ટ કોલેજમાં એફ. એ. (ઈન્ટર આર્ટસ) સુધીનું શિક્ષણ આપી ઇ. સ. ૧૯૦૮ માં ડાક્ટરી લાઇનનો અભ્યાસ કરવા સારૂ ઇંગ્લેન્ડ મોકલ્યો હતો. ઇશ્વરની કૃપાથી આજે તેમનો એ પુત્ર પોતાનો વિદ્યાભ્યાસ સમાપ્ત કરીને અજમેર આવી ગયો હતો. વૃદ્ધ આત્મારામની એક અભિલાષા તો પરમેશ્વરે પરિપૂર્ણ કરી હતી; અને તે માટે જે વખતે તેમને બલવીરના આવવાનો તાર મળ્યો હતો, તેજ વખતે તેમણે અશ્રુપૂર્ણ તેમ પ્રેમપૂર્ણ શબ્દોવડે ઈશ્વરનો આભાર માન્યો હતો. ઘરમાં પિતા પુત્ર તથા એક નોકર મળી ત્રણ પુરૂષ વ્યક્તિઓજ હતી; કારણ આત્મારામની અર્ધાંગનાનો બલવીર જ્યારે બાર વર્ષનો હતો ત્યારેજ સ્વર્ગવાસ થઇ ગયો હતો, અને બલવીરના લગ્ન અદ્યાપિ થયા નહોતા.

× × × ×

જે વખતે ડાક્ટર બલવીરનું આગમન થયું હતું, તેજ વખતે એક દીન અને માતાપિતાહીન બ્રાહ્મણ યુવકનું પણ અજમેરમાં આગમન થયું હતું. પરંતુ તેને કોઇએ પુષ્પની માલા પહેરાવી નહોતી; કોઇએ પોતાની મોટરમાં કે બે ઘોડાની ગાડીમાં બેસાડયો નહોતો; અને કોઈ સભા સમિતિએ તેને સન્માનપત્ર અર્પણ કર્યું નહોતું. આગગાડીમાંથી ઊતરીને તે બિચારો સીધો ધર્મશાળામાંજ પહોંચ્યો હતો. તેની મુખાકૃતિ તેમજ તેનાં વસ્ત્રોપરથી જણે કે તે સુદામાનો બીજો અવતારજ હોયની! એવો ભાસ થતો હતો. તેનું વય જોકે એકવીસ વર્ષનુંજ હતું તોપણ તેના પહેરવેશ તથા તેના શરીરની થયેલી દુર્દશાપરથી તે એકત્રીસ વર્ષનો હોય એમ લાગતું હતું. તેણે બુંગાલીઓની માફક છૂટી પાટલીઓવાળું ધોતિયું પહેર્યું હતું જે ધોતિયાં કરતાં ઘરમાં પહેરવાના પંચિયાને વધારે મળતું આવતું હતું. એક બગીસ અને તે પર એક હાફકોટ અને માથાપર કોઇ સાહ્યદ્રસ્થે પહેરીને દેખા દીધેલી હોય તેવી હંગેરિયન્ ટોપી એટલાં વસ્ત્રો સિવાય તેની પાસે બીજું કશું જોવામાં આવતું નહોતું. પરંતુ જ્યારે તે સ્ટેશનપરની બાંકમાં

થઇને બહાર નીકળી રહ્યો હતો, ત્યારે તેણે પોતાનો જમણો હાથ કોટના ખીસાપરજ રાખી મૂકેલો હતો. તેના ખીસામાં એવી તે જોખમની શી ચીજ હશે વારૂ? તે યુવક કોણ હશે અને અજમેરમાં તેનું આગમન શા સારૂ થયું હશે?

તે કોણ હતો, કયાંથી અને શા માટે આવ્યો હતો એ વિષે આપણે હાલ તરત જાણતા નથી. તોપણ ડૉક્ટર કનૈયાની સાથે સરખાવી જોતાં તેનામાં સર્વથા વિપરીત બાબતોજ દષ્ટિગોચર થતી હતી. બલવીર કનૈયાને પિતા હતા, જ્યારે આ અજ્ઞાત યુવક અનાથ હતો; બલવીર પગથી લઇને માથાસુધી ઇંગ્લિશ પહેરવેશથી સુશોભિત થયેલો હતો, જ્યારે આ બિચારાનાં સ્વદેશી બનાવટનાં ચાર લૂગડાં પણ મેલથી ભરેલાં હતાં; બલવીરને માન આપવા સારૂ સેંકડો નરનારીઓ સ્ટેશનપર, શહેરમાં તેમજ સભામાં એકત્ર થયાં હતાં; જ્યારે આ બાપડાને 'આવો' કહેનારૂં પણ કોઇ નહોતું! બલવીર કૃષ્ણકનૈયા જેવો મનોહર આકૃતિવાળો હતો; એ દરિદ્ર કોઈ સામું પણ ન જુએ તેવો કદરૂપો હતો. પરમાત્માની સૃષ્ટિમાં અનેક વિચિત્રતાઓ ભરેલી છે, તેમાંની આ પણ એક વિચિત્રતાજ નહિ તો બીજું શું કહી શકાય વારૂ?

અપૂર્ણ.

વૈદિક પદ્ધતિ અનુસાર બનાવવામાં આવતી

વૈદ્ય સી. જે. ભટ્ટ બ્રધર્સની

જગ પ્રસિદ્ધ

શાકુંતલો રાજા

યાને

બદામ (પીસ્તાની) પુરી.

અવશ્ય ખરીદી તમારા જ્ઞાન તંતુઓને સતેજ બનાવો.

રતલના ભાવ રા-૪-૬.

પોસ્ટેજ જુદું.

ઠે. રીચીરોડ, પાડા પોળ પાસે.

અમદાવાદ.

प्रासंगिक नोंध.

ધન્ય ગોહીલવાડઃ—જ્ઞાતિ ઉન્નતિ અને જ્ઞાતિ સંગઠનના પાયા રૂપ પ્રાન્તિક સમ્મેલનોની જરૂરીયાત જણાતાંની સાથે જ્ઞાતિના ઉત્સાહી ગોહીલવાડ પ્રાન્તે પોતાનું સમ્મેલન ભરવા માટે ઉત્સુકતા અને તત્પરતા દાખવ્યાં છે એ આનંદની વાત છે. ગોહિલવાડ જ્ઞાતિનું અગ્રગણ્ય છે. ગોહીલવાડના કેટલાક જ્ઞાતિ રિવાજો અનુકરણીય છે. ગોહીલવાડ જ્ઞાતિ કેળવણીની જરૂરીયાત સમજે છે. ગોહીલવાડ અન્ય પ્રાન્તો કરતાં વધારે મોટો કેળવાયેલો વર્ગ ધરાવે છે. પ્રાન્તિક સમ્મેલનને સંપૂર્ણ રીતે સરળ બનાવવું, એ સમ્મેલનને બીજા પ્રાન્તોના સમ્મેલનોનું પ્રેરક બનાવવું તે ગોહીલવાડી જ્ઞાતિ જનોની ખાસ ફરજ છે. સમ્મેલનને સફળ બનાવવામાં મુખ્ય વિગતો નીચે પ્રમાણે છે. સમ્મેલનનું અર્થ પ્રાપ્ત કરવું, સમ્મેલનમાં પ્રાન્તના દરેક ગામના આગેવાન જ્ઞાતિ ગૃહસ્થો અને પ્રતિનિધિઓની હાજરી મેળવવી, સમ્મેલનમાં જ્ઞાતિ સંગઠનની જરૂરીયાત સમજાવવી અને તેને માટે વ્યવહાર યોજના ઘડી કાઢવી. આટલી વસ્તુઓ પરિપૂર્ણ થાય તો સમ્મેલન સંપૂર્ણ રીતે સફળ થયું ગણાય. ગોહીલવાડ ઉત્સાહી ધનવાન જ્ઞાતિ ગૃહસ્થો ધરાવે છે તેથી આર્થિક સહાય્ય પ્રાપ્ત કરવી તે ગોહીલવાડને માટે રહેલી વાત છે. સમ્મેલન માટે જવાબદાર પ્રતિનિધિઓ અને આગેવાન નેતાઓની હાજરી પ્રાપ્ત કરવામાટે ભાવનગર યુવકમંડળે પોતાના કાર્યકરતાઓને દરેક દરેક ગામે ડેપ્યુટેશન રૂપે મોકલી સમ્મેલન અને જ્ઞાતિ સંગઠનની જરૂરીયાત સમજાવવાની ખાસ જરૂર છે. ગોહીલવાડમાં વિદ્યુલાસભાઈ જેવા આગેવાનો છે તેથી જ્ઞાતિ સંગઠનની વ્યવહાર યોજના તૈયાર કરવી તેને માટે સુલભ છે. અમે આશા રાખીએ છીએ કે ગોહીલવાડ પોતાનું પ્રાન્તીય સમ્મેલન સંપૂર્ણ રીતે સરળ બનાવવા તનતોડ મહેનત કરશે અને પોતાનાં સમ્મેલનને અન્ય પ્રાન્તોને અનુકરણીય અને ઉત્સાહ પ્રેરનાર બનાવશે. ગોહીલવાડ પોતાનું અગ્રપદ દીપાવશે અને કાયમ રાખશે એવી અમોને શ્રદ્ધા છે.

અમદાવાદ જ્ઞાતિ છાત્રાલયને મકાનની ખોટઃ—અમદાવાદમાં મૂકતે પોતાના સ્વર્ગસ્થ જ્ઞાનાભાસ જગન્નાથ જેથીએ પોતાનું મુકતે પોતાનું રહેવાકનું મકાન પોતાના અવસાન પહેલાં પોતે બીક કર્યું છે તેમાં અમદાવાદના શ્રી મહાજનની આમિત શ્રીમાળી બાલકૃષ્ણ કેળવણી મંડળ હસ્તક ચાલતા જ્ઞાતિના છાત્રાલયના નિભાવાર્થે આપવાની વ્યવસ્થા કરીછે.

જ્ઞાતિની અંદર આવો ઉચ્ચ જ્ઞાતિ ભાવ દર્શાવનાર સ્વર્ગસ્થ નહાનાલાલભાઈ પ્રથમ છે. પોતાની મીલ્કતનો જે સારામાં સારો ઉપયોગ થઇ શકે તે તેમણે કર્યો છે. જ્ઞાતિ બાળાની કેળવણી અર્થે, જ્ઞાતિ બાળાને વિદ્યાભ્યાસમાં મદદ રૂપ વિદ્યા દાન કરી તેમણે ઉત્તમ જ્ઞાતિભાવ દર્શાવ્યો છે. તેમના સગા સ્નેહીઓ સલાહકારો તથા તેમની માશીની દીકરી બ્હેન ઇચ્છા હરગોવિન્દ ધોળકાવાળાઓ પણ તેવોજ નિઃસ્વાર્થ જ્ઞાતિભાવ દર્શાવ્યો છે. તેમણે કરેલા ઉત્તમ દાનને માટે, તેમણે દર્શાવેલા ઉચ્ચ જ્ઞાતિભાવ માટે જ્ઞાતિ તેમની જેટલી પ્રસંશા કરે તેટલી ઓછી છે. પ્રભુ જ્ઞાતિમાં એવો જ ઉચ્ચ જ્ઞાતિ પ્રેમ અન્ય હૃદયોમાં પણ પ્રેરો. તન્ત્રી.

સુજ્ઞ ગ્રાહકોને.

ગત વર્ષે આખ શ્રીમાળી શુભેચ્છકને રા. ૮૭૦)ની બાદ આવી હતી તે અમે બેગાડ દર્શાવી ચૂક્યા હતા. આ બાદને પહોંચી વળવા માટે અમારા સુજ્ઞ ગ્રાહકોને નવા ગ્રાહકો પ્રાપ્ત કરી આપવા માટે તથા જ્ઞાતિ સાધન સંપન્ન ગૃહસ્થોને યથાશક્તિ આર્થિક સહાય્ય મોકલવા માટે વિનંતિ કરવામાં આવી હતી. કેટલાક ગ્રાહકોએ નવાં ગ્રાહકો મેળવી આપી અમારા ઉત્સાહમાં વધારો કર્યો છે તે માટે અમે તેમનો ઉપકાર માનીએ છીએ. થોડા ઘણા જ્ઞાતિ ગૃહસ્થોએ યથાશક્તિ આર્થિક સહાય્ય આપીને પણ શ્રીમાળી શુભેચ્છકની સેવાની કદર કરી છે, તે માટે તેમનો પણ ઉપકાર માનીએ છીએ. તે ઉપરાંત રા. દલપતરામ ત્રિવેદીની સહાય્યથી મુંબાઇમાં એક સીનેમા લેવામાં આવ્યો હતો અને તેના અર્ધ ભાગના રા. ૨૨૫) જેટલી રકમ આવેલી તે પણ દર્શાવાઈ ગએલ છે. એકંદરે રા. ૪૦૦) ની બાદ પૂરાઈ છે. હજુ રૂપીઆ ચારસોની બાદ પૂરતી બાકી રહે છે. કેટલીક કરકસરને અંગે ચાલુ વર્ષને અંતે નવી બાદ આવતી અમે અટકાવી શકીશું એવી અમોને આશા છે. પરન્તુ હજુ રા. ૪૦૦) ની બાદ જે બાકી રહેલી છે તેને પહોંચી વળવા માટે હજુ વધારે નવા ગ્રાહકોની જરૂર રહે છે. આવતા વર્ષમાં દરેક સુજ્ઞ ગ્રાહક પોતાથી બનતાં નવા ગ્રાહકો પ્રાપ્ત કરી આપવાની પોતાની ફરજ ચૂકશે નહિ તેવી અમે આશા રાખીએ છીએ. તે ઉપરાંત જ્ઞાતિના સાધન સંપન્ન ગૃહસ્થોને પણ અમે ફરીવાર વિનંતિ કરીએ છીએ કે આપ આપનાથી બની શકે તેટલી થોડી ઘણી આર્થિક મદદ મોકલી શ્રીમાળી શુભેચ્છકની સેવાની કદર કરશો. તન્ત્રી.

શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી-બ્રાહ્મણ કેળવણી મંડળ
અમદાવાદ.

મકાનદાળાની મહાલક્ષ્મીની છબીવાળી ટીકીટો.

ગયા અંકમાં અમદાવાદનું સરસ્વતી મન્દિર ઉભું કરવા માટે મકાન દાળાની મહાલક્ષ્મીજીની છબીવાળી રૂપીઆ એકવાળી ટીકીટો ભરાવવા અગર ભરવા માટે અપીલ બ્હાર પડી છે અને હકત ૧૨૫ ટીકીટો ભરી અથવા ભરાવી શકે તેવા સો ઉત્સાહી જ્ઞાતિ ગૃહસ્થોની માગણી કરી છે સદરહુ અપીલનું આશાજનક પરિણામ હજી દૃષ્ટ થયું નથી. પરન્તુ જ્ઞાતિ ગૃહસ્થો જ્ઞાતિના નામને ઐબ લાગવા નહિ દે અને એવા ઉત્સાહી ગૃહસ્થો જરૂર બહાર પડશે એવી આશા રહે છે. મકાનદાળાની બાબતમાં થોડી વિશેષ સૂચના આપવી જરૂરની છે.

આ બીજી અપીલ બ્હાર પડ્યા પછી હકત એક માસ પછી જ તુર્ત દીવાળી અને બેસતું વર્ષ આવે છે. દીવાળીની બોણી તરિકે અને બેસતા વર્ષના પુણ્ય નિમિત્તે ભેટ અને દાન આપવાની પ્રથા હિંદુઓમાં પ્રચલિત છે. દરેક જ્ઞાતિજન દીવાળીની બોણી તરિકે અગર બેસતા વર્ષના પુનિત દાન તરિકે યથાશક્તિ ટીકીટો ભરશે એવી હું ખાસ આશા રાખુંછું. બે દીવાળી અને બેસતા વર્ષના માંગલ્યકારી ઉત્સવો વખતે જ્ઞાતિ પ્રત્યેનો આપણો ભાવ દર્શાવવો આપણે ચૂકીએ તો આપણે હીણભાગી ગણાઇએ. તેથી દરેક જ્ઞાતિ જને પોતાના જ્ઞાતિભાવના સૂચક તરિકે થોડી ઘણી પણ મકાનદાળાની ટીકીટો ખરીદવા અને અન્ય ગૃહસ્થો પાસે ભરાવવા ખાસ ભલામણ છે. બેસતા વર્ષને દિવસે માતાજી મહાલક્ષ્મીજીના દર્શનાર્થે જવાની દરેક શ્રીમાળી પોતાની પવિત્ર ફરજ સમજે છે. મકાનદાળાની ટીકીટોમાં માતાજીની છબી છે તેથી માતાજીના દર્શનનો લાભ મળવા સાથે સરસ્વતી દેવીની ઉપાસના પણ થઈ શકશે. માતાજીના દર્શન, જ્ઞાતિમાં સરસ્વતી આવ્હાન, જ્ઞાતિ પ્રત્યેના ભાવનો સાક્ષાત્કાર અને જ્ઞાતિના બાળકોને વિદ્યા પ્રાપ્તિમાં પવિત્ર માંગલ્યકારી દિવસોમાં મદદ એ તમામ લાભ એકી સામટા ઉઠાવવાનું કયું હિણભાગી જ્ઞાતિ હૃદય પસંદ નહિ કરે? તેથી આશા છે કે દરેક જ્ઞાતિજન દિવાળીના તથા નૂતન વર્ષના પવિત્ર આનંદના દિવસોને જ્ઞાતિભાવ દર્શાવી વધારે માંગલ્યકારી અને પ્રોત્સાહક બનાવવા પ્રેરાશે. અસ્તુ.

ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી.

જ્ઞાતિ પરિષદ્ અને પરિસ્થિતિ.

ચાલુ સાલના કાર્તિક માસમાં લીંબડી મુકામે સમસ્ત શ્રીમાળી બ્રાહ્મણ પરિષદની બેઠક મળી ગયાને આજે લગભગ અગીયાર માસ પુરા થવા આવ્યા છે ત્યાં સુધીમાં પરિષદે કરેલા ઠરાવો તરફ દૃષ્ટિ ફેંકતા આશા અને નિરાશા બંને પ્રાપ્ત થાય છે. અલબત્ત આ પરિષદની બેઠક પહેલાંજ એવી તો માન્યતા રખાતી હતી કે આ પરિષદે કરેલા ઠરાવો સર્વત્ર સાંગોપાંગ અમલમાં આવવા મુસ્કેલ છે. ફક્ત ભ્રાતૃભાવ અને જ્ઞાતિ સંગઠન આથીજ પ્રાપ્ત થઇ શકશે. તેની સાથે પરિષદની ઉપયોગીતા પણ સિદ્ધ થઈ શકશે. આ દિશામાં તો નિરાશા નથી સંભવી શકતી. કારણકે ત્યારપછીના સમયમાં સર્વત્ર પરિષદની ઉપયોગીતા સ્વીકારાઇ છે અને ભ્રાતૃભાવ પણ વધ્યો છે એમ તો કહ્યા વગર નહિં ચાલે. નિરાશા માત્ર ઠરાવોના યથાસ્થિત અમલના અભાવનીજ છે. જ્યે કે કેટલાક ઠરાવોની કેટલાક સ્થળે થોડાક પ્રમાણમાં અમલ થવાની શરૂઆત થઈ ગઈ છે તોપણ એટલી બધી તો આશાજનક નથીજ કે જેથી આવતી મહા પરિષદ્ વેળા યોગ્ય પરિણામ રજુ કરી શકાય–તેમાંએ

સ્વયંસેવક દળ અને સ્થાનિક સમિતિઓ

સંબંધી તો કેવળ નિરાશાજ છે. અમે પ્રથમથીજ કહેતા આવ્યા છીએ કે પરિષદના બંધારણને સ્થિર કરવા તેમજ પરિષદની આજ્ઞાઓનો અમલ તથા પ્રચાર કરવા માટે સ્થાનિક સમિતિઓની સ્થાપનાની પહેલીજ જરૂર છે અને આવી સમિતિઓ સ્થાપવા તથા પરિષદના અંગનું કાર્ય કરવા સ્વયંસેવક દળો સ્થળે સ્થળે જોઇએજ. આ દિશામાં તો અમને અત્યાર સુધીમાં નિરાશાજ મળી છે. નાના ગામોને બાદ કરીએ તો ભાવનગર, જામનગર, વઢવાણ, રાજકોટ, મોરબી, માંગરોળ, પાટણ, મુંબઈ, અમદાવાદ જેવા સ્થળો કે જ્યાં ઉત્સાહી અને કેળવાયેલી વ્યક્તિઓનો સમુહ મોટા પ્રમાણમાં વસે છે ત્યાં પણ આ પ્રવૃત્તિમાં આશાજનક સ્થિતિ નથી. એક બીજાનો અંગત મત ગમે તે હોય, સ્થાનિક વિવાદ ગમે તે હોય તો પણ જ્ઞાતિ પરિષદના બંધારણરૂપ આ યોજના જ્યાં સુધી સ્થળે સ્થળે અમલમાં ન મુકાય ત્યાં સુધી ભવિષ્યની સુઆશાઓ આકાશકુસુમવતજ છે.

ગોહિલવાડ પ્રાંતિક પરિષદ્.

આથી જ પ્રાંતિક પરિષદો ભરવાની અગત્યતા જણાયાઈ છે અને જણીને સંતોષ ઉપજે છે કે મહુવાના યુવક મંડળે ગોહિલવાડ પ્રાંતિક પરિષદની બેઠક બોલાવવા ઠરાવ કરી યોગ્ય દીલચાલ ઉપાડી લીધી છે. આ દીલચાલ સ્તુત્ય છે અને તેને દરેક ગોહિલવાડીએ સંમત થઈ વધાવી લેવાની જરૂર છે. ગોહિલવાડનો જ્ઞાતિ જ્યારે પ્રમાણમાં મોટો તેમજ કેળવણીમાં આગળ વધેલો તેમ જ સ્થિતિમાં પણ યોગ્ય છે. આથી વધારે આશા રહે છે કે ગોહિલવાડીઓની આ પહેલ અન્ય પ્રાંતોને આવકારદાયક થઇ પડશે.

યુવક મંડળ હજુ લગતું છે. તેની પાસે કંઇની બીલકુલ સંતોષકારક સ્થિતિ નથી તેવામાં તેનો આ પ્રયત્ન જેટલો ભારે છે તેટલો જ ગહનત્વનો છે. શ્રીમાળી બ્રાહ્મણ પરિષદની બેઠકનો સવાલ પણ જ્યારે પ્રથમ હાથ ધરાયો હતો ત્યારે એક પાઇની પણ રકમ સિલિક નહોતી; છતાં જ્ઞાતિબાંધવોના આધાર ઉપરજ તે કાર્ય ઉપાડવામાં આવ્યું હતું અને ભાતાજીએ તે પાર પણ પાડયું છે. ગોહિલવાડ પ્રાંતિક પરિષદનું કાર્ય પણ જ્ઞાતિબાંધવો યથા શક્તિ મદદ આપી ઉપાડી લીધા વગર નહિ રહે તેની તો મને ખાત્રીજ છે. કેવલ યુવકમંડળે તે માટે સતત્ પ્રયત્ન કરવો પડશે.

આ માટે નીચેની સુચનાઓ મને તો આવશ્યક જણાય છે.

૧. પરિષદની બેઠક ભાવનગર બોલાવાય તો સારૂં.

૨. પરિષદનાં બંધારણની રૂએ પ્રતિનિધિ ફી, પ્રેક્ષક ફી અને ભોજન ફી રખાય તો અડચણ નથી.

૩. એકજ જાતિ ભોજન ખર્ચ ઉપાડી લે-તો વધારે સારૂં.

૪. નહિ તો ભાવનગર રથળ મોટું છે એટલે આવનાર પ્રતિનિધિઓ અને પ્રેક્ષકો પોતપોતાના સગાવ્હાલા યા સ્નેહિઓને ત્યાં ઉતરવા રહેવાનો બંદોબસ્ત કરે તો બહુજ સારૂં.

૫. આગળ પડતા ૨૫-૩૦ ધરોને ત્યાંજ આગતાસ્વાગતાને ઉતારવાની અને ભોજન વિગેરેની જવસ્થા કરવામાં આવે તો સગવડના સચવાય. જ્યારે બરડામાં જ્ઞાતિ પંચ તંત્રી સંમેલનની બેઠક મળી હતી ત્યારે લગભગ સો આમંત્રિતોને અમારી જ સગવડતાથી ઉતારવામાં

આવ્યા હતા. આથી ખર્ચના બચાવના સાથે કાર્યની અનુકૂળતા વધારે સાચવી શકાય છે.

યુવકમંડળે સ્થળે સ્થળે ફરી પ્રવૃત્તિ કરવાની અને સંપર્ક તારીખો તથા ઉપર પૈકી વધારે અનુકૂળ જણાય તેવી યોજના હાથ ધરવા વિનંતી છે.

ગોહિલવાડ પરિષદ્ મળતાં અન્ય પ્રાંતો પણ જાગશેજ.

ત્રિભો.

શ્રી મા. આ. શ્રી. બ્રા. કે. મંડળ—અમદાવાદ.

છાત્રાલયને મળેલા મકાનની ભેટ.

અમદાવાદના શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી મંડળના વ્યવસ્થાપકો તથા અમદાવાદના જ્ઞાતિ ગૃહસ્થોની આજ રોજ તારીખ ૧૩-૯-૨૩ ગુરૂવારના રોજ મળેલી આ સભા નીચે પ્રમાણે ઠરાવો કરેછેઃ-

ઠરાવ ૧ લોઃ—અમદાવાદમાં મુહૂર્ત પોળના રહીશ આપણી જ્ઞાતિના રા. રા. મ્હાનાલાલ જગન્નાથ જોશીએ પોતાના વીલમાં તેમના મુહૂર્ત પોળના રહેણાકના મકાનની પોતાના અવસાન પછી વ્યવસ્થા કરતાં તે મકાન અમદાવાદની શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી મંડળ તરફથી ચાલતી બોર્ડિંગના નિભાવાર્થે આપવાની વ્યવસ્થા કરી ઉત્તમ પ્રકારને જ્ઞાતિભાવ દર્શાવ્યો છે તે બદલ તેઓશ્રીનો ઉપકાર આ સભા માને છે તથા વીસ કર્મો બાદ કૂંક વખતમાં થયેલા તેમના અવસાન માટે પોતાના ઉંડા હૃદયથી દીલગીરી પ્રદર્શિત કરે છે તથા તેમના આત્માને સંપૂર્ણ શાન્તિ ઇચ્છે છે.

ઠરાવ ૨ જોઃ—ઠરાવ ૧ લામાં દર્શાવેલા મકાનની અમદાવાદ આપણી જ્ઞાતિની ચાલતી બોર્ડિંગના નિભાવાર્થે વ્યવસ્થા કરવામાં સ્વર્ગસ્થ મ્હાનાલાલભાઇને ઉત્તમ જ્ઞાતિભાવ યુક્ત સલાહ આપવા માટે સ્વર્ગસ્થ સલાહકારો તથા ખાસ કરીને સ્વર્ગસ્થની બાજીની દીકરી બ્હેન ઇચ્છા કુંવર ગોવિન્દ ધોળકાવાળાનો આ સભા ઉપકાર માને છે તથા તેમણે દર્શાવેલ નિઃસ્વાર્થ જ્ઞાતિભાવ માટે તેમને ધન્યવાદ આપે છે.

ઠરાવ ૩ જો:—ઉપરના ઠરાવો ૧, ૨ તી નકલો ગ્રાતિના પત્રોમાં તથા બીજા વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધ કરવા માટે મોકલવા તથા બાઇ ઇચ્છા પુરગોવિન્દને મોકલવા પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવે છે.

ઉપરના ઠરાવો રજુ કરનાર—રા. રા. જગનાથ ધોળાભાઇ ઓઝા.

અનુમોદન આપનાર—રા. રા. પ્રભાશંકર દેવશંકર શુકલ,
રા. રા. પ્રાણલાલ કામેશ્વર ત્રિવેદી.
રા. રા. દામોદરદાસ ભાઇશંકર ઓઝા.

ઓઝા જગનાથ ધોળાભાઇ, શુકલ પ્રભાશંકર દેવશંકર, ત્રિવેદી પ્રાણલાલ કામેશ્વર, ઓઝા દામોદરદાસ ભાઇશંકર, રવિશંકર જટાશંકર ત્રિવેદી, છોટાલાલ દલપતરામ કવિ, ચિમનલાલ દ. કવિ, કાશિરામ ભા ઇશંકર ઓઝા, ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી, રતિલાલ મોહનલાલ ત્રિવેદી, ઓઝા દયાશંકર ભીમજી વગેરે હાજર રહેનાર ગૃહસ્થોની સહીઓ.

દવે જીવરામ જગજીવન—પ્રમુખ.

મકાનફાળાની મહાલક્ષ્મીની છબીવાળી રૂા. ૧ની ટીકીટો

રા. ગીરજાશંકર જટાશંકર

અગ્નીહોત્રી—મુંબાઇ:

૬	રા. માણેકલાલ એ. મહેતા	ધાટકોપર	
૫	શેઠ ખીમજી વીસનજી	,,	
૨	શેઠ હેમચંદ સવજી	,,	
૧	,, જમનાદાસ ઉમરશી	,,	
૧	,, પેરાજ ખટાઉ	,,	
૧	રા. ઓધડલાલભાઇ	,,	
૧	,, મૂળશંકરભાઇ	,,	
૧	,, ચુનીલાલભાઇ	,,	
૧	,, જમનાદાસભાઇ	,,	
૧	,, અમૃતલાલ પિતાંબર	,,	
૧	,, વલ્લેશંકર રાજપાળ	,,	
૧	,, ગંગાદાસભાઇ	,,	
૧	,, ધનજી માવજી મીઠી	,,	
૧	,, એક સેવક	,,	
૧	શ્રીમતી પ્રેમીલા બ્હેન સાંતાક્રુઝ		
૧	હાંસોટી ચુનીલાલભાઇ	ધાટકોપર	
૧	હરિશંકર દુર્લભજી	,,	
૧	સોની પોપટ રામજી	મુંબાઇ	
૧	શેઠ ચુનીલાલ વાલજી	,,	
૧	સોની સવજી પ્રેમજી	,,	
૧	વજેશંકર નાનજી	માધવપુર	
૧	ભગવાનદાસ લક્ષ્મીચંદ	ધાટકોપર	
૧	રા. તુલસીદાસ જેઠા	,,	
૧	સોની ધેરા મૂળજી	,,	
૧	શેઠ જીવણદાસ બી.	,,	
૧	શેઠ ઝીણાંભાઇ સુંદરજી	,,	
૧	ચોકસી દેવચંદ મૂળજી	,,	
૧	શેઠ હરીલાલભાઇ	,,	
૧	રા. અમૃતલાલ મોતીચંદ	,,	
૧	જોશી અનજી કાનજી	,,	

૧ સોની જીવરાજ રોકડ઼ળ ,,
૧ રા. અમૃતલાલ ખીમચંદ મુંબાઇ
૧ સોની કાળા નથુ ,,
૧ શેઠ કુંવરજી વલભદાસ ,,
૧ ડૉ. પોપટભાઈ ઘાટકોપર
૧ સોની ભવાન રામજી મુંબાઇ
૧ શેઠ ભવાનજીભાઈ ઘાટકોપર
૧ શેઠ લાલસીંગ કાનજી ,,
૧ શેઠ કરમચંદ ખીમજી ,,
૧ રા. ગીરજાશંકર જટાશંકર મુંબાઈ

૫૦

હા. રા. ડાહ્યાભાઇ ભવાનીશંકર પાઠક, અમદાવાદ.

૧૦ સૌ. બાઇ મહાલક્ષ્મી રામજી મુજપર.
૧૫ રા. ડાહ્યાભાઇ ભવાનીશંકર અમદાવાદ.

હા. દુલેરાય ભગનલાલ ઓઝા. મહુવા.

૧ રા. સુંદરજી વિઠ્ઠલજી ત્રવાડી મહુવા
૧ ભગનલાલ બાઉ ઓઝા મહુવા.
૧ જગન્નાથ મંગળજી ત્રિવેદી ,,
૧ જેશંકર વજેરામ ત્રવાડી ,,
૧ શિવશંકર નારણજી ત્રિવેદી ,,
૧ શિવરામ નારણજી ત્રિવેદી અમદાવાદ.
૧ પોપટલાલ કરસનજી વ્યાસ વડોલ
૧ નર્મદાશંકર વિઠ્ઠલજી ઓઝા મહુવા
૧ પુરુષોત્તમ દુર્ગાશંકર ત્રિવેદી ,,
૧ રતીલાલ દયાશંકર ત્રિવેદી ઓઝા

૮૫+૬૦૪ સપ્ટેમ્બરના અંકમાં જાહેર કરેલા.

કુલ ૬૮૯

મન્ત્રીઓ—શ્રી મ. આ. શ્રી. બ્રા. કેળવણી મંડળ.

લીંબડી પરિષદ્‌નો રિપોર્ટ.

લીંબડી પરિષદ્‌નો રિપોર્ટ હજુ બહુજ ઓછા પ્રમાણમાં બહેલ છે. દરેક દરેક જ્ઞાતિજન તે રીપોર્ટની એક પ્રત જરૂર પોતાના માટે ખરીદશે અને મિત્રોમાં લ્હાણી કરવા માટે યથાશક્તિ પ્રતો બીજી ખરીદશે એવી ખાસ વિનંતિ છે.

મન્ત્રીઓ—શ્રી. બ્રા. પરિષદ્.

जातीय समाचार.

શુકલતીર્થ—રતુત્ય સાહસઃ સામવેદમાં પારંગત શ્રીમાન્ પાર્વતિ-શંકર કાશીરામે પોતાની પત્નીનો સીમંત સંસ્કાર કર્યો નથી તેમજ જે નિમિત્તે જ્ઞાતિ ભોજન એક દિવસ પણ કર્યું નથી. તેમનું સાહસ રતુત્ય અને આદરણીય છે.

સંસ્કૃત પાઠશાળાઃ—તા. ૧૨-૯-૨૩ નારોજ જ્ઞાતિભાઇઓ અત્રે એકત્ર થયા હતા અને સંસ્કૃત પાઠશાળા સ્થાપવા માટે પ્રાસંગિક વિવેચન થયું હતું. સભાસ્થાનમાંજ રા. ૫૨૫ નું ફંડ ભરાયું હતું. સંસ્કૃત ભાષાના અનુરાગી ગૃહસ્થો આ કાર્યને પ્રોત્સાહન આપવા યથાશક્તિ મદદ "રા. જ. ન. ધ્યાની, શુકલતીર્થ; ચમારગામ થઇ" એ શિરનામે મોકલી ઉપકૃત કરશે.

મુંબાઇઃ—મુંબઈ ખાતે સ્થપાયેલા શ્રી મુંબઇ શ્રીમાળી હિતવર્ધક મંડળની એક સભા ગઈ તા. ૧૬ મીના રોજ રા. રા. લાલજી શીવરામ દવેને ત્યાં રા. રા. પ્રાગજી મૂળશંકરના પ્રમુખપણા નીચે મળી હતી. આ પ્રસંગે જ્ઞાતિના અંગ્રેજી સાતમા ધોરણસુધી ભણતા અને બીજું કોઇપણ ધંધાદારી શિક્ષણ લેતા ગરીબ અને લાયક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને તેમજ નિરાધાર વિધવાઓને નાણાંના પ્રમાણમાં મદદ કરવાનો ઠરાવ પસાર થયો છે.

જાહેરાત

પૂનાના એક સ્વતંત્ર ધંધો ચલાવતા સંભાવિત જ્ઞાતિગૃહસ્થ, જેમની ઉંમર હજુ ચાળીસની અંદર છે તેઓ ઘરભંગ થવાથી તેમને કન્યાની જરૂર છે. પૈસો આપતાં અનેક કન્યાઓ મળી શકે. પરન્તુ પોતે કન્યાવિ-ક્રયના કટ્ટા શત્રુ હોવાથી તેવો વેપાર કરવા ભાગતા નથી—તેથી કન્યાવિક્રય નહીં કરનાર કોઈ જ્ઞાતિજનને પોતાની કન્યા આપવા માટે સારું આબરૂદાર સુખી સ્થળ જોઇતું હોય તો તેમણે તે બાબતમાં નીચેના શિરનામે પત્ર વ્યવહાર કરવો.

બ. ૨. મૂળાણી.
મહિલાશ્રમ, ફીગ્યુસે રોડ-પુના સીટી.

રાજા મહારાજાઓ

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેફ્ટ વૉઇસરોયના લેફ્ટ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજંટ, સરકારી સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાક્ટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં

બાદશાહી યાકુતી

નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તે ઉપયોગી-ઉ તાની નિશાની છે—ગવર્મેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનેલાયઝ થએલ છે.

બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂ પુરૂષાતન આપે છે. ખરી મર્દાઇ આપનાર અને નબલા-માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ-લેવા અમારી ખાસ ભામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજની જરૂર નથી.

૪૦ ગોળીની ડબ્બી ઓફના રૂપીઆ દશ.

બાદશાહી ચુનાની લેપ

કિમતી દવાઓમાંથી આ લેપ બનાવેલ છે. ખરૂ પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આઉંસ બોટલની કિંમતના રૂપીઆ આઠ.

ડાક્ટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

ગુજરાત આયુર્વેદિક ફાર્મસી.

વૈદ્યક પ્રચાર સાહિત્ય ખાતું.

માસીકો અને પુસ્તકો.

આ ફાર્મસી ઔષધો બનાવતા અને ઉપચાર કરવા ઉપરાંત વિશેષ મહત્વનું એક કાર્ય એ કરે છે કે પોતાના વૈદ્યક સાહિત્ય પ્રચાર ખાતા દ્વારા લોકોમાં તંદુરસ્તીના નિયમો અને આરોગ્ય સંબંધી જ્ઞાનનો ફેલાવો પણ કરે છે. ૨૫ વર્ષથી ગુજરાતી માસિક, વૈદ્યક ગ્રંથો અને નિબંધો દ્વારા આ ખાતાએ આયુર્વેદ સંબંધી સારૂં અજવાળું પાડયું છે.

"વૈદ્યકલ્પતરૂ" માસીક વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦.

વૈદ્યક ગ્રંથો.

ધન્વંતરિ—વૈદકના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી ગ્રંથ. આવૃત્તિ ૬ ઠ્ઠી. કી. રૂા. ૬.

સારી સંતતી—સુદ્રઢ, સુંદર અને સદાચારી બાળકો ઉત્પન્ન કરવા એ બાબતોના હાથમાં છે, એ વાત આર્ય વૈદ્યક અને અંગ્રેજી વૈદ્યકનાં પ્રમાણો સાથે સિદ્ધ કરી આપનાર શાસ્ત્ર. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

ધાત્રી શિક્ષા—સુવાવડ સંબંધી શાસ્ત્રીય ગ્રંથ. ગર્ભાધાનમાં થતાં દરદોના ઉપાયો તથા પાલવાના નિયમો, પ્રસવ માટે પ્રાયશ્ચિત્ત તૈયારીઓ, પ્રસવની ત્રણ અવસ્થાઓનું વર્ણન, કસુવાવડના કારણો અને ઉપાય, સુવાવડીની સારવાર તથા બાળક ઉછેરવાનાં નિયમો એક સુવાવડીને ભીડવામાં સમજાવે છે. આવૃત્તિ ત્રીજી કી. રૂા. ૨).

રોગી પરિચર્યા—માંદાની ચાકરી વિષે સંપૂર્ણ જ્ઞાન મેળવવાનો ગુજરાતી ભાષામાં પ્રથમ ગ્રંથ. કી. રૂા. ૧॥॥

બાળકોનો વૈદ્ય—દરેક દરદની સામાન્ય સમજણ, ઘરગથ્થુ અને સસ્તા ઉપાયોના સંગ્રહનો ગ્રંથ કી. રૂા. ૨.

સ્ત્રીઓનો વૈદ્ય—સ્ત્રીઓનાં ખાસ દરદો, તેનાં લક્ષણો, કારણો તથા ઉપાયોનો ગ્રંથ કી. રૂા. ૧॥॥.

બાળકોનો વૈદ્ય—બાળકોનાં ખાસ દરદો. તેનાં લક્ષણો. કારણો, તથા ઉપાયોનો ગ્રંથ. કી. રૂા. ૨).

સુવાવડનો શિક્ષક—સુવાવડ સ્ત્રીપુરૂષોનાં કર્તવ્ય તથા ફરજનો આદર્શ શિક્ષક. કી. રૂા. ૧.

પી. બ્રધર્સ શાહીવાળા.

દરેક જાતની દેશી શાહી જેવી કે રાઇટીંગ, માર્કિંગ, કલર સ્ટેમ્પીંગ, ગાર્મેંટ, સ્ટાયલોગ્રાફીક, તથા થાંડીનો પાઉડર [illegible] તથા વેચનાર. અમારે ત્યાંથી છુટક તથા જથાબંધ ખરીદવાથી ઘણુ વિગત માટે પ્રાઇસલીસ્ટ મગાવો

ઠેકાણું–કલ્યાણ મોતીની ચાલી, ગાંધવાડી મુંબાઇ ૪

વિજળીના દીવા.

૧ નના ગજવામાં રાખી શકાય છે
૨ અગ્નીની બીનજરૂર ધાસ્તી નથી
૩ તલ દીવે કે દી વાસણની જરૂર પડતીજ નથી
૪ ફકત ચાર દળા વતાજ ઘણીજ ભપકાદાર રોશની થાય છે

કીંમત ૨ ના. ૩, ૩ ના. ૪ ૫ ૬ અને ૮
પોસ્ટેજ આઠ આના
સ્પેર બેટરી કીંમત રૂા ૧)
પોસ્ટેજ ૩ આના

ટી. એ. રાહજ ઇલેકટ્રીક સ્ટોર્સ.
હેડ ઓફીસ (ગોળપીઠ) બોમ્બે ૪.
બ્રાંચ ઓફીસ(પાંચકુવા ચાર રસ્તા)અમદાવાદ
પત્ર વ્યવહાર હેડ ઓફીસને શિરનામે કરવો

શું તમે હૃદયથી જ્ઞાતિ ઉન્નતિ ઇચ્છો છો ?

જો ઇચ્છતા હો તો ઓશવાળી શુભેચ્છકના માહક થઇ વાંચન ઉપરાંત જ્ઞાતિ વિદ્યાર્થીઓનો શુભ આશિર્વાદ પ્રાપ્ત કરવા ચૂકશો નહિ વાર્ષિક લવાજમ રૂા ૧॥ દર વર્ષે ઉપયોગી ભેટ પણ આપવામાં આવે છે

માર્ગદર્શક તરતજ નોંધાવો

જ્ઞાતિ સમાચાર.

મુંબઇ—ખંભાતના રહીશ ભાઇ પાર્શ્વતિર્થંકર અનોપરામ ભાદરવા
દ ૮ ને બુધવારના રોજ પોતાની પાછળ એક વિધવા તથા એક પુત્રને
ધી અવસાન પામ્યા છે.

બેસતા વર્ષની બોણીમાં

અમદાવાદનું જ્ઞાતિનું સરસ્વતિ મન્દિર ઉભું કરવા માટે

શ્રી મહાલક્ષ્મીની છબીવાળી મકાનફાળાની રૂપીઆ એક વાળી ટીકીટો યથાશક્તિ જરૂર ભરો અને ભરાવો.

લેખકો તથા ગ્રાહકોને સૂચના.

૧. ઉત્તમ વિષય, સ્વચ્છ લખાણ તથા કાગળની એક બાજુપર જેમ બને તેમ ટુંકા પરંતુ અર્થ ગર્ભીત લેખો લખી મોકલવા લેખકોને વિનતિ છે. માત્ર ઉત્તમ અને અતિ ઉપયોગી કાર્યોનેજ સ્થાન આપવામાં આવશે–લાંબા લેખોને સ્થળના અભાવે સ્થાન નહી મળવાનો ભય છે.

૨. લેખોને માસિકમાં સ્થાન આપવા સંબંધી મુખત્યારી તન્ત્રીની છે.

૩. લેખકે પોતાનું નામ છપાવવું હોય તો લેખ નીચે, નહિતર તન્ત્રીની જાણ માટે પૂરેપૂરાં નામ ઠામ લખવાં.

૪. જે લેખને માસિકમાં સ્થાને ન મળે તેવા લેખો પાછા મોકલવા માટે તન્ત્રી બંધાતા નથી.

૫ ઘણીવાર ગ્રાહકો પોતાનું સિરનામું બદલાવે છે અને તે ફેરફાર જણાવતાં નથી તેથી માસિક ગેરવલ્લે જાય છે, અને પાછી આસિક નહીં મળ્યાની ફરિયાદ કરે છે. તેથી દરેક ગ્રાહકે પોતાનું સ્થળ બદલાવતાંની સાથે સિરનામાનો ફેરફાર અમોને જણાવવો જેથી ફરિયાદનું કારણ રહે નહીં.

શ્રીમાળી શુભેચ્છક.

इच्छन्शुभं यः स्वपरस्य नित्यं कृन्तत्यशुभं कुलदेवी तस्य।
विचार्य चैवं विहरन्तु सर्वे श्रीमाल्यो शुभेच्छक इच्छतीत्थम् ॥

(જે મનુષ્ય હમેશાં પોતાનું તેમજ પારકાનું શુભ ઇચ્છે છે તેનું અશુભ શ્રી મહાલક્ષ્મી નાશ કરે છે. આ સૂત્રનો દરેક બંધુ વિચાર રાખી તે પ્રમાણે વર્તો એમ શ્રીમાળી શુભેચ્છક ઇચ્છે છે. રા. મ. અષાઢી)

પુ. ૪ થું.] નવેમ્બર ૧૯૨૩ [અંક ૧૧

દીપોત્સવી તથા નૂતન વર્ષ

ના

પરમ પવિત્ર માંગલ્યકારી દિવસોમાં

જ્ઞાતિબાળોને અવશ્ય સંભારો

તથા

અમદાવાદનું જ્ઞાતિનું સરસ્વતિ મન્દિર બાંધવા માટે

શ્રી મહાલક્ષ્મીના છબીવાળી રૂપીઆ એકવાળી

મહાન કાળાની ટીકીયા

યથાશક્તિ ભરો અને ભરાવો

પરમ પવિત્ર દિવસોમાં શ્રી મહાલક્ષ્મીનાં દર્શનનો, જ્ઞાતિભાઇ બહેન કુટુમ્બનો, જ્ઞાતિના બાળ વિદ્યાર્થીઓના શુભ આશિર્વાદ પ્રાપ્ત કરવાનો અમૂલો પ્રસંગ જરૂર પ્રાપ્ત કરો.

શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ શ્રી મહાલક્ષ્મીની કૃપા સૌ જ્ઞાતિજનોને ઉતરો. શાન્તુ.

શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી મંડળ
અમદાવાદ.

મકાનફાળાની શ્રી મહાલક્ષ્મીની છબીવાળી ટીકીટો.

અગાઉના અંકમાં અમદાવાદનું સરસ્વતી મન્દિર ઉભું કરવા માટે મકાન ફાળાની મહાલક્ષ્મીજીની છબીવાળી રૂપીઆ એકવાળી ટીકીટો ભરાવવા અગર ભરવા માટે અપીલ બહાર પડી છે અને હજુ ૧૨૫ ટીકીટો ભરી અથવા ભરાવી શકે તેવા સો ઉત્સાહી જ્ઞાતિ ગૃહસ્થોની માગણી કરી છે. સદરહુ અપીલનું આશાજનક પરિણામ હજી દૃષ્ટ્ય થયું નથી. પરન્તુ જ્ઞાતિ ગૃહસ્થો જ્ઞાતિના નામને ઝેમ ડાઘ લાગવા નહિ દે અને એવા ઉત્સાહી ગૃહસ્થો જરૂર બહાર પડશે એવી આશા રહે છે. મકાનફાળાની બાબતમાં થોડી વિશેષ સૂચના આપવી જરૂરની છે.

આ અપીલ બહાર પડ્યા પછી દીવાળી અને બેસતું વર્ષ આવશે. દીવાળીની બોણી તરિકે અને બેસતા વર્ષના પુણ્ય નિમિત્તે ભેટ અને દાન આપવાની પ્રથા હિંદુઓમાં પ્રચલિત છે. દરેક જ્ઞાતિજન દીવાળીની બોણી તરિકે અગર બેસતા વર્ષના પુનિત દાન તરિકે યથાશક્તિ ટીકીટો ભરશે એવી હું આસ આશા રાખું છું. જો. દીવાળી અને બેસતા વર્ષના માંગલ્યકારી ઉત્સવો વખતે જ્ઞાતિ પ્રત્યેનો આપણો ભાવ દર્શાવવો આપણે ચૂકીએ તો આપણે હીણભાગી ગણાઇએ. તેથી દરેક જ્ઞાતિજને પોતાના જ્ઞાતિભાવના સૂચક તરિકે થોડી ઘણી પણ મકાનફાળાની ટીકીટો ખરીદવા અને અન્ય ગૃહસ્થો પાસે ભરાવવા ખાસ ભલામણ છે. બેસતા વર્ષને દિવસે માતાજી મહાલક્ષ્મીજીના દર્શનાર્થે જવાની દરેક શ્રીમાળી પોતાની પવિત્ર ફરજ સમજે છે. મકાનફાળાની ટીકીટોમાં માતાજીની છબી છે તેથી માતાજીના દર્શનનો લાભ મળવા સાથે સરસ્વતી દેવીની ઉપાસના પણ થઇ શકશે. માતાજીના દર્શન, જ્ઞાતિમાં સરસ્વતી આવ્હાન, જ્ઞાતિ પ્રત્યેના ભાવનો સાક્ષાત્કાર અને જ્ઞાતિના બાળકોને વિદ્યા પ્રાપ્તિમાં પવિત્ર માંગલ્યકારી દિવસોમાં મદદ એ તમામ લાભ એકી સામટા ઉઠાવવાનું કયું હિણભાગી જ્ઞાતિ હૃદય પસંદ નહિ કરે? તેથી આશા છે કે દરેક જ્ઞાતિજન દિવાળીના તથા નૂતન વર્ષના પવિત્ર આનંદના દિવસોને જ્ઞાતિભાવ દર્શાવી વધારે માંગલ્યકારી અને પ્રોત્સાહક બનાવવા પ્રેરાશે. અસ્તુ.

ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી.

વ્હાલાંને.

(ખમ્મા વિશાને નવ વારણેરે લોલ.)

વ્હાલા! જીવન મધુર જીવનેરે લોલ,
ચાખને સદાય મીઠાશને,
વ્હાલા! જીવન મધુર જીવનેરે લોલ.
વિદરો વિરોધ વિષ વાડીમાંરે લોલ,
ઢોળે ફુલાવને ફુવાસને,
વ્હાલા! જીવન મધુર જીવનેરે લોલ.
શક્તિ ન વાળને વિમોહમારે લોલ;
પાને જી પ્રાણના પ્રકાશને,
વ્હાલા! જીવન મધુર જીવનેરે લોલ.
સ્નેહે તદ્રુપ રહી રંગમાંરે લોલ;
આત્મના ઉમળકે વિકાસને,
વ્હાલા! જીવન મધુર જીવનેરે લોલ.

ચંદ્રકાન્ત મંગળજી ઓઝા.

"પૃથ્વીને ભારે મારનાર કોણ છે?"

સંસારના જન્મ મરણના બંધનથી મુક્ત થવા વિધિ પ્રમાણે પરમ કૃપાળુ પરમાત્માના પાદારવિંદનું ધ્યાન પણ ન ધર્યું તથા સ્વર્ગનાં બારણાંના કમાડ ખુલ્લાં થાય તેવો સદ્ધર્મ પણ સંપાદન ન કર્યો. એવી ભૂલ ન થાય માટે આ જગતમાં જન્મ ધરી જે પુણ્યોદયે બાળપણમાં વિદ્યાનો, જુવાનીમાં ધનનો અને વૃદ્ધાવસ્થામાં ધર્મનો સંચય ન કર્યો તથા કાય ચોર કરતાં બસ-મત્ત કુતરાની માફક જ્યાં ત્યાં રખડયા કર્યો પણ ધર્મ, અર્થ અને મોક્ષ એ પૈકી એક પણ પુરેપુરૂ સંપાદન ન કર્યું તે કેવળ માતાને અને પૃથ્વીને ભારે મારવા બરોબર છે. માટે જન્મ ધરી પુરૂષાર્થ વડે સકળ કાર્ય સિદ્ધ કરતા અને મુવા પછી 'વાહ!' કહેવાય તેવા કૃત્યો કરવાં તોજ તેનો જન્મ કહેવે છે, કંઈ પેટનું પોષણ કરી કમાઈ મારવા એ જીવિત લેખામાં નથી. પેટ તો કામડા, કુતરા પણ ભરે છે; પરંતુ સ્વાર્થ સાથે પરમાર્થ કરી આત્મના અવતાર માટે બનતું ભોગી લેવું એજ યોગ્ય છે. પણ બધેલાં તો વિચારની બહાર છે કારણ કે

किंकुलेन विशालेन विद्याहीनस्य देहिनः
अकुलोनाऽपि विद्यावान्देवैरपि स पूज्यतेः

વળી વિદ્યા એ સર્વથી અમુલ્ય ધન છે કે જેને ચોર, અગ્નિ, જળ, કે રાજાઓ પણ પરાજીત કરી શકતા નથી–એવું અખૂટ શુભ ધન છે કે જે વ્યય કર્યથી વિશેષ વૃદ્ધિ પામનાર તથા સકળ સુખને આપનાર છે.

વિદ્યા જેટલી જુવાનીયમાં, જુવાનીમાં પણ જ્યારે ભણતા હોય, ત્યારે ભણવું થાય છે તેટલી આગળ ઉપર થતી નથી પણઃ—

माता शत्रु पिता वैरी येन बालोन पाठित।
न शोभते सभामध्ये हंस मध्ये बगो यथा ॥

જે માતા પિતા પોતાના પુત્રને ભણાવતા નથી તે તેના ખરા શત્રુ છે, અને અભણ પુરૂષો જેમ હંસના ટોળામાં બગલા શોભતા નથી તેમ મનુષ્ય સભામાં શોભતા નથી. વળી વિદ્યાહીન એવા પ્રાણીને વિસ્તારવાળા કુળમાં જન્મ થયાથી શું છે? કારણ કે કુળવાન હોય નહિ પણ જે વિદ્યાવાન હોય તો તે જ્યાં જાય ત્યાં તેને માન મળે છે. વિનયસહિત વિદ્યા કયા મનુષ્યના ચિત્તને હરતી નથી? સુવર્ણ અને મણિનો સંયોગ કોના લોચનને આનંદ આપતો નથી? અને જ્યારે વિદ્યાવાન થઇ અધિકારોને પ્રાપ્ત કરે છે ત્યારે અધિકારવાળો જે મનુષ્ય પોતાના દેશની, પોતાના ગામની અને પોતાના જ્ઞાતિ બંધુઓની તથા ગુણ જનોની કે વિદ્વાનોની દાઝ દીલે ધરી બનતી સહાયતા આપતા નથી તો તે મહા નીચમાં નીચ ગણવાં; કેમકે અધિકાર તો પર્વતની નદીના પૂર સમાન છે. છે, છે; અને નથી! તો તેવા સમયમાં જેનું આપણાથી ભલું થાય તેનું બનતી તાકીદે, કાલ કરતા હો તો આજજ, અને આજ કરતા હો તો અત્યારેજ કરવું, એજ ડાહપણ અને કુલીનતા. દીન, દુઃખીની પીડા દીલે ધરી તેના કષ્ટ ટાળવાં અને તેનો આશિર્વાદ લેવો. માટે જેમ બને તેમ પોતપોતાના અધિકાર પ્રમાણે પરોપકાર કરી લેવો, કારણ કે જ્યાં સુધી પોતાનાં પુણ્ય હોય છે ત્યાં સુધી તો સ્વર્ગલોકમાં (હાલની દુનીયામાં) મોજ મારે છે, પરંતુ પુણ્ય ખૂટી જાય છે કે, તે પોતાની અનિચ્છા છતાં પણ ટાળવી અશક્યપાત્ર થઇ દુનીયા તજી જતો રહે છે.

તુણાબંદર.
તા. ૨૦–૬–૧૯૨૩.

મુળશંકર પ્રાણશંકર ઝોબા.

રાણપુરમાં પરિષદની સ્થાનિક સમિતિની સ્થાપના.

રા. રા. શ્રીમતી શુભેચ્છકના અધિપતી સાહેબ, જોગ મુ. અમદાવાદ.

બીલ્લું આપણા અને સ્થાનિક જ્ઞાતી બંધુઓએ મળી રા. રા. કાશીરામ ઓઝા (પ્રેમી)ની રૂબરૂમાં નીચે મુજબ ગ્રામ્ય સમિતિ સ્થાપવાનો ઠરાવ કર્યો છે, તો તે આપણા નીડળતા જ્ઞાતિ હીતકારક ગારીક "શ્રીમાળી શુભેચ્છક"ના આવતા અંકમાં પ્રગટ કરી આભારી કરશોજી. જેની વિગત નીચે મુજબ છે.

સભાસદોના નામ.

૧ ત્રવાડી મોહનલાલ લક્ષ્મીશંકર, ૨ ત્રવાડી જગન્નાથ ભવાનીશંકર, ૩ ત્રવાડી મોહનલાલ પ્રાણજીવન, ૪ ત્રવાડી મણીલાલ ગંગારામ, ૫ ત્રવાડી છગનલાલ પીતાંબર, ૬ ત્રવાડી પુરૂષોત્તમ ગંગારામ, ૭ ત્રવાડી મણીલાલ હરીલાલ, ૮ ત્રવાડી ગીરજાશંકર મગનલાલ, ૯ ત્રવાડી ગવરીશંકર જગન્નાથ. ૧૦ ઓઝા બાલશંકર નાનાલાલ, ૧૧ ત્રવાડી વસંતરામ ગવરીશંકર, ૧૨ ત્રવાડી રતીલાલ હરજીવન, ૧૩ ત્રવાડી હરીલાલ મોહનલાલ.

દરેક સભાસદની પાસેથી રૂા. ૦-૮-૦ રાખવામાં આવી છે. બીજા ઠરાવોની વિગત.

૧ સીમંત તથા ઉપવિતના શુભ પ્રસંગે ગ્રામ્ય કમીટીને રૂ. ૧) એક આપવો.

૨ જન્મ (દીકરી તથા દીકરા)ના પ્રસંગે રૂા ૧) એક સમિતિને આપવો તથા જનવાળા પાસેથી રૂા. ૨) એની ઉઘરાણની રીતિ લેવી. આ સીવાય શુભાશુભ પ્રસંગે સભાસદોએ મળી સમિતિ માટે યોગ્ય રકમની ગોઠવણી કરવી અને કરવા જરૂર લેવું. આ સમિતિનું વર્ષ આસો સાવ સંવત ૧૯૮૦ કારતક સુદી ૧ થી શરૂ થાય છે. આ કમીટીનું કામકાજ દીનપ્રતિ ચાલે તેને માટે નીચે મુજબ કાર્યવાહક કમીટી નીમવામાં આવી છે. આ કમીટી શ્રીમાળી પરિષદના કરવાને માન્ય રાખે છે. કાર્યવાહક કમીટીના મેમ્બરોના નામ:—

૧ ત્રવાડી મોહનલાલ લક્ષ્મીશંકર, ૨ ત્રવાડી મોહનલાલ પ્રાણજીવન, ૩ ત્રવાડી જગન્નાથ ભવાનીશંકર ૪ ત્રવાડી મણીલાલ હરીલાલ, ૫ ત્રવાડી પુરૂષોત્તમ ગંગારામ.

મંત્રીઓ.

૧ ત્રવાડી મોહનલાલ પ્રાણજીવન ૨ ત્રવાડી મણીલાલ હરીલાલ.

ખેડૂતરી ત્રવાડી રતીલાલ હરજીવન.

રાણપુર તા. ૧-૧૦-૧૯૨૩

પ્રમાણીકપણાનો પ્રભાવ.

(મહર્ષી દેવેન્દ્રનાથ ટાગોરનું ટુંક ચરિત્ર.)

કવિસમ્રાટ રવિન્દ્રનાથ ટાગોરનું નામ તો હવે જગવિખ્યાત થઇજ ગયું છે એમાં કાંઇ સંદેહ નથી. આ નીચેની બીના તે મહાકવિના પિતા સંબંધી છે.

રવિબાબુના પિતાનું નામ દેવેન્દ્રનાથ ટાગોર હતું. એઓ પણ એક મહાન નર થઇ ગયા છે. તે મોટા તત્વજ્ઞ વેદાંતિ હતા અને તેનું આચરણ એક તપસ્વી ઋષિ પ્રમાણે હતું. અને તેથી તેમને મહર્ષી દેવેન્દ્રનાથ ટાગોર કહેતા.

બંગાળમાં જે અનેક નામચીન અને શ્રીમાન કુટુંબો છે, તેમાં આ ટાગોર કુટુંબનો સમાવેશ થાય છે. આ કુટુંબમાં ઘણા વિદ્વાન પુરૂષો તથા સ્ત્રીઓ થઇ ગયાં છે, અને આજ વિદ્યમાન પણ છે. દેવેન્દ્રનાથ તેમાંના એક હતા.

દેવેન્દ્રનાથ હજી તો તરૂણ હતા તેવામાંજ તેમના પિતા મરણ પામ્યા તેથી દેવેન્દ્રનાથ પિતાની મોટી જાગીરના અધિકારી થયા. આજ વખતમાં તેમના બાપદાદાના નામથી ચાલતી આવેલી " કાર ઠાકુર અને કું. " નામની એક વ્યાપારી પેઢી હતી. પેઢીનો કારભાર ઉપરથી ઘણો દમદમા ભરેલો હતો પણ અંદરથી સર્વ પોલં પોલ હતું.

હજી તો દેવેન્દ્રનાથ પાસે પેઢીનાં સુત્રો આવ્યા નહિ ત્યાં તો પેઢીનો પાયો ડગમગ્યો. સાદી હુંડી પણ સ્વીકારવી તેમને ભારે થઇ પડી અને આખરે એક દીવસે તેની પત ગઇ અને તેણે દીવાળું કાઢયું.

પેઢીમાં એક કરોડ રૂપીઆની ખોટ થઈ હતી. દેવેન્દ્રનાથને આ કરજ સાથે કંઇપણ સંબંધ ન હતો. પેઢીના યુરસદી માણસોએજ આ ગોટાળો કરેલ હતો. દેવેન્દ્રનાથે આ પેઢી સાથે મારે કાંઈ સંબંધ નથી, એમ જાહેર કર્યું હોત તો કાયદાની દૃષ્ટિએ તે છુટી જાત અને જે કરજ ભરપાઈ કરે

* મરાઠી ઉપરથી.

તો પણ પંચાત હતી, કારણ કે તેની આખી પ્રસ્ટેટ વેચી નાખે તોપણ પુરું થાય તેમ ન હતું. આ વખતે સામાન્ય માણસે શું કર્યું હોત?

દેવેન્દ્રનાથને આ સમયે તેના સગાં સંબંધીઓએ પેઢી સાથેનો મારો કાંઇ સંબંધ નથી એમ જાહેર કરવા સલાહ આપી. પરંતુ શુદ્ધ મનના એ તરુણ દેવેન્દ્રે એકજ શબ્દમાં એ મોટી કલ્પના નાકારી અને જેમાં પોતાના બાપદાદાનું અને કુળનું નામ હતું તે પેઢીની કીર્તિ વધારવા પોતે સઘળું કર્જ ભરપાઇ કરવા જાહેર કર્યું.

હમણાની માફક તે વખતે દીવાળીઆઓની "બુધવારી" મોટી હતી. લેણદારોએ આપણા પૈસા કેવી રીતે વસુલ કરવા એની કાળજી હતી. એઓ સઘળા કોર્ટમાં દાખલ થયા. દેવેન્દ્ર એક કરોડ રૂપીઆનું કરજ ભરવા કોર્ટમાં કબુલી કરનાર છે, એવી તેમને ખબર થઇ, પણ કોઇને તેમના ઉપર વિશ્વાસ બેસે નહિ.

આજે દેવેન્દ્રનાથના ઘરમાં મોટી ધમાલ મચી રહી હતી. સર્વે ઘરના સ્ત્રીઓ કાકા મામા વગેરે ભેગા મળી, કોર્ટમાં જઈ કરજ બદલ ઇનકાર કરવા દેવેન્દ્રને સમજાવ્યો પણ તે નિશ્ચયી તરુણનું શુદ્ધ અંતઃકરણ જરાએ ડગ્યું નહિ.

કોર્ટનો વખત થતાંજ દેવેન્દ્ર પોતાની મીલ્કતનો તથા કરજનો હીસાબ લઇ કોર્ટમાં ગયો. આ દિવસે કોર્ટમાં ખૂબજ ગર્દી થઇ હતી.

નહિ ભીતાં, નહિ ગભરાતાં, કે નહિ કચવાતાં, દેવેન્દ્રનાથે પોતાની હકીકત કોર્ટમાં જાહેર કરી, અને કહ્યું કે:—"કરજ બહુજ મોટું છે, આ કરજ હું પતાવવાનો છું એમ હું અંતઃકરણપૂર્વક વચન દઇશ— તો પણ મારી ઉમર નાની છે, તેથી તે કોઇને સત્ય લાગશે નહિ. એ હું જાણું છું. તોપણ ઇશ્વર સાક્ષી રાખી હું કહું છું કે એક પાઇએ પાઇ ભરી આપવાની મારી ઇચ્છા છે. મારા લેણદારોએ માત્ર મને થોડો સમય આપવો જોઇએ. ને એમ એમની ઇચ્છા ન હોય તો હું મારી મીલ્કત તેમને સોંપવા તૈયાર છું. પણ તેથી સઘળું કરજ વસુલ થઇ શકશે નહિ અને તેથી ઉલટું વધારે મારે મને દુઃખ થશે."

આ તરુણ તેજસ્વી માણસનું અંતઃકરણપૂર્વકનું બોલવું સાંભળી કોર્ટ ચકીત થઈ ગઇ, અને લેણદારો પૈકી કેટલાકની આંખોમાં આંસુ આવ્યાં. સર્વે લેણદારોએ દેવેન્દ્રને જોઇતી હતી તેવી કરજ ભરવા મુદતની સગવડ આપી.

ઘણાઓનું એમ કહેવું છે કે કદાચ જ્ઞાતિનાં વૃદ્ધો-પટેલો આ બાબતમાં વિરૂદ્ધ ઉભા રહે અને કાર્યને આગળ ન વધવા દે. એ માન્યતા ભૂલ ભરેલી છે. કાર્યદક્ષતાના એક સામટા પ્રવાહ સામે ઉભા રહેવાની તેમને ધરાજ ન થાય. તેઓ તો ઉલટા સંઘમાં સાથેજ જોડાય. વાતો કરવા કરતાં, ભવિષ્યના વિચાર કોરે મૂકી આપણે કાર્યક્ષેત્રમાં ઝુકી પડો. એક પછી એક સર્વ માર્ગ સરળ બની જશે અને કાર્ય પૂર્ણ કરવામાં જરા પણ મુશ્કેલી નહીં નડે.

આપણે સમજવું જોઇએ કે અત્યારે ચકડોળે ચઢેલી વાતની અગત્યતા કેટલી છે. જે સુધારા માટે આપણે ઉહાપોહ કરી રહ્યા છીએ, જે રૂઢીના બંધનો તોડી નાંખવા આપણે મથી રહ્યા છીએ તે સાધ્યા સિવાય કોઇ પણ રીતે જ્ઞાતિનું શ્રેય છેજ નહીં. આપણે એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે આપણે જેને નિરાશા કહી રહ્યા છીએ, આપણે જેને અશક્ય તરીકે જોઈ રહ્યા છીએ, તે ખરૂં જોતાં નિરાશા કે અશક્ય નથી, પરંતુ તે આપણી કામ કરવાની અશક્તાજ સુચવે છે. અમને આશા છે કે જ્ઞાતિ બન્ધુઓ આ નિરાશાવાદ ત્યજી કાર્યને પંથે પળશે અને દુખમાં-કંગાલીયતમાં સબડતી જ્ઞાતિને સરળ ઉન્નત પંથે લાવી મુકશે. પ્રભુ સર્વને સુમતિ આપો. અસ્તુ !

લી. સેવકો,
મગનલાલ રયાભઈ ત્રિવેદી,
દુલેરાય મગનલાલ ઝોઝા.
શ્રી. મં. શ્રી. બ્રા. યુ. મંડળ.

મહુવા-કાઠિયાવાડ.
તા. ૧-૧૦-૧૯૨૨

લીંબડી પરિષદનો રિપોર્ટ.

લીંબડી પરિષદનો રિપોર્ટ હજુ બહુજ ઓછા પ્રમાણમાં બપેલ છે. દરેક દરેક જ્ઞાતિજન તે રીપોર્ટની એક પ્રત જરૂર પોતાના માટે ખરીદશે અને મિત્રોમાં લ્હાણી કરવા માટે યથાશક્તિ પ્રતો પણ ખરીદશે એવી ખાસ વિનંતિ છે.

મન્ત્રીઓ-શ્રી. બ્રા. પરિષદ.

ગરીબનો બેલી.

પ્રકરણ ચોથું.

વરઘોડો.

લેખક: ભગનલાલ ત્રિવેદી.

ગતાંકથી ચાલુ

વાંચક! તે વરઘોડો અવશ્ય તમારે જોવોજ જોઇએ:—કયો વરઘોડો એમ પૂછે છે? રામશંકર કાકાને એમ ઘડીકમાંજ વિસરી ગયો?—સાચી વાત, વસન્ત પંચમીને હજુ વાર છે. ત્યાં આ શેનો વરઘોડો?—વરઘોડો તો રામશંકર કાકાનો પરન્તુ તે વજેશંકરને ત્યાં નહીં. તે તો મહાલક્ષ્મીના મન્દિરમાં જાતિના સજ્જનો અને કુતૂહલભર્યા અસંખ્ય માણસોની મેદની વચ્ચે લગ્નની વિધિ કરવા નહીં પરન્તુ તે છાની રીતે થયેલા વેવિશાળ પર વિચાર ચલાવવા, તહેનો યોગ્ય ન્યાય કરવા. જો તમારે અંતરે જાતિની દાઝ હોય, નિર્દોષ શાન્તાને મૃત્યુના મુખમાં-વૈધવ્યની દુર્દશામાં-પડતી બચાવવાની ઇચ્છા હોય, તો તું અવશ્ય ત્યાં પધારજે અને તમારાથી બનતું કર્યા વિના ના રહેતો—

તો ચાલ, અડગ બની તે કુરિવાજ સામે ઝુંબેશ ઉઠાવ. દિલ મડકાવતા તે કૃત્યને દબાવી દેવા ધર્મ યુદ્ધ આરંભ. તને નિરાધાર બાળાની આશીષ મળશે. તમારા પર પરમેશ્વરની પ્રભુતા વરસશે.—

મન્દિરમાં ઉભા રહેવાની પણ જગ્યા નહતી. વચ્ચે બેઠેલા પટેલિયા ઓમાં વાત ચાલી રહી હતી:—

'પરન્તુ રામશંકર ભાઈ તો કહેતા હતા કે કંકુને કન્યા અપી છે. એવા અયોગ્યનું બોલવું બોટું કમમ માની શકાય?' પટેલાઇ કરી કરીને રીઢા બનેલા કામેશ્વર બોલ્યા.

'અરે કાકા, તમે તે કંઇ ભાન ભૂલી બેઠા છો કે શું? ને કંકુને કન્યા દેવી હત તો ન્યાતમાં વરનો તોટો હતો? પોતાનું પાપ છુપાવવા

તેઓ તો બીજા હજ્જાર ગુહાણા ચલાવશે. બોલનાર તો દિવાના, પરન્તુ સાંભળનારે દિવાના ?'

'અરે દિવાના દિવાના શું કરો છો ? હું ત્યાં હાજર હતો. વજે ચંકરે એક પાઇ પણ લીધી નથી,' મોરાર ભટ્ટ તાડુકી ઉઠ્યા.

'ધીરા પડો મોરારભટ્ટ. પણ જરા વાત વિચારવા જેવી તો ખરી. સાઠ વરસના બુઢ્ઢાને કોઈ વગર પૈસે દસ વરસની દિકરી પરણાવા તૈયાર થાય ?' ન્યાતમાં અગ્રગણ્ય ગણાતા અને ઓંશીને ઉભરે જઈ બેઠેલા પ્રાણશંકર ત્રિપાઠી બોલ્યા.

'ત્યારે શું હું બોટો ?" મોરારભટ્ટ ગર્જના કરી ઉભા થઈ ગયા.

'બેસો, બેસો, મોરારભટ્ટ, તમારા પરાક્રમોને માટે તો હજી વિચાર કરવાનો બાકી છે. પેલા શિવપ્રસાદને બોળતી વાળંદની છોકરીને બ્રાહ્મણી બનાવી પરણાવી દીધી અને ત્યારપછી કંકુકે વાંધો પડતાં બિચારાને કજોડે કરી ન્યાત બ્હાર કઢાવ્યો. તમારૂં પુરાણ ઉખેળવા તો પરિષદ બોલાવવી પડશે. ચોરના બાર કંદીચોર એટલે પછી શું બાકી રહ્યું ?' મોરારભટ્ટ તો રસ્તોજ ભાળી ગયા.

'મારો કે પૈસા નથી લીધા તો પણ આપણો તાજેતર તૈયાર કરેલો મારો શું કહે છે ? કન્યાદાનનાં લગ્ન નજ કરી શકાય' એક યુવાન બોલી ઉઠ્યો.

'તો પેલા જયાશંકર ત્રેંણ વર્ષની વચે આઠ વરસની છોકરીને પરણ્યા તે વખતે તમારા ધારા ક્યાં સંતાઈ ગયા હતા ?' કામેશ્વર પટેલ લાગ જોઈ બોલ્યા.

'તે લગ્ન થયા એટલે તો આ ધારો ન્યાતે કઢાવ્યો છે. એ લગ્ન પછી પરિષદ બગાડ અને પરિણામે અણામણ ખાનગાં લઈ આપણે આ ધારો ઘડ્યો. આટલી ઘરડી વયે પણ તમે પૈસાના તેજથી અંજાઈ જતા હો તેમ લાગે છે. નહીંતર ધારા ઘોરણ ઘડતી વખતે તમે હાજર હોવા છતાં આમ બોટો પક્ષ ન તાણો' યુવાને જવાબ આપ્યો.

'એ લા ! કૂદ પક્ષ તાણું છું ?'

'હા ! હા ! એકવાર નહીં, પણ હજ્જાર વાર' એક સાથે ઘણા અવાજ આવ્યા. કામેશ્વર પટેલ શાન્ત બની ગયા.

॥ શ્રી ॥

"અંધ શ્રદ્ધા નહિ પણ અચળ શ્રદ્ધા"

नमो भारत भूदेव्याः सौभाग्यायाधिनाधिने । श्री सनातन धर्माय चतुर्वर्गविधायिने ॥१॥ અર્થ ભદ્રાદેવી શ્રી ભારતભૂમિના અખંડ સૌભાગ્ય રૂપ અને ધર્મ અર્થ કામ ને મોક્ષ એ ચારે પુરૂષાર્થની સિદ્ધિ કરનાર શ્રી સનાતન ધર્મને નમસ્કાર ૧. શ્રીમાળી શુભેચ્છક માસીકના સપ્ટેમ્બરના અંકમાં "અંધ શ્રદ્ધા કે અચળ શ્રદ્ધા," એ લેખથી આર્ય ભદ્રબંધુ અગ્નિહોત્રી જણાવે છે કે રેંટીયો તો ઘરમાં વસાવાય નહિં કુળદેવી (મહાલક્ષ્મી) નો શાપ છે વિ. જણાવે છે તો તેના ઉત્તરમાં જણાવવાનું કે પરંપરાથી જે ધર્મ ચાલતો હોય તેજ આપણે માન્ય કરવો જોઇએ. કારણ કુળ ધર્મમાં જે લોકો ઘુટ મુકી ઉપેક્ષા કરે છે તે લોકો મનુષ્ય ધર્મ, જાતિ ધર્મ વિ. બધાને પણ છેવટ તિલાંજલી આપી દે છે. માટે ધાર્મિક માન્યતામાં જેમ અને તેમ ઝોળી શિથિલતા રખાય જેજ વધારે એવાવડ છે. એ ઉપરથી એવું માનવું જોઇએ કે રેંટીયા તરફ અમારો અણગમો છે અથવા રેંટા તરફ અમારી ઝોળી સહાનુભૂતિ છે કે રાષ્ટ્ર ધર્મને અમે બીલકુલ સમજતા નથી એવું માનવાનું કંઈ કારણ નથી. પોતાની ક્ષુદ્ર બુદ્ધિના પ્રભાવથી કોઈ પણ પુરૂષે ધર્મ પર યુક્તિ પ્રયુક્તિઓથી હસ્તક્ષેપ કરવો નહિ કિંતુ પરંપરાગત શિષ્ટાચારનું જ પાલન કરવું ઉચિત છે. મહર્ષિ મનુ મહારાજ એજ વિષયના સમર્થનમાં કહે છે કે वेदास्त्यपितरोयातायेनयाताःपितामहाः॥ तेनया यास्तांमार्गंतेनगच्छन्नरिष्यति ॥१॥ અર્થાત જે વેદવિદિત માર્ગનું આપણા પૂર્વજ બાપ પ્રપૂતિ ઋષિઓએ સ્થાપન કર્યું છે અને જે સનાતનું પિતા અને પિતામહ પાલન કરતા હોય એજ શુભ માર્ગે મનુષ્યોએ ચલવું ચાલવું ઉચિત છે. આર્ય ભદ્રબંધુ લખે છે કે દાન તો આત્મબુદ્ધિએજ કરવું. આત્મબુદ્ધિને આપવાથી પાપ પોતાય અને અંતે સ્વર્ગ મળે આવા વિચાર ધરાવનાર આપણી જાતિમાં ઘણા મળી આવે છે તો જણાવવાનું કે તમારા પૂજ્ય પિતાશ્રી પણ અમીપુનઃ કોઈ જેજ પરંપરાગત આત્મબુ ધર્મનું પાલન કરતા હતા અને તેમ કરવું જોઇજ આત્મબુ ધર્મ છે. કારણ મનુ

પાલન કરવું જોઇએ અને એના તરફ આધુનિક યુવક વૃંદ ઉપેક્ષા કરે છે. તે ઉપરથી પરંપરાના ભોગ થઇ પડે છે એવું માનવું એ સંશય વગરનું છે. જેથી ઇશ્વર આપણા સમુહમાં એવી પ્રજ્ઞા ઓછી ઉત્પન્ન કરે એવી પ્રાર્થના કરેજ છુટકો. ટુંકામાં—

બગડયો બગાડે બહુ સુધર્યો સુધારે સહુ,
ખુટતો ખુટાડે એવું જગમાં કેવાય છે. ૧

બીડીઓને દારૂતણાં વ્યસન જે કરનારા
પોતાતણી ગાંઠનુંજ ખવડાવા જાય છે. ૨

જેવા પોતે તેવા બીજાઓને પણ કરવાને,
વ્યસનોને વળગાડી સંગીયો કરાય છે. ૩

આમડયો તે અમડાવે, વટલ્યો તે વટલાવે,
જેવો પ્રાણી પોતે તેવો કરવાને થાય છે. ૪

લી.

વૈદ્ય લક્ષ્મીશંકર કલ્યતરામ ત્રિવેદી.
વ્યાસક્ષેત્ર પ્રભાસ નિવાસી.
(હાલ મુ. કોબા.)

જ્ઞાનમન્દિર પ્રેસ—અમદાવાદ.

'વસન્ત પંચમીને દિવસે તો લગ્ન નજ થઇ શકે,' એક અવાજ આવ્યો.

'અને વિઘ્ન થશે તેનું શું?' બીજો અવાજ આવ્યો.

'ત્યારે હવે શું કરવું?' એક પટેલે પૂછ્યું.

'લગ્ન નજ થવાં જોઇએ. અને કાયદાનો ભંગ કરવા માટે યોગ્ય પગલાં લેવા જોઇએ,' કેટલાક અવાજ આવ્યા.

જાતિ સેવક હોવાનું અભિમાન ધરાવતા જયશંકર બોલ્યા, 'લગ્ન અટકાવો. પગલાં લેવાની કશી જરૂર નથી!'

'વાહ જાતિ સેવક!' એક અવાજ આવ્યો.

'ધન્ય તમારી જાતિ સેવા!' બીજો અવાજ આવ્યો.

'અરે ભાઈ! એતો ઉપરનો ડોળજ!' ત્રીજો અવાજ આવ્યો.

'પત્રિકાઓ છપાવી ઘેર ઘેર ફરી કન્યાવિક્રયનો નિષેધ કરવાની હીલચાલ ચલાવે પણ ઘેર ટાણું આવતાં તો ગાંસડા બાંધે એ કયાંના જાતિ સેવક!'

'આપણો ધારો એમજ બતાવે છે કે કન્યાવિક્રય કરનારને તથા તેમાં સહાનુભૂત થનાર સર્વને ન્યાતની મરજીમાં આવે તેટલી શિક્ષા કરવાની ન્યાતને મુખ્તયારી છે. ધારાનો અમલ થવોજ જોઇએ!' એક ગૃહસ્થે અભિપ્રાય દર્શાવ્યો.

'પરન્તુ એથી જાતિમાં વિખવાદ ઉત્પન્ન થશે!' જયશંકરે મત દર્શાવ્યો.

'જો વિખવાદ ઉપસ્થિત થવાની બીક લાગતી હતી તો તે વખતે કરારપર સહી શા માટે કરી? કરાર તો તમેજ દાખલ કરાવ્યો હતો!' એક અવાજ આવ્યો.

'અને બીજી રીતે વિખવાદ કયાં નથી દાખલ થતા? કમણાંજ જાતિ-સેવકોએ પટેલિઆઓ સામે મહાન લડાઇ જાહેર કરી ચોસઠમાંથી ચાર ઘર તારવી કઢાડી એક સબળ (?) પક્ષ સ્થાપ્યો છે. અને એ રીતે પણ જાતિમાં તડ પાડયાં છે!'

'બાપ! એનું નામજ જાતિ સેવા? ઘરનો વહેવાર પરમાં દાખલ કરી બે ચાર હૈયા ફુટયા-અબજીને-લુપ્ત મતું સ્વમળતી પોતાના મતમાં સામેલ કરી કંઇ પણ કારણ વિના પ્રકટ પોતાની મોટાઇ સિદ્ધ કરવા આતરજ આમ જુદો પક્ષ સ્થાપવો એનું નામ જાતિ સેવા નહીં તો બીજું શું?'

'પરન્તુ હજી કયાં બાઝો છો? જે ચાલે છે તે પરજ વિચાર કરોને!'

'ઠીક તો હવે છેવટ શું નિર્ણય ઉપર આવ્યા?'

'એજ કે આ લગ્ન બંધ કરાવવા અને જે રૂપીઆથી સોદો થયો છે તે રૂપીઆ જાતિના ફેણવણી ફાળામાં રામશંકર આપી દે, તથા વજેશંકર અને તેના સહાયભુત મોરારભટ્ટ જાતિફાળામાં રૂપીઆ પાંચસો પાંચસો ભરે. જો તે પ્રમાણે ન વર્તે તો તેમની સાથેનો જાતિનો સર્વ વ્યવહાર બંધ.' વૃદ્ધ પ્રાણશંકર ત્રિપાઠીએ દરખાસ્ત રજુ કરી.

'બરાબર! બરાબર!' કેટલાક અવાજ આવ્યા.

'બોલો છે કોઇને સુધારો કરવા જેવું?'

'ના.' જવાબ મળ્યા.

'તો મંજુર?'

'હા. એક વખત નહીં પણ સો વખત મંજુર! મંજુર! મંજુર!- મહાલક્ષ્મી માતકી જે!

'પરન્તુ આનો અમલ ક્યારે કરવો તે બાબત હું એક સુચના કરવા માગું છું. જો અત્યારથીજ તે અમલમાં મુકવામાં આવશે તો ખેલ બગડી જશે. માટે બરાબર વસંત પંચમીને દીવસે જ્યારે વરઘોડો ચઢે ત્યારે આપણે બધાએ સાથો સાથ વજેશંકરને ઘેર જવું. અને બરાબર તેજ સમયે આપણે આપણું કાર્ય શરૂ કરવું એટલે તાલ પણ બરાબર જામશે. મ્હારી બુદ્ધિ તો આ પ્રમાણે પહોંચે છે.' પ્રાણશંકર ત્રિપાઠીએ સુચવ્યું.

'અરે વાહ! ગોળ કરતાં બીજું ગળ્યું શું?'

'જાતિના સ્તંભ તો આવાજ વિચારવંત જોઇએ.'

'કેટલી ન્યાયી બુદ્ધિ.'

'અને નિસ્વાર્થ વૃત્તિ! જાતિ માટેની લાગણી અજબ!' વગેરે અવાજો આવ્યા.

'ક્યાં ગયા તન્ત્રી સાહેબ. આ હકીકત તમારા માસિકમાં છાપશો ને?' ઉત્કર્ષના તન્ત્રીને પ્રાણશંકર ત્રિપાઠીએ પૂછ્યું.

'આવા ટાણાંમાટે મ્હારા પત્રમાં જગ્યા નથી. એમાં શું છાપવા જેવું હતું?' પ્રત્યુત્તર મળ્યો.

'ખરી વાત. આતો ટામ્પલાંજ.–કદાચ તમારા માઠકો બંધ થાય,– આલો આપણેજ છપાવી સર્વ સ્થળે મોકલશું. માસિકો તો ફક્ત કોઈના વખાણ કરવા માટેજ છે.'

'પરન્તુ બધા માસિક તેવા નથી હોતા' એક યુવાન બોલી ઉઠ્યો.

'બધા નહીં. તો આ એક તો છે ને! કંઈ નહીં, જોયું જશે. જાતિને લગતી બાબતો તો છાપવી નહીં અને વળી કહેશે કે અમ્હે અમ્હારા માસિક દ્વારા જાતિની નિસ્વાર્થ સેવા કરી રહ્યા છીએ. 'ધન્ય તન્ત્રી મહાશય! તમારી નિસ્વાર્થ સેવાને.'

એક યુવાન બોલી ઉઠ્યો. 'આ સભાનો પુરેપુરો અહેવાલ હું હિતચિન્તક માસિકમાં આપવાનો છું. તેના તન્ત્રીનો ગઇ કાલેજ તાર હતો. તેમણે સવિસ્તર વૃત્તાન્ત લખી મોકલવા સૂચવ્યું છે. તમારે તે બાબત ચિંતા કરવી નહીં!

'બોલો મહાલક્ષ્મી માત કી જે. બાઇઓ વસન્ત પંચમીનો દિવસ ભૂલશોમાં' કેટલાક અવાજે બોલી ઉઠ્યા.

ધીરે ધીરે બધા વિખરાયા. ફક્ત બેચાર જાતિ સેવકો અને ઉત્કર્ષના તન્ત્રીજ બેઠી રહ્યા.

જયશંકરઃ—'આ તો ધર્મ કરતાં ધાડ થઇ. રામશંકરભાઇને સારૂ લગાડવા જતાં આપણી પ્રતિષ્ઠા ગુમાવી.'

ગંગાશંકરઃ—'અરે પ્રતિષ્ઠા હતીજ કયારે? જોતો બહારથી મોટી મોટી વાતો કરીએ એટલુંજ, અંદરથી—

કૃપાશંકરઃ—'આવું જોઇતું હતું. પ્રાણશંકર ત્રિપાઠી ખરા કાર્યદક્ષ નિવડ્યા. ધારા બરાબર અમલમાં મૂક્યા. પરન્તુ આખી જાતિમાં ઉત્સાહ ઘણો હતો. આપણું ચાલે તેમ નહતું.'

તન્ત્રીઃ—'પરન્તુ હું એક બે ગ્રાહકનું મન સાચવવા ગયો ત્યાં તો સોની બાદ પડશે. પચારીક જણાએ તો અહીંને અહીંજ ના પાડી દીધી.'

'હશે ભાઇ, જેવા લખત. વિનાશ કાલે વિપરીત બુદ્ધિ.'

(અપૂર્ણ.)

પ્રાસંગિક નોંધ.

રાણપુરમાં સ્થાનિક સમિતિની શરૂઆતઃ—લીંબડી પરિષદ જ્ઞાતિ પરિષદની યોજના ઘડી કાઢી હતી અને તેમાં પરિષદના અંગરૂપ દરેક જ્ઞાતિ નિવાસના સ્થળમાં એક એક સ્થાનિક સમિતિ સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. છૂટાં છૂટા ગામોમાંથી કેટલાક જ્ઞાતિ ગૃહસ્થો ચાર આના ભરી પરિષદના સભાસદો થયા છે. પરંતુ હજુસુધી કોઈ સ્થળે સ્થાનિક સમિતિ સ્થપાઈ નથી. ગોહિલવાડે જેમ પ્રાન્તિક સમ્મેલન ભરવામાં પ્રથમ પ્રયાસ ઉઠાવ્યો છે, તેમ ઝાલાવાડમાં રાણપુરે પરિષદના અંગની સ્થાનિક સમિતિ સ્થાપવાની પહેલ કરી છે. અમે રાણપુરના જ્ઞાતિ ગૃહસ્થોને આ જરૂરીઆત સમજવા માટે તથા સમિતિ સ્થાપી પરિષદે નક્કી કરેલા કેટલાક ઠરાવો અમલમાં મુકવા માટે પોતાના બાર ગામ ચોમલ માટે પરિષદના અમૂક ઠરાવો બ્હાલ રાખવા માટે અભિનંદન આપીએ છીએ. અને આશા રાખીએ છીએ કે જે ગામોમાંથી થોડા ઘણા જ્ઞાતિ ગૃહસ્થો પરિષદના સભાસદો થયા છે તે ગામમાં સ્થાનિક સમિતિઓ સ્થાપવાનું કામ ઉપાડી લેવામાં આવશે તેમજ બીજા ગામોના જ્ઞાતિ ગૃહસ્થો પણ ચાર આના ભરી પરિષદના સભાસદ થઈ પોતાના ગામની સ્થાનિક સમિતિ સ્થાપવાનું અને પરિષદને એક વ્યવહારૂ અસરકારક સંસ્થા બનાવવાનું કામ શરૂ કરશે.

શ્રીમાળી શુભેચ્છકની બાદઃ—શ્રીમાળી શુભેચ્છકને હજુ રૂા. ૪૦૦ ની ખોટ બાકી રહ્યાનું ગતાંકમાં અમે દર્શાવ્યું છે. અને તે ખોટને પહોંચી વળવા માટે જ્ઞાતિના સાધન સંપન્ન ગૃહસ્થોને યથાશક્તિ આર્થિક સહાય્ય આપવાની અને માસિકના ચાલુ ગ્રાહકોને થોડાં નવાં ગ્રાહકો મેળવી આપવા માટે વિનંતિ કરવામાં આવી છે, અમે આશા રાખીએ છીએ કે શ્રીમાળી શુભેચ્છકની નિસ્વાર્થ સેવાની કદર કરી દરેક સુજ્ઞ ગ્રાહક પોતાથી બનતાં નવાં ગ્રાહકો બનાવી આપવા માટે બનતો પ્રયાસ ઉઠાવશે તથા જ્ઞાતિના સાધન સંપન્ન ગૃહસ્થો પોતાથી બનતી સહાય્ય મોકલી આપશે.

તન્ત્રી.

કોણ સરસ ?

અથવા

વિશ્વની વિચિત્રતા !

દ્વિતીય દર્શન

વિવાહ અને વ્યવસાય.

"કેમ ભાઈ, આનન્દના અવસરે તું શા વિચારમાં છે ?" વૃદ્ધ આત્મારામે પોતાના પુત્ર બલવીરની બેઠકમાં પ્રવેશ કરતાં જ આ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો.

"પધારો, મોટાભાઈ પધારો. હું તમારી જ વાટ જોતો હતો. બેસો, આ કોચપર બેસો." બલવીરે પોતાના પિતાને આવકાર આપીને કોચપર બેસવાનું કહ્યું.

"કેમ વારૂ મારીવાટ શા સારૂ જોતો હતો? કુશળ તો છે ને ?" આત્મારામે કોચપર બેઠા પછી આધીરતાથી પૂછ્યું.

"પરમેશ્વની કૃપાથી અને વડિલોના પુણ્ય પ્રતાપથી હજી સુધી તો કુશળ જ છે. વાટ જોવાનું કારણ તો એ છે કે મારે તમારી સાથે મારા વ્યવસાયને લગતી કેટલીક વાતો કરવાની છે. શું અત્યારે અવકાશ છે ?" બલવીરે વિવેકપૂર્ણ વાણીથી કારણ કહી દેખાડ્યું.

"તું જાણે છે કે મને લગભગ આખો દિવસ અવકાશ જ હોય છે; કારણ કે, સરકારની સેવામાંથી મુક્ત થયા પછી પ્રાતઃકાલમાં તથા સાયંકાલમાં કલાક એ કલાક પરમેશ્વરના સ્મરણ તથા ગુણકીર્તન સિવાય મારે બીજું કંઈ કામ હોતું નથી. તારે જે કાંઇ કહેવું હોય તે ખુશીથી કહે; કારણ કે સાયંકાલની સેવાપૂજાને હજી કલાક દોઢ કલાકનો વખત આપ્યા છે." આત્મારામે ખુલાસો કર્યો.

"મારે હવે વ્યવસાયનો આરંભ કરવો જોઇએ. વિલાયતથી પાછા ફર્યાને આજે ચાર માસનો સમય વીતી ગયો. મારા લગ્ન થયાને પણ આજે બરાબર બે મહીના થયા છે." બલવીરે પોતાની વાતનો આરંભ કર્યો.

"તારૂં કહેવું ખરૂં છે. વ્યવસાય વગર બેસી રહેવાથી કુબેરનો ધન ભંડાર પણ ખાલી થઈ જાય એવા પ્રકારની લોકોક્તિ છે તે સર્વથા સત્ય છે. તે પછી આપણી પાસે તો નાનો સરખો પણ દ્રવ્યનો ભંડાર નથી." આત્મારામે બલવીરના કથનને પુષ્ટિ આપીને પોતાની સ્થિતિ પણ દર્શાવી દીધી.

" અહીંજ મારો મુદ્દો છે, " એમ કહીને બલવીરે પોતાના ટેબલના ખાનામાંથી કેટલાક કાગળો બહાર કાઢ્યા અને તે આત્મારામના હાથમાં આપીને પુનઃ કહેવા માંડ્યું " તમારા કરકમળમાં આપેલાં કાગળોપર લખેલી દવાઓ તથા ઓજારો મારે દવાખાનું ખોલવા પહેલાં મુંબઈથી લાવવાં પડશે. એ સિવાય બે ત્રણ કબાટો, દશબાર કુર્સીઓ, એક બે બાંકડાઓ વગેરે ફર્નીચર અહીં તૈયાર કરાવવું પડશે એ બધું કરવામાં ઓછામાં ઓછા પાંચ હજાર રૂપીયા જોઈશે. તો શું તેટલી મોટી રકમનો પ્રબંધ તમે કરી શકશો?"

" કાગળપર લખેલી દરેક વસ્તુ તારા કામની લાગે છે, એમ ઉપર ઉપરથી જોતાં પણ જણાય છે. પાંચ હજાર તો શું પણ મારી પાસે તો પાંચસો રૂપિયા પણ હવે રહ્યા નથી. પેન્શન્ આવે છે તેમાંથી ઘરનું ગાડું ગબડે છે. બાકી હવે તો બધો તારાપર આધાર છે. તારો ધંધો એવા પ્રકારનો છે કે તેમાં શરૂઆતમાં ગાંઠનાં પૈસા ખર્ચવાની આવશ્યકતા છે. પછી તો રંગબેરંગી પાણીની શીશીઓ ભરી પૈસા પેદા કરવાના. મારી પાસે જે કાંઈ હતું તે તને ભણાવવામાં ખર્ચાઈ ગયું છે. થોડું ઘણું જે બચ્યું હતું તે તારા વિવાહમાં કેકાણે પહોંચી ગયું છે. એટલે હવે તો ગામમાંના કોઈ શાહુકાર પાસેથી વ્યાજે લાવીને તને આપું એજ ઉપાય રહ્યો છે." આત્મારામે પોતાની આર્થિક સ્થિતિ વધારે સ્પષ્ટતાથી સમજાવી અને બલવીર શું કહે છે તે સાંભળવા માટે આતુરતાથી તેના મુખમંડળ સામે જોવા માંડ્યું.

" તમે કહો છો તેવી રીતે પૈસા લાવવાથી ભારે વ્યાજ આપવું પડશે, એટલું જ નહિ, પણ શહેરમાં આપણી પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે " બલવીરે વ્યાજે રૂપિયા લાવવા વિશે પોતાના વિચારો દર્શાવ્યા.

"ત્યારે શું કરીશું બાપ?" આત્મારામે ઠંડિ સૂઝવાથી એ પ્રશ્ન પૂછ્યો.

" મારા વિચાર પ્રમાણે તો 'કાયસ્થ વિદ્યાપ્રચારિણી સભા' ના રક્ષાના ફંડમાંથી જોઈતા રૂપીયા લઈ આપણું કામ ચલાવવું. એથી વ્યાજ આપવું નહિ પડે અને પ્રતિષ્ઠાને હાનિ પણ નહિ પહોંચે." બલવીરે પોતાની જ્ઞાતિની સંસ્થાના ફંડમાંથી જોઇતી રકમ મેળવવાનો વિચાર દર્શાવ્યો.

" એ ફંડમાંથી રૂપીયા આપણને વગર વ્યાજે કોણ આપે બાપ?

દાનિ સમસ્તના દ્રવ્યનો ઉપયોગ કરવાનો આપણને શો અધિકાર છે? કદાચિત્ તારો કહેવા મુજબ એ કોયમાંથી આપણને રૂપિયા મળે તો પણ એ વાત ગુપ્ત કઈ રીતે રહી શકે વારુ? અને જો દૈવયોગે એ વાત પ્રકટ થઈ જાય તો આપણી પ્રતિષ્ઠાની ધૂળધાણી થઈ જાય એટલું જ નહિ, પણ તે પળતે આપણને જવાબ દેવો પણ ભારે પડી જાય!" આત્મારામે દાનિના દ્રવ્યના ઉપયોગના માર્ગમાં જે વિઘ્નો હતાં તે કહી દર્શાવ્યાં.

"સભાનો કોષાધ્યક્ષ તથા પ્રમુખ અને મારા સગાભાઈઓ તથા સ્નેહીઓ છે. તેઓ પોતે પણ એ પ્રસંગે હરે છે; તેમણે જ મને રૂપિયા આપવાનું તથા એ વાત ગુપ્ત રાખવાનું કહ્યું છે." બલવીરે ખુલાસો કર્યો.

"વારુ, જેવી તારી મરજી. પણ જે કરે તે વિચાર કરીને કરજે. સોપારી લઈને નાળિયેર આપવું ન પડે એની સાવચેતી રાખજે. ત્યારે તારી ધારણા પ્રમાણે પૈસા મળી જશે તો દવાખાનું ઉઘાડતાં તને કેટલો વખત લાગશે વારુ?" આત્મારામે વિચારીને કાર્ય કરવાની સલાહ આપીને પૂછ્યું.

"બારમાં બોલા બે મહીના." બલવીરે થોડીકવાર વિચાર કરીને જવાબ દીધો.

"વારુ તબે તારે કાંઈ કહેવું છે?" આત્મારામે પૂછ્યું.

"ના, જી." બલવીરે કહ્યું.

"તો હું એક પૂછું તેનો જવાબ સભાંપા વગર તથા શરમાયા વગર આપજે. તારો ગૃહસંસાર કેમ છે? આ પ્રશ્ન હું તને પૂછત નહિ પણ કન્યાની બાંહેધરી મેં કરેલી હોવાથી પૂછવાની મારી ફરજ રહ્યું છું." આત્મારામે બલવીરની બીના વિષયમાં પૂછ્યું.

"ઉંમરે ગયા પછી મારાં નેત્રો સૌન્દર્યને ચાહનારાં થઈ ગયાં છે તેથી તમારી પુત્રવધૂના સૌન્દર્યે સિવાય બીજી કશી ચીજ આંખમાં અને તેથી ચંચોળ છે. તેની સદનશીલતા તથા શાન્ત અને વિનોદિની પ્રકૃતિ અમે તેવા કોરા અંતઃકરણવાળા પુરુષનો પ્રેમ પ્રાપ્ત કરી શકે તેમ છે. તેની કુલીનતા ગમે તેવા અકુલીન પુરુષને કુલીન બનાવવાનું સામર્થ્ય ધરાવે છે." બલવીરે પોતાના મૌન્દર્યે પ્રેમી સ્વભાવનો પરિચય કરાવીને ખરેખરો જવાબ દીધો.

"તબે મારા આત્માને શાન્તિ થઈ. રૂપના વિષયમાં હું બેદરકાર રહેનો નથી. સંસારનો બહોળો અનુભવ રૂપથી ચળવવા સારૂ રૂપની નહિ પણ ગુણોની જરૂર છે." એમ કહીને આત્મારામ ત્યાંથી ઊઠી બહાર આવ્યા ગયા.

"તમે હવે વૃદ્ધ થયા. રૂપનો મહિમા તમે શું જાણો પિતાજી? વિલાસી યુવકો સૌન્દર્યના કેટલી સીમા પર્યન્ત ઉપાસક હોય છે, એની તમને કલ્પના પણ ક્યાંથી હોય વારુ? પરંતુ હું મારી રૂપલાલસાની પૂર્તિ ગમે ત્યાંથી કરી લઈશ. માત્ર દવાખાનું ખોલી દઉં અને મારી પ્રેક્ટિસ (વ્યવસાય) તેમજ પ્રતિષ્ઠા જામે એટલોજ વિલંબ છે." એવા આશયના શબ્દો બલવીરે પોતાના પિતાને ઉદ્દેશીને તેમના ચાલ્યા ગયા પછી ઉચ્ચાર્યા અને થોડીવાર પછી તે પણ કપડાં પહેરીને બહાર નીકળી પડ્યો. અપૂર્ણ.

ભોમાશંકર શર્મા.

જાહેરાત

કલકત્તાવાળા રા. **નરભેરામ માધવજી** દવેએ તેમના તરફથી તેમના સ્વ. પિતાશ્રીના સ્મરણાર્થે એક ગરીબ વિદ્યાર્થીને એક વરસ માટે અત્રેના છાત્રાલયમાં રાખવા ઇચ્છા દર્શાવી છે. બજુવેંદીને પસંદગી ખાસ કરીને આપવામાં આવશે.

વળી તેઓ તેમના સ્વ. કેશવા વખતબાના સ્મરણાર્થે એક વરસમાટે દર મહિને રૂા. ૫)ની મદદ કોઇપણ જ્ઞાતિની નિરાધાર. વિધવાને આપવા ઇચ્છે છે. વિધવા બાઇનું નામ તદ્દન ખાનગી રાખવામાં આવશે.

સદર્હુ મારીનો લાભ લેવા ઇચ્છતા વિદ્યાર્થીએ તથા સદરહુ માસિક મદદનો લાભ લેવા ઇચ્છતી જ્ઞાતિની વિધવા બહેને નીચેના શિરનામે તુરત લખી જણાવવું.

તન્ત્રી–શ્રીમાળા શુભેચ્છક
દોલતખાના ૪૧૦૩–૬–અમદાવાદ.

શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રી. પ્રા. કેળવણી મંડળ અમદાવાદ—નું ચતુર્થ સંમેલન નવેમ્બરની આખર તારીખોમાં ભરવામાં આવશે. ચોક્કસ તારીખો નક્કી થયે વર્તમાનપત્રોદ્વારા તથા પોસ્ટદ્વારા મંડળના સામાન્ય સભાના સભ્યોને જણાવવામાં આવશે.

મન્ત્રીઓ–શ્રી મ. આ. શ્રી. પ્રા. કે. મંડળ–અમદાવાદ

મારી મુસાફરી—રાણપુર અને દહેગામ.

રાણપુરની પહેલ.

મારી મુસાફરીના અહેવાલમાં અગાઉ હું શુકલતિર્થ વિષે લખી ગયો છું. ત્યારબાદ જુદે જુદે સ્થળે મુસાફરી કરવાનાં પ્રસંગ પ્રાપ્ત થતાં નોંધવા જેવો અહેવાલ નોંધવાની અગત્ય જણાયાથી અને રાણપુર તેમજ દહેગામની હાલની મુસાફરીનો ટૂંકસોર અહેવાલ નીચે આપું છું.

ઉત્સાહ વગર કાર્ય થઇ શકતું નથી.

ઘણા નિરાશાવાદીઓ એમ કહે છે કે "આપણાથી શું થવાનું છે? આપણામાં કાર્યસિદ્ધિ થવી અશક્ય છે? કંઇ વળવાનું નથી!" પરંતુ આવા નિરાશાજનક બધા પ્રશ્નોનો ઉત્તર હું તો એકજ આપું કે તમોએ કોઇ વખતે ઉત્સાહથી કાર્ય કર્યું છે ખરૂં? જે ભૂમિમાં, જે ક્ષેત્રમાં, જે સંમાજમાં તમારે કાર્ય કરવાનું હોય તેમાં તમે તન્મયતા ધારણ કરી છે ખરી? નાહક ભૂમિને, ક્ષેત્રને, સમુદાયને, સમાજને શા માટે દોષ આપો છો? આ કથનની પુરતીમાં અનેક દૃષ્ટાંતો મળી શકે છે. મહાત્મા ગાંધીજીએ છેલ્લા ત્રણ ચાર વર્ષોથી હિંદમાં કેવો પલટો કરી દીધો છે? આપણી જ્ઞાતિની લીંબડીની પરિષદ આટલી ઉત્સાહજનક અને આવી આશાપ્રેરક સ્થિતિએ પસાર થશે એમ કોણે ધાર્યું હતું? અન્ય દૃષ્ટાંતોથી લંબાણ કરી કંટાળો નહિ આપું. પણ સાર રૂપે એજ કહીશ કે ઇશ્વરી પ્રેરણા, ઇશ્વરી કૃપા, ઉત્સાહ અને હિંમત હોય તો ધાર્યાં કામો પાર પાડવામાં મુશ્કેલી નડતી નથી. રાણપુરની મારી મુસાફરીનું દૃષ્ટાંત મોજુદ છે.

રાણપુર.

ઝાલાવાડનાં બાર ગામ (ચોભલની મેંદામાં) એ આવેલું છે. ત્યાં અગાઉ તો ૭૦ ઘરની વસ્તી હતી એમ કહેવાય છે પણ હાલ તો ૨૦ છે. તેમાંયે ત્રણ ચાર તો માત્ર વિધવાઓની હયાતી સુધીનાંજ છે. એટલે વસ્તી ઓછી થઇ છે એમ તો ખરૂંજ. બધા સુખી છે, જમીન જાગીર ધરાવનારા તેમજ વેપાર ધંધો અને નોકરી કરનાર પણ છે. કેળવણીમાં તો એકજ ઘર આગળ આવ્યું છે. કેળવણી પ્રમાણમાં ઓછી છે તોપણ જ્ઞાતિજનો જ્ઞાતિહિતના કાર્યમાં સારો ભાગ લેનારા છે. લીંબડીની આપણી પરિષદમાં ગામના પ્રમાણમાં અહીંની સારી સંખ્યાની હાજરી હતી. અવારનવાર મારી સાથે થયેલી વાતચીતમાં પણ ઉત્સાહ ઠીક જણાય છે. વળી દરેક ભાઇઓએ પરિષદનો અહેવાલ રાખી ઉત્સાહમાં વધારો જણાવ્યો છે.

ગ્રામ્યસમિતિની સ્થાપના.

મારી હાજરીનો લાભ લઇ ત્યાંના જ્ઞાતિભાઇઓએ રાતે માતાજી મહાલક્ષ્મીજીના મંદિરમાં એકત્ર થઇ રાણપુર ગ્રામ્યસમિતિની સ્થાપના કરી પરિષદના ઠરાવનું પાલન કર્યું છે. તેની સાથે વધારેમાં સ્થાનિક આવક વધારવા અને વિદ્યાર્થી વિગેરેને ઉત્તેજન આપવાના કામે અમુક રકમ એકઠી કરવા સભાસદ થનારનાં વાર્ષિક આઠ આના ફી ઠરાવ્યા ઉપરાંત લગ્ન, જનોઈ, સીમંત વિગેરે શુભ પ્રસંગે અમુક રકમ ઠરાવી લેવાનો પણ ઠરાવ કરવામાં આવ્યો છે અને આ ઠરાવો ઉપર હાજર રહેલાઓની સહી લઇ તે માતાજીમાં ચોડવામાં આવ્યો છે. આ રીતે રાણપુરે ગ્રામ્યસમિતિ સ્થાપવાની પહેલ કરી પરિષદના ઠરાવોનું અનુકરણ કરવાને અન્ય ગામવાસી જ્ઞાતિભાઇઓને દાખલો બેસાડયો છે. આ ઠરાવો વિગેરેની વિગતવાર હકીકત સમિતિના સેક્રેટરી તરફથી આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ કરવામાં આવી છે.

ઐક્યતા.

રાણપુરમાં ઐક્યતાનું દૃષ્ટાંત પણ આવકારદાયક છે. માત્ર શ્રીયુત મગનલાલ ઓઝા સિવાય બધા ઘરો એકત્ર છે. શ્રીયુત મગનલાલભાઈ વયોવૃદ્ધ, પાકટ વિચારના, અનુભવી, કુળવાન છે. તેમનાં ચીરંજીવીઓ વકીલ, એન્જીનીઅર જેવી સારી ડીગ્રી ધરાવનારા કેળવાયલા, સુશિક્ષિત, પાંચ પૈસે સુખી છે, અને માન આબરૂ પણ સારી ધરાવે છે. જો શ્રીયુત મગનલાલભાઇ ધારે તો તેમની લાયકીના પ્રમાણમાં તેઓ રાણપુરની આપણી જ્ઞાતિનું તંત્ર એકહથ્થુ ચલાવે અને રાણપુર ગામમાં પણ આગેવાની ભર્યો માન ભરતબો ધરાવી શકે. હું આશા રાખું છું કે જ્યારે સર્વ સ્થળે જ્ઞાતિ ભાઇઓને વૃદ્ધ અનુભવીઓની સલાહની પૂર્ણ આવશ્યકતા છે ત્યારે મુરબ્બીશ્રી મગનલાલભાઇ મારી વિનંતિનો સ્વીકાર કરી રાણપુરની જ્ઞાતિ ઐક્યતાને, મોખરે રહી શોભાવવાને ચૂકશે નહિં તેમજ અન્ય ભાઇઓ પણ સમિતિ સ્થાપી યોગ્ય ઠરાવોની પહેલ કરીને યશ અત્યારે ખાટી ગયા છે તે કાયમને માટે જળવી રાખશે.

દહેગામ.

એ અમદાવાદથી પ્રાંતીજ લાઇનમાં ગાયકવાડી રાજનો કસ્બો છે, ત્યાં હાલ તો આપણી વસ્તીના બાર ઘર છે. પચાશેક વર્ષ ઉપર ૫૦ ઘર હતાં. હાલના શ્રીમાળીવાડાનો વિસ્તાર તથા વચ્ચે આવેલું શ્રીમાળીઓનું શ્રી અંકલેશ્વર મહાદેવનું દેવાલય આ વાતની સાક્ષી આપે છે. ૫૦ વર્ષમાં

૩૫-૪૦ ઘરની વસ્તી હમતી થાય એ ભવિષ્યનું બારે તુરતાનતારક પરિણામ જણાવે છે. અને દરેક રથળે જો વસ્તા ઓછા પ્રમાણમાં આવી રીતે વસ્તી પટતી જણાય ત્યારે હાલની ગણ્યા ઠેકવાતા ૪૫ હજારથી અર્ધ કરી ૨ કેમ? તે પણ સંકારપદ છે! ત્યાંથી પાંચ ગાઉ આવેલા દારીજમાં બે ઘર અને પારીઆણામાં અત્યારે તો એકજ ઘર છે. લાં પણ આમત ઉપર ૧૫-૨૦ ઘર હોવાનું એક અનુભવીએ કહ્યું છે. એક ઘર વરસોડામાં છે તે તો દહેગામથીજ અધવાટ કરી દેવા જેવું છે. આ ચારે ગામનું વસ્તી પત્રક જનારા મોકલવાનું શ્રીયુત અંબાશંકર વજરામ ત્રીવેદીએ કબુલ કર્યું છે. આશા છે કે તેઓ તે પ્રમાણે વેગાસર મોકલી આપશે.

સ્થિતિ અને ઉત્સાહ.

ઉપરની વસ્તીમાં બધા ભાઈઓ સુખી છે કેટલાકને ત્યાંનો પણ છે, અને ગોકરીઆત પણ છે, છતા વસ્તીનટ્ટિ એ મુખ્ય છે. આ મામનો વ્યવહાર પ્રથમ તો ગોધરા, અમદાવાદ અને હાલિઆરા સાથે હતો, પરંતુ બહાદુર હોવાના સબબે દાસ આવતુના, કપડવણજ તરફ વધતો ચાલ્યો છે. કેળવણીનો અભાવ અને નાતિદિલના વિચારો અને તેમાં ભાગ લેવાની બેદરકારીને લીધે વિચારો બંધુચિત છે, આથી સામ્યસમિતિની સ્થાપના તો ન થઈ શકી પરંતુ લગભગ બધા ભાઈઓએ ઉત્સાહના મકાનદાતામાં પણ અોછું દીધું લેવાની ઉદારતા દર્શાવી છે. અને તો નાતિ ઉન્નતિનો લાગમા સારો એક લેખ રસનો જણાય છે કે એક બે વિદ્વાન ઉપદેશકો રથળે રથળે ફરી વિચારો પોષવાનું કામ કરે તો ઉત્તમ છે. પ્રેમી.

મુંબાઇવાસી ભાઇઓને નમ્ર નિવેદન.

મોડિલવાર પ્રાન્તિક સમ્મેલન વિષે ચર્ચા થઈ કરવા અમદાવાદ યુવક મંડળે જે પ્રયત્ન કર્યો છે, તેના પાયો મુંબાઇના મોડિલવારી ભાઇઓએ કીધો છે. અમદાવાદ મંડળના સભાસદ શ. નરસંદાસ દેવશંકર એલ એ ખાસનમાં ત્યાં પ્રવાસ કરી રહ્યા છે, તો મારું ધારવું તેને પધારવા મારે આપણે જેવી આશા છે.

શ્રી. સંયુક્ત મંત્રીઓ મો. આ. યુ. મંડળ.
અમદાવાદ (ગાંધીવાડા).

પત્રિકા નં. ૩

ઉત્સાહનાં ઝરણાં.

—*—

શુરવીર ચલો.
ડગ ધીર ધરો;
ન લગીર ડરો,
જય કીર્તિ વરો.

× × × × ×

ક્યાં ગયો એ નિરાશવાદ ? સૂર્યની ઉજ્વળ પ્રભા પ્રભાતમાં પૂર્વ દિશામાં ઝળહળી ઊઠે અને રાત્રીનો અંધકાર ગુહાઓમાં સંતાઈ જાય તેમ ઉત્સાહના એક સામટા પૂરમાં નિરાશાવાદ ક્યાં એ ડૂબી ગયો. સંમેલન માતાનાં ચોગમ ઘુટા છવાયા સત્કાર ગીતો ગવાઈ રહ્યાં છે. હૃદયની ઉર્મીઓના ઉભરા ઉછળી રહ્યાં છે, આશાનાં કિરણ ઝબુકી રહ્યાં છે. પધારો બન્ધુઓ એકત્ર બનો, એક અવાજે બોલો અને જ્ઞાતિ ગંગાના ઉદ્ધાર આદરો.

અમ્હારી બીજી પાત્રિકાએ નિરાશાવાદને દેશવટો દીધો છે, કાર્યદક્ષતાનો માર્ગ સરલ કર્યો અને સર્વત્ર ઉત્સાહ ઉભરાવ્યો છે, પ્રાંતિક સંમેલન એકત્ર કરવાની સર્વે તત્પરતા દાખવી રહ્યા છે.

જ્ઞાતિને અધોગતિનાં રૂપમાં અદૃસ્ય થતી નીરખી કયો જ્ઞાતિબાળ મુંગે મોઢે બેસી રહે ? માતાના ચીર લુંટાતા જોઇ કયો ભાડીજાયો હાથ જોડી બેસી રહે ? કુરિવાજો, કંગાલ સ્થિતિ એ સર્વે જોયા પછી કોણ એવો બેશરમ હોય જે એ બેડીના બંધનોમાં બંધાઇ રહેવા ઇચ્છે ? ગત પૂર્વજોની સમૃદ્ધિ, બહોજલાલી, તેમનું જ્ઞાન, બુદ્ધિ, તેમના મહાન હૃદય, એ સર્વનો લોપ થઇ ગયો અને આપણે આ દશામાં આવી પડ્યા. જ્યાં સુધી આંખ ન ખુલી, માયાનાં પડળો ન ઉતર્યા ત્યાં સુધી તો અધોગતિને માર્ગે વહ્યા; પરંતુ જ્યારે તે ભયંકરતા, અધમતા દૃષ્ટિ સમિપ દેખાણી, હૃદયમાં સ્પર્શ જાણી, ત્યારે કોણ રોમા પાશમાં પડ્યા રહેવાનું ઇચ્છે ?

અને આ સંમેલનનું પરિણામ ? હજારો બાળ વિધવાની દુઆ, હજારો દુઃખીનાં આશિર્વાદ, રાંકડી બાલિકાઓની આમા, જ્ઞાતિ માતાનું મોંઘેરું વરદાન, લક્ષ્મી માતાની અમૂલ્ય લ્હેર, સરસ્વતી દેવીની શુભાશિષ, સંદાચારનો

Reg. No. B. 1412

શ્રીમાળી શુભેચ્છક

सत्यंवद। धर्मंचर स्वाध्यायान्मामप्रमदः। उपनिषद्

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्॥ श्री. भ. गीता.

વર્ષ ૪ થું.] ડીસેમ્બર ૧૯૨૩. [અંક ૧૨

વિષયાનુક્રમણિકા.

૧ મુખારવિંદથી	મ. ૨. ત્રિવેદી	૨૭૯
૨ શુભ ભાવના	મ. મ. ઓઝા.	૨૮૦
૩ અંજલિ	અકરન્દ	૨૮૦
૫ જાતિ ગાતાનો વિનય	ચ. મ. ઓઝા.	૨૮૧
૮ પ્રાતઃસ્મિ નોંધ અને ચર્ચા.	તન્ત્રી.	૨૮૨
૯ ભગવત્ સ્મરણ	મુ. મ. મ. ઓઝા.	૨૮૫
૭ પરોપકાર	ન પો. ઓઝા.	૨૮૬
૮ મનુષ્યની સાધ્યતા	મુ. પ્રા. ઓઝા.	૨૮૮
૬ ગ્રેટ બ્રીટનના વિચાર.		૨૯૭
૧૦ અમારો પ્રવાસ		૨૯૮
૧૧ જ્યોતિષ સમાચાર	તન્ત્રી.	૩૦૨

તન્ત્રી અને પ્રકાશક

ત્र्यंબકલાલ શિવશંકર ત્રિવેદી, એમ. પ્.

દોલતખાના, ૪૧૦૩-૦૬—અમદાવાદ.

જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસમાં શંકરરામ અમૃતરાયે છાપ્યું.

વાણેષીની પોળ, રાયપુર—અમદાવાદ.

શ્રીમાળી બ્રાહ્મણ પરિષદના આજસુધી નોંધાયેલા સભાસદોના નામની યાદિ.

રાણપુર.

૧ હરિલાલ મોહનલાલ.
૨ મોહનલાલ લક્ષ્મીશંકર.
૩ ત્રવાડી પુરુષોત્તમ ગંગારામ.
૫ ત્રિવેદી રતિલાલ હરજીવન
૬ ત્રિવેદી મોહનલાલ પ્રાણજીવન
૬ ત્રવાડી મણિલાલ હરિલાલ
૭ ત્રિવેદી ગૌરીશંકર જગન્નાથ

બોટાદ.

૮ દવે ચતરભુજ લાલજી

શિહોર.

૯ મણિશંકર મુળજી
૧૦ પિતાંબર મણિશંકર
૧૧ પરમાણંદ મોહનલાલ
૧૨ ત્રવાડી ઉમાશંકર મણીશંકર

વળા.

૧૩ ત્રવાડી મણીશંકર શ્યામજી

ઉમરાળા.

૧૪ ડૉક્ટર મગનલાલ દુલભજી

ત્રાપજ.

૧૫ ત્રવાડી ધનેશ્વર પરમાણંદદાસ
૧૬ ત્રવાડી વીરેશ્વર પરમાણંદદાસ
૧૭ ત્રવાડી ચતરભુજ છગનલાલ

સાવરકુંડલા.

૧૮ ત્રવાડી લાલજી પુરુષોતમ
૧૯ હિંમતલાલ ગૌરિશંકર
૨૦ ઓઝા મંગાશંકર રામકૃષ્ણ
૨૧ ઓઝા શંકરલાલ વિષ્ણુ
૨૨ ત્રિવેદી હરિલાલ લાલજી
૨૩ સૌ. ભાગીરથી હરિલાલ

લીલીયા.

૨૪ રતિલાલ મહાશંકર

પાલીતાણા.

૨૫ ત્રિભુવન વલ્લભજી ત્રિવેદી

કલકત્તા.

૨૬ રમણિકલાલ શિવશંકર વ્યાસ

નાગલપુર.

૨૭ ઓઝા ઉમીઆશંકર ડાહ્યાભાઇ

માંડવી.

૨૮ ઈશ્વરલાલ વૈજનાથ ઓઝા
૨૯ ઓઝા હેમતરામ ગંગાશંકર
૩૦ ત્રવાડી ભાઇશંકર પીતાંબર
૩૧ ત્રવાડી રામજી આણંદજી
૩૨ ઓઝા શિવશંકર ગંગાશંકર
૩૩ ઓઝા રંગનાથ કેશવજી
૩૪ હરિલાલ બેચર
૩૫ ઓઝા પ્રાણશંકર નરભેશંકર
૩૬ ત્રવાડી મંગળજી દેવશંકર
૩૭ દુર્ગાશંકર રેવાશંકર ઓઝા
૩૮ ત્રવાડી કુલશંકર જીવરામ
૩૯ ત્રિવેદી નરલશંકર પ્રાણજીવન
૪૦ ત્રવાડી મણિશંકર કાનજી
૪૧ ઓઝા રંગનાથ લક્ષ્મીશંકર
૪૨ ત્રવાડી હેમતરામ જમીલદાસ
૪૩ ત્રવાડી વસંતરામ કુલશંકર
૪૪ ત્રિવેદી નંદશંકર કેસ્યાજી
૪૫ ઓઝા જગજીવન કરણાશંકર
૪૬ જુઠાલાલ જમીયરામ
૪૭ ત્રવાડી આત્મારામ રણછોડજી
૪૮ ત્રિવેદી ભગવાનલાલ જેઠાશંકર

શ્રીમાળી શુભેચ્છક.

इच्छन्शुभं यः स्वपरस्य नित्यं कृन्तत्यशुभं कुलदेवी तस्य।
विचार्य चैवं विहरन्तु सर्वे श्रीमाळी शुभेच्छक इच्छतीरथम् ॥

(જે મનુષ્ય હમેશાં પોતાનું તેમજ પારકાનું શુભ ઇચ્છે છે તેનું અશુભ શ્રી મહાલક્ષ્મી નાશ કરે છે. આ સૂત્રનો દરેક બંધુ વિચાર રાખી તે પ્રમાણે વર્તો એમ શ્રીમાળી શુભેચ્છક ઇચ્છે છે. રા. મ. અમાચી)

પુ. ૪ થું.] ડીસેમ્બર ૧૯૨૩ [અંક ૧૨

મુબારકવાદી.

(ગઝલ.)

મુરબ્બી બંધુઓ મ્હારા, મુબારક સાલ આ નવલી;
અહાહા! આપને પ્યારાં, મુબારક સાલ આ નવલી.
કરો સૌ હર્ષ જ્ઞાતિનાં, ધરીને પ્રેમ પ્રીતિનાં;
વહો આનંદની ધારાં, મુબારક સાલ આ નવલી.
ચહો ને સર્વ બન્ધુઓ, ઉન્નતિ જ્ઞાતિની થાયે;
કરોને પ્રેમથી સેવા, મુબારક સાલ આ નવલી.
વધો ધન ધાન્યની વૃદ્ધિ, સકળ સુખ ભોગવો સારાં;
રહો સૌ કષ્ટથી ન્યારાં, મુબારક સાલ આ નવલી.

લી. જ્ઞાતિ સેવક.
મણિશંકર રવિશંકર ત્રિવેદી.
સરધાર નિવાસી.

શુભ ભાવના.

(વસંતતિલકા.)

૧

આ ખીલતું કુદતું વાયું નવીન વ્હાણું,
આખું મનોહર મુદ્રિત મિષ્ટ ટાણું;
જૂનું સમરો, નવલ નેહથી આજ પૂજો,
તે ગીતડાં અમીગળ્યાં ગૃહકુંજ ગુંજો.

૨

નિત્યે ભરો હૃદયમાં પ્રિય! હર્ષ હેલી,
આદર્શ ઉચ્ચ, જીવને ઉરપૂર રેલી;
સાધો પરાર્થ, ભભકો ભવ ભાઈ ચારો,
કરો જયવંત વિલસો, શુભ ભાવ મ્હારો.

ચન્દ્રકાન્ત મંગળજી ઝોઝા.

અંજલિ.

૫

વન્દન દેવિ! માત ભારત!
જગત જુની, યશની પુરી, વીર વિજેતાની રણભુરી,
સુજળ, સફળ, મલયવાત, સ્વર્ગ શા સુખ દે સાક્ષાત!
વન્દન દેવિ! માત ભારત!

ઉજ્વળ જ્યોતિ વદન ઝળકે, કુસુમ વસ્ત્રથી કાય ચળકે,
હસી મીઠી મીઠી કરતી વાત, મુખદ, વરદ, જયજય માત!
વન્દન દેવિ! માત ભારત!

"મકરન્દ."

જ્ઞાતિ માતાનો વિનય.

(એ ગુજરાત ! એ ગુજરાત ! એ રાગ.)

જ્ઞાતિ માતા વિનય કરે છે,
નયણે ઉનાં નીર નીતરે છે, દેખી દુઃખણાં નિજ સંતાન;
ભૂતકાલનાં યશગૌરવની અંતર ભભૂત ચર્ચા ભિન્ન.
ઓ શ્રીમાળી ! ઓ શ્રીમાળી !.....૧

"મુજો મુજો મંતાનો પ્યારાં !
કુટપા નવજીવન ઉજીઆરા, રેખી રહ્યા ચેતન ચમકાર;
કેમ અંધકારે અથડાના આલોજ ! હજી હારોાાર ?
ઓ શ્રીમાળી ! ઓ શ્રીમાળી !.....૨

આળસમાં અટવાઈ રહ્યાં છો, મતમરણી મરણાઈ રહ્યાં છો, મુજો ન મિથ્યા વાદવિવાદ;
સાંભળતાં સ્નેહે નહિ જાને પ્રેમ શૌર્યના મુરીલા સાદ ?
ઓ શ્રીમાળી ! ઓ શ્રીમાળી !.....૩

ઢાલત મ્હારી દીધી દેખો,
ઉદ્યમ કીરને ત્યોષ ઉવેખો ? પાંગરવા પ્રીય ! પુનરુત્થાન.
ઓ શ્રીમાળી ! ઓ શ્રીમાળી !.....૪

અતવર્ં નીંદલડી ત્યાગી,
મુમાનુની ભીરતા ભાંગી. બાલમુના દીધા પોકાર:
વચન પર્ંને હવે તતારો તોજ ગાજવો જયજયકાર.
ઓ શ્રીમાળી ! ઓ શ્રીમાળી !.....૫

કુસંપ કલેશ કુ[illegible] હાપો,
સંપ સ્નેહ સુપારા રહાપો, [illegible] મુજો ભોરા તંત;
સુજાન ઉત્કૃષ્ટાતા મેવો, [illegible]ત્વનથી ભરો દીગંત.
ઓ શ્રીમા[illegible] ! ઓ શ્રીમાળી !.....૬